સીટી માટે...

પાનાં : ૧૬ + ૧૬ કિંમત : રૂા. ૬-૦૦** તા. ૧૦ નવેમ્બર ૨૦૨૬ મંગળવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૧ વર્ષ : ૯૪, અંક : ૩૦૬ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

WAGH BAKRI SINCE 1892

નવા વર્ષની શરૂઆત,
કડક મીઠી ચાની સાથે.

વિક્રમ સંવત ૨૦૮૩, વાઘ બકરી ચા પરિવાર તરફથી
નૂતન વર્ષાભિનંદન!

NEW PACK
WAGH BAKRI SINCE 1892
Premium LEAF TEA
Kadak Rich Taste
INDIA's Most Trusted Tea (2026)

‡Creative Visualisation 1800-123-9912

અમારા માનવંતા ગ્રાહકો તથા શુભેચ્છકોને
નૂતન વર્ષાભિનંદન
નગર ચશ્માઘર®
અમદાવાદ

SINCE - 1969
શ્રી ગણેશ™ મસાલા
ગુણવત્તા અને વિશ્વાસથી મહેંકતા ૫૭ વર્ષ...
આવકારે છે આશા, ઐશ્વર્ય
અને આરોગ્યથી સુવાસિત નૂતનવર્ષ...
HARIHAR FOODS PVT. LTD.
(An ISO 22000:2005 Certified Company)
www.store.shreeganeshmasala.com
www.shreeganeshmasala.com
નૂતન વર્ષાભિનંદન

દાનની અપીલ રૂપિયા તો ખૂબ કમાયા હવે પૂણ્ય કમાવો.

૨૦૦૮ થી નવજ્યોત અંધજન મંડળ સંસ્થા દ્વારા પાલડી અમદાવાદમાં હાલ ભાડાના બે મકાનમાં છાત્રાલય ચલાવવામાં આવે છે. અને ગામડાઓમાંથી અમદાવાદમાં કોલેજમાં ભણવા આવતા અને નાનીનાની નોકરી કરવા આવતા અંધજન ભાઈઓ/બહેનોને ફીમાં રહેવા/જમવાની સગવડ પુરી પાડવામાં આવે છે.

૧૦૦ અંધજન ભાઈઓ-બહેનો માટે

ચા નાસ્તો	સાદુ ભોજન	મિષ્ટાન્ન ભોજન
રૂા. ૩૦૦૦/-	રૂા. ૮૦૦૦/-	રૂા. ૧૪૦૦૦/-

એક દિવસનો ભોજન ખર્ચ રૂા. ૨૫,૦૦૦/-

સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૬માં ૨૦ અંધજન પરિવારોને અનાજ કરીયાણાની રાશન કીટ ફીમાં આપવાનું શરૂ કર્યું હતું જેનો લાભ હાલમાં સમગ્ર ગુજરાતનાં ૬૦૦ પરિવારોને આ રાશન કીટનું વિતરણ દર મહિનામાં એકવાર ફીમાં કરવામાં આવે છે.

* ૧ કુટુંબ ૧ માસ માટે રૂા. ૧,૫૦૦/- * એક વર્ષ માટે રૂા. ૧૮,૦૦૦/-
* ૫ કુટુંબ ૧ માસ માટે રૂા. ૭,૫૦૦/- * એક વર્ષ માટે રૂા. ૯૦,૦૦૦/-
* ૧૦ કુટુંબ ૧ માસ માટે રૂા. ૧૫,૦૦૦/-
* ૨૦ કુટુંબ ૧ માસ માટે રૂા. ૩૦,૦૦૦/-
* ૫૦ કુટુંબ ૧ માસ માટે રૂા. ૭૫,૦૦૦/-
* ૧૦૦ કુટુંબ ૧ માસ માટે રૂા. ૧,૫૦,૦૦૦/-

NAVJYOT ANDHJAN MANDAL
ના વધુ વિડીયો જોવા માટે
YouTube માં ચેનલને સર્ચ કરો, લાઇક કરો, શેર કરો અને સબસ્ક્રાઇબ કરો.

આ સંસ્થા દાતાઓના દાનથી ચલાવવામાં આવે છે અન્ય કોઈ સહાય મળતી નથી. ચાલો સાથે મળીને વધુ ને વધુ અંધજન ભાઈઓ/બહેનોને મદદ કરીએ.

દાતાઓને ઈન્કમટેક્ષમાં રાહત મળશે.

સંસ્થાની વેબસાઇટ પર જઈને દાન કરો અને ઓનલાઇન રસીદ મેળવો
www.navjyotandhjanmandal.org

SCAN HERE TO PAY
બેંકમાં ઓનલાઇન આપેલ દાનની રસીદ મેળવવા સંસ્થાને સંપર્ક કરો.

BANK DETAILS FOR ONLINE DONATION
NAVJYOT ANDHJAN MANDAL
Bank Name: HDFC Bank, Account No.: 50-1002-3940-6592
Branch: Paldi, Ahmedabad-7. IFSC Code: HDFC0000299

નવજ્યોત અંધજન મંડળ.
Mo. 9726884422
ખોડિયાર માતાના મંદિર પાસે, પાલડી ગામ, અમદાવાદ-૦૭

દિલ્હી ગેસ ચેમ્બર બન્યું, રાજધાની પાંચ વર્ષમાં સૌથી પ્રદૂષિત
વાંચો પાના નં.૧૫

નૂતન વર્ષાભિનંદન
L Colony, Nehrunagar, Ahmedabad
SP, NRI Rates
TUSHAR PATEL EXPRESS PRIVATE LIMITED
પરદેશ પાર્સલ સર્વિસ
International Courier Service
FAST • SAFE • RELIABLE • WORLDWIDE
M. 9624695315

Amul Shrikhand
₹140* 500 g
₹125* 500 g
કેસર અને મેંગોમાં પણ ઉપલબ્ધ
નૂતન વર્ષની
હાર્દિક શુભેચ્છા!

Vadilal
Real Rich Mithai.
Real Rich Ice Cream.
Gulab Jamun
Kaju Katli ICE CREAM LIMITED EDITION
Gulab Jamun & Kaju Katli Ice Cream Tubs
LIMITED EDITION
Creative visualization only

TRENDS
TRADITION Has Its OWN TREND

₹3,499ની ખરીદી કરો અને મેળવો આકર્ષક ભેટ*
*નિયમો અને શરતો લાગુ. ₹3,499/4,999/7,999ની ખરીદી પર મેળવો ₹249/449/599, 799, 999માં ભેટ.

Also available on AJIORUSH | Delivery starting 30 mins
*T&C APPLY

VISA 10% OFF*
*T&C apply. Upto ₹500 discount. Minimum Shopping ₹3000. Once per card per month. Date: Valid till 31st December 2026. Valid on Tap to Pay with Visa Debit Card & Platinum Credit cards. Offer is applicable on both card tap and mobile tap transactions.

દિવાળીની ઉજવણી મોડી રાત સુધી ચાલી

ઉમંગ અને ઉત્સાહ સાથે આજથી વિક્રમ સંવત ૨૦૮૩નો પ્રારંભ

અમદાવાદ,સોમવાર

નવી આશા અને ઉમંગ-ઉત્સાહ સાથે આવતીકાલે મંગળવારથી વિક્રમ સંવત ૨૦૮૩નો પ્રારંભ થશે.આગામી પાંચથી સાત દિવસ સુધી બજારો સૂમસામ થઈ જશે.આ વર્ષે શનિવારે લાભ પાંચમ છે અને બીજા દિવસે રવિવાર હોવાથી સોમવારે સાતમથી એટલે કે ૧૬ નવેમ્બરથી બજારો-માર્કેટ ધમધમતા થશે.ગઈકાલે દિવાળીનો તહેવાર પણ હર્ષોલ્લાસથી ઉજવાયો. અમદાવાદ સહિતના રાજ્યના મોટા શહેરોમાં તો રાત્રના ૨-૩ વાગ્યા સુધી ફટાકડા ફૂટતા રહે અને મોડે સુધી દિવાળીની ઉજવણી ચાલુ હતી.

શનિવારે લાભ પાંચમ હોવાથી સોમવારે સાતમથી રાબેતા મુજબ બજારો ધમધમશે

ગુજરાતીઓ માટે નવા વર્ષનો આવતીકાલે મંગળવારથી નવી આશા અને નવા ઉત્સાહ સાથે પ્રારંભ થશે.નવા વર્ષના વધામણા સાથે દુકાન-પેઢી ખોલવાના મહુર્તો પણ થશે.મોટા મંદિરોમાં નવા વર્ષના શણગાર સાથે વિશેષ-આરતી પૂજન પણ થશે. જ્યારે વેપારી વર્ગ પરંપરાગત રીતે ચોપડા પૂજન કરી નવા હિસાબી વર્ષની શરૂઆત પણ કરતા હોય છે. ગુજરાતી સંસ્કૃતિમાં નૂતન વર્ષ માત્ર કેલેન્ડર બદલવાનો દિવસન થી પરંતુ સંબંધોમાં નવી ઉષ્મા ઉમેરવાનો અને નવા સંકલ્પ લેવાનો પણ દિવસ છે. સાલમુબારક અને નૂતન વર્ષાભિનંદન સાથે ગુજરાતીઓ અને હવે તો ગુજરાતના રહેવાસીઓ પણ સૌ સાથે મળીને નવા વર્ષને વધાવશે અને એક બીજાના ઘરે જઈને શુભેચ્છા આપશે.હજુ પણ સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં અનેક ગામોમાં નવા વર્ષના રામ રામ કહેવાની પણ પરંપરા છે.

બુધવારે ભાઈબીજ છે અને આ વર્ષે શનિવારે લાભ પાંચમ આવે છે ત્યારે બીજા જ દિવસે રવિવાર હોવાથી હવે સોમવારે સાતમથી જ મોટા ભાગે બજારો-દુકાનો ધમધમતા થશે.૨૫ નવેમ્બર સુધી સ્કૂલો-કોલેજોનું વેકેશન છે અને અનેક લોકો હવે દિવાળીની શરૂઆત સાથે જ રજાઓમાં વેકેશન પર રાજ્યમાં વિવિધ જગ્યાઓ અને રાજ્ય બહાર તેમજ વિદેશોના સ્થળોએ ફરવા જતા રહે છે. જ્યારે રાજ્ય સરકારે અંગ્રેજી કેલેન્ડર મુજબ વર્ષ ૨૦૨૭ની જાહેર કરેલી રજાઓમાં કુલ ૧૮ રજાઓ છે.જેમાં આગામી વર્ષે ૨૯ ઓક્ટોબરે દિવાળી છે અને આગામી વર્ષે પડતર દિવસ નથી એટલે કે ૩૦ ઓક્ટોબરે ગુજરાતી નુતન વર્ષ છે.આ ઉપરાંત કુલ અન્ય ૯ જાહેર રજાઓ બીજા-ચોથા શનિવારે આવે છે.આમ કુલ ૨૭ જાહેર રજા-તહેવારના અને પ્રાસંગિક દિવસો છે.

બે લાખ વાહનચાલકો રોજ અવરજવર કરશે

અમદાવાદને દિવાળી ગિફ્ટ સરખેજ-ઈસ્કોન ઓવરબ્રિજ શરૂ

અમદાવાદ,સોમવાર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે સરખેજ-ઈસ્કોન એલિવેટેડ ઓવરબ્રિજને ખુલ્લો મૂક્યો હતો. આ એલિવેટેડ ઓવરબ્રિજને લીધે લાખો વાહનચાલકો ટ્રાફિકના અવરોધ વિના અવરજવર કરી શકશે.

ટ્રાફિક સિગ્નલ વિના ગાંધીનગર પહોંચી શકાશે સૌરાષ્ટ્રથી આવતા મુસાફરો માટે પણ લાભદાયી

રૂા.૪૫૦ કરોડના માતબર ખર્ચે તૈયાર થયેલો ૪.૫ કિલોમીટર લાંબો આ આધુનિક બ્રિજ સૌરાષ્ટ્ર તરફથી આવતા મુસાફરો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. હવે વાહનચાલકો કોઈપણ ટ્રાફિક સિગ્નલના અવરોધ વિના સીધા જ એસ.જી. હાઈવે પરથી નોન-સ્ટોપ ગાંધીનગર સુધીની સફર ખેડી શકશે.

નવા બ્રિજના કારણે એસ.જી. હાઈવે પર થતી ટ્રાફિકની જટિલ સમસ્યામાં મોટો ઘટાડો થશે. અંદાજ મુજબ આ બ્રિજ પરથી રોજના ૨ લાખથી વધુ લોકો ખૂબ જ સરળતાથી અવરજવર કરી શકશે. સૌથી મોટી રાહત એ વાહનચાલકોને મળશે જેમને રોજ વાયએમસી, પ્રહલાદનગર ચાર રસ્તા અને કર્ણાવતી ક્લબ જંક્શન પર કલાકો સુધી ટ્રાફિકમાં ઊભા રહેવું પડતું હતું. આ ત્રણેય મુખ્ય જંક્શનો પરથી હવે વાહનો વિના અવરોધે પસાર થઈ શકશે.

વાત વાતમાં

નવા વરસની બ્રાન્ડ ન્યુ શુભેચ્છાઓ !

આજકાલ બિચારા 'સેક્યુલરો'ની દશા ખરાબ છે ! પોતે સેક્યુલર બની ગયા એટલે હવે 'હેપ્પી દિવાળી' અને 'નૂતન વર્ષાભિનંદન'ના મેસેજો મોકલતાં પણ ડરે છે !

પણ મારા સાહેબો, નવા વરસની શુભેચ્છાઓ મોકલવામાં શું વાંધો છે ? લો, વાપરો...

* * *

નવા વરસમાં તમને સુભાષ ચંદ્રા કરતાંય મોટી લોન મળે... અને મેહુલ ચોક્સી કરતાંય વધુ દેશોના પાસપોર્ટ મળે !

* * *

મોદીજી કરતાં વધારે ફોલોઅર્સ મળે... અને રાહુલજી કરતાં વધારે ચમચા મળે !

* * *

હાલમાં તમારું છે એના કરતાં વધારે સારું નામ મળે ! (જો યોગીજી આપવાના હોય તો)

* * *

અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશી કરતાં વધારે છક્કા મળે ! (ક્રિકેટની વાત થાય છે)

* * *

રાજા રઘુવંશી અને કેતન અગ્રવાલ કરતાં 'સેફ' હનીમૂન મળે... અને સોનમ રઘુવંશી તથા સિયા ગોયલ કરતાં 'ઓછી ખતરનાક' પત્ની મળે !

અને પાણી ભરવાં માટે ભૂરા કલરની પ્લાસ્ટિકની ટાંકી તો પત્નીને ક્યાંયથી ના મળે !

* * *

મફતમાં ડુંગળી મળે...

ઈનામમાં પેટ્રોલ મળે...!

સપનામાં રિલાયન્સના શેર મળે !

અને લિસ્ટીંગમાં અદાણીના શેર લાગે !

ટ્રેન અને બસમાં બેસવાની જગા મળે... (વેકેશનમાં)

* * *

પાડોશીના પાસવર્ડ વડે આખું વરસ તમારું વાઈ-ફાઈ ચાલે...

અને પાડોશણના સ્માઈલ વડે તમને આખું વરસ ઓક્સિજન મળે !

* * *

સરદારશ્રીના સ્ટેચ્યુ કરતાં ઉંચા તમને વિચારો આવે...

અને ગાંધીજીના ફોટા કરતાં ક્યારેક તમારા ફોટાની પણ કિંમત વધારે આવે !

* * *

વેકેશનમાં જ્યારે માગો ત્યારે બુકીંગ મળે... અને ગુજરાતમાં જ્યારે માગો ત્યારે 'બાટલી' મળે !

* * *

બીજું બધું તો ઠીક, પણ આ વરસે...

વધારે ખુશહાલી, વધારે ધનપ્રાપ્તિ,

વધારે સફળતા અને વધારે સુખશાંતિ

મળે...

એવા મેસેજો ગયા વરસ કરતાં આ વરસે વધારે મળે, એવી શુભકામના !

- મન્નુ શેખચલ્લી

મેડિકલ પ્રવેશઃ કમિશને વિદ્યાર્થીઓ માટે એડવાઈઝરી જાહેર કરી

અમદાવાદ,સોમવાર

નેશનલ મેડિકલ કમિશન દ્વારા એમબીબીએસના પ્રવેશ પુરા થયા બાદ વિદ્યાર્થીઓ માટે એડવાઈઝરી જાહેર કરાઈ છે.જેમાં વિદ્યાર્તીઓની મેડિકલ કોલેજની માન્યતા-ઓથેન્ટિસિટી ચેક કરી લેવા તેમજ કોલેજની મંજૂર કરાયેલી બેઠકો તથા શૈક્ષણિક વર્ષની મંજૂરી સહિતની બાબતો ચકાસવા તાકીદ કરાઈ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને એડમિશન ઓફર્સ તેમજ અન્ય ડોક્યુમેન્ટસની તથા કોલેજની સુવિધાઓની પણ ચકાસી કરી લેવા અને કોલેજમાં ફીની ચુકવણીને લઈને પણ સાવચેત રહેવા તાકીદ કરવામા આવી છે.જો કોઈ વિદ્યારથીને મેડિકલ કોલેજની માન્યતા બાબતે શંકા લાગે અને ફેક મેડિકલ કોલેજ તેમજ અમાન્ય એમબીબીએસ કોર્સ કે બનાવટી પરમિશન લેટર હોવાનું ધ્યાને આવે તો જાણ કરવા પણ સૂચના અપાઈ છે.

અમદાવાદમાં હજુ ૨ દિવસ મિશ્ર સિઝન રહેશે

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં દિવાળીની રજાઓ વ એ આગામી ૨ દિવસ અમદાવાદનું લઘુતમ તાપમાન ૩૫ જ્યારે લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ રહેવાની હવામાન વિભાગની આગાહી છે.હજુ પણ બપોરના સમયે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.આમ હાલ તો શહેરીજનો મિશ્ર ઋતુનો જ સામનો કરી રહ્યા છે.જેથી સીઝનલ રોગો પણ વધી શકે.

અમદાવાદ ૫૬ કરતાં સુરતમાં વધુ ૮૨ આગના બનાવો

ગુજરાતમાં દિવાળીની રાત્રે ૩૬૬ સ્થળે આગ લાગીઃ ૬૨થી વધુ દાઝ્યા

અમદાવાદ, સોમવાર

ગુજરાતમાં દિવાળીની રાત્રે ફટાકડા ફોડવાની મજા અનેક લોકો માટે સજા બની રહી હતી. રાજ્યમાં કાયદો કાગળ ઉપર રહ્યો હોય તેમ દિવાળીની મોડીરાત સુધી ફટાકડા ફોડવામાં આવ્યા હતા. દિવાળીની રાતે ગુજરાતમાં કુલ ૩૬૬ સ્થળોએ આગ લાગી હતી તેમાં કુલ ૬૨ લોકો દાઝી ગયા હતા. આગના સૌથી વધુ ૮૨ બનાવો સુરતમાં અને તે પછી ૫૬ કિસ્સા અમદાવાદમાં નોંધાયાં હતાં. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં ફટાકડા ફોડવા માટે સપરિવાર લોકો બહાર નીકળ્યાં હતાં. પરંતુ, અનેક સ્થળોએ બેકાબૂ બનીને યુવકોએ ફટાકડા ફોડતાં આગની ઘટના વધી હતી.

શહેરોમાં કાયદો કાગળ ઉપરઃ રોડ ઉપર અડધી રાત સુધી ફટાકડા ફૂટ્યા છતાં ફોડનારાંઓને રોકનાર કોઈ નહોતું

અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના શહેરી વિસ્તારોમાં દિવાળીની રાતે આગના બનાવો વધ્યા હતા. રવિવારની રજા અને દિવાળીની રાત હોવાથી ૯ વાગ્યાથી જ શહેરી વિસ્તારોમાં આતશબાજીની ધૂમ મચી હતી અને મોડીરાતે બે-ત્રણ વાગ્યા સુધી ફટાકડા ફોડવામાં આવ્યા હતા. અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ફટાકડા ફોડવા માટે રાત્રે ૧૨ વાગ્યા સુધી જ મંજુર આપવામાં આવી હતી. રોડ ઉપર ફટાકડા ફોડવાની છૂટ અપાઈ નહોતી. આમ છતાં, અમદાવાદમાં પૂર્વ અને પશ્ચિમના મુખ્ય કહી શકાય તેવા મુખ્ય માર્ગો ઉપર લોકોએ બેકાબૂપણે રોડ ઉપર જ ફટાકડા ફોડ્યા હતા.

ગુજરાતમાં આગના બનાવો

શહેર-જિલ્લો	આગ સંખ્યા
સુરત	૮૨
અમદાવાદ	૫૬
રાજકોટ	૪૪
અમદાવાદ ગ્રામ્ય	૧૧
સુરત ગ્રામ્ય	૩૭
વડોદરા	૨૨
જામનગર	૧૪
ગાંધીનગર	૧૨
કચ્છ ઈસ્ટ	૧૨
કચ્છ વેસ્ટ	૬
ભાવનગર	૮
દાહોદ	૭
પાટણ, સુરેન્દ્રનગર	૬-૬
વલસાડ	૬
ભરૂચ, મહીસાગર	૫-૫
આણંદ, મહેસાણા	૪-૪
મોરબી	૩
દ્વારકા-સોમનાથ	૨-૨
પોરબંદર	૨

(અમરેલી, બનાસકાંઠા, જુનાગઢ, નવસારી, પંચમહાલ, સાબરકાંઠા, વડોદરા ગ્રામ્ય અને વાવ-થરાદમાં આગના એક-એક બનાવ)

આવી જ સ્થિતિ સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, ગાંધીધામ, ભુજ સહિતના શહેરી વિસ્તારોમાં રહેવા પામી હતી. ખાસ કરીને યુવાનો રસ્તા ઉપર ઉભા રહીને ફટાકડા ફોડતા હતા તો સુતળી બોમ્બ ભયજનક રીતે રસ્તા ઉપરથી વાહનો પસાર થતાં હોય તો પણ ફેંકવામાં આવતાં હતાં. અમદાવાદ શહેર પોલીસ કન્ટ્રોલ રૂમને રસ્તા ઉપર લોકોના ટોળાં હોવાની ફરિયાદો મળતી રહી હતી અને પોલીસ દોડતી રહી હતી.ફટાકડાના કારણે મોડી રાત સુધી ધ્વનિ અને વાયુપ્રદૂષણની સ્થિતિ સર્જાતાં ખાસ કરીને વડીલો અને બિમાર લોકો માટે આપત્તિની સ્થિતિ સર્જાઈ હતી. દિવાળીમાં મજા કરવા માટે ફોડવામાં આવતાં ફટાકડા અનેક લોકો માટે સજારૂપ બન્યાં હતાં. સમગ્ર ગુજરાતમાં ૧૧૨ કન્ટ્રોલ રૂમના સંચાલન હેઠળ પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમો દોડતી રહી હતી.

ગુજરાતમાં આગથી દાઝ્યા

શહેર-જિલ્લો	આગ સંખ્યા
અમદાવાદ	૧૩
સુરત	૧૨
કચ્છ, રાજકોટ	૫
ગાંધીનગર, વડોદરા	૪-૪
આણંદ-ભાવનગર	૨-૨
જામનગર, નર્મદા	૨-૨
તાપી, વલસાડ	૨-૨

(બનાસકાંઠા, બોટાદ, ખેડા, મહેસાણા, મોરબી, પોરબંદર અને સુરેન્દ્રનગરમાં એક-એક દાઝ્યા)

આગની ઈમરજન્સીમાં ૫૬૫ ટકાનો ઉછાળો

મારામારીના બનાવો ૭૯ ટકા, ધ્વનિ-વાયુ પ્રદૂષણ ૨૦૫ % વધ્યાં

અમદાવાદ, સોમવાર

દિવાળીની રાત્રે અમદાવાદ સહિત ગુજરાતમાં મારામારીના બનાવોમાં ૭૯ ટકાનો અને ધ્વનિ-વાયુ પ્રદૂષણમાં ૨૦૫ ટકાનો ધરખમ વધારો નોંધાયો હતો. ફટાકડાના કારણે આગની ઈમરજન્સીમાં ૫૬૫ ટકાનો વધારો નોંધાયો હતો. ધૂમાડાના કારણે ૩૮૩ લોકોને શ્વાસની સમસ્યા સર્જાઈ હતી.

ધૂમાડાના કારણે ૩૮૩ લોકોને શ્વાસની સમસ્યા અકસ્માતના બનાવો ૮૭ ટકા વધી ૧૨૧૨ થયાં

દિવાળીની ઉજવણી અનેક લોકો માટે સમસ્યાનું કારણ બની રહી હતી. આ વર્ષે મારામારીના કિસ્સા સામાન્ય દિવસોની સરખામણીએ ૭૯ ટકા વધીને ૧૧૦૪ રહેવા પામ્યા હતા. જ્યારે, ટોળાં વચ્ચે મારામારીની ઘટના ૬૨ ટકા વધીને ૧૬૫૧ રહી હતી. જગ્યા સામાન્ય દિવસોમાં આગના ૫૫ બનાવો બનતાં હોય છે તે દિવાળી રાત્રે વધીને ૧૬૫૧ નોંધાયાં હતાં. ધ્વનિ અને વાયુ પ્રદૂષણના કિસ્સા ૨૦૫ ટકાના વધારા સાથે ૩૬૩ રહ્યાં હતાં. આ કારણે શ્વાસ લેવામાં પરેશાની ભોગવતાં ૩૮૩ લોકોને ૧૧૨ દ્વારા સારવાર અપાઈ હતી. બાળકો, મહિલાઓ ઉપર હુમલાના બનાવો ૩૩ ટકા વધીને ૨૫૨ નોંધાયા હતા. ચોરીના બનાવો ૩૧ ટકાના વધારા સાથે ૧૮૪ થયાં હતાં.

દિવાળીની રાતે વાહન અકસ્માતના બનાવો ૮૭ ટકા વધીને ૧૨૧૨ થયાં હતાં. વાહનો સિવાય અન્ય રીતે અકસ્માતના બનાવો પણ ૭૫ ટકા વધીને ૧૦૪૩ રહેવા પામ્યા હતા. ૧૧૨, ૧૦૮માં ઈમરજન્સીના કુલ ૫૯૩૪ કિસ્સા નોંધાયા હતા તે સામાન્ય દિવસો કરતાં ૧૩ ટકા વધુ છે.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ખેડા સબ ડીસ્ટ્રીકટ અને તાલુકા માતર ના મોજે ગામ ત્રાણજા ની સીમના ખાતા નં.૭૯૦ જેના બ્લોક/સર્વે નં.૪૦ જેનુ કુલ ક્ષેત્રફળ ૦-૧૧-૧૩ હે.આરે.ચો.મી જુની શરતની ખેતીની જમીન (૧) નવીનચંદ્ર વાસુદેવ ઠકકર (૨) રંજનબેન તે નવીનચંદ્ર વાસુદેવ ઠકકરની પત્ની (૩) રાજશ્રીબેન તે નવીનચંદ્ર વાસુદેવ ઠકકરની દિકરી (૪) મોનાર્ક નવીનચંદ્ર ઠકકર ની સંયુકત માલિકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલ હોવાનુ જણાવી મજકુર ખેતીની જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટની અમારી પાસે માંગણી કરેલ છે.આથી મજકુર ખેતીની જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ,ભાગ, હકક, હિત, હિસ્સો, દાવો,અલાખો,ચાર્જ કે લીયન પોષાતો હોય તો દિન-૭ માં રિજ.એ.ડી.થી પુરાવાની ખરી નકલ સહિત નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી.અન્યથા મજકુર ખેતીની જમીન ઉપર ઉપરોકત માલીકો સીવાય કોઈનો કોઈપણ પ્રકારનો હકક પોષાતો નથી જો પોષાતો હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો (વવે)કરેલ છે તેમ માની લઈ મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટ માંગણી મુજબ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની સર્વેએ નોંધ લેવી.

તા.૦૮.૧૧.૨૦૨૬

ગિરીશ એ .પ્રજાપતિ
ઘનશ્યામ એલ.પ્રજાપતિ
(એડવોકેટસ એન્ડ નોટરી)

ઓફીસ નં.૧ અને ૨,ભારતી આશ્રમ શોપીંગ સેન્ટર, સરખેજ-ધોળકા રોડ, સરખેજ અમદાવાદ

મોઃ ૯૮૯૮૫૬૩૪૦૭

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકે ધોળકાના મોજે-ગામ ભોળાદની સીમમાં આવેલ જુના સર્વે/બ્લોક નંબર-૧૧૯ જેના રી-સર્વે મુજબ નવા સર્વે/બ્લોક નંબર - ૬૭૧ ક્ષેત્રફળ ૨૦૫૭૯ સમચોરસમીટર જેનો સમાવેશ સીટી સર્વે કચેરી ધોળકાના વોર્ડ ભોળાદ (બીનખેતી)માં થતા સીટી સર્વે નંબર - એનએ૬૭૧ ની ક્ષેત્રફળ ૨૦૫૭૯ સમચોરસમીટરની બીનખેતીની જમીન દીપકકુમાર નાનચંદ શાહ, ઠેકાણુ :અમદાવાદનાએ તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૧૫ (પંદર) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

વિજય વાય. ચૌગુલે, એડવોકેટ
VIJAY Y. CHAUGULE & CO.

૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬

ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯(બોપલ) ના ઘાટલોડીયા તાલુકાના ગામ મોજે ઘુમાની સીમના બ્લોક/સર્વે નંબર - ૨૪૮ વિગેરેની જમીનમાં ચેતન કો. ઓ. હા. સો. લી. આવેલ છે. જે ''પ્લેઝર ક્લબ'' તરીકે ઓળખાય છે. તેમાં આવેલ સબ પ્લોટ નંબર - ૬૭૪ ની આશરે ૫૦૦ ચોરસવારની રહેણાંકના હેતુની બિનખેતીની જમીન રેખાબેન આર. ભટ્ટનાગર એ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક,દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને સદરહુ જમીન અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

અમદાવાદ. તા. ૧૦-૧૧-૨૦૨૬.

મુકેશ જી.પંડ્યા, એડવોકેટ

૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.

Offi. : 98258 09777
Mob. : 98259 09777

જાહેર નોટિસ

ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, તાલુકો : દહેગામના મોજે ગામ : બારડોલીકાંઠીની સીમના બ્લોક/સર્વે નંબરઃ ૬૩ (રી સરવે પહેલાનો બ્લોક/સર્વે નંબરઃ૧૬૨) ની હે.આરે.ચો.મી. ૦-૩૮-૪૪ પૈકી ૧૮૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન તથા તેમાં આવવા જવાના ચાલ - નિકાલના હક્કો સહિતની જમીન (૧) પુંજીબેન તે કાળુસિંહ ઉર્ફે કાળુસંગની વિધવા પત્ની ચૌહાણ (૨) જયરાજસિંહ કાળુસિંહ ઉર્ફે કાળુસંગ ચૌહાણનાઓની સહમાલીકી, સહ કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો આવેલ હોય તો દિન - ૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી. એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

ભક્તિ એસોસીએટ્સ,
હા દક બી. સુવાગીયા, એડવોકેટ
મોબાઈલઃ૯૭૧૪૦૪૦૦૩૬

ઓફિસઃ ૨૦૪, સંકલ્પ આઈકોન, પરીખ હોસ્પીટલની સામે, નિકોલ પોલીસ સ્ટેશનની પાસે, નિકોલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૫૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રિકટ અમદાવાદ-૮ (સોલા)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે સોલાની સીમના સર્વે નંબર- ૯૫૮/૨ ની કુલ ૪૯૫૭ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૨૨૧ (સોલા-ભાડજ- ઓગણજ)માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૧૫૮ ની કુલ ૨૯૭૪ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) મધુબેન ભાઈલાલભાઈ (૨) ભુપેન્દ્રભાઈ ભાઈલાલભાઈ તથા (૩) જયેશભાઈ ભાઈલાલભાઈએ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૩૪

તારીખ : ૧૦-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

જાહેર ચેતવણી

અમો એડવોકેટ વિરેન અરવીંદભાઈ શાહ તે અમો એડવોકેટ અમારા અસીલ નિર્મલ ચંપાલાલ જૈનનાઓ ના કહેવાથી જાહેર નોટીસ સામેનો જવાબ આપી જણાવીએ છીએ કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ તાલુકો વટવાના મોજે ગામ - હાથીજણની સીમના બ્લોક/સર્વે નં. ૬૦૧/૧/૫/૧ ની હે.ઓ.ચો.મી. ૦-૬૨-૭૦ ચો.મીટર જમીન નાસીર અનવરખાન પઠાણ વિગેરે નાઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવી અને તમામ બોજા મુક્ત હોવાનું જણાવી ટાઈટલ ક્લીયર અંગેની જાહેર નોટીસ તા. ૦૬/૧૧/૨૦૨૬ ના રોજ ''ગુજરાત સમાચાર'' વર્તમાનપત્રમાં આપવામાં આવેલ છે. સદર જમીન સદર જમીનના માલીકોએ અમારા અસીલ નિર્મલ ચંપાલાલ જૈનનાઓને જુદા જુદા કરારો કરી આપી વેચાણ આપવાનું નક્કી કરેલ અને વેચાણ દસ્તાવેજ ન કરી આપતા અમારા અસીલ નિર્મલ ચંપકલાલ જૈનનાઓએ અમદાવાદ રૂરલના મહેરબાન સિવિલ જજ (સી.ડી.) સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મુ. નં. ૧૬૧/૨૦૨૬ દાખલ કરેલ છે જે હાલ પેન્ડીંગ છે. જેથી સદર જમીન અન્વયે સદર નાસીર અનવરખાન પઠાણ વિગેરે નાઓ સાથે કોઈપણ પ્રકારનો નાણાંકીય વ્યવહાર કરવો નહી અન્યથા તેઓના નાણાં વ્યર્થ જશે જેની નોંધ લેવી.

સ્થળ : અમદાવાદ

તા. ૦૭/૧૧/૨૦૨૬

વિરેન અરવિંદભાઈ શાહ
એડવોકેટ
રૂપા વિરેન શાહ
એડવોકેટ એન્ડ નોટરી
પ્રણય વિરેન શાહ
એડવોકેટ

૯૦૧, મેપલ ટ્રેડ સેન્ટર, સુરધારા સર્કલ પાસે, સાલ હોસ્પીટલ રોડ, થલતેજ, અમદાવાદ - ૩૮૦૦૫૪

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ખોડાજી ગેમાજી રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના મોજે ગામ ભોળાદની સીમના રી-સર્વે અનુસારના સર્વે/ બ્લોક નંબર-૨૦૦(જુના સર્વે/બ્લોક નંબર-૮૧૩) ખાતા નંબર ૬૭૫ ની હે.આરે.ચોમી ૨-૭૮-૫૯ યાને કે ૨૭૮૫૯ ચોરસમીટર જુની શરત ખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીન માલિકના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીન માલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૪(ચૌદ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૦૭-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.

ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ''સ્વરા કોનકોર્પ''નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના અધિકૃત ભાગીદાર, શ્રી કાર્તિક પંકજકુમાર સોની, ઠેકાણુ-૮/એ, જીવન સ્મૃતિ સોસાયટી, મિરામ્બીકા સ્કુલની પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ નાએ જીલ્લા અમદાવાદના તાલુકા સાબરમતીના ગામ મોજે શેખપુર-ખાનપુર ઉર્ફે નવરંગપુરાની ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૩ (એલીસબ્રીજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૨૬૧ ની ૬૯૬.૩૪ ચોરસમીટર, તથા ફાઈનલ પ્લોટ નંબર-૨૬૦/૬ ની ૭૦૪ ચોરસમીટર, તથા ફાઈનલ પ્લોટ નંબર-૨૬૦/૭ ની ૭૮૩ ચોરસમીટર પૈકીની ૩૨.૭૪ ચોરસમીટર, મળી કુલ ૧૪૩૩.૦૮ ચોરસમીટરના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીન, જેને સીટી સર્વે રેકર્ડ મુજબ સીટી સર્વે ઓફિસ અમદાવાદ-૩ ના સીટી સર્વે વોર્ડ ટી.પી.-૩/૩-૪ શેખપુર-ખાનપુર-ચંગીઝપુર માં (૧) શીટ નંબર-૩૪, ટી.પી.નંબર-૩/૩-૪, ફાઈનલ પ્લોટ નંબર-૨૬૧, સીટી સર્વે નંબર-૧૬૯૨, (૨) શીટ નંબર-૩૩, ટી.પી. નંબર-૩/૩-૪, ફાઈનલ પ્લોટ નંબર-૨૬૦/૬, સીટી સર્વે નંબર-૧૬૯૫, તથા (૩) શીટ નંબર-૩૩, ટી.પી. નંબર-૩/૩-૪, ફાઈનલ પ્લોટ નંબર-૨૬૦/૭, સીટી સર્વે નંબર-૧૬૯૪ આપવામાં આવેલો છે, તે જમીનોનુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ધ્વારા તારીખ ૧૬-૧૦-૨૦૨૬ ના રોજ પાસ થયેલા એમાલ્ગમેશન (એકત્રીકરણ) ના પ્લાન મુજબ એમાલ્ગમેશન થતા બનેલા એમાલ્ગમેટેડ ફાઈનલ પ્લોટ નંબર-૨૬૦/૬+૨૬૦/૭ પી+૨૬૧ ની કુલ ૧૪૩૩.૦૮ ચોરસમીટર જમીન ફાળવાયેલી છે, તે જમીન સદરહુ ભાગીદારી પેઢીની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન પરત્વેના ઉપરોકત ભાગીદારી પેઢીના ટાઈટલ્સ કલીયર અને માર્કે ટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૦૬-૧૧-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,

હાઉસ ''એમ'', મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.

ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ખેડા સબ ડીસ્ટ્રીકટ અને તાલુકા માતર ના મોજે ગામ ત્રાણજા ની સીમના ખાતા નં.૪૫૪ જેના બ્લોક/સર્વે નં.૩૧+૩૧-અ-પૈકી જેનુ કુલ ક્ષેત્રફળ ૦-૩૦-૩૫ હે.આરે.ચો.મી બીનખેતી પ્રિ.પાત્ર જમીન તથા (૨) બ્લોક/સર્વે નં.૩૨ જેનુ કુલ ક્ષેત્રફળ ૧-૨૩-૪૩ હે.આરે.ચો.મી. (૩)બ્લોક/સર્વે નં.૩૩ જેનુ કુલ ક્ષેત્રફળ ૦-૨૪-૨૮ હે.આરે.ચો.મી (૪) ખાતા નં.૭૨૨ જેનો બ્લોક/સર્વે નં.૩૪ જેનું કુલ ક્ષેત્રફળ પૈકી ૦-૬૦-૦૦ હે.આરે.ચો.મી ખેતીની જુની શરતની ખેતીની જમીન શૈલેષભાઈ ઉર્ફે ભીખુભાઈ ગોવિંદભાઈ પટેલની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલ હોવાનુ જણાવી મજકુર ખેતીની જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટની અમારી પાસે માંગણી કરેલ છે.આથી મજકુર ખેતીની જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ,ભાગ, હકક, હિત, હિસ્સો, દાવો,અલાખો,ચાર્જ કે લીયન પોષાતો હોય તો દિન-૭ માં રજિ.એ.ડી.થી પુરાવાની ખરી નકલ સહિત નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી.અન્યથા મજકુર ખેતીની જમીન ઉપર ઉપરોકત માલીકો સીવાય કોઈનો કોઈપણ પ્રકારનો હકક પોષાતો નથી જો પોષાતો હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો (વેવ) કરેલ છે તમે માની લઈ મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટ માંગણી મુજબ આપવામાં આવશે.ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની સર્વેએ નોંધ લેવી.

તા.૦૮.૧૧.૨૦૨૬

ગિરીશ એ .પ્રજાપતિ
ઘનશ્યામ એલ.પ્રજાપતિ
(એડવોકેટસ એન્ડ નોટરી)

ઓફીસ નં.૧ અને ૨,ભારતી આશ્રમ શોપીંગ સેન્ટર, સરખેજ-ધોળકા રોડ, સરખેજ અમદાવાદ

મોઃ ૯૮૯૮૫૬૩૪૦૭

જાહેર નોટિસ

મોજે-રામનગર

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકાના મોજે - રામનગર ગામની સીમના રી-સર્વે મુજબ નવા (એ) બ્લોક નં.૪૦૩ (જુના બ્લોક નં.૩૨૮) ની હે.આરે.ચો.મી. : ૦-૭૦-૧૪, (બી) બ્લોક નં.૪૦૪ (જુના બ્લોક નં.૩૨૭) ની હે.આરે.ચો.મી.: ૦-૫૨-૯૩ તથા (સી) બ્લોક નં.૪૦૫ (જુના બ્લોક નં.૩૨૩) ની હે.આરે.ચો.મી. : ૦-૩૪-૬૧ ની ખેતીની જમીન (૧) પ્રવિણભાઈ ગાંડુભાઈ રામોલીયા (૫૦% હિસ્સો) તથા (૨) અરનેશકુમાર વ્રજલાલ સોજીત્રા (૫૦% હિસ્સો) ની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૦-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES

ઠે. એ /૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.

મો.૯૮૭૯૩૪૪૩૩૩.

ઓનલાઈન શોપિંગ વધ્યું, ડીજીટલ છેતરપિંડીનો ગ્રાફ વધ્યો

ગુજરાતમાં ઈ-કોમર્સની ફરિયાદોમાં ૩૩ ટકાનો વધારો, દેશમાં ત્રીજા ક્રમે

અમદાવાદ,સોમવાર

ગુજરાતમાં ઓનલાઈન શોપિંગ અને ડિજિટલ ટ્રાન્ઝેકશનનો વ્યાપ જેટલી ઝડપથી વધી રહ્યો છે, તેટલી જ ઝડપથી ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અને ભ્રામક જાહેરાતોના કિસ્સા પણ વધી રહ્યા છે. નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, ગુજરાતમાં ઈ-કોમર્સ ક્ષેત્રે ગ્રાહકોની ફરિયાદોમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૪ની સરખામણીએ વર્ષ ૨૦૨૫માં જ ગ્રાહક ફરિયાદોમાં સીધો ૩૩ ટકાનો ઉછાળો આવ્યો છે, જે દર્શાવે છે કે ઓનલાઈન બજારમાં ગ્રાહકો છેતરપિંડીનો મોટા પાયે ભોગ બની રહ્યા છે.

ઓનલાઈન છેતરપિંડી, નબળી ગુણવત્તા ધરાવતી પ્રોડેક્સ અને ભ્રામક જાહેરાતોનો ગુજરાતીઓ વધુ ભોગ બન્યાં

જાહેર કરાયેલા અહેવાલના આંકડા મુજબ, છેલ્લા ત્રણ વર્ષ અને ચાલુ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા (૩૧ માર્ચ ૨૦૨૬ સુધી) સુધીમાં જ માત્ર ગુજરાતમાંથી કુલ ૭૮,૧૨૧ ફરિયાદો હેલ્પલાઈન પર નોંધાઈ ચૂકી છે. આ મામલે રાજધાની દિલ્હી પછી ગુજરાત સમગ્ર યાદીમાં દેશના મોખરાના સ્થાને છે, જે પડોશી રાજ્ય હરિયાણા કરતાં પણ ઘણું આગળ છે.

દર વર્ષે ઓનલાઈન છેતરપિંડી, નબળી ગુણવત્તાની પ્રોડક્ટ્સ અને ભ્રામક જાહેરાતોનો ભોગ બનનારા ગુજરાતીઓની સંખ્યા સતત વધી રહી છે. ૨૦૨૬ના માત્ર શરૂઆતના ત્રણ મહિનામાં જ આશરે ૯ હજાર જેટલી ફરિયાદો આવવી એ લાલબત્તી સમાન છે.

ગુજરાતમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ ફરિયાદોનો ગ્રાફ

વર્ષ ૨૦૨૩	૨૦,૬૪૬ ફરિયાદો
વર્ષ ૨૦૨૪	૨૧,૨૧૬ ફરિયાદો
વર્ષ ૨૦૨૫	૨૭,૪૮૦ ફરિયાદો
વર્ષ ૨૦૨૬	(માત્ર ૩૧ માર્ચ સુધી) ૮,૭૭૯ ફરિયાદો

આ ગંભીર ચિત્ર વચ્ચે એક માત્ર સકારાત્મક પાસું એ છે કે નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈન ગ્રાહકોની વહારે આવી રહી છે. આંકડા દર્શાવે છે કે ગુજરાતમાંથી જેટલી પણ ફરિયાદો (૭૮,૧૨૧) મળી છે, તે બધીય ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે ગ્રાહકોની સમસ્યાઓ ઉકેલવા માટે સક્રિય કામગીરી કરવામાં આવી રહી છે, પરંતુ ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર કડક નિયમન લાવવું હવે અનિવાર્ય બન્યું છે.

ઈ-કોમર્સ બજારમાં વધતી જતી આ ફરિયાદો જોતાં ગ્રાહકોએ ઓનલાઈન ખરીદી કરતી વખતે વધુ સતર્ક રહેવાની જરૂર છે. ભ્રામક ઓફર્સ અને અજાણી વેબસાઈટ્સથી છેતરાયા બાદ તુરંત જ નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઈનનો સંપર્ક કરવો હિતાવહ છે.

યાત્રાધામ ચોટીલાનાં મંદિરે કારતક પૂર્ણિમા સુધી દર્શનના સમયમાં ફેરફાર

ચોટીલા, સોમવાર

સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા ડુંગર ઉપર બિરાજમાન ચામુંડા માતાજીના દર્શનાર્થે દિવાળીના તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડતા હોય છે ત્યારે ભક્તોની સુવિધા અને દર્શન વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ચામુંડા માતાજી ડુંગર ટ્રસ્ટ દ્વારા દર્શન, આરતી અને ભોજન પ્રસાદનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.ચામુંડા માતાજી ડુંગર ટ્રસ્ટ દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર તા. ૧૪ નવેમ્બર સુધી પગથિયાંનાં દ્વાર વહેલી સવારે ૩.૩૦ કલાકે ખોલવામાં આવશે અને સવારની આરતી સવારે ૪ કલાકે યોજાશે. કારતક સુદ પાંચમ તા. ૧૫ નવેમ્બરથી કારતક સુદ ચૌદશ તા. ૨૩ નવેમ્બર સુધી પગથિયાંનાં દ્વાર સવારે ૪.૩૦ કલાકે ખોલવામાં આવશે. આ સમયગાળા દરમિયાન સવારની આરતી સવારે ૫ કલાકે યોજાશે.

ભાવિકો માટે મંદિરનાં ભોજનાલયમાં ભોજન પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સવારે ૧૧થી બપોરે ૨ સુધી ભોજન પ્રસાદ આપવામાં આવશે. જ્યારે સંધ્યા આરતીનો સમય રાબેતા મુજબ સૂર્યાસ્તના સમયે રહેશે.

નવા વર્ષ દરમ્યાન ચોટીલા હાઈ-વે ઉપર તેમજ તળેટી વિસ્તારમાં આવતા યાત્રિકોના ઘસારાને કારણે ટ્રાફિક જામ અને પાર્કિંગ સહિતની અવ્યવસ્થા ના સર્જાય તેના માટે આગોતરૂ આયોજન ચોટીલા પોલીસે હાથ ધરેલ છે તેમજ વિશેષ પોલીસ બંદોબસ્ત પણ આ સમયમાં ખાસ તહેનાત કરવામાં આવશે.

રાત્રે ૧૦થી ૬ દરમિયાન હવા અત્યંત ઝેરી બની ગઈ

દિવાળીની રાત્રે ગુજરાતમાં પ્રદૂષણની પરાકાષ્ટા,એક્યુઆઈ ૫૦૦ને પાર થયો

રાજકોટ,અમદાવાદ, સુરત, ભાવનગર, વડોદરા સહિતનાં શહેરો ૮ કલાક સુધી ડાર્ક રેડ ઝોનમાં

રાજકોટ,સોમવાર

રાત્રે ૮થી ૧૦ બે કલાક જ ફટાકડા ફોડવા સહિતના જાહેરનામાઓ અને નિયમો,માર્ગદર્શિકાઓના કાગળિયા વચ્ચે ગુજરાતમાં દિવાળીની રાત્રે ખાસ કરીને રાત્રે ૧૦થી સવારે ૬ દરમિયાન ખાસ કરીને મહાનગરોમાં એટલા બેફામ ફટાકડા ફોડ્યા કે પ્રદૂષણનું પ્રમાણ તેના મહત્તમ આંક ૫૦૦ને પણ પાર થઈ ગયું હતું.

એ.ક્યુ.આઈ. અર્થાત્ હવાની ગુણવત્તાના સૂચકાંકથી પ્રદુષણ મપાય છે અને આ આંક ૫૦ સુધી હોય તે ઈચ્છનીય છે અને ૧૦૦ સુધી ચાલી શકે છે.આ આંક ૫૦૦ સુધી મપાય છે અર્થાત્ પ્રદુષણ માપવાની અંતિમ મર્યાદાથી પણ પ્રદુષણ વધી ગયું હતું.રાજકોટમાં રામદેવપીર, જામટાવર, નાનામવા સર્કલ સહિત વિસ્તારોમાં પ્રદુષણ આંગ ૧૦થી ૬ દરમિયાન કલાકો સુધી ૫૦૦થી પણ વધુ રહ્યો હતો. સી.પી.સી.બી. મૂજબ અમદાવાદમાં મણીનગર, ચાંદખેડા તેમજ અન્ય વિસ્તારોમાં પણ આ સમયમાં પી.એમ.૨.૫,૧૦નું પ્રદુષણ આંક ૫૦૦ને પાર થયો છે. ભાવનગરમાં પણ રાત્રે પ્રદુષણ આંક ૪૭૫થી ૫૦૦એ પહોંચ્યો હતો. સુરત અને વડોદરામાં પણ ખાસ કરીને ૧૧થી ૫ દરમિયાન પ્રદુષણ ચરમસીમાએ પહોંચ્યું હતું. બીનસરકારી એજન્સી મૂજબ તો રાજકોટ અને વડોદરામાં મોડી રાત્રિના કલાકો સુધી એ.ક્યુ.આઈ.૧૦૦૦ને પાર થઈ ગયો હતો! આ પ્રદુષણ ખાસ કરીને પી.એમ.૨.૫ અને ૧૦ પ્રકારનું (હવામાં તરતા અત્યંત બારીક રજકણો)નું હતું જે શ્વાસ મારફત સીધા ફેફસાંમાં પહોંચીને શરીરને ગંભીર નુકશાન પહોંચાડે છે.વિશ્વમાં તેનું પ્રમાણ પથી ૧૫ સુધીનું હોય છે જ્યારે ભારતમાં ૨૪ કલાકનું સરેરાશ ૬૦ માઈક્રોમીટરનું પ્રમાણ સ્વીકારાયેલું છે. પરંતુ, દિવાળીની રાત્રે અને સવાર-સાંજ પણ આ પ્રમાણ મહત્તમ ૪૦૦-૫૦૦એ પહોંચ્યુ હતું.

ડ્રાઇવઈન રોડ પર ડ્રન્ક એન્ડ ડ્રાઇવનો કેસ

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં છેલ્લા ઘણા દિવસો દારૂ પીને અકસ્માત કરવાના બનાવોમાં ચિંતાજનક વધારો થયો છે.ત્યાં ડ્રાઇવઈન રોડ પર વધુ એક ઘટના બની હતી. જેમાં નશામાં ધૂત કારચાલકે કારને પુરઝડપે ચલાવીને લોકોનો જીવ જોખમમાં મુક્યો હતો અને કાર ડીવાઇડર સાથે અથડાઇ હતી. વાડજમાં રહેતો અભિનવ ગીરીશ બલુની અને તેનો મિત્ર શાંકુતલ શર્મા કારમાં દારૂ પીધેલી હાલતમાં જતા હતા.ત્યારે આ ઘટના બની હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ બંનેને બહાર આવવાનું કહ્યું હતું ત્યારે ચાલવુ પણ ભાન નહોતુ. આ અંગે બી ડીવીઝન ટ્રાફિક પોલીસે અકસ્માત અને ગુજરાત યુનિવર્સિટી પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

ઈસ્કોન હરેકૃષ્ણ મંદિરમાં નૂતન વર્ષે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ

અમદાવાદ, સોમવાર

ભાડજ ખાતે આવેલા ઈસ્કોન હરેકૃષ્ણ મંદિરમાં ૧૦ નવેમ્બર-મંગળવારે ગોવર્ધન પૂજા-અન્નકૂટ મહોત્સવ યોજાશે. ચોખા, દાળ, હલવો, પકોડા, પુરી, મીઠી ખીર,રસગુલ્લા, સંદેશ, લાડુનો ભવ્ય અન્નકૂટ તૈયાર કરાય છે. આ તમામ વાનગીઓને નાના પર્વતમાં ગોઠવીને ભગવાનને અર્પણ કરીને ત્યારબાદ સૌને પ્રસાદરૂપે વિતરણ કરાય છે. ૧૦ નવેમ્બરના સાંજે ૬:૩૦ના સુવર્ણ રથયાત્રા, સાંજે ૭:૧૫ના ગોવર્ધન પૂજા સહિતના કાર્યક્રમો યોજાશે.

























RMD





RMD

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28









RMD



RMD



RMD



RMD



RMD



RMD



RMD



RMD

પ્રાકૃતિક ખેતીનો ધૂમ પ્રચાર પણ કડવી વાસ્તવિકતા જુદી

ઓર્ગેનિક ખેતીની દોડમાં અન્ય રાજ્યો કરતાં ગુજરાત પાછળ રહ્યું

અમદાવાદ,સોમવાર

ગુજરાત ભલે ઔદ્યોગિક અને આ થક મોડલ ક્ષેત્રે દેશમાં અગ્રેસર હોવાના દાવા કરતું હોય, પરંતુ રાસાયણમુક્ત અને ઓર્ગેનિક ખેતીની વૈશ્વિક દોડમાં રાજ્ય હજુ પણ ઘણું પાછળ છે. પરંપરાગત કૃષિ વિકાસ યોજના ના તાજેતરના સત્તાવાર આંકડા દર્શાવે છે કે અન્ય મોટા રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં ઓર્ગેનિક ખેતીનો વ્યાપ ઘણો સીમિત અને ચિંતાજનક સ્તરે ધીમો છે. હજુ પણ ખેતીમાં રાસાયણિક ખાતરનો જ ધૂમ ઉપયોગ થઈ રહ્યો છે.

કેમિકલમુક્ત ખેતી સામે પ્રાકૃતિક ખેતીની ગુલબાંગો વચ્ચે ગુજરાતમાં માત્ર ૧૫,૩૩૪.૪૧ હેક્ટર પર ઓર્ગેનિક ખેતી

ઓર્ગેનિક ખેતીને લાગે વળગે છે એ ત્યાં સુધી જ્યાં રાજસ્થાન ૧૦,૦૫૭ ક્લસ્ટર્સ અને ઉત્તર પ્રદેશ ૮,૫૩૯ ક્લસ્ટર્સ સાથે દેશમાં મોખરે છે, તેની સામે ગુજરાતમાં માત્ર ૭૫૯ ક્લસ્ટર્સ જ બની શક્યા છે. મધ્ય પ્રદેશ (૬,૦૩૭) અને મહારાષ્ટ્ર (૨,૯૭૮) જેવા પડોશી રાજ્યો પણ ગુજરાત કરતાં માઈલો આગળ છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં ઓર્ગેનિક ખેતી પાછળ રાજ્ય સરકારે રૂ.૨૦૮૬ લાખનો ખચી કર્યો છ .

અનાજ અને કઠોળનું મોટું ઉત્પાદન કરતા રાજ્યોમાં લાખો ખેડૂતો ઓર્ગેનિક તરફ વળ્યા છે. દાખલા તરીકે, આંધ્ર પ્રદેશમાં ૭,૪૬,૯૭૬ ખેડૂતો અને કેરળમાં ૩,૧૦,૮૪૧ ખેડૂતો ઓર્ગેનિક ખેતી અપનાવી ચૂક્યા છે. તેની સરખામણીએ ગુજરાતમાં માત્ર ૧૭,૮૩૬ ખેડૂતો જ આ યોજનાનો લાભ લઈ રહ્યા છે, જે રાજ્યના કુલ ખેડૂતોની સંખ્યાના એક ટકા જેટલો પણ ભાગ નથી.

ઓર્ગેનિક ખેતી હેઠળ આવરી લેવાયેલી જમીનની બાબતમાં પણ ગુજરાતની સ્થિતિ નબળી છે. રાજસ્થાનમાં ૨,૦૧,૧૪૦ હેક્ટર અને ઉત્તર પ્રદેશમાં ૧,૭૧,૧૮૪ હેક્ટર જમીન કેમિકલમુક્ત બની ચૂકી છે, જ્યારે ગુજરાત માત્ર ૧૫,૩૩૪.૪૧ હેક્ટર પર જ અટકી ગયું છે. રાજ્ય સરકાર દ્વારા 'પ્રાકૃતિક ખેતી'ના ધૂમ પ્રચાર અને જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર યોજનાનું

કૃષિ વિભાગને જ રસ નથી : માત્ર ૧૭,૮૩૬ ખેડૂતો જ ઓર્ગેનિક ખેતીની યોજનાનો લાભ મેળવી શક્યાં

અમલીકરણ અન્ય રાજ્યો જેવું આક્રમક રહ્યું નથી. ગુજરાતના ખેડૂતો ઓર્ગેનિક પાકો ઉગાડવા તૈયાર છે, પરંતુ તેમને પ્રમાણપત્ર મેળવવામાં ભારે મુશ્કેલી પડે છે. વળી, રાસાયણિક પાકોની જેમ ઓર્ગેનિક પેદાશો માટે કોઈ મજબૂત માર્કેટિંગ ચેઈન કે ટેકાના ભાવોની ચોક્કસ વ્યવસ્થા ઊભી કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. પડોશી રાજ્ય રાજસ્થાન અને મહારાષ્ટ્રે જે રીતે ખેડૂતોને ઓર્ગેનિક ખેતીની તાલીમ આપવા માટે અભિયાનો ચલાવ્યા, તેવી વ્યાપક સક્રિયતા ગુજરાતના કૃષિ વિભાગમાં જોવા મળી નથી.

જો ઓર્ગેનિક ક્લસ્ટર્સ વધારવા માટે યુદ્ધના ધોરણે કામ નહીં કરે, તો આગામી સમયમાં કેમિકલમુક્ત કૃષિ ઉત્પાદનોના માર્કેટ પર અન્ય રાજ્યો સંપૂર્ણ કબજો જમાવી લેશે અને દેશનું અગ્રેસર ગણાતું ગુજરાત આ ગ્રીન ઈકોનોમીની રેસમાં સાવ ફેંકાઈ જશે.

'પ્રાકૃતિક' ખેતીના બહાને આરએસએસનો પ્રચાર

ડબલ સ્ટાન્ડર્ડ : રાજભવનમાં 'વૈભવ' ને ગામડામાં 'રાતવાસો'

અમદાવાદ,શનિવાર

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો ઓર્ગેનિક ખેતી પ્રત્યેનો આગ્રહ હવે ટીકાનો વિષય બન્યો છે. રાજ્યપાલના વ્યક્તિગત ઈરાદાઓ ગમે તેટલા સારા હોય, પરંતુ એક ચોક્કસ વિચારધારાના પ્રચાર-પ્રસાર પાછળ જે રીતે સરકારી મશીનરી અને જનતાના નાણાંનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે તેવો ગણગણાટ શ શરૂ થયો છે. ઓર્ગેનિક ખેતીને લઈને ધૂમ પ્રચાર કરાય છે પણ ગુજરાતના ખેડૂતો હજુ પણ રાસાયણિક ખેતીને જ એકમાત્ર વિકલ્પ માની રહ્યા છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અવારનવાર ગુજરાતના ગામડાંઓમાં રાત્રિ સભાઓ યોજે છે અને ખેડૂતોને ઓર્ગેનિક ખેતી અપનાવવા હાકલ કરે છે. બંધારણીય વડા જ્યારે ગામડાં જાય ત્યારે પ્રોટોકોલ, સુરક્ષા વ્યવસ્થા, અધિકારીઓનો કાફલો અને આયોજન પાછળ કરાતા ખર્ચને લીધે સરકારી તિજોરી પર ભારણ નાંખવામાં આવી રહ્યુ છે. સાથે સાથે સાદગીના નામે આયોજીત કાર્યક્રમોના ફોટો છપાવવા અને માર્કેટિંગ કરવા પણ ખર્ચો કરાઈ રહ્યો છે. સવાલ એ ઉભો થાય છે કે,રાજ્યપાલના આ વ્યક્તિગત અભિયાન માટે સરકારી નાણાંનો આવો વ્યય ક્યાં સુધી ચાલશે?

સચિવાલયના ગલિયારાઓમાં ચર્ચા છેકે, રાજ્યપાલના હરિયાણા સ્થિત કુરુક્ષેત્રના ઓર્ગેનિક ફાર્મ હોટ ટોપિક બન્યુ છે. રાજ્યપાલના આ ખાનગી પ્રાકૃતિક ફાર્મને જોવા માટે અત્યાર સુધીમાં ગુજરાતના ઘણાં સચિવોથી માંડીને નાના વહીવટી અધિકારીઓ અને પ્રતિનિધિ મંડળોને સ્પેશિયલ જાત્રાએ જઈ ચૂક્યાં છે. ઓર્ગોનિક ખેતીનું મોડેલને જોવા માટે ગુજરાતના અધિકારીઓના હરિયાણા આવવા-જવાનો, રહેવાનો અને અન્ય અતિથિ સત્કારનો લાખો રૂપિયાનો ખર્ચ કોણે ભોગવ્યો તે પણ એક સવાલ પૂછાઇ રહ્યો છે.

રાજભવનથી લઈને ગાંધીનગરના મંચો સુધી ઓર્ગેનિક ખેતીની ગમે તેટલી ગુલબાંગો પોકારવામાં આવે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગુજરાતનો સરેરાશ ખેડૂત આજે પણ રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વિના ખેતી કરવાનું જોખમ લઈ શકે તેમ નથી. બજારમાં ઓર્ગેનિક પાકના વેચાણની કોઈ સંગઠિત વ્યવસ્થા નથી કે નથી કોઈ પોષણક્ષમ ભાવની ગેરંટી.

આવા સંજોગોમાં, રાજ્યપાલના અતિશય આગ્રહ અને દબાણ હેઠળ માત્ર વાહવાહ ખાટવા માટે યોજાતા ઉત્સવો અને સરકારી પ્રવાસો જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ સાબિત થઈ રહ્યા છે. પરિણામના નામે તંત્ર પાસે માત્ર કાગળ પરના આંકડા છે, જ્યારે જમીન પર સ્થિતિ જસની તસ છે.

હરિયાણામાં કુરુક્ષેત્ર ખાતે રાજ્યપાલના ફાર્મ પર અધિકારીઓની કોના ખર્ચે 'આર્ગેનિક જાત્રા' ?



ખાડિયા ખાતે આવેલા શ્રી રણછોડરાયજી મંદિરમાં ભગવાન શ્રી રણછોડરાય અને જાંબવતી માતાને દિવાળીના વિશેષ શણગાર કરવામાં આવ્યા હતા. દિવાળીના દિવસે ભગવાન શામળીયા શેઠ બને છે. તેમને શેઠ જેવો શણગાર કરવામાં આવે છે. તેઓ પોતાની હાટડી લઈને ભક્તો સામે બિરાજે છે. ભક્તો નવા વર્ષ માટેની ખરીદી અને મુર્હુતની ખરીદી ભગવાન પાસેથી કરે તેવો ભાવ વ્યક્ત કરવામાં આવે છે. દિવાળીના દિવસે હજારોની સંખ્યામાં ભક્તો ભગવાનના આ સ્વરૂપની ઝાંખી કરવા ઉમટી પડે છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

તહેવારોનું સામાજિક મહત્ત્વ ઘટતું હોવાના સંકેત

દિવાળી હવે સગાંવ્હાલાં સાથે નહીં, પ્રવાસન સ્થળોએ ઊજવાય છે!

અમદાવાદ,સોમવાર

દિવાળીના તહેવારો માત્ર ઉજવણી નથી, પરંતુ પારિવારિક અને સામાજિક સંબંધોને મજબૂત બનાવવાનું માધ્યમ પણ છે. વર્ષ ૨૦૨૦માં Philosophical Transactions of the Royal Societyમાં પ્રકાશિત થયેલા એક સંશોધનમાં ૪૮૬ લોકોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. સંશોધનમાં જાણવા મળ્યું હતું કે દિવાળીના ધાર્મિક અને પારિવારિક રિવાજોમાં સમય આપવાથી પરિવાર સાથેનું જોડાણ અને સામાજિક એકતાની લાગણી મજબૂત બને છે. સગાંસંબંધીઓની મુલાકાત, ભેટની આપ-લે અને સાથે મળીને તહેવારની તૈયારીઓ આ સામાજિક જોડાણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ધનતેરસથી લાભ પાંચમ સુધી બહાર ફરવાનો ક્રેઝ મહેમાનગતિની ઝંઝટથી બચવા બહાર જમવાનો ટ્રેન્ડ

આ સંશોધનના તારણોની સામે આજની શહેરી જીવનશૈલીમાં એક અલગ જ પરિવર્તન જોવા મળી રહ્યું છે. એક સમય હતો જ્યારે દિવાળીના તહેવારો એટલે સગાંસંબંધીઓના ઘરે જવાની અને તેમને પોતાના ઘરે બોલાવવાની પરંપરા મજબૂત હતી. ધનતેરસથી લાભ પાંચમ સુધી ઘરના દરવાજા મહેમાનો માટે ખુલ્લા રહેતા. જોકે, હવે દિવાળીની રજાઓમાં સંબંધીઓના ઘરે જવાને બદલે પરિવાર સાથે હોટેલ, રિસોર્ટ, રેસ્ટોરાં અને પ્રવાસન સ્થળોએ સમય પસાર કરવાનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે.

આ બદલાતા વલણ પાછળ માત્ર પ્રવાસનો શોખ જ નહીં, પરંતુ મહેમાનગતિ પ્રત્યે બદલાતી માનસિકતા પણ જવાબદાર છે. કોઈ સગું ઘરે આવે તો ચા-નાસ્તાથી લઈને ભોજન સુધીની વ્યવસ્થા કરવી પડે છે. ઘરની સફાઈ, રસોઈ, પીરસવાની જવાબદારી અને મહેમાનોને સમય આપવાની ઝંઝટ પણ રહે છે. તેની સામે બહાર કોઈ રેસ્ટોરાં કે હોટેલમાં જાઓ તો મેનુ પસંદ કરો, બિલ ચૂકવો અને નિશ્ચિંત થઈને સમય પસાર કરો. ઘરમાં મહેમાનગતિ કરતાં બહારની આ સગવડ હવે અનેક પરિવારોને વધુ અનુકૂળ લાગી રહી છે.

ધનતેરસથી લાભ પાંચમ સુધી મળતી રજાઓને હવે અનેક પરિવારો પ્રવાસની તક તરીકે જોવામાં આવી રાહી છે. પરિવારના સભ્યોને એકસાથે રજા મળે એટલે બહાર ફરવાનું આયોજન થાય છે. પરિણામે તહેવારોનું કેન્દ્ર ઘર અને સગાંસંબંધીઓમાંથી ખસીને પ્રવાસન સ્થળો અને મનોરંજનની જગ્યાઓ તરફ જઈ રહ્યું છે.

દિવાળી માત્ર દીવા પ્રગટાવવાનો કે ખરીદી કરવાનો તહેવાર નથી, પરંતુ સંબંધોને નવેસરથી જીવંત કરવાનો અવસર પણ છે. હવે સવાલ એ છે કે ખર્ચ કરીને સાથે ફરવાનો સમય તો પરિવારો કાઢે છે, પરંતુ કોઈના ઘરે બેસીને વાત કરવાનો સમય કેમ ઘટી રહ્યો છે? તહેવારોની રોશની યથાવત્ છે, પરંતુ તેની સાથે જોડાયેલી સામાજિક હૂંફ ધીમે ધીમે બદલાઈ રહી છે.

સાયન્સ સીટી રોડ પરના એમ્પાયર સ્કાયવ્યુની ઘટના

ફટાકડા ફોડવા બાબતે તકરાર : ટોળાના હૂમલા સામે બે રાઉન્ડ ફાયરિંગ

અમદાવાદ, સોમવાર

શહેરના સાયન્સ સીટી રોડ પર આવેલા એમ્પાયર સ્કાયવ્યુ એપાર્ટમેન્ટ પાસે દિવાળીની રાત્રીએ કેટલાંક લોકો ફટાકડા ફોડી રહ્યા હતા. જે અંગે એપાર્ટમેન્ટમાં રહેતા સ્થાનિક લોકોએ તેમને ઠપકો આપતા માથાભારે લોકો આશરે ૨૦થી વધુ લોકોને ટોળાને બોલાવીને એપાર્ટમેન્ટ અને નજીકમાં આવેલી ઓફિસમાં કામ કરતા લોકો પર લાકડી અને પાઈપ સહિતના હથિયારો સાથે હુમલો કર્યો હતો. જેના કારણે એપાર્ટમેન્ટમાં રહેતા સ્થાનિક વ્યક્તિએ સ્વબચાવમાં બે રાઉન્ડ ફાયરીંગ કરીને ટોળાને વિખેર્યું હતું. આ અંગે બોડકદેવ પોલીસે સાત લોકોની ધરપકડ કરીને અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

પોલીસે ત્રણ સગીર સહિત ૪૫થી વધુ લોકોના ટોળા વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો નોંધ્યોઃ પોલીસે સીસીટીવીના આધારે અન્યની શોધખોળ શરૂ કરી

સોલા સાયન્સ સીટી રોડ પર આવેલા એમ્પાયર સ્કાયવ્યુ એપાર્ટમેન્ટમાં રહેતા જીગરભાઈ પટેલ કન્સ્ટ્રક્શન અને ઈમ્પોર્ટ એક્સપોર્ટનો વ્યવસાય કરે છે. ગત ૬ નવેમ્બરના રોજ તેમના એપાર્ટમેન્ટની બહાર પ્રાંસુ કોઈટાવાડ, અર્જુન દેસાઈ અને વિશ્વાસ કાલી સહિત કેટલાંક લોકો ફટાકડા ફોડી રહ્યા હતા.જેમાંથી એક રોકેટ ઉડીને એપાર્ટમેન્ટમાં રહેતા લોકો પર પડતા તેમને રોકવામાં આવ્યા હતા. આ સમયે ફટાકડા ફોડી રહેલો લોકોએ તકરાર કરી હતી અને ધમકી આપીને જતા રહ્યા હતા. જ્યારે દિવાળીની રાત્રીએ ફરીથી પ્રાંસુ, અર્જુન સહિત લોકો ફટાકડા ફોડવા માટે આવ્યા હતા અને ફરીથી રોકેટ ઉડીને એપાર્ટમેન્ટમાં આવ્યું હતું અને એક વ્યક્તિ પર પડ્યું હતું. જેથી જીગરભાઈ, નજીકના કોમ્પ્લેક્સમાં કામ કરતા રાગકેશ પટેલ, મૌલિક પટેલ તેમજ અન્ય લોકોએ તે યુવકોને ધમકાવીને પોલીસને બોલાવવાનું કહ્યું હતું. પરંતુ, આ સમયે તેમણે દાદાગીરી કરીને હુમલાખોરોથી પોતાનો તેમજ સોસાયટીના સભ્યોનો બચાવ કરવા માટે તેમની લાયસન્સ વાળી પિસ્તોલથી હવામાં બે થી ત્રણ રાઉન્ડ ફાયરીંગ

ક્યા ક્યા આરોપી વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધ્યો?

૧. મિલન કાનજી રબારી	૨. મીત દેસાઈ	૩. મૌલિક દેસાઈ
૪. રાહુલ દેસાઈ	૫. દક્ષ દેસાઈ	૬. જવલ દેસાઈ
૭. સેંધા રબારી	૮. હેત દેસાઈ	૯. લાલો રબારી
૧૦. રગ્નેશ દેસાઈ	૧૧. અર્જન દેસાઈ	૧૨. પ્રાસુ કોઈટાવાડ
૧૩. વિશ્વાસ કોલી	૧૪. વિહાજી સબારી અને અન્ય ૨૬ શખ્સો	

ફટાકડા અહીયા જ ફોડીશુ .. તેમ કહેતા મામલો ઉગ્ર બન્યો હતો અને તેમણે ફોન કરીને આશરે ૨૩ જેટલા અન્ય લોકોને બોલાવ્યા હતા. જેમની પાસે લાકડી, ધારિયા જેવા હથિયારો હતા અને ટોળાએ તમામ લોકો પર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં બે થી ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જેથી જીગરભાઈએ કરતા ટોળું ત્યાંથી નાસી ગયું હતું. ા અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં મેસેજ કરવામાં આવતા બોડકદેવ પોલીસે સ્થળ પર પહોંચીને કાર્યવાહી કરી હતી. જેમાં જીગરભાઈની ફરિયાદને આધારે સાત લોકોની ધરપકડ કરી છે અને ૪૫થી વધુ લોકોના ટોળા વિરૂદ્ધ હત્યાના પ્રયાસ અને રાયોટીંગનો ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

પોલીસ કમિશનરના જાહેરનામાની ઐસી તૈસીઃ જાહેરમાં ફટાકડા ફોડી આતંક

ફટાકડા ફોડવા બાબતે નરોડા, દાણીલીમડા, સહિત ચાર સ્થળે ઘાતક હથિયારથી હુમલો

અમદાવાદ, સોમવાર

જાહેરમાં ફટાકડા ફોડવાના પોલીસ કમિશનરના જાહેરનામાનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને દાણીલીમડા,નરોડા,અમરાઈવાડી અને નિકોલ સહિત ચાર સ્થળે જાહેરમાં ફટાકડા ફોડીને આવતા જતા લોકો ઉપર સળગતા ફટાકડા ફેંકવામાં આવ્યા હતા. જેને લઈને તકરાર થઈ થતાં નિર્દોષ ચાર લોકો ઉપર તલવાર, ચાકુ અને પાઈપથી હુમલો કરીને લોહી લુહાણ કરાતા તમામ લોકોને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. પોલીસે ૧૫ આરોપીઓ સામેગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરી છે.

સળગતા ફટાકડા ઉપર ફેંકવાની મુદ્દે તલવાર, પાઈપ, ચાકુથી હુમલો કરી ચાર લોકો લોહી લુહાણ : ૧૬ લોકો સામે ફરિયાદ

નરોડા પાટિયા પાસે મહાજનિયા વાસમાં રહેતા શનિભાઈ પરમાર (ઉ.વ.૩૧)એ નરોડા પોલીસ સ્ટેશનમાં પડોશમાં રહેતા સુરેશ જાડેજા અને રાજુ જાડેજા સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે દિવાળીની રાતે તેમના નાનો ભાઈ ફટાકડા ફોડતો હતો તેની સાથે આરોપીએ મારા મારી હતી. જેથી ફરિયાદી ઠપકો આપવા જતાં આરોપીઓએ ઉશ્કેરાઈને યુવકને પાઈપના ફટકા મારતાં માથા, કપાળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી ચક્કર આવતાં નીચે પડ્યા બાદ પણ ઢોર મારીને લોહી લુહાણ કર્યો હતો હાલમાં સિવિલમાં સારવાર હેઠળ છે.

બીજા બનાવમાં શાહઆલમાં જીતુભાઈ કમ્પાઉન્ડમાં રહેતા મહંમદહનીફ શેખ (ઉ.વ.૪૬)એ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ઉમેર સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદીના દિકરા ઉપર સળગતા ફટાકડા ફેકવા બાબતે તકરાર કરી હતી જેથી ઠપકો આપવા જતા ફરિયાદીના દિકરાને છરી મારીને હુમલો કરીને લોહી લુહાણ કર્યો હતો. ત્રીજા બનાવમાં નિકોલમાં રહેતા માધુરીબહેન પાઠકે નિકોલ પોલીસ સ્ટેશનમાં રવિ પટણી સહિત સાત લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે તેમની દિકરી દૂધ લેવા માટે જતી હતી ત્યારે તેના ઉપર સળગતા ફટાકડા ફેંકતા હતા જેથી પરિવારજનો કહેવા જતાં પરિવાર ઉપર હુમલો કરીને ફરિયાદી મહિલાને માંથમાં લાકડીથી મારમારી લોહી લુહાણ કર્યા હતા અને તેમના ઘરમાં તોડફોડ કરી હતી. ઉપરાંત અમરાઈવાડીમાં રહેતા જતીનભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૨)એ અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં મયુર મકવાણા સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે ફટાકડા ફોડવા બાબતે તકરાર થઈ હતી, જેમાં યુવકને પીઠમાં તલવાર મારી હતી લોહી નીકળતા હાથમાં પંજામાં તલવારનો પાછળનો ભાગ મારી દીધો હતો ત્યારબાદ ચાકુથી ફરિયાદીના પિતા ઉપર પણ હુમલો કર્યો હતો.

ખાતાકીય હિસાબી ઓડિટમાં રિકવરી બાકી હોય તેવી

અમદાવાદની ૩૬ ગ્રાન્ટેડ સ્કૂલોની ૧ કરોડથી વધુની કન્યા ગ્રાન્ટ અટકાવાઈ

અમદાવાદ,સોમવાર

ગુજરાતની ફી વિકલ્પ ધરાવતી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોને કન્યા કેળવણી હેઠળ સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામા આવે છે.પરંતુ અગાઉ અનેક આદેશ છતાં સમયસર ખાતાકીય હિસાબી ઓડિટ ન કરાવતા અને ઓડિટ બાદ ૩ લાખ કે તેથી વધુની રિકવરી ઓડિટમાં બાકી હોય તેવી ૩૬ ગ્રાન્ટેડ સ્કૂલોની આ વર્ષની કન્યા ગ્રાન્ટ સરકારના આદેશથી અટકાવી દેવાઈ છે. અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા કુલ ૨.૩૬ કરોડથી વધુની ગ્રાન્ટની મંજૂરી સામે ૯૮ સ્કૂલોમાંથી ૩૬ સ્કૂલોને બાદ કરતા બાકીની સ્કૂલોને ૧.૩૬ કરોડથી વધુની ગ્રાન્ટ ચુકવાઈ છે.

૩ લાખ કે તેથી વધુ હિસાબી ઓડિટ રીકવરી બાકી હોવાથી સરકારના આદેશથી ચાલુ વર્ષની ગ્રાન્ટ જ ન અપાઈ

રાજ્યના નિભાવ અને ફી વિકલ્પવાળી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ધો.૯થી૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ-કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ માટે ૨૦૧૭-૧૮માં સરકારે યોજના અમલમાં મુકી હતી.જે અંતર્ગત કમિશનર ઓફ સ્કૂલ કચેરીદ વારા અમદાવાદ શહેર પૂર્વ અને પશ્ચિમ ડીઈઓ હેઠળની ફી વિકલ્પ ધરાવતી ગ્રાન્ટેડ સ્કૂલોને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ માટે રૂપિયા ૨૩૬૧૧૪૮૦ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી હતી.જે અમદાવાદ શહેર ડીઈઓના હવેલા મુકાઈ હતી. પરંતુ પૂર્વ અને પશ્ચિમની ફી વિકલ્પ ધરાવતી કુલ ૧૦૦ શાળાઓ પૈકી ગ્રાન્ટ મળવા પાત્ર ૯૮ સ્કૂલો છે. જેમાંથી ૩૬ સ્કૂલો એવી છે કે ખાતાકિય હિસાબી ઓડિટની રીકવરી બાકી છે.

ત્રણ લાખ કે તેથી વધુ રિકવરી બાકી હોય તેવી આ ૩૬ ગ્રાન્ટેડ સ્કોલની ૧ કરોડથી વધુની ગ્રાન્ટ અટકાવી દેવાઈ છે. ફી વિકલ્પ ગ્રાન્ટની કુલ ૧,૧૯,૮૭,૦૮૦ રૂપિયાની ચુકવણી કરનાવી થાય છે.જે સબબ સ્કૂલોને ચાલુ વર્ષે કન્યાઓને વિના મૂલ્યે શિક્ષણ આપવા ખાતાકીય ઓડિટને ધ્યાને રાખી કુલ ૧,૩૬,૪૭,૦૮૦ રૂપિયાની ચુકવણી કરવાનો આદેશ કરાયો છે. અમદાવાદ શહેર ડીઈઓ હેઠળની ૩૬ ગ્રાન્ટેડ સ્કૂલોને હાલ ગ્રાન્ટ ફાળવણી કરાઈ નથી.જેમાં ઘણી મોટી સ્કૂલો પણ છે.જેઓને ૨ લાખથી લઈને પાંચ લાખ સુધીની ગ્રાન્ટ નથી ફાળવાઈ.

ફી કમિટીના આદેશ બાદ પણ સ્કૂલે દંડ ન ભરતા વધુ દંડ ફટાકરાયો

અમદાવાદ,સોમવાર

અમદાવાદ ઝોનની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા વધુ એક સ્કૂલને મોટો દંડ કરાયો છે. મળતી માહિતી મુજબ આદિપુરની એક સ્કૂલે અગાઉ પાંચ લાખનો દંડ ન ભરતા કમિટીએ હવે દૈનિક ધોરણે પાંચ લાખના ૧ ટકા મુજબ દંડ ફટકાર્યો છે.

અમદાવાદ ઝોનની ફી કમિટી દ્વારા ફી રેગ્યુલેશન એક્ટના અમલ બાદ પ્રથમવાર મહેસાણાની એક સ્કૂલને ૧૫ લાખનો દંડ ફટકાર્યો હતો. ત્યારબાદ હવે કચ્છના આદિપુરની એક સ્કૂલને પાંચ લાખનો દંડ ફટકાર્યો છે. આ સ્કૂલે વર્ષ ૨૦૨૬-૨૭ માટે કમિટીમાં ફીની દરખાસ્ત કરી હતી. ફાઈનલ ફી બાદ શિસ્ત ભંગ-નિયમપાલન સંબંધિત પાંચ લાખનો દંડ સ્કૂલને કરવામા આવ્યો છે. જો ત્રણ મહિનામાં સ્કૂલ દ્વારા સમગ્ર દંડની રકમ ભરપાઈ ન કરવામા આવે તો વણચુકવાયેલી પુરી રકમ જમીન મહેસૂલીની બાકી રહેતી રકમ તરીકે કલેકટર કચેરી મારફતે વસૂલ કરવાનો હુકમ કરવામા આવશે.

ગુજરાતની સરકારી ટેકનોલિજકલ યુનિવર્સિટી

જીટીયુ સ્થાપનાના ૨૦ વર્ષે પોતાના નવા કેમ્પસમાં ૨૦૨૭માં શિફ્ટ થશે

અમદાવાદ,સોમવાર

ગુજરાતની સૌથી મોટી અને એક માત્ર સરકારી ટેકનોલોજિકલ યુનિવર્સિટી એવી જીટીયુ તેની સ્થાપનાના ૨૦ વર્ષ ૨૦૨૭માં માર્ચ-એપ્રિલમાં પોતાના નવા કેમ્પસમાં શિફ્ટ થશે. સરકારે પાંચ-છ વર્ષ પહેલા ૧૦૦ એકર જમીન ગાંધીનગરના લેકાવાડામાં ફાળવી હતી અને જેમાં ૨૪૦ કરોડના ખર્ચે નવું કેમ્પસ થઈ રહ્યુ છે.જેનું ઉદઘાટન હવે નવા આવનારા કુલપતિ જ કરશે. નવા વીસી માટે પૂર્વ કુલપતિ,એલડીના આચાર્ય સહિતના ૪ ઉમેદવાર રેસમાં છે.

નવા કેમ્પસનું ઉદઘાટન હવે નવા કુલપતિ કરશેઃપૂર્વ વીસી,LD આચાર્ય સહિતના ઉમેદવારો રેસમાં

ગુજરાતમાં અલાયદી ટેકનોલોજીકલ યુનિવર્સિટી તરીકે જીટીયુની સ્થાપના ૨૦૦૭માં કરવામા આવી હતી.જે સમયે ચાંદખેડામાં સરકારી વિશ્વકર્મા ઈજનેરી કોલેજના કેમ્પસમાં ૨૮ એકરમાં જીટીયુ શરૂ થઈ હતી.ત્યારબાદ જીટીયુએ સરકાર પાસે જમીન માંગી હતી પરંતુ જમીન મળવામાં ખૂબ જ વિલંબ થયો હતો અને અંતે ત્રીજીવારના કુલપતિ નવીન શેઠને તેમની બીજી ટર્મમાં ૨૦૨૦માં સફળતા મળી હતી.સરકારે ગાંધીનગરમાં લેકાવાડામાં ૧૦૦ એકર જમીન ફાળવી હતી ત્યારબાદ આ જમીન પર નવા કેમ્પસનું બાંધકામ મોડેથી શરૂ થઈ હતી. સરકારના વિભાગ પાસે બાંધકામ કરવામા આવી રહ્યુ હોઈ જેમાં ઘણો વિલંબ થયો અને નિયત કરાયેલી સમય મર્યાદા કરતા દોઢ વર્ષથી વધુનો વિલંબ છે.હવે મોટા ભાગનું કામ પુરુ થઈ ગયુ હોઈ આગામી ૨૦૨૭માં માર્ચ-એપ્રિલમાં જીટીયુ પોતાના નવા કેમ્પસમાં શિફ્ટ થશે.જેમાં એડમિન બિલ્ડીંગ તેમજ તમામ એકેડમિક વિભાગો શિફ્ટ થશે.

માત્ર પરીક્ષા વિભાગ અને સ્ટાર્ટઅપ સહિતના ત્રણ જ વિભાગ જુના કેમ્પસમાં ચાલશે.૨૪૦ કરોડના ખર્ચે બનેલા આ નવા કેમ્પસનું ઉદઘાટન હવે નવા આવનારા કુલપતિ જ કરશે. નવા કુલપતિ માટેની સર્ચ કમિટી બન્યા બાદ અરજીઓ પણ મંગાવી દેવાઈ છે. જીટીયુના જ પૂર્વ કુલપતિ રાજુલ ગજ્જર તેમજ એલ.ડી ઈજનેરી કોલેજના આચાર્ય ડૉ.ભુપતાણી તેમજ ટેકનિકલ શિક્ષણ વિભાગના વહિવટી અધિકારી સચિન પરીખ તેમજ ફાર્મસી કોલેજના આચાર્ય સહિતના ચાર ઉમેદવારો હોટ ફેવરિટ અને ટોપ રેસમાં છે. સરકારે એવા મજબૂત કુલપતિ મુકવા પડશે જે ટેકનિકલ શિક્ષણનો વ્યાપ વધારવા સાથે નવા કેમ્પસને સારી રીત ચલાવી શકે.

ઝૂકેગા નહીં સાલા કહી પોલીસને પડકાર

જેલમાંથી છૂટેલા ડ્રગ્સના આરોપીનો જાહેરમાં ફટાકડા ફોડતો વિડીયો વાયરલ

અમદાવાદ, સોમવાર

વટવામાં ડ્રગ્સાના ગુનામાં જેલમાં છૂટેલા આરોપીએ પોલીસને પડકાર ફેંક્યો હતો અને સ્વાગત ઝુકેગા નહી લખાણ વાળો વિડિયો બનાવ્યો હતો, જેમાં આરોપી જાહેરમાં ફટાકડા ફોડીને હાથ ઉંચા કરીને બુમો પાડતો વિડિયો સોશિયલ મિડિયામાં વાયરલ કર્યો હતો. આ બનાવ અંગે વટવા પોલીસે તેની સામે ગુનો નોંધીને ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

હાથ ઉંચા કરી બુમો પાડતો વિડિયો સોશિયલ મિડિયામાં મૂકતા વટવા પોલીસે ધરપકડ કરી

વટવા પોલીસે વટવા ચાર માળિયામાં રહેતા સિકંદર સલીમશેખ સામે ફરિયાદ નોંધાવી છે કે આરોપી તાજેતરમાં ડ્રગ્સના ગુનામાં જેલમાં બહાર આવ્યો હતો અને આવીને પોલીસ સામે પડકાર ફેંકતા હોય તેમ તા.૦૮-૧૧-૨૬ના રોજ વિડિયો બનાવ્યો હતો જેમાં જાહેરમાં રોડ ઉપર ફટાકડા ફોડીન સ્વાગત ઝુકેગા નહી લખાણ લખ્યું હતું અને હાથ ઉંચા કરીને બુમો પાડી રહ્યો હતો. વાયરલ વિડિયોના આધારે વટવા પોલીસે તેની ધરપકડ કરી હતી.













બેસણું



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા આદરણીય
શ્રી યોગેશભાઈ શાંતિલાલ શાહ (પ્રાંતિજવાળા)
તા. 7/11/26 ને શનિવારના રોજ અક્ષરનિવાસી થયા છે.
સદગતની પ્રાર્થનાસભા/બેસણું તા. 12/11/26 ને ગુરૂવારના રોજ નીચે જણાવેલ સ્થળે સવારે 9 થી 11 રાખેલ છે.

સ્થળ: ડી.કે. પટેલ હોલ, નારણપુરા, અમદાવાદ

લી
સ્મિતાબેન વિનોદભાઈ મહેતા
માર્ગી હરિકૃષ્ણ દવે
મનુજાબેન યોગેશભાઈ શાહ
ઋષિકેશ યોગેશભાઈ શાહ
કોમલ ઋષિકેશ શાહ

ફર્મ: Rushikesh Realty Pvt. Ltd.

તહેવારના કારણે સફેદ કપડા ન પહેરવા વિનંતી

બેસણું



દુઃખ સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી
સ્વ. મહેન્દ્રકુમાર બબાશંકર રાવલ (મામા)
તા.૦૪-૧૧-૨૦૨૬ ને બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
સદગતનું બેસણું (પ્રાર્થનાસભા)
તા.૧૩-૧૧-૨૦૨૬ ને શુક્રવારના રોજ
સવારે ૯ થી ૧૨:૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પટેલ પાર્ટીપ્લોટ, મણીપુરા રોડ, વિજાપુર મો.૯૦૧૬૪૩૯૯૪૬

જયશ્રીબેન રાવલ (પત્ની)
આશિષ રાવલ (પુત્ર)
અર્બુદા રાવલ (પુત્રવધુ)
વનિષ્કા, ધ્વન્યા (પૌત્રીઓ)
લિ.
પ્રવિણભાઈ રાવલ (ભાઈ)
જયેશભાઈ રાવલ (ભત્રીજો)
નરેન્દ્રભાઈ રાવલ (ભત્રીજો)
મનિષા, સ્નેહલ, મયુરીકા (પુત્રીઓ)

રાવલ પરીવાર

જાહેર નોટિસ

ડિસ્ટ્રીકટ અમદાવાદ, તાલુકોઃ દશક્રોઈના મોજે ગામ : કઠવાડાની સીમના સર્વે/બ્લોક નંબરઃ ૧૧૨૨/ ૩/ ૦૦૨ (રી સરવે પહેલાના બ્લોક/સર્વે નંબરઃ૧૧૦) ની હે.આરે.ચો.મી. ૧-૦૧-૫૭ પૈકીની હે.આરે.ચો.મી. ૦-૮૪-૬૪ વાળી જુની શરતની ખેતીની જમીન (૧) સરલાબેન બાબુભાઈ ઠાકોર (૨) રણજીતકુમાર બાબુલાલ ઠાકોર (૩) સતિષકુમાર બાબુજી ઠાકોર (૪) રમેશજી પ્રહલાદજી (૫) જગદીશભાઈ પ્રહલાદજી (૬) કોકીલાબેન પ્રહલાદજી, સર્વે રહેવાસી : અમદાવાદનાએ પોતાની સંયુક્ત માલિકી, કબજા ભોગવટાની, બોજા રહીત અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા અંગેના અભીપ્રાય/ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સર્વે શખ્સો/બેંક/ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટ્યુટ કે જેઓનો મજકુર જમીન ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, બાનાખત, ઈઝમેન્ટ, રેવન્યુ ચાર્જીસ, કોઈપણ લોન કે ભરણ પોષણના આવેલ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ પુરાવાની પ્રમાણીત નકલ સહિત લેખિત જાણ રજી. એ.ડી. થી નીચેના સરનામે કરવી (પુરાવા વગરના વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો કોઈના કોઈપણ પ્રકારના હક્કો આવેલ નથી અને આવેલ હોય તો તે તમામ રાજીખુશીથી જતા યાને કે વેવ કરેલ છે. તેમ સમજી મુદત વીત્યેથી અમારા અસીલને સદરહુ જમીનના ટાઈટલ કલીયર, ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેનું રેકર્ડ પરથી અભિપ્રાય/ સર્ટીફિકેટ આપીશું અને ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

તારીખઃ ૦૯/૧૧/૨૦૨૬

સૃષ્ટિ એસોસીએટ્સ,
હિરેન એ. રાજપુત,
એડવોકેટ એન્ડ નોટરી
મોબાઈલ : ૯૯૨૫૩૮૭૬૩૮
ઓફીસઃ બી/૩૦૩, શાંતિનિકેતન બિઝનેશ સેન્ટર, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ

જાહેર નોટિસ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ - ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ)ના, દસ્ક્રોઈ તાલુકાના, મોજે કુબડથલની સીમના નવા સર્વે/બ્લોક નં.૬૬૪/૦૦૨ (જુના સર્વે/બ્લોક નં.૬૯૯) ની કુલ ૯૩૦૮ ચો.મી. પૈકી ૬૩૦૨ ચો.મી. ખેતીની જમીન (૧) મણીલાલ મહીજીજી બારૈયા, (૨) આશાજી મહીજીજી બારૈયા, (૩) કાન્તીલાલ મહીજીજી બારૈયા તથા (૪) સીતાબેન મનુજી બારૈયાનાઓએ તેમની કુલ, સંપુર્ણ, સંયુક્ત, માલીકી, તથા કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવીને, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકોના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીકો સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઈઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઈપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીકો સિવાય બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજો કે અલોખો, ગણોત હક્ક કે ઈઝમેન્ટનો હક્ક વિગેરે કાંઈપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ. તા.૦૭-૧૧-૨૦૨૬

નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઈટ્સ પાસે, કઠવાડા જીઆઈડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
મો. ૯૮૭૯૦૪૧૧૨૮

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ખેડા સબ-ડિસ્ટ્રીક્ટ કપડવંજ ના તાલુકા કપડવંજ ના મોજે ભુતિયાની સીમના ખાતા નં.૫ માં ચાલતા સર્વે/બ્લોક નં.૨૧૮ ની ૧-૦૬-૨૪ હે.આરે.ચો.મી., આકાર રૂા.૨.૧૨ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન દિપસિંહ ફતાભાઈ, લખમણસિંહ જીવાભાઈ, શાન્તીબેન ધુળાજી, શાન્તાબેન અમરાજી, ચંદુભાઈ અમરાજી, ભૂપતભાઈ અમરાજી, મોહનજી મગાજી, ઝાલા બાપુસિંહ નાનાજી, ઝાલા રમણભાઈ ગલાજી, ઝાલા જેણાજી ઉર્ફે જેસીંગભાઈ ભુરાજી, ઝાલા અલ્પેશભાઈ રતાજી, ઝાલા ઉર્મીલાબેન રતાજી, સ.ઝાલા લક્ષ્મીબેન રતાજીના વાલી રેવાબેન, રંગુબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, ચંદ્રસિંહ શીવાભાઈ ઝાલા, પર્વતસિંહ શીવાભાઈ ઝાલા, અમરતબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, મહેન્દ્રભાઈ અભાજી ઝાલા, કેશાભાઈ અભાજી ઝાલા, જશીબેન જુવાનસિંહ ચતુરજી ઝાલાની વિધવા, રાકેશભાઈ જુવાનસિંહ ઝાલા, તખતભાઈ જુવાનસિંહ ઝાલા, વિનાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, લીલાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કાશીબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, સવિતાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, ઈચ્છાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કૈલાશબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની વિધવા, અશોકભાઈ ભલાભાઈ ઝાલા, સુમિત્રાબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની દિકરી, મેલાભાઈ રાયભણભાઈ, હિરાભાઈ નાનાભાઈ રાઠોડ, શારદાબેન તે રમણભાઈ ઝાલાની પત્ની, ભાવનાબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, ઈન્દુબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, પોપટસિંહ રમણભાઈ ઝાલા નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમકરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર) તાલુકા વેજલપુરના મોજે ગામ વસ્ત્રાપુરની સીમના સર્વે નં-૧૨૫/૧+૨ તથા ટી.પી.નં. ૧ ના ફાઇનલ પ્લોટ નં. ૧૭૮ ના સબ પ્લોટ નં-૨૯ ની બીનખેતીની જમીન પર આવેલ ''દ્વાર એપાર્ટમેન્ટ'' માં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ ફ્લેટ નંબર ૧ જે ૯૨.૮૩ ચો.મીટરના બાંધકામવાળી મીલકત તથા યોજનાની જમીનમાં વગર વહેંચાયેલ ૧/૮ હક્ક હિસ્સા સહિતની મીલકત (૧) અમુલકુમાર મુનીન્દ્રરાય કિકાણી, (૨) રાગિણી જયેશ કિકાણી અને (૩) નિગમ મુનિન્દ્ર કિકાણીની સંયુક્ત માલીકી, કબ્જા, ભોગવટાની અને બોજારહિત હોવાનું જણાવી તથા તા-૧૯-૧૨-૧૯૮૯ ના રોજ અનુ. નં-૨૪૦૩૨ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજ ખોવાઈ ગયેલ છે તેમ જણાવી અમારી પાસે ટાઇટલ અભિપ્રાયની માંગણી કરેલ છે. ઉપરોક્ત મીલકત ઉપર જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના દસ્તાવેજી પુરાવા સહિત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત મીલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો નથી અને હોય તો તે જતો યાને વેવ કરેલ છે, તેમ સમજી અમો ઉપરોક્ત મીલકત અનુસંધાને ટાઇટલ અભિપ્રાય આપીશું તેની નોંધ લેવી.

તા. ૧૦/૧૧/૨૦૨૬

ઓઝા એન્ડ એસોસીએટ્સ
કલ્પના ડી. ઓઝા
એડવોકેટ એન્ડ નોટરી
૮૫, મેનેજમેન્ટ એન્ક્લેવ વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯-૪૮૦૦૧૫૭૧

જાહેર નોટિસ

કઠવાડા

ડિસ્ટ્રીકટ અમદાવાદ, તાલુકોઃ દશક્રોઈના મોજે ગામઃ કઠવાડાની સીમના સર્વે/બ્લોક નંબરઃ ૧૧૨૨/ ૨ (રી સરવે પહેલાના બ્લોક/સર્વે નંબર :૧૧૦) ની હે.આરે.ચો.મી. ૨-૩૨-૮૬ પૈકીની ૩૫૬૭ ચો.મી. જમીન બાદ કરતા બાકી રહેતી હે.આરે.ચો.મી. ૧-૯૭-૧૯ પૈકીની ૨/૩ હિસ્સા મુજબની હે.આરે.ચો.મી. ૧-૩૧-૪૬ વાળી જુની શરતની ખેતીની જમીન (૧) લખમણજી મણાજી (૨) અભુજી મણાજી, બંને રહેવાસીઃ અમદાવાદનાએ પોતાના હિસ્સાની સંયુક્ત માલિકી, કબજા ભોગવટાની, બોજા રહીત અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા અંગેના અભીપ્રાય/ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સર્વે શખ્સો/બેંક/ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટ્યુટ કે જેઓનો મજકુર જમીન ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, બાનાખત, ઈઝમેન્ટ, રેવન્યુ ચાર્જીસ, કોઈપણ લોન કે ભરણ પોષણના આવેલ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ પુરાવાની પ્રમાણીત નકલ સહિત લેખિત જાણ રજી. એ.ડી. થી નીચેના સરનામે કરવી (પુરાવા વગરના વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો કોઈના કોઈપણ પ્રકારના હક્કો આવેલ નથી અને આવેલ હોય તો તે તમામ રાજીખુશીથી જતા યાને કે વેવ કરેલ છે. તેમ સમજી મુદત વીત્યેથી અમારા અસીલને સદરહુ જમીનના ટાઈટલ કલીયર, ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેનું રેકર્ડ પરથી અભિપ્રાય/ સર્ટીફિકેટ આપીશું અને ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

તારીખઃ ૦૯/૧૧/૨૦૨૬

સૃષ્ટિ એસોસીએટ્સ,
હિરેન એ. રાજપુત,
એડવોકેટ એન્ડ નોટરી
મોબાઈલ : ૯૯૨૫૩૮૭૬૩૮
ઓફીસઃ બી/૩૦૩, શાંતિનિકેતન બિઝનેશ સેન્ટર, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ

જાહેર નોટિસ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ - ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ)ના, દસ્ક્રોઈ તાલુકાના, મોજે કુબડથલની સીમના નવા સર્વે/બ્લોક નં.૬૬૪/૦૦૧ (જુના સર્વે/બ્લોક નં.૬૯૯) ની કુલ ૯૧૫૫ ચો.મી. પૈકી ૬૭૭૭ ચો.મી. બિનખેતીની જમીન (૧) મણીલાલ મહીજીજી બારૈયા, (૨) આશાજી મહીજીજી બારૈયા, (૩) કાન્તીલાલ મહીજીજી બારૈયા તથા (૪) સીતાબેન મનુજી બારૈયાનાઓએ તેમની કુલ, સંપુર્ણ, સંયુક્ત, માલીકી, તથા કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવીને, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકોના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીકો સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઈઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઈપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીકો સિવાય બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજો કે અલોખો, ગણોત હક્ક કે ઈઝમેન્ટનો હક્ક વિગેરે કાંઈપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ. તા.૦૭-૧૧-૨૦૨૬

નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઈટ્સ પાસે, કઠવાડા જીઆઈડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
મો. ૯૮૭૯૦૪૧૧૨૮

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ખેડા સબ-ડિસ્ટ્રીક્ટ કપડવંજ ના તાલુકા કપડવંજ ના મોજે ભુતિયાની સીમના ખાતા નં.૫ માં ચાલતા સર્વે/બ્લોક નં.૨૧૯ ની ૧-૧૨-૩૦ હે.આરે.ચો.મી., આકાર રૂા.૧.૮૧ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન દિપસિંહ ફતાભાઈ, લખમણસિંહ જીવાભાઈ, શાન્તીબેન ધુળાજી, શાન્તાબેન અમરાજી, ચંદુભાઈ અમરાજી, ભૂપતભાઈ અમરાજી, મોહનજી મગાજી, ઝાલા બાપુસિંહ નાનાજી, ઝાલા રમણભાઈ ગલાજી, ઝાલા જેણાજી ઉર્ફે જેસીંગભાઈ ભુરાજી, ઝાલા અલ્પેશભાઈ રતાજી, ઝાલા ઉર્મીલાબેન રતાજી, સ.ઝાલા લક્ષ્મીબેન રતાજીના વાલી રેવાબેન, રંગુબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, ચંદ્રસિંહ શીવાભાઈ ઝાલા, પર્વતસિંહ શીવાભાઈ ઝાલા, અમરતબેન શીવાભાઈ મચ્છાભાઈ ઝાલાની દિકરી, મહેન્દ્રભાઈ અભાજી ઝાલા, કેશાભાઈ અભાજી ઝાલા, જશીબેન જુવાનસિંહ ચતુરજી ઝાલાની વિધવા, રાકેશભાઈ જુવાનસિંહ ઝાલા, તખતભાઈ જુવાનસિંહ ઝાલા, વિનાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, લીલાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કાશીબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, સવિતાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, ઈચ્છાબેન કાળુસિંહ રણછોડજી ઝાલાની દિકરી, કૈલાશબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની વિધવા, અશોકભાઈ ભલાભાઈ ઝાલા, સુમિત્રાબેન ભલાભાઈ ડાહ્યાભાઈ ઝાલાની દિકરી, મેલાભાઈ રાયભણભાઈ, હિરાભાઈ નાનાભાઈ રાઠોડ, શારદાબેન તે રમણભાઈ ઝાલાની પત્ની, ભાવનાબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, ઈન્દુબેન તે રમણભાઈ ઝાલાની દિકરી, પોપટસિંહ રમણભાઈ ઝાલા નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ખેડા સબ ડીસ્ટ્રીકટ અને તાલુકા માતરના મોજે ગામ ત્રાણજાની સીમના ખાતા નં.૭૨૨ જેના બ્લોક/સર્વે નં.૩૪ જેનુ કુલ ક્ષેત્રફળ પૈકી ૧-૨૮-૧૮ હે.આરે .ચો.મી તથા ખાતા નં.૩૯૮ જેનો બ્લોક/સર્વે નં.૩૯ જેનુ કુલ ક્ષેત્રફળ ૦-૮૨-૯૬ હે.આરે.ચો.મી જુની શરતની ખેતીની જમીન (૧) વિજયભાઈ ગોવિંદભાઈ (૨) નયનાબેન વિજયકુમાર પટેલની પત્ની (૩) પાર્થ વિજયકુમાર પટેલની સંયુકત માલિકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી મજકુર ખેતીની જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટની અમારી પાસે માંગણી કરેલ છે. આથી મજકુર ખેતીની જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ,ભાગ, હકક, હિત, હિસ્સો, દાવો, અલાખો, ચાર્જ કે લીયન પોષાતો હોય તો દિન-૭ માં રિજ.એ.ડી.થી પુરાવાની ખરી નકલ સહિત નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. અન્યથા મજકુર ખેતીની જમીન ઉપર ઉપરોકત માલીકો સીવાય કોઈનો કોઈપણ પ્રકારનો હકક પોષાતો નથી જો પોષાતો હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો (વેવ) કરેલ છે તેમ માની લઈ મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટ માંગણી મુજબ આપવામાં આવશે.ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ તેની સર્વેએ નોંધ લેવી.

તા.૦૮.૧૧.૨૦૨૬

ગિરીશ એ .પ્રજાપતિ
ઘનશ્યામ એલ.પ્રજાપતિ
(એડવોકેટસ એન્ડ નોટરી)
ઓફીસ નં.૧ અને ૨,ભારતી આશ્રમ શોપીંગ સેન્ટર, સરખેજ-ધોળકા રોડ, સરખેજ અમદાવાદ
મોઃ ૯૮૯૮૫૬૩૪૦૭

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-૧-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર) તાલુકા સાબરમતીના ગામ મોજે શેખપુર-ખાનપુરની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર. ૧૯, ફાઈનલ પ્લોટ નંબર. ૨૦૦ ની જમીન જેનો સીમાવેશ સીટી સરવેમાં થતા સીટી સરવે નંબર. ૩૭૧૫ માં ધી વિદીપ કો.ઓ.હા.સો.લી. આવેલ છે. જે રી-ડેવલપ થતા ''ઈલાઈટ વિદીપ '' નાં નામથી ઓળખાય છે. તેમાં સેકન્ડ ફ્લોરનો ફ્લેટ નંબર. ૨૦૪ ચો.મી. ૧૩૫-૪૫ બીલ્ટઅપ એરીયાનાં બાંધકામવાળી મિલકત ૧) પ્રતિક ભાઈલાલભાઈ પટેલ ૨) પરાગ ભાઈલાલભાઈ પટેલ ઠે. યુએસએનાંની કુલ સ્વતંત્ર માલીકીપણા અને કબજા ભોગવટામાં આવેલી છે. જે મીલકત અંગેનું સોસાયટીએ ઈસ્યુ કરેલ અસલ શેર સર્ટીફીકેટ ખોવાઈ થયેલ હોવાથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ નંબર. ૭ તા.૨૨-૧-૨૦૧૪ ના રોજ ઈસ્યુ કરેલ છે. તેમ જણાવી અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. એ રીતેની ઉપરોકત મીલકત ઉપર કોઈનો એલોટમેન્ટનો, મોરગેજનો, વેચાણ હકકોનો, વારસાઈનો, કબજાનો કે કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીસ્સો, હીત, સંબધ, બોજો, ચાર્જ હોય તો તે આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં અમોને લેખીત સર્ટીફાઈડ પુરાવાઓ સહીત નીચેના સરનામે જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે મજકુર મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો નથી અને જો હોય તો તે જતા કર્યા છે તેમ સમજી મજકુર મીલકત અંગે ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ અમો આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

વિજય પટેલ એન્ડ એસોસીએટસ
વિજય પટેલ, જયેશ પટેલ,
જયરાજ પટેલ, જેનીશા પટેલ,
રાધિકા પટેલ એડવોકેટસ
૨૦૨, સોલીટેર, સનરાઈઝ પાર્ક, બોડકદેવ, અમદાવાદ.
ફોન નં. ૦૭૯૪૦૦૭૬૦૦૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે હિમાંશુકુમારકરશનભાઈ પટેલ, રહેવાસી : અમદાવાદના એ જણાવેલ છે કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ- ૯ (બોપલ)અને તાલુકાઃઘાટલોડીયા ના મોજે : થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર- ૧ ફાઈનલ પ્લોટ નંબર- ૯ (રેવન્યુ સર્વે નંબર-૯૪/એ પૈકી) ની બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ "ENIGMA" નામથી ઓળખાતી સ્કીમના બ્લોક - A ના સેકન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નંબર- ૨૦૧ ની ૧૮૬.૫૨ ચોરસમીટર (સુપરબિલ્ટઅપ એરીયા) ના બાંધકામવાળી મિલકત તથા સદરહુ સ્કીમની જમીનમા વગર વહેચાયેલ વરાડે પડતા ૫૦.૨૧ ચોરસમીટર જમીનના હક્કો તથા સ્કીમની સહવપરાશની ચીજવસ્તુઓમાંનો વગર વહેંચાયેલા વરાડે પડતા વપરાશી હક્કો સહિતની મિલકત તેમની સંપૂર્ણ, સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની બોજારહિત હોવાનુ જણાવી ઉપરોકત મિલકત અમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે તથા અમારા અસીલએ ઉપરોકત મિલકત અંગેના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે તો ઉપરોક્ત મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થા, પેઢી કે અન્ય ત્રાહિતનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, બાનાખતના હક્કો, ઈઝમેન્ટ રાઈટ્સ કે અન્ય કોઈ હક્કો પોષાતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા તે અંગેના પુરાવા સહિત (પુરાવા સિવાયના વાંધાઓ ધ્યાનમા લેવામા આવશે નહી) લેખિત જાણ સ્પીડ પોસ્ટ/પત્ર દ્વારા નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા કસૂર થયેથી ઉપરોક્ત મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થા, પેઢી કે અન્ય ત્રાહિતનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો લીયન બોજો, બાનાખતના હક્કો, ઈઝમેન્ટ રાઈટ્સ કે અન્ય કોઈ હક્કો પોષાતા નથી અને હોય, તો તે જતા (waive) કરેલ છે. એમ માની ઉપરોક્ત મિલકત ના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામા આવશે તથા અમારા અસીલની તરફેણમા વેચાણની કાર્યવાહી પુર્ણ કરવામા આવશે ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર કે અન્ય કોઈ કાયદાકીય તકરાર માન્ય ગણવામા આવશે નહિ. જેની નોંધ લેશો.

તારીખ-૮-૧૧-૨૦૨૬.

આરતી વી. ભટ્ટ
એડવોકેટ,
એ. વી. ભટ્ટ એન્ડ કંપની,
એડવોકેટસ,
આઈ-૩૦૬, આઈ- ૩૦૭, ટાઈટેનીયમ સીટી સેન્ટર મોલ, સચીન ટાવર પાસે, ૧૦૦ ફુટ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો.: ૯૮૯૮૯૫૪૦૫૫

જાહેર નોટિસ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ - ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ)ના, દસ્ક્રોઈ તાલુકાના, મોજે કુબડથલની સીમના નવા સર્વે/બ્લોક નં.૬૩૬ (જુના સર્વે/બ્લોક નં.૬૯૪) ની કુલ ૧૮૨૬૦ ચો.મી. પૈકી (૧) રમણજી ફુલાજી, (૨) રામાજી રણછોડજી, (૩) દશરથભાઈ તખાજી, (૪) અરવિંદભાઈ તખાજી, (૫) જીગ્નેશ શામજીભાઈ, (૬) અનિલ શામજીભાઈ, (૭) મહેશભાઈ ઉદાજી, (૮) કાન્તાબેન મહોતજીની વિધવા પત્ની, (૯) દિલીપભાઈ મહોતજી ઠાકોર, (૧૦) કેશરબેન મહોતજીની દિકરી તે કલ્પેશભાઈની પત્ની, (૧૧) મુકેશકુમાર મહોતજી ઠાકોર, (૧૨) સમુબેન કારાજી ઉર્ફે પ્રતાપજી ઠાકોર, (૧૩) કનુજી ભગાજી ઠાકોર, (૧૪) વિણાબેન કારાજી ઉર્ફે પ્રતાપજી ઠાકોર, (૧૫) મુકેશભાઈ કારાજી ઉર્ફે પ્રતાપજી ઠાકોર તથા (૧૬) રાજેશભાઈ કારાજી ઉર્ફે પ્રતાપજી ઠાકોરનાઓએ તેમની વગર વહેચાયેલ હિસ્સાની ૧૫૫૨૧ ચો.મી. ક્ષેત્રફળની ખેતીની જમીન તેમની કુલ, સંપુર્ણ, સંયુક્ત માલીકી, તથા કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવીને, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકોના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીકો સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઈઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઈપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીકો સિવાય બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજો કે અલોખો, ગણોત હક્ક કે ઈઝમેન્ટનો હક્ક વિગેરે કાંઈપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ. તા.૦૭-૧૧-૨૦૨૬

નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઈટ્સ પાસે, કઠવાડા જીઆઈડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
મો. ૯૮૭૯૦૪૧૧૨૮

જાહેર નોટિસ

ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, તાલુકો : દહેગામના મોજે ગામ : બારડોલીકાંઠીની સીમના બ્લોક/સર્વે નંબરઃ ૫૩ (રી સરવે પહેલાનો બ્લોક/ સર્વે નંબર : ૧૫૨) ની હે.આરે.ચો.મી. ૦-૯૭-૦૭ પૈકી ૨૪૦૦ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન તથા તેમાં આવવા જવાના ચાલ - નિકાલના હક્કો સહિતની જમીન ધર્મેન્દ્રભાઈ રામસીંગભાઈ ઠાકોરની માલીકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો આવેલ હોય તો દિન - ૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી. એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

ભક્તિ એસોસીએટ્સ,
હા દક બી. સુવાગીયા, એડવોકેટ
મોબાઈલઃ૯૭૧૪૦૪૦૦૩૬
ઓફિસઃ ૨૦૪, સંકલ્પ આઈકોન, પરીખ હોસ્પીટલની સામે, નિકોલ પોલીસ સ્ટેશનની પાસે, નિકોલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૫૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી) તાલુકા સાબરમતી, મોજે પાલડીની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબરઃ ૨૨ ના ફાયનલ પ્લોટ નંબરઃ ૧૪૫, ૧૪૭ અને ૧૫૨ ની બિનખેતીની જમીનમાં આવેલ પાલડી મધુવન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ જે ''એવન ફ્લેટ'' ના નામથી ઓળખાતી યોજનાના ફ્લેટ નંબરઃ સી/૪ ની આશરે ૭૧.૦૭ સમચોરસમીટરની બાંધકામવાળી મિલકત તથા સોસાયટીના શેર સર્ટીફીકેટ નંબરઃ ૧૦, તારીખઃ ૨૩-૦૯-૧૯૯૨ માં હાલ ભરતકુમાર કંચનલાલ શેઠના નામે સભ્ય શેર હોલ્ડર તરીકે ચાલે છે. મજકુર ફ્લેટવાળી મિલકત તેઓના સ્વતંત્ર માલીકીપણા કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવીને તેમજ તેઓએ મજકુર મિલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો ગીરો, બોજો, હક્ક, હિસ્સો, લાગભાગ વગરની હોવાનું જણાવીને મજકુર મિલકત પરત્વેના ટાઈટલ ચોખ્ખા, બોજા રહિત અને માર્કેટેબલ હોવા બાબતના અભિપ્રાયની માંગણી અમો પાસે કરેલ છે. મજકુર મિલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, બોજો કે લાગભાગ હોય તો તેઓએ તેવા હક્ક, હિસ્સા, બોજા કે લાગભાગની લેખિત જાણ ખરી નકલો વાળા દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન દસમાં અમોને નીચે જણાવેલ સરનામે કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો મજકુર મિલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, બોજો કે લાગભાગ નથી તેમ સમજી મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર ધ્યાને લીધા સિવાય મજકુર જમીન/મિલકત પરત્વેના હયાત પરિસ્થિતિ મુજબના વેચાણ અર્થે ટાઈટલ ચોખ્ખા માર્કેટેબલ અને બોજા રહિત છે તેવો અભિપ્રાય આપવામાં આવશે.

તારીખઃ ૯-૧૧-૨૦૨૬

હેત કિરણભાઈ ખત્રી
મીત નિલીપભાઈ પવાર એડવોકેટ્સ
૩/એ, સુરસંગમ સોસાયટી, પી. ટી. કોલેજ સામે, પાલડી, અમદાવાદ.
મો.નંબરઃ ૭૮૭૪૮૪૫૮૪૭
મો.નંબરઃ ૭૯૮૪૮૩૮૫૨૨

જાહેર નોટિસ

આથી અમો એડવોકેટ નિખીલકુમાર જી. પ્રજાપતિ જાહેર જનતાને તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે :- જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ - ડીસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ)ના, દસ્ક્રોઈ તાલુકાના, મોજે કુબડથલની સીમના નવા સર્વે/બ્લોક નં.૬૪૨ (જુના સર્વે/બ્લોક નં.૬૯૫/બ) ની કુલ ૧૪૮૬૧ ચો.મી. પૈકી ૯૯૮૭.૬૦ ચો.મી. ખેતીની જમીન (૧) રઈબેન શનાજી બારૈયા, (૨) ધુળાજી શનાજી બારૈયા, (૩) કાનાજી શનાજી બારૈયા, (૪) રામાજી શનાજી બારૈયા, (૫) જીતુસિંહ અભેસિંહ રાઠોડ, (૬) રાજેશભાઈ અભેસિંહ રાઠોડ, (૭) અજય ભરતભાઈ ઠાકોર, (૮) સંગીતાબેન અભેસિંહ રાઠોડ, (૯) વિજયભાઈ ભરતભાઈ ઠાકોર તથા (૧૦) જયકુમાર ભરતભાઈ ઠાકોરનાઓએ તેમની કુલ, સંપુર્ણ, સંયુક્ત માલીકી, તથા કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવીને, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અને તે હેતુ માટે અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ઉપરોક્ત માલીકોના તમામ રાઈટ્સ, ટાઈટલ્સ, ચોખ્ખે ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા મુક્ત હોવા બદલના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટના અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલી છે. તો મજકુર જમીનમાં, અગર તે અંગે, તેના ઉપર જણાવેલા માલીકો સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, બોજા, અલોખો, ગણોતહક્ક, ઈઝમેન્ટનો હક્ક કે અન્ય કાંઈપણ રહેલું હોય તો અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણીત નકલ સહિત, રજી.એ.ડી. થી નીચેના સરનામે લેખીત જાણ કરી તેની ખાત્રી આપવી. (દસ્તાવેજી પુરાવાની પ્રમાણીત નકલ વગર આવેલ વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.) જો તેમ કરવામાં નહીં આવે તો, મજકુર જમીનમાં તેના ઉપર જણાવેલા માલીકો સિવાય બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિતસંબંધ, હિસ્સો, બોજો કે અલોખો, ગણોત હક્ક કે ઈઝમેન્ટનો હક્ક વિગેરે કાંઈપણ નથી અને હોય તો તે તમામ જતા કરેલા છે, તેમ સમજી મજકુર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનું યોગ્ય સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેને આધારે અમારા અસીલ ઉપરોક્ત માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણના વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી જાણશો.

અમદાવાદ. તા.૦૭-૧૧-૨૦૨૬

નિખીલકુમાર જી. પ્રજાપતિ
(એડવોકેટ એન્ડ નોટરી)
પ્રજાપતિ એસોસીએટ્સ
૩૧૦ અને ૩૧૧, ગેલેક્ષી બિઝનેશ પાર્ક, ગેલેક્ષી હાઈટ્સ પાસે, કઠવાડા જીઆઈડીસીની સામે, એસ. પી. રીંગ રોડ, નિકોલ, અમદાવાદ - ૩૮૨૩૫૦.
મો. ૯૮૭૯૦૪૧૧૨૮

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ -૪ (પાલડી) (વાસણા-દક્ષિણ) ના સીટી તાલુકાના મોજે વાસણા-દક્ષિણ ની સીમમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૨૨ ના ફાઈનલ પ્લોટ નં. ૧૭૦- ૧૭૧ ની જમીન ઉપર આવેલ ધી ચંદ્રનગર કો.ઓ.હા.સો.લી. કે જે તે વખતના સહકારી કાયદા અન્વયે નોંધાયેલ છે. જેનો રજીસ્ટ્રેશન નં. બી-૫૬૫, તા. ૨૨/૧૧/૧૯૪૮ છે.ધી ચંદ્રનગર કો.ઓ.હા.સો.લી. તરફથી જે તે વખતે સોસાયટીને સબ પ્લોટ નં ૬/બી/૨ સોસાયટીના સભાસદ મધુકાન્તાબહેન નવનીતલાલ મહેતાને ફાળવવામાં આવેલ છે. સોસાયટીએ તેના તમામ સભાસદોને અગાઉ જે શેર સર્ટીફીકેટ આપેલ હતા તે ખુબજ જુના થઇ ગયેલ હોવાથી સભાસદોને જુના શેર સર્ટીફીકેટ સોસાયટીમાં જમા કરાવીને નવા શેર સર્ટીફીકેટ આપેલા તે પૈકી શેર નં.૦૮૧ થી ૦૮૫ થી રૂ. ૫૦/- એક એવા પાંચ શેર મધુકાન્તાબહેન નવનીતલાલ મહેતાને તા. ૦૧/૦૬/ ૧૯૭૯ ના રોજ શેર સર્ટીફીકેટ નં. શેર નં.-૦૧૭ થી આપવામાં આવેલ હતું. મધુકાન્તાબહેન નવનીતલાલ મહેતાને આપવામાં આવેલ તેમનું અસલ શેર સર્ટીફીકેટ નં.- ૦૧૭ ખોવાઈ ગયેલ છે અને હાલમાં મળી આવતું નથી તેમ કહી ધી ચંદ્રનગર કો.ઓ.હા.સો.લી. પાસેથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે, મજકુર ઉપર જણાવેલ મિલકત પરત્વે સભાસદ મધુકાન્તાબહેન નવનીતલાલ મહેતાને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવા બાબત હરકોઈ શખ્સ સંસ્થાને હરકોઈ પ્રકારનો વાંધો, તકરાર, હરક્ત, હેલો દર-દાવો, આલેખો, લાભ ભાગ હકક હિત સબંધ જે કાંઈ હોય તેની આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ માં નીચેના સરનામે ચેરમેન/ માનદ મંત્રી, ઠે. ૧૭/એ, ધી ચંદ્રનગર કો.ઓ.હા.સો.લી. ને લેખિત જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થયેથી તેવો કોઈ વાંધો, તકરાર, હરક્ત, હેલો, દર- દાવો, આલેખો, લાભ ભાગ હકક હિત સબંધ નથી અને હોય તો તે તમામ જતા (waive) કરેલ છે તેમ સમજી ઉપરોકત મધુકાન્તાબહેન નવનીતલાલ મહેતાને ધી ચંદ્રનગર કો.ઓ.હા.સો.લી. તરફથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યાર પછીથી આ અગાઉ જે કોઈ-૨- શેર સર્ટીફીકેટ આપેલ હશે તો તે આપોઆપ રદબાતલ ગણાશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહિ તેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૦૭ / ૧૧ /૨૦૨૬.
ધી ચંદ્રનગર કો.ઓ.હા.સો.લી.
ચેરમેન સેક્રેટરી

મારી મારફતે
ગૌરાંગ એ. વ્યાસ,
એડવોકેટ અને નોટરી,
૨૦૨, પાર્થ એપાર્ટમેન્ટ, ચંદ્રનગર સોસાયટી, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. નં. ૯૯૨૫૪૦૬૧૧૭

ભલે કૃત્રિમ બુદ્ધિ વિશ્વ પર રાજ કરે પણ આખરે જીતશે તો સાચુકલા હૃદયનો ધબકાર

આવો..નવા વર્ષને ઉમંગ અને ઉલ્લાસ સાથે વધાવીએ

વિવિધા
ભવેન કચ્છી

કેલેન્ડરનું એક પાનું બદલાય, તારીખ બદલાય, વર્ષ બદલાય અને આપણે એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવીએ. ઘરના ઉંબરા પર રંગોળી રચાય, મંદિરોમાં દર્શન માટે ભીડ ઉમટે, વેપારીઓ નવા ચોપડાની શરૂઆત કરે અને સગાંસંબંધીઓ વચ્ચે 'સાલ મુબારક'ની આપ-લે થાય. વિક્રમ સંવતના નવા વર્ષનો દિવસ આપણા માટે માત્ર એક નવા વર્ષનો પ્રારંભ નથી, પરંતુ પાછલા વર્ષના અનુભવોમાંથી કંઈક શીખીને આવતીકાલને વધુ સારી બનાવવાની તક પણ છે. જોકે આ વખતે નવા વર્ષના ઉંબરે ઊભા રહીને આજુબાજુ નજર કરીએ તો એક વિચાર જરૂર આવે કે આપણે કઈ દુનિયામાં જીવી રહ્યા છીએ? વિજ્ઞાન અને ટેક્નોલોજીની અભૂતપૂર્વ પ્રગતિ વચ્ચે માનવજાત ક્યાં પહોંચી છે? માણસે આટલી બધી સુવિધાઓ મેળવી હોવા છતાં તે વધુ સુખી થયો છે કે વધુ વ્યસ્ત અને એકલો? કૃત્રિમ બુદ્ધિ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવીના જીવનમાં પ્રવેશી રહી છે ત્યારે માણસની પોતાની બુદ્ધિ, સર્જનાત્મકતા અને સંવેદનાનું શું થશે? અને સૌથી મહત્ત્વનો પ્રશ્ન, આવનારા સમયમાં માણસ માણસ સાથેનો સંબંધ કેટલો સાચવી શકશે?



એક અવસર

નવું વર્ષ એટલે ભવિષ્ય તરફ નજર કરવાનો અવસર. પરંતુ ભવિષ્યની વાત કરતાં પહેલાં વર્તમાનને સમજવો જરૂરી છે. આજની દુનિયા અગાઉની કોઈપણ પેઢીએ કલ્પના પણ ન કરી હોય એટલી ઝડપથી બદલાઈ રહી છે. એક સમયે જે કામ માટે કલાકો કે દિવસો લાગતા તે આજે થોડી મિનિટોમાં થઈ શકે છે. દુનિયાના એક છેડેથી બીજા છેડે બેઠેલી વ્યક્તિ સાથે ક્ષણવારમાં વાત થઈ શકે છે. જ્ઞાન મેળવવા માટે પુસ્તકાલયો કે નિષ્ણાતો પર જ આધાર રાખવો પડતો નથી. મોબાઈલ ફોનમાં જ આખી દુનિયા સમાઈ ગઈ છે. તબીબી વિજ્ઞાન, અવકાશ સંશોધન, સંદેશાવ્યવહાર, પરિવહન, શિક્ષણ અને વ્યવસાય એમ દરેક ક્ષેત્રમાં માનવીએ અદ્ભુત પ્રગતિ કરી છે. ચંદ્ર અને મંગળ સુધી પહોંચવાની ક્ષમતા ધરાવતો માણસ હવે પોતાની આસપાસના માણસ સુધી પહોંચવામાં કેમ મુશ્કેલી અનુભવે છે, એ આજના સમયનો સૌથી રસપ્રદ વિરોધાભાસ છે.

એક જ ઘરમાં રહેતા ચાર સભ્યોના હાથમાં ચાર મોબાઈલ હોય છે, પરંતુ તેમની વચ્ચે વાતચીત માટે સમય નથી. ભોજનના ટેબલ પર પરિવાર ભેગો હોય છે, પરંતુ દરેકની નજર પોતાની સ્ક્રીન પર હોય છે. કોઈના જન્મદિવસે સોશિયલ મીડિયા પર સો શુભેચ્છાઓ મળે છે, પરંતુ કદાચ ખરેખર મળવા આવનાર એકાદ વ્યક્તિ જ હોય છે. આપણે હજારો વર્ચ્યુઅલ મિત્રો બનાવ્યા છે, પરંતુ મુશ્કેલીના સમયે રાત્રે બે વાગ્યે ફોન કરી શકાય તેવા મિત્રો કેટલા છે? ટેક્નોલોજીએ આપણને એકબીજાની નજીક લાવ્યા છે, પરંતુ શું તેણે લાગણીની નિકટતા પણ વધારી છે?

હકારાત્મક દ્રષ્ટિ

આ પરિવર્તનને માત્ર નકારાત્મક કહી શકાય નહીં. વ્યક્તિગત સ્વતંત્રતા, શિક્ષણ અને રોજગારની નવી તકો પણ વધી છે. સ્ત્રીઓ માટે પણ પોતાના સપનાં સાકાર કરવાની શક્યતાઓ વિસ્તરી છે. પરંતુ આ બધાની વચ્ચે પરિવારના સભ્યો વચ્ચે સંવાદ અને પરસ્પર જવાબદારી જળવાઈ રહે તે જરૂરી છે.

માનવસંબંધોમાં એક બીજી સમસ્યા પણ ઊભી થઈ છે. આપણે દરેક સંબંધમાંથી અપેક્ષાઓ રાખીએ છીએ, પરંતુ સામેની વ્યક્તિની મર્યાદાઓ સમજવા તૈયાર નથી. મિત્ર હંમેશાં ઉપલબ્ધ હોવો જોઈએ, સંતાન માતા-પિતાની દરેક ઇચ્છા પૂરી કરે, માતા-પિતા સંતાનની દરેક પસંદગી સ્વીકારે, જીવનસાથી હંમેશાં આપણી અપેક્ષા પ્રમાણે વર્તે અને સહકર્મચારી દરેક વખતે સહકાર આપે એવી અપેક્ષાઓ રહે છે. સંબંધોમાં પ્રેમ કરતાં હિસાબ અને લાગણી કરતાં અપેક્ષાઓનું પ્રમાણ વધી જાય ત્યારે નાની બાબતો પણ અણબનાવનું કારણ બને છે. સંબંધો કોઈ મોબાઈલ એપ્લિકેશન નથી કે પસંદ ન પડે તો અનઈન્સ્ટોલ કરી નાખીએ. સંબંધોને જાળવવા સમય, ધીરજ, સમજૂતી અને ક્યારેક માફી માગવાની તૈયારી પણ જોઈએ. નવા વર્ષમાં એકબીજાને ભેટ આપવાની સાથે થોડો વધુ સમય અને સમજણ આપવાનો સંકલ્પ કરીએ તો કદાચ સંબંધોની ગુણવત્તા સુધરી શકે.હકારાત્મક અભિગમની અત્યંત જરૂર છે.

વધતું જતું અંતર

આજના સમાજનું બીજું એક ચિંતાજનક પાસું છે વધતું ધ્રુવીકરણ. રાજકીય વિચારધારા, ધર્મ, જાતિ, ભાષા, પ્રદેશ અને આર્થિક સ્થિતિના આધારે સમાજમાં અંતર વધતું જોવા મળે છે. એક જ ઘટના અંગે બે અલગ અભિપ્રાય હોવા સ્વાભાવિક છે. લોકશાહીમાં અસંમતિનું પણ મહત્ત્વ છે. પરંતુ અસંમતિને દુશ્મનાવટ તરીકે જોવી તે સમાજની બદનસીબી સમાન છે.

સમાજની સાચી તાકાત બધા લોકો એકસરખું વિચારે તેમાં નથી, પરંતુ જુદા જુદા વિચારો ધરાવતા લોકો સાથે રહી શકે તેમાં છે. એક સુંદર સમાજ એ છે જ્યાં અસહમતી હોવા છતાં સંવાદના દરવાજા બંધ ન થાય.

વૈશ્વિક પડકાર

દુનિયાની વર્તમાન પરિસ્થિતિ પણ ઓછી પડકારજનક નથી. ઇકોનોમિક ફોરમના ૨૦૨૬ના ગ્લોબલ રિસ્ક્સ રિપોર્ટમાં ભૌગોલિક-આર્થિક સંઘર્ષ, આંતરરાષ્ટ્રીય યુદ્ધો, સામાજિક ધ્રુવીકરણ અને ખોટી માહિતીના ફેલાવાને નજીકના ભવિષ્યના મોટા જોખમો ગણાવવામાં આવ્યા છે. આ જ અહેવાલમાં કૃત્રિમ બુદ્ધિના સંભવિત નકારાત્મક પરિણામોને આગામી દાયકાના મહત્ત્વના જોખમોમાં સ્થાન આપવામાં આવ્યું છે. એટલે કે દુનિયા પાસે પ્રગતિની તકો છે, પરંતુ તેની સાથે જવાબદારી અને સાવચેતીની જરૂરિયાત પણ વધી રહી છે.ટેક્નોલોજી આપણને અનેક બાબતોમાં મદદ કરી શકે છે, પરંતુ માણસાઈની જવાબદારી માણસે જ નિભાવવાની છે

આ પડકારોમાં પર્યાવરણનો પ્રશ્ન સૌથી મહત્ત્વનો છે. ઋતુચક્રમાં થતા ફેરફારો, અસામાન્ય ગરમી, અનિયમિત વરસાદ, પૂર, દુષ્કાળ, જંગલોમાં લાગતી આગ અને પાણીની અછત હવે માત્ર ભવિષ્યની ચેતવણીઓ નથી. અનેક વિસ્તારોમાં લોકો તેનો અનુભવ કરી રહ્યા છે. આવનારી પેઢી માટે માત્ર મિલકત અને સંપત્તિ જ નહીં, પરંતુ સ્વચ્છ હવા, પીવાનું પાણી અને રહેવા યોગ્ય ધરતી પણ છોડવાની છે. નવા વર્ષના નિમિત્તે એક વૃક્ષ વાવવું, પાણીનો બગાડ અટકાવવો, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો અને સામાજિક સંસ્થાની મુલાકાત લેવી તે લક્ષ્ય રાખવા જેવું છે.

ટેક્નોલોજી આપણને અનેક બાબતોમાં મદદ કરી શકે છે, પરંતુ માણસાઈની જવાબદારી માણસે જ નિભાવવાની છે.

આર્થિક અને સામાજિક અસમાનતાનો પ્રશ્ન પણ ભૂલવા જેવો નથી. એક તરફ ટેક્નોલોજી અને સંપત્તિનો લાભ મેળવનાર લોકો ઝડપથી આગળ વધી રહ્યા છે તો બીજી તરફ હજુ વીજળી માંડ મળતી હોય તેવું ભારત છે. જો એ. આઈ. અને નવી ટેક્નોલોજીનો લાભ માત્ર સક્ષમ વર્ગ સુધી જ સીમિત રહેશે તો સમાજમાં અંતર વધવાની શક્યતા છે.

સામાજિક પડકાર

આપણા પોતાના સમાજમાં પણ કેટલાક પ્રશ્નો પર નવેસરથી વિચારવાની જરૂર છે. વૃદ્ધોની સંભાળ, યુવાનોની રોજગારની ચિંતા, બાળકો પર વધતું શૈક્ષણિક દબાણ, મહિલાઓની સુરક્ષા, ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરો તરફ થતું સ્થળાંતર અને શહેરોમાં વધતી ભીડ જેવા પ્રશ્નો સતત સામે આવે છે. દરેક સમસ્યાનો ઉકેલ સરકાર કે કોઈ એક સંસ્થા પાસે જ હોય એવું નથી. સમાજના દરેક નાગરિકની ભૂમિકા છે. ટ્રાફિકના નિયમોનું પાલન કરવું, જાહેર જગ્યાઓ સ્વચ્છ રાખવી, પાણી અને વીજળીનો બગાડ અટકાવવો, વૃદ્ધોને માન આપવું, સ્ત્રીઓ અને બાળકો પ્રત્યે સંવેદનશીલ રહેવું અને જરૂરિયાતમંદને મદદ કરવી એ નાગરિક તરીકેની નાની પણ મહત્ત્વની જવાબદારીઓ છે. સમાજ માત્ર કાયદા અને વ્યવસ્થાથી નથી ચાલતો; પરસ્પર વિશ્વાસ અને જવાબદારીથી પણ ચાલે છે.

મોબાઇલ એપ્લિકેશન પસંદ ન પડે તો પળવારમાં અનઇન્સ્ટોલ કરી નાખીએ. સબંધો જોડે તેવું કરતા પહેલા વિચારજો

સુંદર સમાજ એ છે જ્યાં અસહમતી હોવા છતાં સંવાદના દરવાજા બંધ ન થાય.

આત્મચિંતનની જરૂર

નવા વર્ષની ઉજવણીમાં વેપાર, ખરીદી, ભેટસોગાદો અને સામાજિક મેળાવડાનું મહત્ત્વ છે જ, પરંતુ આ દિવસને આત્મચિંતનનો અવસર પણ બનાવી શકાય. પાછલા વર્ષમાં આપણે શું મેળવ્યું તેની સાથે શું ગુમાવ્યું તે પણ વિચારીએ. કેટલા નવા સંબંધો બનાવ્યા અને કેટલા જૂના સંબંધો જાળવી શક્યા? કેટલું નવું શીખ્યા અને કેટલા પૂર્વગ્રહો છોડ્યા? કેટલો સમય બીજાની ટીકા કરવામાં વીતાવ્યો અને કેટલો સમય કોઈની મદદ કરવામાં આપ્યો? કેટલું ધન એકઠું કર્યું તેની સાથે કેટલો સંતોષ મેળવ્યો? આવા પ્રશ્નો કદાચ આપણને નવા વર્ષ માટે વધુ અર્થપૂર્ણ દિશા આપી શકે.

માનવીનું જીવન માત્ર સફળતા, સંપત્તિ અને સુવિધાઓનું સરવૈયું નથી. તેમાં પ્રેમ, વિશ્વાસ, સહકાર, સ્વમાન અને સંતોષનો પણ સમાવેશ થાય છે. એક બાળકના ચહેરા પરનું હાસ્ય, વૃદ્ધ માતા-પિતાના ચહેરા પરનો સંતોષ, મુશ્કેલીના સમયે મિત્રનો સાથ, અજાણ્યા માણસની મદદ બદલ મળેલો આભાર અને પરિવાર સાથે વિતાવેલી નિરાંતની સાંજ - આ બધું પણ જીવનની કમાણી છે. આ કમાણીનો હિસાબ કોઈ બેંક ખાતામાં નથી દેખાતો, પરંતુ જીવનના અંતે કદાચ એ જ સૌથી મૂલ્યવાન સાબિત થાય છે.

શુભ લાભનો ચોપડો

વિક્રમ સંવતના નવા વર્ષની પરંપરામાં 'શુભ' અને 'લાભ'નો વિચાર ખૂબ સુંદર છે. વેપારીઓ નવા ચોપડામાં શુભ અને લાભ લખીને વ્યવસાયની શરૂઆત કરે છે. પરંતુ આ બે શબ્દોને જીવનના દરેક ક્ષેત્રમાં લાગુ કરી શકાય. લાભ મેળવવો જરૂરી છે, પરંતુ તે શુભ માર્ગે મેળવવો જોઈએ. સફળતા મેળવવી જરૂરી છે, પરંતુ બીજાને નીચે પછાડીને નહીં. ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જરૂરી છે, પરંતુ માનવતાને ભૂલીને નહીં. પોતાના પરિવારનું સુખ જોવું જરૂરી છે, પરંતુ સમાજની જવાબદારીથી મોં ફેરવીને નહીં. વ્યક્તિગત પ્રગતિ અને સામૂહિક કલ્યાણ વચ્ચે સંતુલન જાળવવું એ જ નવા યુગનું સાચું 'શુભ-લાભ' છે.

જ્ઞાન પોસ્ટ

આપણાં ઘરો વધુ મોટાં થાય કે ન થાય, પરંતુ તેમાં પ્રેમ વધે; આપણી આવક વધે કે ન વધે, પરંતુ સંતોષ વધે; આપણી પાસે વધુ સાધનો આવે કે ન આવે, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ કરવાની સમજણ વધે; આપણાં સંપર્કો વધે કે ન વધે, પરંતુ સાચા સંબંધો મજબૂત બને. દુનિયા વધુ આધુનિક બને, પરંતુ માણસનું હૃદય વધુ સંવેદનશીલ બને. ■

આમ દોસ્તીના નિયમ ક્યાં કોઈને સમજાય છે

હોય હૈયે લાગણી તો સૌ નિયમ સમજાય છે

(યહી હૈ જિંદગીના સહુ વાચકમિત્રોને નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ... નવા વર્ષની પહેલી વાર્તામાં દોસ્તીનું ગણિત અને એના નિયમોની સમજદારી...)

જગદીશ દુકાનેથી ઘેર આવે ત્યારે જ સરોજ ગરમ રસોઈ બનાવે અને એ પછી બંને સાથે બેસીને જમે.

પરણાવેલી દીકરી સાસરે સુખી હતી અને દીકરાને જર્મની અભ્યાસ માટે મોકલ્યો હતો. જમ્યા પછી જગદીશે ટીવી ચાલુ કર્યું ત્યારે સરોજ એની પાસે આવીને બેઠી.

'આજે બપોરે નાની વઢવાણથી આવી હતી. એકાદ કલાક રોકાઈને ચારની બસમાં એ પાછી ગઈ. મારી સાથે વાત કરતી વખતે એ સતત રડતી હતી...'

સરોજની વાત સાંભળીને જગદીશ ચમક્યો. ટીવીનો અવાજ બંધ કરીને એણે સરોજ સામે જોયું. 'શું વાત કરે છે ? એને કોઈ પ્રોબ્લેમ છે ?'

યહી હે જિંદગી
મહેશ યાજ્ઞિક

'એ બાપડી પરણી ત્યારથી પ્રોબ્લેમ સાથે જ પનારા પડ્યા છે. બાંધી મુઠ્ઠી રાખીને એ ઘરસંસાર ચલાવી રહેલી, પણ આજે હારી ગઈ. એનો વર દાઘારંગો છે. ધંધામાં કંઈક લોચો થયો છે. જો દસ દિવસમાં આઠ લાખ રૂપિયાની જોગવાઈ ના થાય તો દુકાન પર જપ્તી આવે અને જેલમાં જવું પડે એવી દશા છે. ખભે માથું મૂકીને નાનીબેન રડે ત્યારે મોટીબેન તરીકે મારી ફરજ શું ?'

'આઠ લાખ રૂપિયા ?' જગદીશના અવાજમાં હતાશા ભળી. 'એકાદ લાખની જરૂર હોય તો કાલે પહોંચાડી દઉં, પણ આઠ લાખમાં તકલીફ પડે. ગયા મહિને પિન્ટુને જર્મની મોકલ્યો ત્યારે ચોવીસ લાખ માટેય સેટિંગ કરવુંપડેલું.'

'કોઈ પારકા માટે નહીં, મારી સગી બેન માટે સેટિંગ કરવું પડશે, એ પણ ત્રણ મહિના માટે જ. એ બાપડીએ મરવાની વાત કરી એટલે મેં કહ્યું કે ચિંતા ના કરતી. તારા જોરદાર જીજાજી જીવતા છે ત્યાં સુધી કોઈએ મરવાની જરૂર નથી. પાંચ-છ દિવસમાં વ્યવસ્થા થઈ જશે.'

'તેં વચન આપી દીધું એટલે મારે દોડાદોડી કરવી પડશે.' પત્નીને ધરપત આપીને જગદીશ વિચારમાં ડૂબી ગયો. જિતુભા પાસે ધક્કો ખાવો પડશે. એમણે પહેલી જાન્યુઆરીએ આઠ લાખ આપવાનું વચન આપેલું છે. અત્યારે જો એ જોગવાઈ કરી આપે તો અતિ ઉત્તમ. છ મહિના અગાઉ એમની દીકરીના લગ્ન વખતે એમણે અઠ્ઠાવીસ લાખના દાગીના લીધા હતા. એમાંથી વીસ લાખ રોકડા આપીને આઠ લાખ રૂપિયા પહેલી જાન્યુઆરીએ આપવાનું કહેલું. એમનું ગામ બાર કિલોમીટર દૂર હતું. લગ્નના મહિના અગાઉ અહીંની બેન્કમાંથી ચાલીસ લાખ રોકડા ઉપાડીને એ બાઈક લઈને ગામડે જતા હતા ત્યારે અકસ્માત થયેલો એમાં એ બેહોશ થઈ ગયેલા અને કોઈ મોરલો કળા કરી ગયેલો. એને લીધે જ જગદીશના આઠ લાખ એમણે બાકી રાખવા પડ્યા હતા.

જિતુભાનું ગામ હાઈવેથી અર્ધો કિલોમીટર અંદર હતું. જગદીશ બીજા દિવસે બપોરે બાઈક લઈને હાઈવે પર પહોંચી ગયો. ગામડે જવાનો રસ્તો ફંટાતો હતો ત્યાં એક પ્રાચીન શિવાલય હતું. ત્યાંના બાંકડા પર બેસીને જગદીશે ફોન કર્યો. 'બાપુ, જગો બોલું. ક્યાં છો તમે ?'

'અલ્યા, ઘેર જ બેઠો છું. શું કામ હતું ?'

'એક કીક મારીને પાંચ મિનિટ માટે આવી જાવ. તો સારું.' જગદીશે સમજાવ્યું. 'તમારા ગામના ચોરે બેઠેલા બધા નવરાઓ મને ઓળખે છે. હું ત્યાં આવું તો એમા તમારું ને મારું બેયનું ખરાબ દેખાય. દાદાના દર્શન કરીને બાંકડે બેઠો છું. તમે આવી જાવ.'

'સારું. તું ટોકરો વગાડ ત્યાં સુધીમાં આવું છું.'

દસ મિનિટ પછી જિતુભાએ આવીને પૂછ્યું. 'બોલો, મા'જન શું ઉપાધિ આવી છે ?'

'આમ તો નહોતો આવવાનો બાપુ, પણ સાતેક દિવસમાં સાળીને આઠ લાખ આપવા પડે એવું છે. ઘરમાં ધડાધડી ના થાય એટલે તમારા આશરે આવ્યો છું. તમે જાન્યુઆરીની પહેલી તારીખ કહી છે, પણ અત્યારે કરી આપો તો મહેરબાની.'


'જગા મા'જન, પહેલી જાન્યુઆરીની મારી ગેરંટી સો ટકા, પણ હજુ બે મહિના બાકી છે. અત્યારે રૂપિયા લાવવા ક્યાંથી ? જીરૂ અને કપાસના થઈને મારે પંદર લાખ લેવાના છે, પણ એ બધાએ ડિસેમ્બર એન્ડનું જ વચન આપેલું છે.' જગદીશ સામે જોઈને એમણે સમજાવ્યું. દીકરીબાના લગ્ન વખતે તેં મારી આબરૂ જાળવેલી એ હું ભૂલ્યો નથી. ત્રણેય વેપારીઓને આજે ફોન કરીશ. માતાજીની મહેરબાની થશે તો મેળ પડશે, બાકી હું લાચાર છું.'

બાપુએ ચાની કીટલીવાળાને ઇશારો કરીને ચા મંગાવી. 'બાપુ, ઝેર પીવાની દશા છે ને તમે ચા નો આગ્રહ કરો છો ?'

'અરે ગાંડા, એમ હિંમત નહીં હારવાની. મને ને તને થોડીવાર ટટળાવીને ઉપરવાળો રાજી થતો હશે પણ પછી રાજી થઈને હુકમનો એક્કો હાથમાં આપી દેશે. જગા, એકવાર તેં કહ્યું એટલે બધું મગજમાં છપાઈ ગયું. ઓશિયાળો થઈને તું માંગે ત્યારે મને શરમ લાગે છે. ત્રણેય વેપારીને ફોન કરીશ એટલે લગભગ તો કામ પતી જશે. બાકી તારું નસીબ. સાળીનું કામ ના થાય તો ઘરમાં સમરાંગણ થાય પણ એનો ઉપાય તો કોઈની પાસે નથી. અમારેય ક્યારેક ઉપાધિ વેઠવી પડે છે. છતાં હું પૂરેપૂરી ટ્રાય કરીશ.'

નિરાશ જગદીશ પાછો આવ્યો. હવે શું કરવું ? આમ તો ઉપાય આંખ સામે દેખાતો હતો પણ મન માનતું નહોતું.

એની દુકાનની બરાબર સામે વિનોદ ઠક્કરની દુકાન હતી. જગદીશના બાપા અને વિનોદના બાપા પણ પાક્કા ભાઈબંધ હતા, અને એ દોસ્તીનો વારસો આ બંને



મિત્રોએ પણ જાળવ્યો હતો. એક જ દિવસે જગદીશ અને વિનોદને ધામધૂમથી નિશાળે બેસાડ્યા હતા. મેટ્રિકમાં બંને નાપાસ થયા પછી બહુ ભણ્યા એમ માનીને બંનેએ પોતપોતાના બાપાની દુકાને બેસવાનું ચાલુ કરી દીધું હતું. રોજ સવાર-સાંજ સાથે ચા પીતા હતા. એ છતાં, આટલા વર્ષોમાં ક્યારેય નાણાંકીય વ્યવહારનો પ્રસંગ ઊભો થયો નહોતો. એને લીધે જગદીશ જબરજસ્ત દ્વિધામાં હતો. વિનોદને વાત કરવી કે નહીં એ અવઢવમાં એ આખી રાત ઊંઘ્યો નહીં. જિતુભા બોલે એ શબ્દો શિલાલેખ સમાન. એ વેપારીઓને ફોન કરશે અને સગવડ થશે તો આપી જશે નહીં તો પહેલી જાન્યુઆરી તો પાકી પણ ત્યાં સુધીના સમય માટે કંઈક તો કરવું જ પડશે. આકરા મનોમંથન પછી એણે વિનોદની મદદ લેવાનું નક્કી કરી લીધું.

સવારે વિનોદની દુકાને કોઈ ગ્રાહક નહોતો એ સમયે એ ત્યાં પહોંચી ગયો. મનમાં હજુ ય દ્વિધા હતી એટલે વિચાર બદલાઈ જાય એ અગાઉ એણે કથા શરૂ કરી. 'વિનિયા, મારી વાત સાંભળ. ચડ્ડી પહેરીને ધૂળમાં રમતા હતા, ત્યારથી આપણી ભાઈબંધી છે. એકબીજાના ઘેર સીધા જમવા બેસી જવાય એવી દોસ્તી છે. એ છતાં, છેંતાળિશ વર્ષના આ સંબંધમાં ક્યારેય એકબીજા સાથે આર્થિક વ્યવહાર નથી થયો. તકલીફ હોય તો પણ મેં તારી પાસે હાથ લબાવ્યો, અને મારી પાસે ઉછીના માગવાની તારે ક્યારેય જરૂર નથી પડી. એ કારણથી જ વ્યવહાર ટકી રહ્યો છે.

આટલાં વર્ષમાં પહેલી વખત એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. પગ ઊપડતો નહોતો, છતાંય છેલ્લા ઉપાય તરીકે તારી પાસે આવ્યો છું. પહેલી જાન્યુઆરી સુધી આઠ લાખની જરૂર છે. તારે વ્યવસ્થા કરી આપવી પડશે. ચાર-પાંચ દિવસમાં જ જોગવાઈ કરીશને ?'

સાળીનો પ્રોબ્લેમ અને જિતુભા સાથે થયેલ વાત સમજાવીને એણે ઉમેર્યું. 'સોના-ચાંદીના ભાવમાં હોળી સળગી અને જી.એસ.ટી.નો માર પડ્યો. વિનિયા, જો જિતુભાથી સગવડ નહીં થાય તો તારે તકલીફ લેવી પડશે. તારે મને ઉગારવો પડશે.'

'જગા, મારી દુકાન પાકિસ્તાનમાં નથી. તારી દશા જેવી જ મારી હાલત છે. જી.એસ.ટી.ની ઝપટમાં મારીયે સૂઝી ગઈ છે.' સહેજ વિચારીને એણે જગદીશ સામે જોયું. 'તેં પહેલીવાર માગ્યા, પણ મુશ્કેલી તો મારેય છે. એ છતાં ચાર દિવસનો ટાઈમ આપ ખાતરી નથી આપતો, પણ ટ્રાય કરીશ.'

એનો આવો જવાબ સાંભળ્યા પછી જગદીશ ભાંગેલા પગે પોતાની દુકાને આવ્યો. હતાશા અને બેચેનીમાં બીજો દિવસ પણ પસાર થયો.

ત્રીજા દિવસે ધમધમાટ કરતી બુલેટ એની દુકાન પાસે આવી ઊભી રહી. જિતુભા અંદર આવ્યા. 'જટા, ફટાફટ ચા મંગાવ. ઘેર મેમાન છે એટલે જલ્દી ભાગવાનું છે...' જગદીશની જોડેની ખુરશી પર બેસીને પોતાની થેલીમાંથી પાંચસો રૂપિયાની કડકડતી નોટોના સોળ બંડલ કાઢીને જગદીશના હાથમાં પકડાવ્યાં. 'ખોટું નહીં બોલું, જગા ! મારો મોભો ભૂલીને ત્રણેય વેપારીઓને રીતસર કરગર્યો ને તારું નસીબ જોર કરતું હશે એટલે એક વેપારીનો ફોન આવ્યો કે ઉઘડતી બેન્કે તમારા ખાતામાં આઠ લાખ આવી જશે. મેમાનને ઘેર બેસાડીને અગિયાર વાગ્યે અહીં આવી ગયો.

ત્રણેય વેપારીને ફોન કરીશ એટલે લગભગ તો કામ પતી જશે. બાકી તારું નસીબ. સાળીનું કામ ના થાય તો ઘરમાં સમરાંગણ થાય પણ એનો ઉપાય તો કોઈની પાસે નથી

બેન્કવાળાએ આપ્યા કે તરત સીધો તારી પાસે આવ્યો.'

નોકર ચા લઈને આવ્યો. પોતાની સામે જાણે કોઈ દેવદૂત બેઠો હોય એમ જગદીશ આભારવશ નજરે જિતુભા સામે તાકી રહ્યો હતો. 'બાપુ, કઈ રીતે તમારો આભાર માનું એ શબ્દો સૂઝતાં નથી.' એ ગળગળા અવાજે બબડ્યો.

'સોનામાં ઉધારી ના હોય એ છતાં તેં આઠ લાખ બાકી રાખીને દીકરીબાના દાગીના આપેલા ત્યારે મને ય શબ્દોના ફાંફા હતા...' જિતુભાના અવાજમાં લાગણીની ભીનાશ હતી. 'આજે એ હિસાબ સરભર થઈ ગયો.' ફટાફટ ચા પીને એમણે બુલેટ સ્ટાર્ટ કરી.

એ રાત્રે વિનોદ ઠક્કર જિતુભાની ડેલીમાં બેઠો હતો. 'વિનુ, તારું કામ તો પતાવી આપ્યું પણ તારા ખેલમાં ખબર ના પડી.' જિતુભાએ નિખાલસતાથી કહ્યું. 'તેં આપેલા આઠ લાખ જગાને આપી આવ્યો પણ તારી આ રમત સમજાઈ નહીં.'

'બાપુ, ભાઈબંધીના અમુક નિયમો હોય છે. એ મનથી સમજવાના હોય, એ કોઈ ચોપડીમાં લખેલા નથી. જગા ઉપર કોઈ અણધારી આફત ત્રાટકે તો એની પડખે ઊભો રહીને એને ઉગારવા માટે પંદર-વીસ લાખ વાપરી કાઢું. ભાઈબંધ તરીકે એ સમયે એ મારી ફરજ કહેવાય. એમાં જરાય પાછી પાની ના કરું...'

સહેજ અટકીને એણે સમજાવ્યું. 'પણ એ ઓશિયાળો બનીને મારી સામે હાથ લંબાવે એ ના ગમે. દોસ્તીમાં એકબીજા માટે લાગણીનું લેવલ જળવાવું જોઈએ. એ આવી રીતે પૈસા માગે અને હું આપું તો ભાઈબંધીમાં કોઈ વાંધો ના આવે પણ એ દિવસથી લેવલમાં લોચો થઈ જાય, સમતલ ના રહે. એ બોલે નહીં તારી આ રમત સમજાઈ નહીં.'

'બાપુ, ભાઈબંધીના અમુક નિયમો હોય છે. એ મનથી સમજવાના હોય, એ કોઈ ચોપડીમાં લખેલા નથી. જગા ઉપર કોઈ અણધારી આફત ત્રાટકે તો એની પડખે ઊભો રહીને એને ઉગારવા માટે પંદર-વીસ લાખ વાપરી કાઢું. ભાઈબંધ તરીકે એ સમયે એ મારી ફરજ કહેવાય. એમાં જરાય પાછી પાની ના કરું...'

સહેજ અટકીને એણે સમજાવ્યું. 'પણ એ ઓશિયાળો બનીને મારી સામે હાથ લંબાવે એ ના ગમે. દોસ્તીમાં એકબીજા માટે લાગણીનું લેવલ જળવાવું જોઈએ. એ આવી રીતે પૈસા માગે અને હું આપું તો ભાઈબંધીમાં કોઈ વાંધો ના આવે પણ એ દિવસથી લેવલમાં લોચો થઈ જાય, સમતલ ના રહે. એ બોલે નહીં પણ એના મન પર અહેસાનનો ભાર રહે. અત્યારે અમે એકબીજાના બરડામાં ધબ્બો મારીને કે ગાળ બોલીને ચા-નાસ્તો મંગાવવા માટે એકબીજાને ઓર્ડર કરી શકીએ છીએ, એ સુખ ઝૂંટવાઈ જાય. હું એનાથી સહેજ ઊંચો છઉં એવું એ માન્યા કરે. ભાઈબંધીનું ગણિત ખોરવાઈ જાય. એ પૈસા માગવા આવ્યો અને તમારી વાત કહી. તમારું નામ પિક્ચરમાં આવ્યું એ જ પળે મને આઈડિયા સૂઝી ગયો. સવારે આવીને તમને પૈસા આપીને પ્લાન સમજાવી દીધો. હું પડદા પાછળ રહ્યો ને તમે એને રાજી કરી દીધો. અમારી દોસ્તીનું લેવલ જાળવી રાખવામા તમે રંગ રાખ્યો, બાપુ !'

જિતુભા સાથે હાથ મિલાવીને વિનોદ ઊભો થયો. 'હવે પહેલી જાન્યુઆરીએ મને રાજી કરવાનું ભૂલતા નહીં.'

(શીર્ષક પંકતિ : લેખક)

ઘાત ગઈ

શહેર આખું દિવાળીની તૈયારીમાં વ્યસ્ત હતું અને ચારે તરફ રોશની જગજગાટ થઈરહી હતી. લોકો તહેવારની ખરીદીમાં મસ્ત હતા.

મિહિર પણ તેની સેક્રેટરીને દિવાળીની ખરીદી માટે લઈ આનંદ કરી ઘરે જતા રસ્તામાં છગનછરીને મળવા ગયો.

વહેતું જીવન
ડૉ. હર્ષદ કામદાર

'જો છગન છરી, આ બૈરીને ટપકાવવાની છે.' મિહિરે કહયું.

'શેઠ, મારો ભાવ બે લાખ રૂપિયા છે. પણ એક વખત સોપારી આપો, એટલે કામ કોઈને ખબર પડ્યા વગર સો ટકા થઇ જશે. મને તેનો ફોટો આપો..' છગને વિશ્વાસથી કહયું.

મિહિરના હાથ સોપારી આપતાં ધ્રુજી રહ્યા હતા. તેણે ખિસ્સામાંથી મીરાના બે ફોટા કાઢીને આપ્યા.

'શું વાંધો છે, શેઠ પોતાની બૈરીને કેમ ટપકાવવા માંગો છો ? સાડી પહેરેલી સંસ્કારી, સુશીલ બૈરીને મારીને શું મળશે ?' છગન છરીને નવાઈ લાગી, જોકે તેણે ધંધાના નિયમ રૂપે આવા પ્રેશ્નો પૂછવા જોઈએ નહીં, પણ તેનાથી રહેવાયું નહીં.

'જવાદે ને, છગન, હમણા પંદર દિવસથી તે બીજાના લફરામાં પડી છે. રોજ સાંજે મને કહ્યા વગર બે કલાક તેના પ્રેમીને મળવા જતી રહે છે, પછી મારી સાથે જમતી પણ નથી, અને આખી રાત બાજુના રૂમમાં મોબાઈલમાં તેના પ્રેમીને ચેટ કરતી રહે છે.' મિહિર ગુસ્સામાં બોલ્યો.

'હોય નહીં, ચહેરા પરથી તો સુશીલ લાગે છે. ખેર કઈ નહીં. શેઠ, અત્યારે એડવાન્સ પચાસ હજાર અને બાકીના પૈસા કામ પુરૂ થયા પછી.' છગને ધંધાદારી વાત કરી.

'ભલે, લે આ એડવાન્સ, જો તારે રવિવારે બેસતાં વર્ષે અમે ગાડીમાં ધોળકાથી દર્શન કરીને આવતાં હોઈએ, ત્યારે મદદ માટે નિર્જન રસ્તા ઉપર ગાડી રોકાવી તેને ચાકુની અણીએ દુર એકાંતમાં લઈ જઈ કામ પતાવવાનું છે.' મિહિરે કહ્યું.

'વાહ, શેઠ, તમે તો સરસ પ્લાન પણ બનાવી આપ્યો.' છગન ખુશ થતાં બોલ્યો.

મિહિર ગભરાતાં ગભરાતાં ઉભો થઈ પોતાની ગાડીમાં બેઠો. બે વરસના લગ્નજીવનને યાદ કરતાં તે ભૂતકાળમાં ડૂબી ગયો. સાવ ડફોળ, ગામડીયણ બૈરી મારા નસીબમાં મમ્મી પપ્પાએ વળગાડી દીધી. કોઈ રોમાન્સ નહીં, ગ્લેમર નહીં, અને તેને તેની રોમેન્ટિક સેક્રેટરી મમતા યાદ આવી ગઈ. આહ ! કેટલી ગ્લેમરસ ! કેટલી સેક્સી ! રાત્રે ડીનરમાં જઈને હોટલની રૂમમાં કેવી મજા કરાવે ! પણ..તે લગ્ન માટે માનીજ નહીં. પહેલા તમારી ડફોળ બૈરીનો કાંટો કાઢો, પછી જ હું લગ્ન કરીશ ! અંતે મિહિરે મીરાથી છુટા થવાનો આ અંતિમ રસ્તો પસંદ કર્યો. વકીલે કહ્યું કે, છૂટાછેડાના કેસમાં તો દસ, પંદર વરસ નીકળી જશે.

'અરે ! મારે તો હવે મમતા સાથે લગ્ન કરવાના છે.' તેણે મમતા ને મોબાઈલ જોડ્યો.

'મને અત્યારે રાત્રે કેમ ડીસ્ટર્બ કરે છે, રાત્રે ડીનરમાં કે હોટેલમાં આનંદ કરવા તો જવાનું નથી. તારે ઘેરથી કોઈને બોલાવી લે ને.' મમતા ગુસ્સે થઈ ગઈ.



ત્યાં તેના સદાચારી મને તમાચો માર્યો, મિહિર, આ તું શું કરવા જઈ રહ્યો છે ? એક વખત મન કુશંકા પર ચડી જાય પછી તેના ગલત વિચારો જ આવે છે.

ડ્રાઈવિંગ કરતાં તેના હાથ ધ્રુજવા લાગ્યા. શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. દિવાળીની અમાસના અંધકારમાં અચાનક સામેથી ટ્રક આવતા તેણે જોરથી સ્ટીયરીંગ ગુમાવ્યું. ધડામ... ધડાકા સાથે તેની કાર સામેના ઝાડ સાથે અથડાઈ. તેના હાથ જોરથી સ્ટીયરીંગ સાથે અથડાયો, અને કડાક કરીને તેને હાથનું ફ્રેકચર થઈ ગયું.

પાંચ મિનિટ તો તેને કઈ સુઝ્યું નહીં. પછી થોડું હોશ આવતા તેણે મીરાને મોબાઈલ જોડી હકીકત જણાવી. 'મને જલ્દી લોકેશન મોકલો, હું તરત ત્યાં આવું છું.' કહેતા મીરા રડી પડી.

મિહિર દુ:ખથી બુમો પાડી રહ્યો હતો. વીસ મિનિટમાં મીરા, મિહિરની બહેન આશા સાથે ઘટના સ્થળે પહોંચી ગયા. બન્ને રડમસ ચહેરે, તત્કાલ તેને હોસ્પિટલ પહોંચાડી સારવાર ચાલુ કરાવી.

આખી રાત બન્ને તેના સ્પેશીયલ રૂમમાં જાગતા બેસી રહયા. સવારે મિહિરે આંખ ખોલતા આશાએ ખુશ થતાં કહ્યું 'ચાલો, ઘાત ગઈ.'

'કેમ આવું બોલે છે ?' મિહિરને નવાઈ લાગી.

'ભાઈ, તમને ખબર નથી. મીરાભાભીને તમારી બહુ ચિંતા રહેતી હતી. તેથી તેણે ખ્યાતનામ જ્યોતિષ પોપટલાલ જોષીને તમારી જન્મકુંડળી બતાવી હતી. આ આસો મહિનામાં તમારા માથે મોટી ઘાત હતી. ભાભીએ રડતાં રડતાં એનો ઉપાય માગ્યો તો કહયું કે તમારે આખો મહિનો વ્રત કરવું પડશે. કોઈને ખબર ન પડવી જોઈએ. તમારે દરરોજ રાત્રે ઉંધા પગે ચાલીને મહાદેવના દર્શન કરીને એકટાણું કરવાનું. ભાભીએ રડતાં રડતાં તમારા માટે વ્રત ચાલુ કરવા સ્વીકાર્યું.'

'ધઉપરાંત આખી રાત જાગરણ કરવાનું. જે ભાભીથી થાય તેમ જ નહોતું એટલે મેં તેમના મોબાઈલમાં જુદીજુદી ગેઈમ નાખી દીધેલી, જે ભાભી તમારી ઊંઘ ના બગડે એટલે બાજુના રૂમમાં બેસી રમ્યાં કરતા. માંડમાંડ આખી રાત જાગી શકતા, પણ તમારી જીંદગી માટે ભાભી આ વ્રત કરતાં હતા.'

શેઠ, અત્યારે એડવાન્સ પચાસ હજાર અને બાકીના પૈસા કામ પુરૂ થયા પછી.' છગને ધંધાદારી વાત કરી

'હે ! ' મિહિર હેબતાઈ ગયો. આતો મારા ભલા અને દીર્ઘાયું માટે વ્રત કરતી હતી, ને મેં ઉંધો અર્થ લઈ લીધો. તેનું પવિત્ર મન તેને કોસવા લાગ્યું. હવે શું ?સોપારી તો અપાઈ ગઈ હતી.

ત્યાં તેની પ્રેમિકા મમતાનો મોબાઈલ આવ્યો, 'સોરી, ડાર્લિંગ, હું આવી શકી નહીં. હવે સારો થાય ત્યારે જાણ કરજે, આપણે બ્લ્યુ હેવનમાં ડીનર માટે જઈશું.'

ઓહ ! આને તો ફક્ત મોજશોખ કરવામાં જ રસ છે. પત્ની તરીકે આવી સ્ત્રી ના ચાલે. મિહિરે મનમાં જ નિર્ણય કરી દીધો, અને છગન છુરીને મોબાઈલ જોડ્યો,' છગન, રહેવા દે, હમણાં સોપારીનો પ્રોગ્રામ કેન્સલ સમજ.'

'કેમ? પણ હું એડવાન્સના પચાસ હજાર પરત નહીં કરું.' છગનને અચાનક મિહિરે નિર્ણય કેમ બદલ્યો, તેની નવાઈ લાગી.

'વાંધો નહીં, પણ મારે તો મારી પત્ની મીરાં સાથે જ રહેવું છે.' કહેતા મિહિર રડમસ થઈ ગયો.

છગનને પણ આ સારા નિર્ણયથી ખુશી થઇ, અને મોબાઈલ જોડી કહ્યું, 'હું તારા પચાસ હજાર પાછા મોકલી દઈશ. મારે એવા પૈસા ના ખપે.'

સાંભળીને મિહિર ભાવ વિભોર બની, વિચારવા લાગ્યો, 'હાશ ! આવી પ્રેમાળ સમજુ અને ઘરરખ્ખું પત્નીને હું ઓળખી શક્યો નહિ અનેમોટી ઘાતમાંથી બચી ગયો.' તેની આંખો ભરાઈ ગઈ.

આ જોઈ મીરા અને આશા પણ મિહિર બચી ગયો અને'મોટી ઘાત ગઈ' વિચારતાં રડી પડ્યાં. બન્નેની ઘાત અલગ હતી પણ બચી ગયાનો આનંદ સૌના ચહેરા પર ચમકી રહયો હતો.

લાસ્ટ સ્ટ્રોક

જીવનના કપરાં સમયે જ તમારા જીવનમાંસાચા સાથીદાર કોણ છે, એ પરખાઈ જાય છે, તેનો દ્રોહ કરતા પહેલા તેને સમજવાનો પ્રયત્ન જરૂર કરશો.

વર્તમાનને પારણે ઝૂલતા નવા વર્ષ તને નમસ્કાર

એક જ દે ચિનગારી
શશિન્

વીતેલા વર્ષને અતીતના ખોળે સૂતેલાં વર્ષોની પંક્તિમાં બેસાડીને આપણે આરંભીએ છીએ આશા, ઉલ્લાસ, અને પ્રસન્નતાનું પાથેય લઈને જીવનની નૂતન યાત્રા.

નવું વર્ષ કે નવું પર્વ માણસને પોતાનું વાસીપણું ત્યજવાનો પેગામ લઈને આપણી સમક્ષ હાજર થાય છે.

જર્જરિત માયન્તાઓ ને રુઢિઓ જૂનવાણી અને સંકુચિત વિચારો, આંતરિક જડતા અને સ્વાર્થની બેડીઓમાં જકડાઈને કુંડાળા ફર્યા કરવાની વૃત્તિ આ બધું માણસના જીવનને બંધિયાર અને મલીન બનાવે છે. માણસ અંધકારને વરદાન માને તો પ્રકાશના કિરણના સ્વાગતની વૃત્તિ એનામાં ક્યાંથી ટકે ? અંદર નવો પ્રકાશ અને પમરાટ પ્રગટાવવાના કોડ વગર જલાવાતાં ઢગલાબંધ કોડિયાં અને કૃત્રિમ પ્રકાશની રોશની એ બાહ્ય ઉપક્રમ સાબિત થવાનાં. કશુંક નવા જન્માવવા માટે માણસમાં સાહસ, મર્દાનગી, સંકલ્પબધ્ધતા, અને એ માટેની દાનત જોઈએ.

સદીઓ વીતી ગઈ, યુગો ય આળસ મરડીને નામશેષ થઈ ગયા, તોય આદમજાતને આદમીની જેમ જીવતાં ન આવડ્યું, એમાં દોષ કોનો ? કાળનો પડકાર આપણે ઝીલી શકીશું ખરા ? ખીલવાના મોકાને અભાવે અકાળે મૂરઝાતાં ફૂલોને આપણે બચાવી શકીશું ખરા ?

નવું વર્ષ માણસને પોતાનું વાસીપણું ત્યજવાનો પેગામ લઇને આપણી સમક્ષ હાજર થાય છે.

નૂતન વર્ષ શક્તિ અને સામર્થ્યનું વર્ષ બને, સ્નેહની શરતહીન લહાણીનું વર્ષ બને, આત્મવિશ્લેષણ અને આત્મ જાગૃતિનું વર્ષ બને, અને જીવનની પ્રત્યેક ક્ષણને નવીનતાના અનુભવથી છલકાતું મલકાતું બનાવે, એથી રૂડી કામના શી હોઈ શકે ? વર્તમાનને પારણે ઝૂલતા વર્ષ તને નમસ્કાર. ભાવિની આંખે ભળતાં વર્ષ તને નમસ્કાર !

નવું વર્ષ એ શબ્દ કાળગ્રસ્ત છે. આજનું નવું વર્ષ આવતા વર્ષે જૂનું થઈ જશે. એટલે તરોતાજા અને નવા માનવી તરીકે આપણે જીવનની સજ્જતા કેળવવાની છે. નૂતન વર્ષે આપણે ઈશ્વરને પ્રાર્થના કરતી વખતે ઘણું બધું માગીએ છીએ આપણી પણ ફરજ છે કે નૂતન વર્ષને આપણા તરફથી કોઈ ભેટ આપીએ.

નવા વર્ષને તમે કઈ કઈ ભેટ આપશો ?

૧. પવિત્રતા, નેકી, સદાચાર અને પ્રેમ તથા સેવા.

૨. કોઈની કૂથળી કે નિંદા કરવી નહીં, તમારું બૂરું કરનારને પણ ક્ષમા આપજો. ૩. તમારી આવકમાંથી અનુકૂળ હિસ્સો ગુપ્તદાન તરીકે આપજો.

૪. ઈશ્વર તમારો પ્રેમાળ પિતા છે તેવું માનજો.

૫. તમારી પત્ની, પરિવાર, મિત્ર અને સમગ્ર વિશ્વને ઈજ્જત, લાગણી અને માનવતાભર્યા વ્યવહારની ભેટ આપજો.

નૂતન વર્ષે કયા કયા સંકલ્પ લેશો ?

૧. હું સત્યનિષ્ઠ રહીશ.

૨. મન-વચન-કર્મથી હું પવિત્ર રહીશ.

૩. હું હંમેસા સકારાત્મક દ્રષ્ટિકોણ રાખીશ.

૪. મારું ચારિત્ર્ય શુધ્ધ રાખીશ.

૫. હું સર્વધર્મો પ્રત્યે સમભાવ રાખીશ.

૬. હું ભ્રષ્ટાચાર કરીશ નહીં.

૬. હું વાતો ઓછી કરીશ અને કામ વધારે કરીશ.

૮. હું ભગવાન સમક્ષ ગરીબડો નહીં પણ સમર્થ પુત્ર તરીકે ઉપસ્થિત રહીશ.

૯. જીવનમાં નિરાશા, હતાશા અને પરાજયને પ્રવેશવા નહીં દઉં.

૧૦. હું ઈર્ષ્યા, અને દ્વેષ ને બદલે પ્રેમ અને સેવાને જીવનમાં સર્વોપરી સ્થાન આપીશ.

૧૧. હું વાસી નહીં, પણ દરરોજ મારામાં એક નવા તાજા માણસને જન્માવીશ.

૧૨. કઠોરતાને બદલે મૃદુતા અને મધુરતાથી બીજાને પ્રસન્ન રાખીશ.

૧૩. માણસાઈ લજવાય, એવું એક પણ કામ નહીં કરું.

૧૪. હું લાભ અને લોભને બદલે શુભ અને ન્યાયને મહત્વ આપીશ.

૧૫. વિકટ સંજોગોમાં પણ જીવન પ્રત્યે નફરતનો ભાવ મારા મનમાં પેદા નહીં થવા દઉં. શ્રધ્ધા, વિશ્વાસ અને સકારાત્મક ભાવ મારું જીવનબળ હશે.

માણસના જીવનમાં અર્થનું સ્થાન બીજા નંબરનું છે. અર્થ એટલે લક્ષ્મી. માણસ સુખસંપત્તિ, સમૃદ્ધિ, આયુષ્ય આરોગ્ય, પુત્ર-પૌત્રાદિક પરિવાર, ધનધાન્ય વિપુલતા વગેરે માટે લક્ષ્મીની ઉપાસના કરે છે. લક્ષ્મી અથવા ધન એ ધર્મ એટલે કે નૈતિકતા, પવિત્રતા, સદાચારનું સાધન બનવી જોઈએ. શુધ્ધતા એટલે લક્ષ્મી અને અશુધ્ધતા એટલે અલક્ષ્મી આજે સર્વત્ર અલક્ષ્મી ધારી એટલે કે ચારિત્ર્યભ્રષ્ટ, નીતિભ્રષ્ટ અને માનવતાભ્રષ્ટ લોકોની બોલબાલા છે.

નૂતન વર્ષમાં શુધ્ધ લક્ષ્મી પ્રાપ્તિની બાબતમાં કઈ પાંચ બાબતો યાદ રાખવી જોઈએ ?

૧. પરસેવાથી રળેલી લક્ષ્મીમાં સુગંધનો આનંદ હોય છે. અશુધ્ધિ રાહે મેળવેલી લક્ષ્મીમાં અશાંતિની દુર્ગંધ. સન્માર્ગે વાપરી શકાય એ શુધ્ધ લક્ષ્મી.

૨. કહેવામાં આવ્યું છે કે માણસ પોતાના માટે વાપરે તે લક્ષ્મી અને બીજા માટે વાપરે તે મહાલક્ષ્મી.

૩. કસોટીની પળે પણ લક્ષ્મીની નિંદા ન કરવી.

૪. ધનનો નહીં ધર્મ અને સત્યનો વિજય મારે શિરે લખાય એવું માનવું એ જ સાચી પ્રાર્થના. એજ વિજયલક્ષ્મી.

૫. લક્ષ્મીને માથે બેસાડશો, તો એ બુધ્ધિ બગાડશે. અને હૃદયમાં બેસાડશો તો તમને ઉગારશે એ વિવેકલક્ષ્મી.

નવા વર્ષને ઉજ્જવળ બનાવવા માટે યાદ રાખવા જેવા છ બોધપાઠો

૧. જીવન પ્રત્યેના સકારાત્મક દ્રષ્ટિકોણ કદી ન છોડશો.

૨. જીવનની પાઠશાળાના વિદ્યાર્થી બની દરેક અનુભવમાંથી કશુંક શીખવાનો પ્રયત્ન કરો.

૩. વિપરિત પરિસ્થિતિમાં જાત, જગત કે જગન્નિયાતની નિંદા કરવાને બદલે પડકારો ઝીલવા જાતને મજબૂત બનાવો.

૪. મન અને હૃદયને વિશાળ બનાવી પ્રેમની ગંગાને અબાધ ગતિએ વહેવાનો મોકો આપો.

૫. સ્વજનો, પરિવારજનો, મિત્રો કે સમાજ સાથે લેણદારનો નહીં, દેણદારનો સંબંધ રાખી સંબંધનું ઋણ અદા કરો.

૬. જીવનમાં શ્રધ્ધા અને આધ્યાત્મિકતા વધારી ત્યાગ અને સમર્પણ દ્વારા જીવનને ઉજ્જવળ બનાવવાના પ્રયત્નો કરો.

નવા વર્ષે કોને કોને થેન્ક યુ કહેવું જોઈએ ?

૧. જીવનનું વરદાન આપનાર પરમાત્માને.

૨. પાલનહાર માતા-પિતા અને ઘરમાં અન્ય વડીલોને.

૩. તમારી સેવા કરનાર નોકર, રસોઈયો, ડ્રાઈવર, માળી તમારા વાળંદ અને ધોબીને.

૪. તમારા સ્વીપર અને રસ્તા પરનો કચરો દૂર કરનાર સફાઈ કામદારને.

૫. તમારા શિક્ષક, પવિત્ર ધર્મગુરુ, પવિત્ર ભૂદેવ, પવિત્ર સંતને, કાગળ, બોલપેન, પુસ્તકો અને પુસ્તક વિક્રેતાઓને.

૬. તમારાં સઘળાં સ્વજનો અને પડોશીઓને.

૭. તમને દૂધ પૂરું પાડનાર દૂધ-વિક્રેતા અને ગાય-ભેંસને.

૮. તમને અખબાર પૂરું પાડનાર ફેરિયાને, અખબાર માલિકોને.

૯. તમને વિવિધ સેવાઓ પૂરી પાડનાર મેયર, સરપંચ અને રાજ્યના રાજ્યપાલશ્રી, તથા રાજ્યના શાસકને.

૧૦. બગીચાના વૃક્ષો અને ફૂલોને.

૧૧. દિવસ ઉજાળનાર સૂરજને અને શીતળ કિરણો રેલાવનાર ચંદ્રને.

૧૨. અણીના સમયે મદદરૂપ થનાર મિત્રોને.

૧૩. પાણી આપનાર નદીઓ, તળાવોને. ૧૪. તમારી આસ્થાનાં કેન્દ્ર દેવસ્થાનો અને પ્રેરક ધર્મગ્રંથને.

૧૫. તમારા દેશ અને રક્ષક સૈનિકોને પોલિસદળને, માનવકલ્યાણલક્ષી શોધો કરનાર વૈજ્ઞાનિકોને તથા દેશ માટે કુરબાન થનાર શહીદોને વંદન.

૧૬. બિમારીમાં તમારી સારવાર કરનાર ડૉક્ટર્સ અને નર્સને.

નૂતન વર્ષ હર્ષ, ઉલ્લાસનું વર્ષ બને.

'આત્મોદ્ધારનો પ્રયત્ન એ હરિનો માર્ગ છે'

પ્રશ્ન : વર્ષોથી સત્સંગ અને ભક્તિ કરવા છતાં માણસ સુધર્યો કેમ નથી ?

પ્રશ્નકર્તા : યશોધર દવે, આવિષ્કાર સોસાયટી, ઘાટલોડીઆ, અમદાવાદ.

માણસ એક એવો વિચિત્ર જીવ છેકે તે નિઃસ્વાર્થભાવે કશું કરતો નથી. સત્સંગ હોય કે ભક્તિ તે કરવા પાછળ મુખ્ય ઉદ્દેશ હોવો જોઈએ અંતઃકરણ અને મનની શુદ્ધિ અને માનસિક શાંતિ. પણ માણસ દરેક કાર્યમાં

ગુફ્તેગો
ડો.ચંદ્રકાન્ત મહેતા

'શુભ'ને બદલે 'લાભ'ને પ્રથમ સ્થાન આપે છે. સત્સંગ એટલે સત્યનિષ્ઠ રીતે જીવતાં સંત-મહાત્માઓ અને સજ્જનોની નિકટ રહેવું. એનો અર્થ એ થયો કે મન, વચન, કર્મથી પવિત્ર માણસના જીવનમાંથી બોધપાઠ લઈ આપણું જીવન પણ ઉન્નત બનાવવું.

સાધુ-સંતોના આશીર્વાદથી ધાર્યું ફળ મળશે, મોક્ષનો દરવાજો ખૂલવાની શક્યતા ઊભી થશે અને પુણ્ય પ્રાપ્તિ થશે, એવી ગણતરીથી સંતો કે મહાત્માઓની નિકટ રહેવાનો અને તેમનો બોધ સાંભળવાનો પ્રયત્ન કરો, તો મનની શુદ્ધિને અભાવે તેવી ભાવના ફળશે નહીં.


સત્સંગ સદાચારી જીવન માટે છે, પણ માણસ જાતજાતની આસક્તિઓમાં રાચે છે. સત્સંગ માટેની ગુરૂની પસંદગીમાં પણ સાવધાની રાખવી પડે છે. જેનું મન સંપૂર્ણપણે અનાસક્ત હોય, મોહમાયાથી પર હોય, જે સર્વ રીતે સંયમી હોય, જેણે કામ-ક્રોધ-લોભ વગેરે છ આંતરિક શત્રુોને જીત્યા હોય એવો પવિત્ર પુરૂષ જ ગુરુ બનવાને સુપાત્ર ગણાય આવો સંત 'વાલિયા'ને પણ વાલ્મિકી બનાવી શકે.

સત્સંગનો મહિમા વર્ણવતા કવિ ગિરિધર કહે છે -

'ગંગા પાપ, શશિ તાપ,
કલ્પ દરિદ્ર હી દૂર,
પાપ, તાપ અરુ દીનતા
સંત સંગ હો દૂર.'

''મતલબ કે ગંગાનદી પાપ દૂર કરે, ચંદ્ર તાપ દૂર કરે, કલ્પવૃક્ષ દરિદ્રતા દૂર કરે, પણ આ ત્રણેય ભેગું કામ સત્સંગ કરે છે.''

જ્યાં સુધી માણસમાં વિવેક ન જન્મે, ત્યાં સુધી કેવળ સત્સંગ માણસના જીવનમાં પરિવર્તન લાવી શકે નહીં. માણસ કથાશ્રવણ કરવા એટલા માટે જાય છે કે તેનું ધાર્મિક જ્ઞાન વધે અને કથાશ્રવણનું પુણ્ય મળે. કથાકારો પૂર્વે થઈ ગયેલા ભક્તો અને મહાત્માઓના જીવન પ્રસંગો ટાંકી શ્રોતાઓને જીવન સુધારવાની પ્રેરણા આપે છે. પણ મોટાભાગના લોકો માત્ર તનથી કથામાં હાજર હોય



છે અને તેમનું મન સાંસારિક પદાર્થો કે વિષયોમાં ભટકતું હોય છે. કથાશ્રવણ તો જ ફળે જો મન અંદરથી મુક્તિનો અહેસાસ કરી શકે. એ માટે જરૂરી છે ઈશતત્ત્વ કે પોતાના આરાધ્યનાં ચરણોમાં સંપૂર્ણ સમર્પણ, તલ્લીનતા અને આંતરિક મનોશાંતિ....

અખો કહે છે તેમ....

'કથા સૂણ-સૂણ ફૂટ્યા કાન'...કેવળ કથા સાંભળવાથી બ્રહ્મજ્ઞાન લાધતું નથી. જ્યાં સુધી કથની અને કરણીમાં એકવાક્યતા ન આવે ત્યાં સુધી કશો અર્થ સરતો નથી.

પૂજા-પાઠ પણ ઈશ્વર કે પોતાના આરાધ્ય સાથે હૃદયનો તાર જોડવા માટે છે. પૂજા-પાઠમાં મંત્રો કે સ્તવનો-શ્લોકો વગેરેનું એટલું મહત્ત્વ નથી, જેટલું મહત્ત્વ એકાગ્રતાનું છે. પૂજા શબ્દનો અર્થ છે 'સત્કાર'. સ્વામી દયાનંદ સરસ્વતી કહે છે, તેમ દેવપૂજા કરવી એટલે પરમાત્માનો સત્કાર કરવો. સ્વામી વિવેકાનંદ નરની પૂજાને જ નારાયણની પૂજા માનતા હતા. એટલે મનુષ્ય પરમાત્માનું સાક્ષાત મંદિર છે એમ માની મનુષ્યરૂપે, સાકાર સ્વરૂપે રહેતા પરમેશ્વરની પૂજા કરો.

જ્ઞાન જીવનમાં ઊતરે મતલબ કે પૂજાપાઠ કે કથાશ્રવણ માણસને અંદરથી શુદ્ધ કરે, મનને પવિત્ર અને વાસનામુક્ત બનાવે, ત્યાગ અને સમર્પણ તથા પરોપકારને જીવનનું વ્રત બનાવતાં શીખવે તો જ કથાશ્રવણ કે પૂજાપાઠ આચરણને વિશુદ્ધ કરી જીવનને મન, વચન, કર્મથી પવિત્ર બનવાની અસર જન્માવી શકે. માણસ અંદરથી જાગે, તો જ સાચો માનવી બની શકે.

મહાભારતમાં ભીષ્મપર્વમાં ભક્તનાં લક્ષણો સુપેરે સમજાવવામાં આવ્યાં છે. તદનુસાર જે સર્વ પ્રાણીઓ પ્રત્યે દ્વેષભાવ રાખતો નથી, સૌનો મિત્ર, દયાવાન, મમતારહિત, નિરહંકારી, સુખ અને દુઃખ સમાન માનનારો, ક્ષમાશીલ, સદાય સંતુષ્ટ રહેનાર, યોગી, સંયમી, દ્રઢનિશ્ચયી છે અને જેણે મન તથા બુદ્ધિ પરમાત્માને અર્પણ કરી દીધા છે, તેવો ભક્ત પરમાત્માને પ્રિય છે.

શ્રદ્ધા અને પ્રેમનું સમન્વિત નામ એટલે ભક્તિ. માણસ ભગવાનનું નામ લે તે જ ભક્તિ નથી, પણ ભગવાનનું કામ કરે એ ભક્તિ છે. એથી ભક્તિ દેશભક્તિ પણ હોઈ શકે અને દેવભક્તિ પણ.

ભક્તકવિ દયારામે ભક્તિ વિષે સરસ વાત કહી છે : 'સત્સંગ નામના દેશમાં ભક્તિ નામે નગર છે. તેમાં પ્રવેશીને 'પ્રેમગલી' વિશે પૂછજો. વિરહરૂપી ચોકિયાતને મળીને મહેલમાં દાખલ થજો... સેવારૂપી સીડી ચઢીને નજીક પહોંચજો. પછી દીનતાના પાત્રમાં પોતાના મનરૂપી મણિને મૂકીને ભગવાનને અર્પણ કરજો. અહંકાર અને ઘમંડના ભાવો ત્યજીને ભગવાન શ્રીકૃષ્ણને ભજજો. આવો ઉત્કૃષ્ટ ભાવ ભક્ત જ ભગવાન સુધી પહોંચાડી શકે.''

ધર્મસાધના એ કર્મસાધના બનવી જોઈએ. એટલે કે આપણે જે કાંઈ કરીએ તે શુદ્ધભાવથી, પ્રામાણિકતાથી, નેકીથી, ત્યાગભાવથી કરીએ. આવી ભાવના મન-હૃદયમાં ઉતરે તો જ આચરણ પવિત્ર બને.

'આચરણ'ને એટલે જ પ્રથમ ધર્મ કહેવામાં આવ્યો છે. માણસ વાસનાઓની પ્રબળતા, સ્વાર્થ, અહંકાર અને લોભ, મોહ, ક્રોધ,

માણસ દરેક કાર્યમાં 'શુભ'ને બદલે લાભ શોધે છે. જ્યાં સુધી તે દરેક કર્મને પ્રભુસેવા ન માને ત્યાં સુધી સત્સંગ કે ભક્તિ માત્ર એક કર્મકાંડ બનીને જ રહેશે

ઈર્ષ્યાભાવ ત્યજે અને પોતાના દરેક કાર્યને ઈશ્વર નિહાળી રહ્યો છે, એવી સભાનતા અને જાગૃતિ સાથે નોકરી, વ્યવસાય, ધંધો અને સ્વકાર્યો કરે, તો તેનું જીવન ઈશ્વરલક્ષી અને સત્કર્મી બની શકે.

ધન, દોલત, સત્તાપ્રાપ્તિ, વૈભવ, મોક્ષપ્રાપ્તિને જીવનનું લક્ષ્ય બનાવવાથી મનમાં સાંસારિકતા વધે. અને સાંસારિકતા એટલે બંધન. એમાંથી સ્વાર્થ અને લોભ જન્મે. પરિણામે મનુષ્યનું જીવન શુદ્ધ આચરણલક્ષી ન બને.

જ્યાં સુધી તમે પ્રત્યેક કર્મને પ્રભુસેવા ન માનો ત્યાં સુધી વિચારશુદ્ધિ ન બને. મન ઈશ્વરના રંગમાં રંગાય નહીં, ત્યાં સુધી સંસારના રંગો મનને ભ્રષ્ટ કરતાં રહેશે. વર્ષોથી માણસ સુધર્યો નથી, કારણ કે એ અહંકાર અને દંભના ચક્રમાં અટવાયેલો રહ્યો છે.

આત્મોદ્ધારનો પ્રયત્ન એ હરિનો મારગ છે. ત્યાગ અને વૈરાગ્ય જીવનના અભિન્ન અંગ ન બને, ત્યાં સુધી માણસનું આચરણ ઉદ્દાત ન બની શકે. પણ મૂળ વાત છે આપણે આપણા મન-હૃદય સાથે જોડાયેલા જ નથી.

કોઈકે સાચું જ કહ્યું છે -

'દૂસરોં સે મિલને મેં,
આદમી મસ્ત હૈ,
ખુદસે મિલને કી,
સભી લાઈને વ્યસ્ત હૈં.'

માણસ ભૌતિક સુખોને સર્વસ્વ માને છે. વાસનાઓનો ગુલામ થઈને જીવવામાં એને આનંદ આવે છે. એટલે સંયમ દ્વારા દેહ પર નિયંત્રણ મેળવવાનું કષ્ટ સહેવા એ તૈયાર નથી. જ્યાં સુધી આધ્યાત્મિક સાધના માટે મનને માણસ તૈયાર નહીં કરે ત્યાં સુધી સત્સંગ કે ભક્તિ માત્ર એક કર્મકાંડ બનીને જ રહેશે.

સિરિયલ કિલરનો સાવ અજાણ્યો ચહેરો!

ઇન્સ્પેક્ટર દેસાઈ આ બંધ પડેલી જૂની ફેક્ટરીમાં એકલા દાખલ થયા ત્યારે રાતના બે વાગી રહ્યા હતા. ચારેબાજુ સન્નાટો હતો, ફેક્ટરીમાં ચારે બાજુ અંધકાર હતો.

અચાનક એક ખૂણેથી એક ફ્લડ લાઈટનો શેરડો ઇન્સ્પેક્ટરના ચહેરા ઉપર પડ્યો, એમની આંખો સ્હેજ મીંચાઈ ગઈ.

રજનીગંધા
વિભાવરી વર્મા

'એકલા આવ્યા છો ?'

એ જ ખૂણેથી એક યુવતીનો અવાજ સંભળાયો. તેનો ચહેરો તો શું, તેનું શરીર પણ દેખાતું નહોતું.

'હા એકલો જ છું.'

'કોઈ હથિયાર ?'

'તમે જ ના પાડી હતી, છતાં જોઈ લો...'

ઈન્સ્પેક્ટરે પોતાનો બેલ્ટ કાઢી નીચે મુકી દીધો. બન્ને ખાલી ખિસ્સાં બહાર કાઢીને બતાડ્યાં. પીઠ ફેરવીને પેન્ટના પાછળના ખિસ્સાં ખાલી છે એવું બતાડ્યું.

'બૂટ... બૂટ ઉતારો !'

ઈન્સ્પેક્ટર દેસાઈએ બૂટ પણ કાઢી નાખ્યા અને મોજાં પણ. વધુ ખાતરી કરાવવા માટે માથા ઉપર પહેરેલી કેપ પણ કાઢીને ભોંય ઉપર ફેંકી દીધી.

'ગુડ. હવે તમે પેલી ખુરશી પર બેસી શકો છો.'

ફેક્ટરીના ફ્લોરની વચ્ચોવચ એક લોખંડની ફોલ્ડીંગ ખુરશી હતી. ઈન્સ્પેક્ટર દેસાઈ તેની ઉપર બેઠા.

ફ્લડ લાઈટની પાછળથી યુવતીનો અવાજ આવ્યો :

'વેરી ગુડ...' લાઈટની પાછળથી એક હાથ આગળ આવ્યો. એમાં એક રિવૉલ્વર પકડેલી હતી.

'તમે જાણો છો, આ શું કામમાં આવે છે... જો તમે સ્હેજ પણ ચાલાકી કરી હોત તો આમાંથી છૂટેલી ગોળીએ ક્યારનો તમારો જીવ લઈ લીધો હોત.'

'થેન્ક યુ... પણ હવે કામની વાત કરીએ ? તમે મને ફૉન કરીને કહ્યું હતું કે-'

'હા... મેં જ કહ્યું હતું કે, છેલ્લા ત્રણ વરસમાં જે એક પછી એક હત્યાઓ ભેદી રીતે થઈ છે એ મારા જ હાથે થઈ છે ! હું કોણ છું, અને આ હત્યાઓ મેં શા માટે કરી છે એ કહેવા જ મેં તમને અહીં બોલાવ્યા છે.'

ઈન્સ્પેક્ટર દેસાઈ સામેથી આવતા તીવ્ર પ્રકાશમાંથી આંખો ઝીણી કરીને જોવાની કોશિષ કરી રહ્યા હતા કે, ફ્લડ લાઈટની પાછળ જે ઉભું છે તે આખરે છે કોણ ?

'ઈન્સ્પેક્ટર સાહેબ, તમે અને તમારું આખું પોલીસ ડિપાર્ટમેન્ટ છેલ્લા ત્રણ વરસથી ગોથાં ખાય છે કે, આખરે આ હત્યાઓ કોણ કરી રહ્યું છે ? રાઈટ ?'

ઈન્સ્પેક્ટર દેસાઈ ચૂપ રહ્યા.

'પહેલાં પેલો મ્યુનિસિપલ કોર્પોરેટર... એ એક હૉટલના રૂમમાં એક સુંદરી સાથે જલસા કર્યા પછી ઘસઘસાટ ઊંઘતો હતો. છોકરી જતી રહી હતી, પણ સવારે એ માણસની લાશ હૉટલના બૅડ ઉપર સૂકાઈ ચૂકેલા લોહીના ડાઘા વચ્ચેથી મળી આવી હતી. યાદ છે ?'

'હા, કોર્પોરેટર જગન્નાથ પાંડે.'

'એના ત્રણ મહિના પછી પેલો એક લાલચુ, ભ્રષ્ટ, બદમાશ મિનિસ્ટર... એના પોતાના ફાર્મ હાઉસમાં મોડી રાત સુધી દારૂ પીતાં પીતાં ઢળી પડ્યો હતો. સવારે ખબર



પડી કે એની દારૂની બાટલીમાં ઝેર હતું ! યાદ છે ?'

'હા, શબ્બીર શેખ, મહિલા વિકાસ ખાતાનો મંત્રી.'

'યાદ તો બરાબર રાખો છો, દેસાઈ સાહેબ ! ત્યારબાદ એક લંપટ અને કરુબાજ બિઝનેસમેનનો વારો હતો... એ પોતાના જ બંગલાના ટેરેસ પર ઈલેક્ટ્રિકના વાયર વડે ફાંસો ખાધેલી હાલતમાં લટકતો મળ્યો હતો. યાદ આવ્યું ?'

'ઝેનિથ ઈન્ડસ્ટ્રીઝવાળો હજારીમલ સેઠના.'

'ત્યારબાદ એક બુટલેગર, એક કહેવાતો સમાજસેવક, એક સરકારી ઓફિસર... અને છેલ્લે, નાની નિર્દોષ સગીર છોકરીઓના અપહરણ કરાવીને તેમને દેહ વ્યાપારના ધંધામાં ધકેલવાનું રેકેટ ચલાવનારો પેલો ભડવો...'

'મોમીનખાન પઠાણ !' ઈન્સ્પેક્ટર દેસાઈ હવે ચોંકી ગયા હતા. 'આ તમામ હત્યાઓ તેં કરી છે ? કોણ છે તું ? અને શા માટે ?'

'શા માટેનો જવાબ પછી આપું છું. પહેલાં હું કોણ છું તે જોઈ લો.'

ફ્લડ લાઈટની પાછળ ઉભેલી યુવતી બે ડગલાં આગળ આવી. તેણે ચહેરા પર બાંધી રાખેલી બુકાની ખોલી, આંખો પર પહેરેલા કાળા ચશ્મા હટાવ્યા.

'હવે પડે છે ઓળખાણ ?'

ઈન્સ્પેક્ટર ટગર ટગર જોઈ રહ્યા. એમની નજર સામેથી એક સાથે ડઝનબંધ એવા ચહેરા પસાર થઈ ગયા જેમના ફોટા પોલીસ સ્ટેશનની 'વૉન્ટેડ' ફાઈલમાં જોયા હતા.

'નથી પડતી ને ઓળખાણ ? તો હવે આ જુઓ !'

યુવતીએ નજીક આવીને તેના કાળા ટી-શર્ટની લાંબી બાંય કોણી સુધી ઉપર ચઢાવીને હાથ લાંબો કર્યો... હાથ ઉપર એક 'રાધા-કૃષ્ણ'નું ટેટુ જોઈને ઈન્સ્પેક્ટરની આંખો ફાટી ગઈ !

'કૃષ્ણા... તું ! મારી દીકરી ?'

ઈન્સ્પેક્ટર દેસાઈના માન્યામાં નહોતું આવતું ! એક બાજુ એમનું હૃદય ઉમળકાથી ઉછાળા મારી રહ્યું હતું તો બીજી તરફ એમની આંખોમાંથી આંસુઓની ધાર વહી રહી હતી. તે ગળગળા અવાજે માંડ બોલી શક્યા

'કૃષ્ણા ? તું તું જીવતી છે?'

'હા જીવતી છું ! પણ લાશ બનીને જીવી રહી છું. કેમ કે, આ બધાનું મૂળ તમે છો !'

'હું ? બેટા કૃષ્ણા ? મેં શું કર્યું છે ?'

'તમે ભૂલી ગયા' કૃષ્ણા હવે એક સ્ટૂલ ખેંચીને ઈન્સ્પેક્ટર દેસાઈની સામે બેસી ગઈ.

'યાદ છે ? આજથી પંદર વરસ પહેલાં તમે એક તૉફીક એહમદ નામના ગેંગસ્ટરની ધરપકડ કરી હતી ? તે વખતે તમારી ઉપર એક ફોન આવ્યો હતો...'

'હા, એ માણસ કહેતો હતો... કે તમારી દિકરી કૃષ્ણા અમારા કબજામાં છે ! જો તમે તૌફીક અહેમદને નહીં છોડી મૂકો તો અમે તમારી દિકરીની કતલ કરી નાખીશું !'

'અને છતાં તમે પેલા ગેંગસ્ટરને છોડ્યો નહીં ! શા માટે ? તમારી ડ્યુટી... તમારી ફરજ... તમારી કર્તવ્ય નિષ્ઠા...!'

ઈન્સ્પેક્ટર દેસાઈ કોઈ જવાબ

'ડેડી... હું તમને મારી આંખો સામે મરતા નહીં જોઈ શકું... એટલે હું આ ફ્લડ લાઇટ બંધ કરું છું.'

આપવાની સ્થિતિમાં નહોતા. કૃષ્ણાએ વાત આગળ વધારી...

'એ લોકોએ મારી કતલ કરવાને બદલે એનાથી પણ મોટી સજા કરી... એમણે મને મુંબઈના એક વેશ્યાલયમાં વેચી દીધી ! ત્યાં સળંગ સાત- સાત વરસ લગી મારા શરીર અને દિમાગ પર થતા અત્યાચારો સહન કરતી રહી... અને ડેડી, એકે એક પળે હું તમને યાદ કરીને તમને ધિક્કારતી હતી ! આઈ હેટેડ યુ ડેડી !'

દેસાઈ સ્તબ્ધ હતા.

'પણ એક દિવસ હું ત્યાંથી છટકીને નીકળી ગઈ ! એ પિંજરના ચોકીદાર તૈમૂરના પેટમાં મેં મટન કાપવાની છરી હૂલાવી દીધી હતી ! એ મારી પહેલી હત્યા હતી...'

'એ પછી મેં નક્કી કર્યું કે જેણે જેણે આ લોહીના વેપારમાં પોતાના હાથ રંગ્યા છે એ તમામને હું વીણીવીણીને ખતમ કરીશ ! એક પછી એક દરેકને શોધી શોધીને હું ખતમ કરતી ગઈ... પણ હવે હું થાકી ગઈ છું ! બસ, હવે મારે એક જ હત્યા કરવાની બાકી રહી છે !'

'કોની ?'

'તમારી...!'

કૃષ્ણાની આંખોમાં આગ અને આંસુ બન્ને સાથે સાથે છલકાઈ રહ્યા હતા. તેણે ટીપોય પર મૂકેલી રિવોલ્વર ફરી ઉઠાવી, થોડે દૂર જઈને તે ઉભી રહી. પછી સાવ સપાટ અવાજે બોલી : 'ડેડી... હું તમને મારી આંખો સામે મરતા નહીં જોઈ શકું... એટલે હું આ ફ્લડ લાઈટ બંધ કરું છું.'

બીજી ક્ષણે ફ્લડ લાઈટ બંધ થઈ ગઈ!

અચાનક તીવ્ર પ્રકાશમાંથી ગાઢ અંધકાર છવાઈ જવાથી ઈન્સ્પેક્ટર દેસાઈની આંખો ઓલમોસ્ટ આંધળી થઈ ગઈ ! પરંતુ હવે મરવાનું જ છે, અને એ પણ સગી દિકરીના હાથે, તો આંખો ખુલ્લી રાખવાનો પણ શો અર્થ ?'

ઈન્સ્પેક્ટર દેસાઈએ આંખો બીડી દીધી. તે પૂતળું બનીને ખુરશી પર બેસી રહ્યા... એમની આંખોમાંથી છલકાતા આંસુ એમનો ચહેરો અને એમનું ખાખી શર્ટ ભીંજવી રહ્યાં હતાં.

એક મિનિટ... બે મિનિટ... પાંચ મિનિટ પસાર થવા છતાં ન તો પ્રકાશ થયો કે ન તો ગોળી છૂટી !

ઈન્સ્પેક્ટરે આંખો ખોલી ઊભા થઈને મોબાઈલની લાઈટ વડે ચારે બાજુ જોયું. પણ આખું ગોડાઉન ખાલી હતું...

જયગઢ-આમેરની ચોમેર સર્વ કળા અભિયાન

રણની કોરાશમાં ભીનાશ, ભેજ અને ભાવ લાવે ઉત્તમકળા

રસવલ્લરી
સુધા ભટ્ટ


કેવો છે આ કિલ્લો ? અરે..ઊંચા અંબરે મ્હાલતો આ અંબર કિલ્લો પોતાની અગાશીએ જઈ પોતાના સ્થાપત્યોનું બારીક નિરીક્ષણ કરે છે. ત્યાં છજા વટથી બહાર નીકળે છે. મુખ્ય પ્રવેશે ગોથિક દ્વારો સહ આસપાસ બે ટાવર જેવી રચના છે. જેમાં રંગ, કોતરણી- નકશીનો અને ચિત્રોનો મહામેળાવડો જામ્યો છે. દીવાલ, છત, છો, ધુમ્મટનો અંદરનો ભાગ- બધું જ અકલ્પનીય સુશોભન યુક્ત ! ભૌમિતિક ભાત, નજાકત ભર્યા ફળ, ફૂલ, કળી, વલ્લરી, પર્ણ, વૃક્ષ અને ગીચ વનરાજી ! બારી-બારણાં આસપાસની ફ્રેઈમ્સમાં ગુલાબી-પીળા રંગનો ઉત્સવ ! ભોંયતળિયાની પરસાળ સાદી પણ મદલ કરે વાત રસિકો સંગ કાનમાં હોં ! ગઢ પરની અસંખ્ય છતરીઓ આરામ ફરમાવતી ચારે કોર જુવે ! દૂર..દૂર.. ઊંચી ઊંચી દીવાલોની નસેનસમાં વાર્તા-કવિતા કોંતરાયેલી છે તે રસળવા માંડે, ઢોળાવની શોભા સ્વયમ અતિથિઓના પોંખણાં લે !

કિલ્લાના કોટ-કાંગરા ઈતિહાસ, બલિદાન અને શૌર્યની-યુધ્ધની છડી પોકારે છાતી પહોળી કરીને. કદીક ત્યાં રક્ત છાંટણાં થયાં હશે ! ઝિગઝેગ ભાત ધરાવતા ટાવરો રક્ષા સારુ કોટની રાંગેરાંગે શિર ઝુકાવી દે. 'અમે તો કોમળ કોમળ'ની ઓળખ આપતા પથ્થર હૃદયના આ સ્થાપત્યો ગઢના ઉપલાં વિભાગમાં આપણને નમણાં સૌંદર્યભરપૂર મહેલ જોવાનું ઈજન આપે. મહેલ પરિસરમાં પહોંચતા જ પેલી કઠોરતા પીગળીને નજીકત યુક્ત નજર્યુ લાગવાની બીક લાગે એવા મહેલો-આવાસો સુધી એની રસધારામાં રસિકોને વહાવીને લઈ જાય. કિલ્લાના મુખ્ય ચાર ભાગો- એટલે કે પ્રાંગણ ચારેય જુદી જુદી દિશે પધારવાનું આમંત્રણ આપે. પ્રથમ પ્રાંગણમાં પ્રવેશતાં જ જલેબ ચોક અને સૂરજ પોળ મળે. આ દ્વાર પૂર્વાભિમુખ હોવાથી સૂરજ પોળ. આ વિશાળ પ્રાંગણમાં સેનાની પરેડ અને વિજય સરઘસ નીકળતાં. ભવ્ય સોપાન ઉપર જવા પ્રેરે.

સ્થાપત્યની નસેનસમાં રંગબહારઃ અંદર અને બહાર !

સૈન્યને અનુરૂપ ખુલ્લું ભવ્ય, વિશાળ સ્થાપત્ય મુખ્ય મહેલ તરફ દોરવી જાય. 'જલેબ' શબ્દ અરબી છે. અર્થ થાય 'સૈનિકોની સવાઈ/સભાનું સ્થળ' જયસિંહના આ સમયગાળામાં વ્યક્તિગત બોડીગાર્ડ અને પરેડનો રિવાજ હતો. આર્મી કમાન્ડરને 'ફોજબક્ષી' કહેતા. અહીં શિલાદેવીનું મંદિર છે. જ્યાં પરિવારનો સ્ત્રીવર્ગ દર્શને આવતો અને પરેડ ઈત્યાદિમાં પણ રસ લેતો. મંદિરનાં ચાંદીના બારણાં કલાત્મક કોતરણી ધરાવે છે. પહાડી વાસ્તુ શિલ્પ સામૂહિક યોજના અંતર્ગત અહીંની સુરક્ષા પધ્ધતિ પણ ખાસ છે. પશ્ચિમ ઘાટના પર્વતોમાંનો બલિદાન આપતો આ પર્વત શિલાદેવીને કારણે નોંધાયેલો છે. કાળી, દુર્ગા, અંબાના સ્વરૂપમાં

'જલેબ' શબ્દ અરબી છે. અર્થ થાય 'સૈનિકોની સવાઈ/સભાનું સ્થળ'



પથ્થરની બેઠક છે. પરવાળાની એક શિલા પણ અહીં મળી આવી છે. જ્યાં રાજાઓનાં કુળદેવીની સ્થાપના કરાઈ છે. અહીં ગણેશ પોળ પણ છે. ત્રિસ્તરીય મંદિર ફ્રેસ્કો (જડતર) કળાથી સજાવાયેલું છે. અહીં દિવાને આમ પ્રસ્તુતિઓ થતી જેને માર્બલની જાળી ભાતમાંથી ઝૂલવાળી કોતરણી-નકશીમાંથી નિહાળવાની સગવડ રાણીઓને મળતી દ્વિતીય પ્રાંગણમાં મુઘલ અને રાજપૂત શૈલીના અદ્ભુત મિશ્રણવાળા ઉત્કૃષ્ટ બેવડી હારવાળા અડતાળીસ સુશોભિત સ્તંભો છે. બહારની શ્રેણી લાલ પથ્થરની અને અંદરની આરસપહાણની શુભ્ર ! કમાનો અને કોતરણીવાળા મહેલો શુધ્ધ હિંદુસ્તાની સ્થાપત્યની ઓળખ છે. અહીં જ ગણેશ પોળનો દરવાજો અતિ સુંદર છે. મહેલનું પ્રવેશ દ્વાર ચિત્રકામ, મોઝેક, નકશી-કોતરણીથી મોહક બન્યું છે. અહીં અર્ધ ગુંબજ અને મુઘલ શૈલીની જાળીઓ છે. ઉઠાવ આપતી છજા આકારની છત જોવા મળે છે. રાજા આ સ્થળેથી પ્રજાને સંબોધતા. કુંભી પર પેલા સ્તંભો કમાન અને છતને જોડે છે અને એની ઉપર થાંભલાની મથોટી જોડાય. તેની ઉપર ગેલેરીઝ છે. જેના ઉપરથી રાજા સૌને દર્શન દેતા તૃતીય પ્રાંગણમાં વિશ્વવિખ્યાત શીશ મહેલનો નયનરમ્ય નઝારો જોવા મળે.

અંબર પેલેસ-ખડક પર ઊભું.... શ્વસતું અચરજ

બેલ્જિયમથી મંગાવેલા નાના નાના હજારો અરીસાઓ. અને કાચના ટુકડાઓને એવી રીતે જોડાય છે- જડયા છે કે માત્ર એક જ દીવો પ્રગટાવવાથી આખો મહેલ તારામંડળની જેમ ચમકી ઉઠે ! કાચ સાથે પથ્થર પર ફૂલ છોડની ઝીણી કોતરણી પ્રાચીન મુઘલ સ્થાપત્યની સમકક્ષ છે. શીશ મહેલની સન્મુખ સુખનિવાસ છે જેમાં ચંદનકાષ્ટ અને આરસપહાણનું સ્થાપત્ય છે. પ્રાકૃતિક ઠંડક પ્રણાલી માટે મહેલની દીવાલ વચ્ચેથી પાણીની નાની નહેરો પસાર કરાવી હતી.

બેલ્જિયમથી મંગાવેલા નાના નાના હજારો અરીસાઓ. અને કાચના ટુકડાઓને એવી રીતે જોડાય છે- જડયા છે કે માત્ર એક જ દીવો પ્રગટાવવાથી આખો મહેલ તારામંડળની જેમ ચમકી ઉઠે !

સ્થપતિની બુધ્ધિમત્તા અને ઈજનેરી કૌશલ્યનો એ નમૂનો છે. અહીં ચોકમાં વચ્ચે ભૌમિતિક સ્ટાર આકારના 'ચારબાગશૈલી'ના બગીચા છે.

અહી મોઝેક અને શિલ્પોની મઝા કંઈક ઓરજ છે. કાચ જડિત પેનલ્સ, બહિર્ગોળ આકારનાં દર્પણ રંગીન વરખ (ફોઈલ) અને ચિત્રો કેન્ડલલાઈટમાં ઝગમગે. આ મહેલમાં આરસ જેવો અર્ધપારદર્શક સફેદ પથ્થર છે. જડતર યુક્ત દીવાલો આ ઈમારતને ભવ્યતમ બનાવે છે. ઉપસાવેલી ભાત અને નાનાં મોટાં શિલ્પો કલાની છડીદાર છે. કોતરણીમાં પતંગિયા, કમળ, માછલી, નાગ હાથી, સિંહ, ફૂલદાની, વીંછી, અનાજનાં ડૂંડા ગોપાયેલા છે. જેને શોધી કાઢે ભાવકો ! ચતુર્થ પ્રાંગણ મુખ્યત્વે લાલ બલુઆ પથ્થર ધરાવે છે. અહીં ઈન્ડો- ઈસ્લામિક અને રાજપૂત શૈલીનું સંમિશ્રણ છે. જનાનખાનાના બાર ઓરડાઓનું બાંધકામ પારંપરિક પધ્ધતિ મુજબનું છે. અહીં ગુપ્ત ગલિયારામાં થઈને રાજા વારાફરતી રાણીઓને મળવા જતા. કિલ્લાના બધા જ આંતર મહેલો સૂક્ષ્મ કલાતત્ત્વોથી રળિયાત છે. નિર્માણ સામગ્રી અને રંગ સંયોજન અદ્ભુત ! જૂનામાં જૂનો બારાદરી મહેલ મુખ્ય છે. જ્યાં ફ્રેસ્કોવર્ક અને રંગીન ટાઈલ્સની સજાવટ છે. યુનેસ્કોએ વધાવેલ આ પરિસર રાજપૂત સંરક્ષણ વિભાગનું પર્વત સ્થાપત્ય ધરાવે છે. પાષાણમાં ગૂંથેલી વણાટકામ જેવી બારીકી ધરાવતો અંબર મહેલ આ કળાનો પ્રહરી છે.

જીવસૃષ્ટિનું સાંસ્કૃતિક મધુર મિલન!

રાજસ્થાનના કિલ્લાઓની ખાસિયત એ છે કે તેના દરેક કિલ્લાની લાક્ષણિકતા આગવી રહી છે. પ્રાચીન સ્થાપત્યમાં એનો સમાવેશ થયેલો હોવાથી સમયગાળા અને યુગની કેટલીક સમાન ઓળખ હોઈ શકે. વળી, પુષ્કળ પ્રમાણમાં ગુલાબી અને પીળાશ પડતા કાઠારેતિયા પથ્થરો અહીંથી મળી આવે છે. તેથી એ મુદ્દો પણ સમાન હોઈ શકે. હા, એક વધુ સામ્ય આરસપણાનું છે જે સફેદ તો હોય જ છે- પરંતુ તેમાં આછી શ્યામ, રાખોડી (ગ્રે), પીળી કે સ્હેજ ગુલાબી ઝાયા ધરાવે છે. સમયની સાથે જો એની માવજત યોગ્ય થઈ હોય તો તેની સફેદી પ્રકાશનું પરાવર્તન સુપેરે કરી શકે અને જાણે કે ઝગારા મારે ! આ કળાના પ્રાયોજકોને કુદરતી સંપત્તિ સહેલાઈથી અને વાજબી ભાવે મળતી તેથી તેમનું કામ સરળતાથી આગળ ચાલતું.

ગઢ અને સૈન્યની વચ્ચે દોસ્તીનો નાતો હોવાથી નાના-મોટા ખડકો કે પર્વતો સૈનિકોનું ધામ બની રહેતા. પર્વતની ધાર ઝૂલ રૂપે પડદાની ગરજ સારતી એટલે બાકોરાય સહેલાઈથી સાંપડતા. પણ આ તો ભાઈ રાજાઓ મહારાજાઓનો ખજાનો જ કહેવાય ! તેથી જ તેઓ પોતાનાં રહેઠાણ માટે પણ કિલ્લાની ખરબચડી જમીનને મહેનતથી અને કલાત્મકતાથી સમરસ કરતા. ધ્યાનનું ધ્યાન રહે અને હિલસ્ટેશન પર અડો ! દૂરથી કિલ્લા કે સ્થાપત્યોને માપી ન શકાય. ઊંચાઈએ ચડતાં ચડતાં એના રહસ્યો એક પછી એક ખુલતાં જાય. સૈનિકો અને રાજવંશસભ્યો તો હોય જ ત્યાં.. પણ ગજદળ, હયદળ પણ ત્યાં જ મળે. બાકી તળેટીએ રણમાં તપતા ઊંટ પરિવારો પણ ત્યાં મળવાનાં જ ! હેઠે ઉભા રહીને ઝીણી નજરે નેજવેથી જોઈએ તો પણ થોડો-ઘણો અંદાજ તો આવે હો !

લસરકો

અત્યાધિક રંગ સ્થાપત્ય અંગની મધુરતામાં વૃધ્ધિ કરી રાજવી ઠાઠમાઠ અને શખ્સિયતને ગૌરવ બક્ષે ત્યારે વેરાન કિલ્લો કલબલતી વસ્તીમાં પલટાઈ જાય.

દીપોત્સવીને 'એટલાંટિસ' સાથે શો સંબંધ છે ?

હીરણ્યાક્ષી અને હિરણ્ય કશ્યપ એટલાંટિસના સમ્રાટો હતા ? બલિ કોણ હતો ? ભગવાન વામન કોણ હતા?

બર્થોલ્ડ ફોન તિબ્હુર નામક ઈતિહાસકારે લખ્યું છે ? લોકગીતો લોકકથાઓ પુરાણકથાો, તો કોઈ વાર દંતકથાઓમાં પણ ઈતિહાસનું તત્ત્વ રહેલું હોય છે. જરૂર છે માત્ર તેની ઉપરનાં ભક્તિનાં, ભાવનાઓનાં આવરણો દૂર કરવાની.

એડમન્ડ બર્કે લખ્યું છે : 'સમુદ્રમાં તરતાં લાકડાંઓના ટુકડાઓની જેમ ઐતિહાસિક તથ્યો અહીં તહીં તરતાં જોવા મળે છે. ઈતિહાસકારનું કાર્ય તે સર્વેને એક સૂત્રે બાંધવાનું છે.'

ભગવાન વિષ્ણુએ હિરણ્યકશ્યપનો નાશ કર્યો. પ્રહલાદને બચાવી લીધો. પરંતુ તેના પુત્ર બલિએ પૂર્વજોનું વેર વાળવા આક્રમણ કર્યું, ત્યારે ભગવાન વામને બલિને પરાજિત કર્યો.



બ્રિટિશ ઈતિહાસકાર કોલિંગવૂડે લખ્યું છે કે ઐતિહાસિક તથ્યો ઉપરથી ઈતિહાસકારે એક હાઈપોથિસિસ ડેવલપ કરવી જોઈએ, પરંતુ તે પોઝિટિવ એપ્રોચથી રચવી જોઈએ એટલે કે આમ ન બની શકે તેમ ન વિચારતાં 'આમ બની પણ શકે, તેમ વિચારવું જોઈએ.'

આપણે એટલાંટિસ મહાદ્વિપની વાત લઈએ જે ઉપરથી તો એક મહાસાગરનું નામ જ એટલાંટિક પડ્યું. આ એટલાંટિસ ઑશન શબ્દ જ દર્શાવે છે કે જિબ્રાલ્ટરની સમુદ્રધૂતિ અને ગલ્ફ ઑફ મેક્ષિકો વચ્ચેના વિશાળ જળવિસ્તારમાં કોઈ વિશાળ ટાપુ હોવો જોઈએ.

પુરા પ્રાચીન યુગમાં યુરોપ અને આફ્રિકાને જુદી પાડતી ભૂશિરોને પીલર્સ ઓફ હરક્યુલસ કહેવામાં આવતી હતી. તેની પશ્ચિમે એક વિશાળ દેશ (ટાપુ) રહેલો છે. તે સોનાની ભૂમિ છે. તેવી લાકોહિત, ઈજીપ્ત, ગ્રીસ, ઈટાલી-રોમન સામ્રાજ્ય અને તેના ભાગરૂપે રહેવાં ગોલ (ફ્રાંસ) તથા હીસ્પાનિયા (સ્પેન) તેમ જ દક્ષિણ તટે રહેલાં હાર્થજનાં સામ્રાજ્યમાં પ્રવર્તતી હતી.

ભારતીય પુરાણોમાં પણ સપ્તપાતાલ પૈકી એક અતલાન્તલ પાતાળ છે. તેવા ઉલ્લેખો જોવા મળે છે. ત્યાં સુવર્ણ પુષ્કળ છે. તેના સમ્રાટોનાં નામ હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપ તેવાં નામ પણ પુરાણોમાં જોવા મળે છે. હિરણ્ય એટલે જ સોનું તે ભૂમિમાં હિરણ્ય અઢળક છે. તેવી પણ પુરાણકથા છે.

જુઓ પશ્ચિમની એન પૂર્વની (ભારતની) પુરાણ કથાઓમાં કેટલું સામ્ય છે ? ભારતીય પુરાણ કથા પ્રમાણે ભગવાન વિષ્ણુઓ વરાહરૂપે અવતાર લઈ પૃથ્વીને મહાપ્રલયમાંથી ઉગારી અને હિરણ્યક્ષનો પણ વધ કર્યો. તે પછી પ્રચંડ દેહધારી નૃસિંહ અવતારરૂપે ભગવાન વિષ્ણુએ હિરણ્યકશ્યપનો નાશ કર્યો. તેના પુત્ર પ્રહલાદને બચાવી લીધો. પરંતુ તેના પુત્ર બલિએ પોતાના પૂર્વજોનું વેર વાળવા ભારત ઉપર જ આક્રમણ કર્યું, ત્યારે પ્રમાણમાં ઘણી ઓછી ઊંચાઈ ધરાવતા હોવા છતાં ભગવાન વામને બલિને પરાજિત કર્યો. (ભગવાને ત્યારે પ્રબળ આર્ય સેનાનું નેતૃત્વ બધું હતું) બલિને પાતાળમાં ધકેલી દીધો.

ભારતીય પુરાણોમાં પણ સપ્તપાતાલ પૈકી એક અતલાન્તલ પાતાળ છે. તેવા ઉલ્લેખો જોવા મળે છે. ત્યાં સુવર્ણ પુષ્કળ છે. તેના સમ્રાટોનાં નામ હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપ તેવાં નામ પણ પુરાણોમાં જોવા મળે છે. હિરણ્ય એટલે જ સોનું.

પાતાળ એટલો ધી ડાઉન અંડર એટલે કે ભારત (તે યુગમાં અખંડ ભારત) જેટલા પૂર્વ રેખાંશ ૬૦ ડીગ્રી થી ૧૦૦ ડીગ્રી અને ઉત્તર અક્ષાંશ (૮ ડીગ્રીથી ૩૨ ડીગ્રી) વચ્ચે આવેલું છે. લગભગ તેટલા જ પશ્ચિમ રેખાંશ અને દક્ષિણ અક્ષાંશ વચ્ચે પેરૂ અને દક્ષિણ પેસિફિકના ટાપુઓ આવેલા છે. ત્યાં બલિના વંશજોએ અદ્ભૂત મય સંસ્કૃતિ રચી.

તમોને જાણીને આશ્ચર્ય થશે કે શૂન્યનું જ્ઞાન ભારતના આર્યો સિવાય પેરૂના મયાઝને હતું. તે ઉપરાંત દક્ષિણ મૈક્ષિકોમાં ઈન્કા અને હોન્ડરાસમાં એઝેક્ટ સંસ્કૃતિઓ વિકસી પરંતુ તે સર્વને ભારતીય આર્યો મયા જ કહેતા.

પુરાણોમાં મય દાનવની વાત છે કે તે અદ્ભુત શિલ્પી અને સ્થપતિ હતો. તેમ કહેવાયું છે જે સત્ય પણ છે. મેક્સિકોમાં પિરામિડ તેની સાક્ષી પૂરે છે. આ પિરામિડની રચના ઉપરથી સહજ અનુમાન થઈ શકે કે તે સંસ્કૃતિને ઈજીપ્ત સાથે સંબંધ હશે.

આમ છતાં મયાને દાનવ કેમ કહેવાયા ? તો તેનું કારણ તે હોઈ શકે કે તેઓ દેવતાઓને ખુશ કરવા નરબલી આપતા અને તેનું માંસ પ્રસાદી તરીકે લેતા. તે તો ઐતિહાસિક સત્ય છે.

ભગવાને બલિને પાતાળમાં ચાંપ્યો અને ભારતની સંસ્કૃતિને બચાવી લીધી તેનાં સ્મરણમાં તે દિવસે (અશ્વિન કરુણ અમાવાસ્યાના દિવસે) ભારત ઉપરથી ભય દૂર થતાં ધીરે ધીરે દીપમાળા પ્રકટાવવામાં આવી તે પરંપરા આજે પણ ચાલુ છે.

પુરાણકથા તો સ્પષ્ટ કરે છે દીપોત્સવી બલીના પરાજયના સ્મરણમાં ઉજવાય છે, તો અન્ય કથા તેવી પણ છે કે ભગવાને વામન સ્વરૂપે બે પગલાં ભર્યાં તેમાં સ્વર્ગ મૃત્યુ લોક આવરી લીધાં. ત્રીજું પગલું બલિએ પોતાનાં મસ્તક ઉપર લીધું બધું નિછાવર કરી દીધું. પૃથ્વી દાનમાં આપી તેથી તો સર્વશ્રેષ્ઠ દાન તે બલિદાન કહેવાય છે.

- દિનેશ દેસાઈ

હરતાં ફરતાં
વિક્રમ વકીલ

ઍથેન્સ શહેરનું નામકરણ શી રીતે થયું?

ઍથેન્સ એ દુનિયાનાં સૌથી પ્રાચીન અને જાણીતાં નગરો પૈકીનું એક છે. ભૌગોલિક રીતે કહીએ, તો તે ગ્રીસના દક્ષિણ - પૂર્વ છેડે આવેલો એક દ્વીપકલ્પ છે. તુર્કીઓની ગુલામીથી મુક્ત થયા બાદ, ૧૮૩૪માં તે ગ્રીસનું પાટનગર બન્યું.

અલબત્ત તે છેક ઈસુની ચોથી સદીથી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે જાણીતું રહ્યું છે. તેનો ઈતિહાસ ખૂબ રોચક અને ભવ્ય છે. આ પ્રાચીન શહેરનું નામ એથેન્સ કેવી રીતે પડ્યું તેની પાછળ ગ્રીક પુરાણોમાં એક નાનકડી કથા છે. કહેવાય છે કે ગ્રીક લોકો તેમના મુખ્ય નગરનું નામ તેમના સમુદ્રદેવ પોઝેઈડના નામ પરથી અથવા તો પૌરાણિક દેવી ઍથેનાના નામ પરથી રાખવા માગતા હતા. શરત એટલી હતી કે બંનેએ ગ્રીસવાસીઓને કોઈ મૂલ્યવાન ભેટ આપવાની હતી. જેની ભેટ સૌથી મૂલ્યવાન લાગે તેના નામ પરથી નગરનું નામ પાડવું. કહેવાય છે કે પોઝેઈડને એક ઘોડાનું સર્જન કર્યું, જ્યારે ઍથેનાએ ઓલિવના વૃક્ષનું. આ બન્નેમાંથી ઓલિવનું વૃક્ષ વધારે મૂલ્યવાન ગણવામાં આવ્યું અને તેથી એ શહેરનું નામ ઍથેન્સ પડ્યું.

અંગ્રેજો દ્વારા આપણા અમૂલ્ય ખજાનાની લૂંટફાટ

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રોબર્ટ ક્લાઈવે ૧૭૫૭માં પ્લાશીનું (પલાશનુંત એટલે કે ખાખરાના વનમાં ખેલાયેલું) યુદ્ધ જીતીને પહેલી વખત ભારતભૂમિ પર બ્રિટિશ ધ્વજ ફરકાવ્યો અને ૧૯૪૭માં આખરી વાઈસરોય લોર્ડ માઉન્ટબેટને અંગ્રેજી હકૂમતના પ્રતીક જેવો પોતાનો નિવાસસ્થાન પરનો બ્રિટિશ ધ્વજ છેલ્લી વાર સંકેલી લીધો એ બે ઐતિહાસિક પ્રસંગો વચ્ચેનાં ૧૯૦ વર્ષ દરમિયાન અંગ્રેજો ભારતનો કેટલો ખજાનો લૂંટી ગયા? ચોક્કસ આંકડામાં ટાંકી શકાય તેવો જવાબ આપવાનું તો જરા મુશ્કેલ છે, પરંતુ બ્રિટિશરાજનું તલસ્પર્શી બયાન રજૂ કરતાં એક દળદાર પુસ્તકમાં લખ્યું છે કે '૧૯૪૭ના ભાવો મુજબ આગલાં બધાં વર્ષોના ભાવોને ઍડ્જસ્ટ કરાય તો ભારતમાં અંગ્રેજાએ ચલાવેલી લૂંટ વાર્ષિક સરેરાશ ૫૦ કરોડ પાઉન્ડ જેટલી હતી, જેમાં વેપારધંધા દ્વારા અંગ્રેજાને મળેલા બીજા પરોક્ષ લાભોનો સમાવેશ થતો ન હતો. સોના જેવાં ખનિજ, મૂલ્યવાન કલાકૃતિઓ અને ખાસ તો કીમતી રત્નો જ દેશભેગાં કરીને અંગ્રેજો ભારતની સમૃદ્ધિને વર્ષેદહાડે આટલી રકમનો ઘસારો પહોંચાડતા હતા. પરિણામે ૧૭મી સદીમાં મહાન ફ્રેન્ચ મુસાફર ઝિયાં બાપ્તિસ્ત તાવર્નિયરે પોતાના સફરનામામાં ભારતના જે ભવ્ય ખજાનાઓ અંગે હેરતજનક વર્ણન કર્યું તેમનાં ૧૯૪૭ સુધીમાં તો લગભગ તળિયાં દેખાતાં હતાં.'

'૧૯૪૭ના ભાવો મુજબ આગલાં બધાં વર્ષોના ભાવોને ઍડ્જસ્ટ કરાય તો ભારતમાં અંગ્રેજોએ ચલાવેલી લૂંટ વાર્ષિક સરેરાશ ૫૦ કરોડ પાઉન્ડ જેટલી હતી


લોકોને બીવડાવીને કમાવવાનો ધંધો

અમેરિકન સરકારે અનુમાન કર્યું છે કે તેના નાગરિકોએ અત્યાર સુધીમાં બીકના માર્યા ૨૫ અબજ ડોલર ખર્ચ્યા છે. કેમ કે લગભગ ઍક દાયકા પહેલા પોલ બ્રોડર નામના વિજ્ઞાનીએ એક લાંબી લેખમાળા લખી લોકોને ગભરાવી માર્યા કે તેમના ઘરમાં ઈલેક્ટ્રીક વાયરો વીજળીની સાથે વિદ્યુતચુંબકિય અસરો પણ ઠાલવે છે અને આ અસરોથી કેન્સર થાય છે. બસ પછી તો આ અસર ન થાય તે માટેનાં જાતજાતનાં ઉપકરણો બજારમાં વેચાયાં. આઠ વર્ષ પછી અમેરિકા ઉપરાંત કેનેડા અને બ્રિટનમાં કરાયેલા વિસ્તૃત અભ્યાસો દ્વારા સિદ્ધ થયું કે આવું કોઈ જોખમ વીજળીના તારો પેદા કરતા ન હતા. આ સંશોધકોએ ગાઈ વગાડીને લોકોને સમજાવ્યું કે કેન્સર પારજાંબલી કિરણોથી થઈ શકે છે. જે કિરણોના મોજાં તેનાથી વધુ લાંબાં હોય તે સલામત છે. આપણો સાદો પ્રકાશ પારજાંબલીથી વધુ લાંબાં મોજાં ધરાવે છે. ઈન્ફ્રારેડ કિરણ તેનાથીયે લાંબા છે અને રેડીઓ મોજાંઓ એથીયે વધુ લાંબા છે. વીજળીના તારથી પેદા થતાં ચુંબકીય મોજાં તો વળી માઈલો લાંબા છે ત્યાં કેન્સર થવાની વાત જ ક્યાં આવી?

હતાશ સ્ત્રીઓ અને નિતંબનું ફ્રેક્ચર

એકલતા, ડિસ્ટ્રેસ, ડિપ્રેશનથી પીડાતી સ્ત્રીઓને નિતંબનાં હાડકાંનું ફ્રેક્ચર થવાનો વધુ ભય રહે છે. ઓસ્લોની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક હેલ્થના વિજ્ઞાનીઓએ ૫૦ વર્ષની ઉપરની સાડા અઢાર હજાર સ્ત્રીઓનો અભ્યાસ કરીને તારણ કાઢ્યું છે કે સતત તાણ, અનિદ્રા, હતાશા હેઠળ જીવતી સ્ત્રીઓને જલદી હીપ ફ્રેક્ચર થઈ જાય છે. ટ્રીટમેન્ટ દરમિયાન સિડેટીવ્સ કે ટ્રાન્કિવલાઈઝર લેનારને ઊંઘ, બેહોશી જેવું લાગ્યા કરે છે. તેનાથી તો પડી જવાની અને ફ્રેક્ચર થઈ જવાની સંભાવના વધી જાય છે.

કૂતરાઓ પાસે મનુષ્ય કરતાં દસ ગણી વધુ પાવરફુલ ઘ્રાણેન્દ્રિય



કોઈ પણ મોટો અપરાધ બને કે તરત પોલીસ કૂતરા કામે લાગી જાય છે. કૂતરાની ઘ્રાણેન્દ્રિય કેવી રીતે કામ કરે છે અને એની કઈ શક્તિ ક્યારે કાર્યાન્વિત થાય છે? પોલીસ અફસરોના કહેવા મુજબ સ્નીફર ડોગ તરીકે લાબ્રાડોર કે આલ્સેસિયન (જર્મન શેફર્ડ) કૂતરા સૌથી શ્રેષ્ઠ છે. પરંતુ મહત્ત્વની વાત એ છે કે કુદરતે તમામ જાતિ-વંશના કૂતરાઓને માણસ કરતાં દસ ગણી વધુ પાવરફુલ વાસશક્તિ (ઘ્રાણેન્દ્રિય) આપી છે. તમને આંચકો લાગે એવું ઍક તથ્ય આ છે : કોઈ પણ કૂતરાના નાકમાં ૨૦ કરોડથી વધુ વાસગ્રંથિ હોય છે. અને વાસગ્રંથિય કેવી? કોઈ પણ ચીજવસ્તુનો માત્ર ઍક અણુ (ઍટમ) હોય તો પણ કૂતરાનું નામ ઍ પારખી લે છે. ઍની તુલનાઍ માણસના નાકમાં માત્ર ૫૦ લાખ વાસગ્રંથિ હોય છે અને એક અણુ હોય એવી વાસ એ કદી પકડી શકતા નથી.

રહસ્યમય કાર્ડ (ટેરટ) દ્વારા સાપ્તાહિક રાશિ ભવિષ્ય

બુધવાર ૧૧ નવેમ્બર થી મંગળવાર ૧૭ નવેમ્બર સુધી



રાહુ-કેતુ : રાહુ અને કેતુ રાશિ પરિવર્તન કરી ૫ ડિસેમ્બરના મકર તથા કર્ક રાશિમાં પ્રવેશે છે. જ્યાં ૨૩ જૂન ૨૦૨૮ સુધી ગોચર ભ્રમણમાં રહેશે. જ્યોતિષ શાસ્ત્રમાં રાહુ-કેતુ ઉત્તર-દક્ષિણના બિંદુઓ છે, ભૌતિક ગ્રહો નથી, ચંદ્ર અને સૂર્યની ભ્રમણ કક્ષાને છેદે છે જેમને છાયાગ્રહો તરીકે ઓળખવામાં આવે છે. જન્મકુંડળીમાં હંમેશા ૧૮૦ ડિગ્રીના અંતરે સ્થિત હોય છે. ખગોળશાસ્ત્ર મુજબ સૂર્ય-ચંદ્રના ચોક્કસ આંતરછેદ બિંદુઓ પર ગોઠવાય ત્યારે ગ્રહણ થાય છે. દંતકથા અનુસાર સમુદ્રમંથન સમયે રાક્ષસ સ્વર્ભાનુએ અમરત્વનું અમૃત પીવા માટે વેશપલટો કર્યો ત્યારે ભગવાન વિષ્ણુએ તેના ગળામાંથી પસાર થાય તે પહેલાં તેના ચક્રથી તેનું શિરચ્છેદ કર્યું, કપાયેલું માથું રાહુ અતૃપ્ત ઈચ્છા બન્યું અને શરીર કેતુ અલગતા-મુક્તિ બન્યું. મકર રાશિમાં પસાર થનાર રાહુ ૨૩ જૂન ૨૦૨૮ સુધી સિંહ, વૃશ્ચિક અને મીન રાશિની વ્યક્તિઓ માટે લાભદાયક નીવડશે. તેઓની સુખ સમૃદ્ધિમાં વધારો થશે. અવરોધાત્મક કાર્યો પૂરા થશે. તેઓનાં વ્યક્તિત્વમાં લાભદાયક ફેરફારો આવશે. માન-સન્માનમાં વધારો થશે.. **- ઇન્દ્રમંત્રી**

મેષ (અ. લ. ઈ.)
Ace of Swords - એસ ઓફ સ્વોર્ડસનું કાર્ડ નાણાંકીય બાબતોને કારણે તમે દ્વિધા અનુભવી રહ્યા હોવાનું સૂચવી જાય છે. નાણાંકીય દ્રષ્ટિએ નવું રોકાણ કરવાની ઈચ્છા હોવા છતાં તેનું આયોજન કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છો. સંતાનો સાથે આ અંગે ચર્ચા-વિચારણા દ્વારા માર્ગ મેળવી શકાશે. તા. ૧૫, ૧૬, ૧૭, શુભ.

વૃષભ (બ. વ. ઉ.)
Three of Swords - થ્રી ઓફ સ્વોર્ડસનું કાર્ડ વિના કારણ તમે નિરાશા અનુભવી રહ્યાનું અને અચાનક કોઈ ઘટના તમારા માટે મુશ્કેલી ઊભી કરવાનું વિચારી રહ્યા હોવાનું સૂચવી જાય છે જે ખોટો ભ્રમ સાબિત થશે. એકાદ હૃદયસ્પર્શી શુભાશુભ ઘટના ચાલુ સપ્તાહ દરમ્યાન બનશે. તા. ૧૧, ૧૨, ૧૭, શુભ.

ધન (ભ. ધ. ફ. ઢ.)
Temperance - ટેમ્પેરન્સનું કાર્ડ તમારા મનગમતા કાર્યોની સફળતા માટે વર્તમાન સમય દરમ્યાન તમારે ધૈર્યની જરૂર હોવાનું સૂચવી જાય છે. તમારા ભાગ્ય પરિવર્તન માટેનો હાલ સમય ચાલી રહ્યો છે જેનું શુભફળ ટુંક સમયમાં મેળવી શકશો. તમારા માનસન્માનમાં વધારો થશે. તા. ૧૩, ૧૪, ૧૭, શુભ.

મકર (ખ. જ.)
Five of Cups - ફાઈવ ઓફ કપ્સનું કાર્ડ વારસાગત સમસ્યાઓમાં તમારી ઈચ્છા વિરૂદ્ધના નિર્ણયો લેવાઈ રહ્યા હોવાથી તમે અશાંતિ અનુભવી રહ્યા હોવાનું સૂચવી જાય છે. તમારી ધારણા પ્રમાણેના કાર્યો ના થઈ રહ્યા હોય તેમાં હાલ સંયમ જાળવવો. ભવિષ્યમાં આશ્ચર્યજનક લાભ તમને પ્રાપ્ત થશે. તા. ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, શુભ.

મિથુન (ક. છ. ઘ.)
Knight of Wonds - નાઈટ ઓફ વોન્ડસનું કાર્ડ સપ્તાહ દરમ્યાન બની રહેલી ઘટનાઓ તમારો આનંદ ઉત્સાહમાં વધારો કરશે અને નવા કાર્યોના આયોજન માટે પ્રેરણાદાયક બનવાનું સૂચવી જાય છે. તમારી ઈચ્છાઓની પૂર્તિ માટેના સંજોગો ઉદ્ભવશે અને મનગમતા કાર્યો ધીરે ધીરે થઈ શકશે. તા. ૧૧, ૧૨, ૧૩, ૧૪, શુભ.

કર્ક (ડ. હ.)
The Magician - ધ મેજીસીયનનું કાર્ડ તમે નક્કી કરેલા કાર્યોમાં કઈ રીતે આગળ વધવું તેનું આયોજન કરી રહ્યા હોવાનું સૂચવી જાય છે. જે કાર્યોમાં સફળતા ઈચ્છી રહ્યા હશો તે નજીકના ભવિષ્યમાં થઈ શકશે. તમારા નોંધપાત્ર કાર્યોમાં જે અવરોધ આવેલા હશે તે દૂર થશે. ધાર્મિક યાત્રા થશે. તા. ૧૩, ૧૪, ૧૫, ૧૬, શુભ.

સિંહ (મ. ટ.)
Seven of Pentacles - સેવન ઓફ પેન્ટાકલ્સનું કાર્ડ તમારી મહેનત અને પુરૂષાર્થનું વર્તમાન સમય દરમ્યાન જે શુભફળ મેળવી રહ્યા છો તેનો સંતોષ હોવાનું સૂચવી જાય છે. શક્ય છે કોઈ એક ખાસ કાર્ય માટે તમે વધુ મહેનત કરી રહ્યા હશો. તમારી આવડત-હોંશિયારીનો પૂરો લાભ મેળવી શકશો. તા. ૧૫, ૧૬, ૧૭, શુભ.

કન્યા (પ. ઠ. ણ.)
Nine of Swords - નાઈન ઓફ સ્વોર્ડસનું કાર્ડ તમારા નિરાશાજનક વિચારોમાંથી બહાર આવવા સૂચવી જાય છે. હૃદયસ્પર્શી ઘટનાઓ સારી-ખોટી જીવનમાં બનવાની જેમાં કોઈ દુઃખદ ઘટનાથી મુંઝાવવાની જરૂર નથી. ધંધાકીય બાબતો સાથે સંકળાયેલી વ્યક્તિઓને નવું સાહસ થશે. તા. ૧૧, ૧૨, ૧૭, શુભ.

તુલા (ર. ત.)
The Hierophant ધ હેરોફન્ટનું કાર્ડ સ્વપ્રયત્નો દ્વારા કોઈ નવા સાહસ અંગેના નિર્ણયો લઈ રહ્યા હો તેમાં ઉતાવળા ન બનવા સૂચવી જાય છે. તમારે કોઈ માર્ગદર્શનની જરૂર છે નહિ તો નક્કી કરેલા કાર્યો અધૂરા રહેશે. કોઈ કાનૂની કાર્યવાહી ચાલી રહી હોય તેમાં સમાધાનકારી વલણ અપનાવવું લાભદાયક નીવડશે. તા.૧૨,૧૩,૧૪, શુભ.

વૃશ્ચિક (ન. ય.)
Queen of Swords - કવીન ઓફ સ્વોર્ડસનું કાર્ડ કૌટુંબિક બાબતોમાં હાલ તમે વધુ લાગણીશીલ બની રહ્યા હોવાનું સૂચવી જાય છે. કૌટુંબિક સમસ્યાઓના ઉકેલમાં તમારી ત્યાગવૃત્તિ હોવાથી સમાધાન દ્વારા પરિસ્થિતિ અનુકૂળ બનાવવા પ્રયત્નશીલ રહેશો. જીવનસાથીનો સહકાર મળશે. તા. ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, શુભ.

કુંભ (ગ. શ. સ. ષ.)
Four of Pentacles - ફોર ઓફ પેન્ટાકલ્સનું કાર્ડ ભૌતિક સુખસંપત્તિ, પૈસો અને યશ માત્ર તમને શાંતિ આપી શકે છે એ ભ્રમ તમારો દૂર થવાનો અનુભવ થવાનું સૂચવી જાય છે. વર્તમાન સમય તમારા જીવનમાં નવાં ફેરફારો આપનાર પૂરવાર થશે. તા. ૧૧, ૧૨, ૧૩, ૧૪, શુભ.

મીન (દ. ચ. ઝ. થ.)
Ten of Cups - ટેન ઓફ કપ્સનું કાર્ડ સ્વજનો અને મિત્રો સાથેના સંબંધોમાં વર્તમાન સમય દરમ્યાન તમે આશ્ચર્યજનક ફેરફારોનો અનુભવ કરશો તથા તમારી લાગણીઓને ક્યારેક ઠેસ પહોંચી શકવાનું સૂચવી જાય છે. વ્યક્તિઓ જે તમારી ખૂબ જ નજીક છે. તેની સાથેના સંબંધોમાં ફેરફાર આવશે.તા. ૧૩, ૧૪, ૧૫, ૧૬, શુભ.

નવું વિક્રમ સંવત કેમ આવ્યું? કારણ કે ભારતે અણમોલ અજોડ વિશ્વવિક્રમી પંચાંગ આપ્યું !

અનાવૃત
જય વસાવડા

ફટાકડા, દીવડા, રંગોળીના રંગો. મીઠાઈ. રોશની. બધું જ ઓગળી ગયા પછી, નવા કપડાં પણ કબાટમાં બંધ થઈ ગયા પછી, નવા વરસની સાફસૂફીમાં રાબેતા મુજબની અવ્યવસ્થા- અંધાધૂંધી શરૂ થઈ ગયા પછી પણ દિવાળીની એક ખરીદી આપણી સામે આવતી દિવાળી સુધી મોજૂદ રહેવાની છે. ગેસ વોટ?

કેલેન્ડર! ડટ્ટા! તારીખિયાં! હજુ પણ ઔપચારિકતા ખાતર તેમાં તિથિઓ લખાય છે. ન લખાઈ હોય તો ય 'તિથિ' મુજબની જાહેર રજાઓમાં અંગ્રેજી તારીખોને લાલ અક્ષરે નોંધાયેલી લોકો ગણી લે છે! બસ, મુહૂર્તની ઔપચારિકતા સિવાય જગતભરમાં બેજોડ, નંબર વન એવા ભારતીય પંચાંગ સાથે આપણો આટલો જ નાતો રહી ગયો છે?કેલેન્ડરના મૂળિયાં જેવા ભારતીય પંચાંગનો ઈતિહાસ દર દિવાળીએ કોઇને કોઇ ચર્ચે છે. આપણે પણ અગાઉ ચર્ચી લીધો છે, રીડરબિરાદરોની એક આખી જનરેશન એ પછી તો ઉમેરાઈ ગઈ !

કેલેન્ડરનું ચિત્ર સ્થિર રહી શકે છે, પણ એનાં દિવસો દોડતાં રહે છે. જુઓ, જોતજોતામાં વધુ એક વિક્રમ સંવત પસાર થઇ ગયું! દિવાળી સિવાય આપણને વિક્રમ સંવત યાદ નથી રહેતું. આપણા પંચાંગ ઉપર ૧૪મી સદીમાં શોધાયેલું ગ્રેગેરિયન કેલેન્ડર છવાઇ ગયું છે. અરે, જગતભરમાં એ સુપરપાવર દેશોનું કેલેન્ડર હોઇને તેની આણ વર્તાય છે. પણ આપણે દિવસોને હજુ પણ તારીખ કરતાં વધુ ઝડપથી વારના નામથી ઓળખીએ છીએ. તારીખો ઘડિયાળમાં જોવી પડે છે. વાર મોંઢે યાદ રહી જાય છે!

કોઈ પણ કેલેન્ડર એટલે કાળની સડસડાટ વહેતી નદીમાંથી માણસે ભરેલો ખોબો! કેલેન્ડર બનાવવા માટે દિવસ, માસ, વર્ષ એ ત્રણ બાબતોનો તાલમેલ ઝીલવો પડે. કાળગણના જગતભરમાં પૃથ્વી, સૂર્ય અને ચંદ્રની ગતિની સાપેક્ષે થતી આવી છે. દિવસની ગણત્રી સહેલી છે, કારણ કે બરાબર ૨૪ કલાકે સૂર્ય માથા પર (મધ્યાહ્નકાળ) આવે છે. પણ મહિના અને વર્ષની ગણત્રી જરા અટપટી છે, જેમાં 'અપૂર્ણાંક' સંખ્યાઓ આવે છે! ચંદ્ર પૃથ્વી ફરતેની પ્રદક્ષિણા ૨૯.૫૩૦૫૮૮૮૩ દિવસે પૂરી કરે છે. પૃથ્વી સૂર્ય ફરતેનો ચકરાવો ૩૬૫.૨૪૨૧૯૯ દિવસે પૂરો કરે છે. આ સંખ્યાઓ પૂર્ણાંક ન હોઈને એનો રોજીંદા જીવનમાં સરળ હિસાબ બેસાડવા સદીઓથી માથાકૂટ કરી અવનવા કેલેન્ડર્સ શોધવામાં આવે છે.

ભારતીય પંચાંગ અલબત્, કેલેન્ડર એ 'થોડા ઓર જ્યાદા'વાળી વિશેષ રચના છે. કેલેન્ડરમાં તારીખ-વારના બે જ અંગ હોય, જ્યારે પંચાંગમાં તિથિ, વાર, નક્ષત્ર, યોગ અને કરણ- એમ 'પાંચ અંગ' હોઈને પંચાંગ! મૂળ જ્યોતિષના અભ્યાસ માટે શોધાયું હોવાનું મનાતા પંચાંગમાં માન્યતા, દંતકથા, ક્રિયાકાંડોની ભેળસેળ છતાં રોમાંચક ખગોળવિજ્ઞાન છે!

જેમ કે, વિક્રમ સંવત. બંધારણસભાએ ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ અપનાવ્યું ત્યારે વિક્રમ સંવત (મિતિ માર્ગશીર્ષ શુક્લ સપ્તમી, સંવત બે હજાર છ) નો ઉલ્લેખ કર્યો હતો ! પણ પછી ભારત સરકારે ૨૨ માર્ચ ૧૯૫૭ (૧ ચૈત્ર ૧૮૭૯ શક યુગ) ના રોજ શક સંવતને દેશના સત્તાવાર નેશનલ કેલેન્ડર તરીકે સ્વીકાર્યું હતું. સ્વતંત્રતા બાદ ભારતમાં અલગ-અલગ પ્રદેશોમાં લગભગ ૩૦ જેટલાં વિવિધ સ્થાનિક કેલેન્ડરો ચલણમાં હતાં, જેના કારણે સરકારી અને નાગરિક કામકાજમાં મોટી મૂંઝવણ ઊભી થતી હતી. આ સમસ્યાના ઉકેલ માટે તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ પ્રખ્યાત વૈજ્ઞાનિક અને ખગોળશાસ્ત્રી પ્રો. મેઘનાદ સાહાની અધ્યક્ષતામાં 'કેલેન્ડર સુધાર સમિતિ'ની રચના કરી હતી. પછી ઈસ્વીસનમાં ૭૮ વર્ષ પ્લસ કરતુ ૩૬૫ દિવસનું સોલાર કેલેન્ડર શક સંવંત સ્વીકારવામાં આવ્યું જેનું બેસતું વર્ષ ચૈત્રમાં આવે.



પણ હજુ ધાર્મિક બાબતોમાં વિક્રમ સંવત ચાલે છે. શાલિવાહનનું શક સંવંત માત્ર સરકારી ઔપચારિકતા છે. વર્તમાન પ્રચલિત ઈસ્વીસનમાં ૫૬.૭ (૫૭) વર્ષ ઉમેરો એટલે વિક્રમ સંવતનું વર્ષ મળતું જાય. એવું મનાય છે કે ઉજ્જૈનના રાજા વિક્રમાદિત્યે શકો પરના વિજય મેળવવાની યાદમાં આ વર્ષ શરૂ કર્યું હતું. નેપાળમાં આજે એ સત્તાવાર કેલેન્ડર છે. એના ઉદ્ભવ સાથે શલાકાચાર્ય નામના જૈન સાધુની કથા જોડાયેલી છે. એક કથા વળી કાલિદાસ અને વરરૂચિ જેવા નવરત્નોથી શોભતા વિક્રમાદિત્યના દરબારના એક રત્ન ખગોળશાસ્ત્રી વરાહમિહિરની છે. વિક્રમ સંવત ગુજરાતમાં અને ઉત્તર ભારતમાં ખાસ્સું જાણીતું છે. પણ બાકીના ભારતમાં એટલું પ્રચલિત નથી!

દુનિયામાં ૧૫ પ્રકારના મુખ્ય કેલેન્ડર જાણીતા છે. પરંતુ આપણા જીવનનો હિસ્સો હવે અંગ્રેજી તારીખવાળું 'ગ્રેગેરિયન કેલેન્ડર' બની ગયું છે. ઈ.સ. ૧૫૮૨માં ખ્રિસ્તી પોપ ગ્રેગરીએ એ તૈયાર કરાવ્યું હતું. યુરોપિયન દેશોએ જૂના જુલિયન કેલેન્ડરને પડતું મૂકી એ અપનાવ્યું હતું. ગ્લોબલાઈઝેશનના જમાનામાં જાપાની, યહૂદી, ઈથિઓપિયન, જરથોસ્તી, ઈસ્લામી, બૌદ્ધ, કોપ્ટિક, શાલિવાહન (શાકે) તથા વિક્રમ સંવત જેવા કેલેન્ડર્સ ભૂલાતા જાય છે અને સાથોસાથ ભારતીય કાળગણનાની અટપટી લાગતી છતાં બેનમૂન એવી ખૂબીઓ પણ! જેમ કે,પશ્ચિમી કેલેન્ડરમાં સમયની ગણતરી સેકન્ડથી શરૂ થાય છે, જ્યારે ભારતીય પંચાંગમાં સમયને 'ત્રુટિ' (સેકન્ડનો લાખમો ભાગ) જેવા અત્યંત સૂક્ષ્મ એકમથી લઈને 'મહાયુગ' અને 'કલ્પ' (અબજો વર્ષો) જેવા વિશાળ એકમોમાં માપવામાં આવ્યો છે.

જો કે, આવા પંચાંગ આધારિત કેલેન્ડરની અદ્ભુત કમાલ છે. તિથિ! અંગ્રેજી (ગ્રેગેરિયન) કેલેન્ડરની તારીખોની માફક આપણે ત્યાં તિથિઓ માસમાં સળંગ ગણાતી નથી. દર પંદર દિવસે એટલે કે પખવાડિયે ગણાય છે. શુક્લ પક્ષ ઉર્ફે સુદ ઉર્ફે અજવાળિયાના પંદર દિવસ અને કૃષ્ણ પક્ષ ઉર્ફે વદ ઉર્ફે અંધારિયાના પંદર દિવસ, એમ મહિનો પૂરો થાય છે. આ ગણત્રી ચંદ્ર પર આધારિત હોઈને ભારતીય પંચાંગ ચંદ્રમાસ પર આધારિત 'લ્યુનાર કેલેન્ડર' બને છે. તિથિ દિવાલ પરના તારીખિયામાં જોઈને આપણે 'દિવસ'થી ઓળખીએ છીએ, પણ વાસ્તવમાં તિથિ એ જે તે 'દિવસ' નથી ! જુદો એકમ છે.

વૈજ્ઞાનિક રીતે કહીએ તો સૂર્ય અને ચંદ્ર વચ્ચેનું અંતર બતાવતી સંજ્ઞા એટલે તિથિ! પૃથ્વી સૂર્ય ફરતે ચકરાવો લે છે, પણ પૃથ્વી પરથી તો સૂર્ય જ ફરતો હોય એવું લાગે છે. પ્રાચીન વિદ્વાનોએ એના આધારે સૂર્યનો પ્રવાસમાર્ગ નક્કી કરી, એને 'ક્રાંતિવૃત્ત' નામ આપ્યું. એને ફરતેના તારામંડળોના આધારે એના ૧૨ ભાગ કરવામાં આવ્યા. એ બાર ભાગ એટલે બાર રાશિઓ! સંપૂર્ણ વર્તુળ ૩૬૦ ડિગ્રીનું હોય, એટલે દરેક રાશિનો વ્યાપ ૩૦ ડિગ્રીનો થાય. ઘડિયાળના ડાયલ જેવું પૃથ્વી, સૂર્ય અને ચંદ્રની ગતિનું કાલ્પનિક ડાયલ બનાવીને ગાણિતિક સમીકરણો કામે લગાડી તિથિનું માપ કાઢવામાં આવે છે. એની ડકવર્થ લુઈસની યાદ દેવડાવતી ફોર્મ્યુલા છેઃ (પૃથ્વી સંદર્ભે) ચંદ્રના અક્ષાંશમાંથી સૂર્યના અક્ષાંશ (અક્ષાંશ એટલે લેટિટ્યુડ) બાદ કરી એને ૧૨ ડિગ્રીથી ભાગવામાં આવે પછી મળતો આંકડો ૧૫થી વધુ હોય તો તિથિ સુદની અને ઓછો હોય તો તિથિ વદની ગણાય છે.

ગ્રેગેરિયન કેલેન્ડર મુજબ મધરાતના બાર વાગે કે દિવસ બદલાય એવું તિથિમાં શક્ય નથી. ખરેખર એનો સંબંધ નજરે દેખાતા સૂર્યોદય કે સૂર્યાસ્ત સાથે પણ નથી. એટલે તો ઘણીવાર કાળીચૌદશ સવારે ચાલુ હતી પણ બપોર પછી દિવાળી થઇ ગઈ એવું ધોકાનું પાથરણું આવે છે ! તિથિ તો સૂર્ય, ચંદ્ર અને પૃથ્વી એ ત્રણેયની પરસ્પર સાપેક્ષ ગતિ પર આધારિત છે. માટે ઘણીવાર એક દિવસમાં બે તિથિ આવે છે કે, તિથિનો ક્ષય થતો હોય છે. તિથિનો ગાળો ૧૯ કલાકથી લઈને ૧૬ કલાક સુધીનો હોય છે. જેમ અંગ્રેજી કેલેન્ડરમાં પૃથ્વીને સૂર્ય ફરતી પ્રદક્ષિણાના સાચા સમય અને સગવડતા માટે ગોઠવેલા ૩૬૫ દિવસ વચ્ચેનો હિસાબ પૂરવા દર ચાર વર્ષે 'લિપ ઈયર' આવે છે, અને ૨૯ ફેબ્રુઆરીનો એક વધારાનો દિવસ 'એડજસ્ટ' થાય છે, તેમ ભારતીય પંચાંગમાં લગભગ દર અઢી વર્ષે 'અધિક માસ' ઉમેરાય છે.

ચંદ્રમાસ (ચંદ્રને પૃથ્વી ફરતે ૧ પ્રદક્ષિણાનો સમય) ૨૯ દિવસ, ૧૨ કલાક, ૪૪ મિનિટ અને ૩ સેકન્ડનો છે. આવા ૧૨ મહિનાનો સરવાળો કરો તો વર્ષ ૩૫૪ દિવસ, ૮ કલાક, ૪૮ મિનિટ અને ૩૬ સેકન્ડનું બને! જ્યારે સૂર્ય વર્ષ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકન્ડનું છે. ઋતુઓ સૂર્યવર્ષ મુજબ બદલાતી રહે છે. ભારતીય પંચાંગકારોએ સૂર્ય-ચંદ્ર બંનેનું કોમ્બિનેશન વિચાર્યું હોઈને બે વચ્ચેનું એડજસ્ટમેન્ટ સાદા ગણિત મુજબ ૬૦ સૂર્યમાસ = ૬૨ ચંદ્રમાસ એવું થાય. એટલે દર ૩૦-૩૨ મહિને ભારતીય પંચાંગમાં એક મહિનો ઉમેરવામાં આવે છે!

આ અધિક માસ ક્યારે આવે તેની વેધશાળાના નિષ્ણાતો ગણતરી ફરી તિથિ મુજબ જ કરે છે. ૩૨ માસ, ૧૬ દિવસ, ૧ કલાક અને ૪૬મી મિનિટે એવો માસ આવે છે, જ્યાં સૂર્ય ૩૦ દિવસ સુધી બીજી રાશિમાં પ્રવેશ કરતો નથી. લાંબા ગાળે આવી રીતે કેટલાક દિવસોનું બેલેન્સ જરૂર કરતાં વધુ જમા પણ રહે છે. એટલે સ્તો, કેટલાક તજજ્ઞોના મતે દર ૧૪૧ વર્ષે અને એ પછીના ૧૯ વર્ષે 'ક્ષયમાસ' પણ આવે છે. એની ગણત્રી અંગે જો કે મતભેદ છે. (છેલ્લો ક્ષયમાસ ૧૯૮૩માં આવ્યો હતો) જો કે, કેલેન્ડરના ડટ્ટામાં તિથિનો ક્ષય પણ આ ગણિત અને ખગોળના વિજ્ઞાનને લીધે જ થાય છે. ક્ષયમાસમાં જો કે સૂર્ય જમ્પ લગાવી બે રાશિને એકસાથે 'કવરઅપ' કરે છે.

ધાર્મિક કથાઓમાં પોતાનું કોઈ નામ ન રહેતા ઉદાસ બનેલા અધિક માસને વિષ્ણુએ પોતાનું નામ 'પુરૂષોત્તમ' આપ્યું એવું કહેવાય છે. પરંતુ, ભારતીય કાળગણનામાં દરેક માસના નામો નક્ષત્ર પરથી આવ્યા છે. કારતક કૃતિકા પરથી તો માગશર મૃગશીર્ષ પરથી. વિશાખા પરથી વૈશાખ અને ચિત્રા પરથી ચૈત્ર. જયેષ્ઠા પરથી જેઠ અને ભાદ્રપદા પરથી ભાદરવો. પુષ્ય પરથી પોષ અને માઘ પરથી મહા. ફાલ્ગુની પરથી ફાગણ અને અશ્વિની પરથી આસો! શ્રવણ પરથી શ્રાવણ અને અષાઢા પરથી અષાઢ!

નક્ષત્ર ચંદ્રના પરિક્રમાપથના તારાઓની સાપેક્ષે થતા કુલ ૨૭ વિભાગો છે. વર્તુળની ગાણિતિક ભાષામાં વાત કરીએ તો ચંદ્રે કાપેલું ૧૩.૨૦ ડિગ્રીનું અંતર! વર્તુળનો સત્તાવીસમો ભાગ એ નક્ષત્ર. એવી જ રીતે સૂર્ય અને ચંદ્રના અક્ષાંશોના સરવાળાનો ૨૭મો ભાગ તે યોગ. બાબા રામદેવવાળો (મૂળ તો ઋષિ પતંજલિવાળો!) યોગ નહિ, પણ જ્યોતિષ શાસ્ત્રવાળો યોગ. (ધનયોગ, હાનિયોગ વગેરે!) એવું જ એકમ છે કરણ. પણ યોગ, કરણ કે નક્ષત્રને કેલેન્ડરની કાળગણના સાથે ખાસ લેવાદેવા નથી.

એક વાત વિચારવા જેવી છે. આપણા પ્રાચીનતમ ગ્રંથોમાં તિથિ કે માસના ઉલ્લેખો હશે, પણ વારના ઉલ્લેખો જોવા મળતા નથી. 'સાત'નો આંકડો તો જરા અટપટો છે. સપ્તાહ પણ વરસમાં કુલ એને લીધે '૫૨' જેવા 'ઓક્વર્ડ ફિગર' પર પહોંચે છે. પૃથ્વીને ફરતે ચંદ્રના પરિભ્રમણને પણ કંઇ ૭ વડે ભાગી શકાય (ડિવાઈડેબલ) એવા ૨૧ દિવસ થતા નથી. સાડી ઓગણત્રીસ દિવસથી વધુ સમય લાગે છે, એટલે તો કેલેન્ડરમાં થોડા દિવસો કે અધિક માસ 'મેનેજ' કરવો પડે છે! સાત સૂર ને મેઘ્ધાનુંશના સાત રંગથી આપણે ત્યાં સાતનો મહિમા ખરો.

બ્રહ્મવૈર્વત પુરાણ અનુસાર બ્રહ્માની પત્ની સાવિત્રી બાળકને જન્મ દેવા તૈયાર થઈ, ત્યારે સપ્તાહના સાત દિવસો તેની સેવામાં રહ્યા. વધુ જાણીતી વાત બાઈબલના 'નોઆહઝ આર્ક' જેવી જ મત્સ્યાવતારની પુરાતન કથા છે, જેમાં પ્રલયમાંથી બચેલા સપ્તર્ષિઓનો ઉલ્લેખ છે. એક વાયકા મુજબ સાત ઋષિઓના તારા બનાવીને આપણે એમની પત્નીઓના નામ નક્ષત્રોને આપ્યા છે.

રસપ્રદ વાત વળી 'વાસર' તરીકે ઓળખાતા વારના નામકરણ છે. બધા વાર કોઈ ને કોઈ ગ્રહોના નામ પર છે, એ તો દેખીતું છે. પણ કઈ રીતે? પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રીઓએ દિવસને ચોવીસ કલાકમાં વહેંચ્યા પછી વધુ જાણીતા (નરી આંખે દેખાતા અને સૂર્યમાળાના) સાત અવકાશી ગોળા પસંદ કર્યા. (ઘણી સંસ્કૃતિઓએ અજબ સામ્ય દેખાય તેમ આવું કર્યું છે, જેમ કે 'સન'ડે જ રવિવાર છે. 'મૂન' ડે ઉર્ફે મન્ડે જ સોમવાર!) પણ ભારતીય પંચાંગમાં એનો ક્રમ કેવી રીતે નક્કી થયો?

સ્વદેશી કેલેન્ડર અપનાવતી વખતે ભારત સરકારે વિક્રમ સંવતને બદલે સૌર માસ આધારિત 'શક સંવત'ને ભારતનું અધિકૃત કેલેન્ડર બનાવ્યું. એનું ઓપનિંગ કારતકને બદલે ચૈત્રથી તથા ક્લોઝિંગ આસોને બદલે ફાગણથી થાય છે

વેરી ઈન્ટરેસ્ટિંગ. કોઈ ગેમ શોના રાઉન્ડ જેવું! ડિસેન્ડિંગ ઓર્ડર યાને ઉતરતા ક્રમમાં શનિ-ગુરૂ- મંગળ-સૂર્ય- શુક્ર- બુધ-ચંદ્ર એવો ક્રમ નક્કી થયો. કયા આધારે? વેલ, દરેક ગ્રહની ભ્રમણકક્ષાના આધારે! સૌથી મોટી ભ્રમણકક્ષા ધરાવતો શનિ નંબર વન, અને સૌથી ટચૂકડી ભ્રમણ કક્ષા ધરાવતો ચંદ્ર લાસ્ટ! હવે સવાલ થવો જોઈએ કે તો સૂર્ય વચ્ચે કેમ? એ એમ કે સૂર્ય પૃથ્વીના પ્રતિનિધિ રૂપે છે. પૃથ્વી પરના માનવને તો સૂર્ય જ ફરતો દેખાય ને? એટલે પૃથ્વીની ભ્રમણકક્ષાના પ્રતીક રૂપે સૂર્ય!

બસ, હવે ભારતના ઋષિઓએ આ ક્રમમાં દરેક ગોળાને દિવસના એક-એક કલાકનો સ્વામી બનાવ્યો, અને પહેલા કલાકનો જે સ્વામી હોય, તેના પરથી એ દિવસનું નામ પાડ્યું! 'અક્કડ બક્કડ બમ્બે બો' જેવી આ ગોઠવણીમાં નેચરલી શનિથી શરૂઆત થાય એટલે પહેલા શનિવાર આવે. શનિથી ચંદ્ર સુધીના નામો વન બાય વન ચોવીસ ખાનાઓમાં ગોઠવતા જાવ, તો ૨૫માં કલાકમાં પહેલો વારો સૂર્યનો આવે, એટલે શનિ પછી રવિ! ફરી એ જ ચક્ર ચાલુ રાખો તો ૨૫મો કલાક ચંદ્રને સમર્પિત થાય, માટે રવિ પછી સોમ! ક્યા બાત હે! ટેલિસ્કોપ અગાઉના સમયમાં ભ્રમણકક્ષાની સચોટ ગણતરી અને આવું મેજીકલ લોજીક!

દુનિયામાં અવનવા કેલેન્ડર્સ છે. બધાને આગવી વિશેષતાઓ છે. ઈન ફેક્ટ સપ્તાહ યાને વીકની વાતોનો ગ્લોબલ પાઠ પણ ફરી ક્યારેક શીખવા સમજવા જેવો છે. સાઠ મિનિટ ને એ રીતે બારનો એકમ દશાંશને બદલે છ અંકોમાં માનતી સુમેરિયન સંસ્કૃતિની ભેટ છે.જે ૧૨ મહિના ને ત્રીસ દિવસ સાથે ભાગાકારના મેળમાં બેસી જાય છે. પણ ભારતીય કાળગણના જેવી અને જેટલી બારીક ગણત્રી શોધવી દુર્લભ છે. એમાં વળી ખગોળનું વિજ્ઞાન છે, તો સંસ્કૃતનું સાહિત્ય પણ છે.

સેમ ટુ યુ ટાઈપ કરી દિવાળીમાં આંગળા ઠરડાઈ હોય એવા દેશપ્રેમી થનગનભૂષણોને જરા પંદર તિથિના નામો બોલવાનું તો કહો! એકમ, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, અગિયારસ, બારસ, તેરસ, ચૌદસ, પૂનમ, અમાસ. બરાબર? હા. પણ આ તો લોકબોલીના શબ્દો છે મૂળ શબ્દો છે. પ્રતિપદા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, સપ્તમી, અષ્ટમી, નવમી, દશમી, એકાદશી, દ્વાદશી, ત્રયોદશી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાવસ્યા!

સંસ્કૃતિનું ગાંડાતૂર થઈને ગૌરવ લેવાથી એ સચવાતી નથી. એ માટે એનો અભ્યાસ કરવો પડે. આજે સૌર માસવાળા ગ્રેગેરિયન કેલેન્ડરની બોલબાલા સર્વવ્યાપી છે. એ અધૂરું હોવા છતાં 'સગવડિયું' છે. એટલે તો સ્વદેશી કેલેન્ડર અપનાવતી વખતે ભારત સરકારે પણ વિક્રમ સંવતને બદલે સૌર માસ આધારિત 'શક સંવત'ને ૨૨મી માર્ચ ૧૯૫૭ના દિવસે ભારતનું અધિકૃત કેલેન્ડર બનાવ્યું. શાલિવાહન રાજાના કાળનું આ કેલેન્ડર ઈસ્વીસનથી ૭૮ વર્ષ પાછળ છે, અને એનું ઓપનિંગ કારતકને બદલે ચૈત્રથી તથા ક્લોઝિંગ આસોને બદલે ફાલ્ગુન (ફાગણ)થી થાય છે. ચંદ્ર માસવાળી ગણત્રી સચોટ છે, પણ અટપટી છે. પણ જો કુંડળી જેટલો ય રસ તેમાં પડે તો ચટપટી પણ છે!

હવે સમજાયું દિવાળી પછી ક્યારેક 'ધોકો' કેમ આવે? વિશ્વના પ્રાચીનતમ ગ્રંથ ગણી શકાય એવા ઋગ્વેદમાં ખગોળશાસ્ત્રના સંદર્ભો છે. 'સૂર્યસિધ્ધાંત' ગ્રંથમાં પંચાંગની વિશદ છણાવટ છે. પણ મા-બાપે ચોકઠાં ગોઠવેલા લગ્નો સિવાય કે હિન્દુ વિધિમાં અંતિમ સંસ્કાર પછીના ક્રિયાકાંડો સિવાય અને તહેવારોની રજાઓ સિવાય તિથિઓ યાદ પણ કોને રહે છે?

ઋષિઓને બ્રહ્માંડ જોઈને વિસ્મય થયું, અને એમણે અન્વેષણ કર્યું. બધું આપણી પાસે જ હોય એવી સર્વજ્ઞતાનો ફાંકો લઈને ફરતા અને ઋષિઓના નામમાત્રથી ભીનાભીના થઈ જતા ભારતીયોને આ જીજ્ઞાસા મોક્ષપ્રાપ્તિ સિવાય કેળવવી નથી. શહેરની ચકાચૌંધ લાઈટસથી દૂર ચૂપચાપ કલાકો સુધી તારામઢ્યું આકાશ પણ છેલ્લે ક્યારે નિહાળ્યું હતું?

આપણે ખગોળશાસ્ત્ર અને ગણિતનો પાયો નાખ્યો, પણ એના પર અદ્ભુત મહેલ પશ્ચિમમાં ચણાયો. પંચાંગની ગમે તેટલી ગણતરી પછી વગર જ્યોતિષે પણ કહી શકાય કે જ્ઞાનવિજ્ઞાનની જીજ્ઞાસાના મામલે નવા વિક્રમ સંવતમાં પણ આપણું ભાવિ અંધકારમય છે! અહોભાવમાંથી મુક્ત થઈ આપણા વારસાની ઉત્તમ બાબતોના અભ્યાસ વિના નવા વિક્રમો કેમ સર્જાશે? નવી પેન્ટન્ટ છોડો, નવી ટેલન્ટ પણ બંધિયાર વાતાવરણથી ગૂંગળાઈ ચૂપચાપ વિક્રમ સંવતનું પ્યારું વતન છોડી બાર વાગે ડેટ બદલાવતા કેલેન્ડરના દેશોમાં સ્થાયી થઈ જાય છે,અને ટોચ પર પહોંચી ય જાય છે !

તો દુનિયાના કોઈ પણ ખૂણે, જેણે પણ આ પંચાગપુરાણ વાંચ્યું એમને નૂતન વર્ષાભિનંદન.

ઝિંગ થિંગ

ન કાલો દંડમુદ્યમ્ય શિરઃ કૃન્તિ કસ્યચિત્? કાલસ્ય બલમેતાવદ્વિપરીતાર્થદર્શનમ્?

(મહાભારત)

ભાવાર્થઃ કાળ કંઈ દંડ ઉગામીને કોઈનું માથું ફોડતો નથી, પણ આવું માનીને કાળને ન અનુસરવું, (એટલે બહુ ગુમાનમાં રહી બદલતા સમયને ન પારખીને પાછળ પડી જવું) એ જ કાળનું બળ છે!

નૂતન વર્ષમાં ખોલો ખુશીઓનો ખજાનો : જાણો હેપ્પી હોર્મોન્સનું રહસ્ય

ગોચર-અગોચર
દેવેશ મહેતા

■ 'Happiness is not only in achieving a goal, it is also in the anticipation and pursuit of it.

ખુશી (સુખ) માત્ર લક્ષ્ય પ્રાપ્ત કરવામાં જ નથી, પરંતુ તે લક્ષ્યની આશા રાખવામાં અને તેને મેળવવા માટે પ્રયત્ન કરવામાં પણ છે.'

■ 'Let your dreams give you direction and your progress give you joy.

તમારા સપનાઓને દિશા નક્કી કરવા દો અને તમારી પ્રગતિને ખુશીનું કારણ બનવા દો.

■ 'Emotional Well-being is not about feeling happy every moment, it is about learning to navigate your emotions.¥

ભાવનાત્મક સુખાકારીનો અર્થ દરેક ક્ષણે ખુશ રહેવું નથી, પરંતુ પોતાની લાગણીઓને સમજતાં અને સંભાળતાં શીખવું છે.

■ 'Peace begins when you stop fighting every feeling and start understanding it.

જ્યારે તમે દરેક લાગણી સામે લડવાનું છોડીને તેને સમજવાનું શરૂ કરો છો ત્યારે શાંતિ આવે છે.'

■ 'Laugh often, love deeply and live joyfully.

ખૂબ હસો, દિલથી પ્રેમ કરો અને ખુશીથી જીવન જીવો.'

■ 'Love, laughter and kindness are the little medicines for the soul.

પ્રેમ, હાસ્ય અને દયાભાવ આત્મા માટે નાની નાની ઔષધિઓ સમાન છે.'

■ 'A Warm hug can say what a thousand words cannot.

એક હૂંફાળું આલિંગન એ કહી શકે છે, જે હજારો શબ્દો પણ નથી કહી શકતા.'

■ 'Surround yourself with people who make your soul happy.

એવા લોકોની સાથે રહો, જે તમારા આત્માને ખુશી આપે છે.'

એક સંસ્કૃત સુભાષિતમાં કહેવામાં આવ્યું છે - 'ચિત્તે પ્રસન્ને ભુવનં પ્રસન્નમ્, ચિત્તે વિષણ્ણે ભુવનં વિષણ્ણમ્ । અતોઽભિલાષો યદિ તે સુખે સ્યાત્' ચિત્તપ્રસાદે પ્રથમ યતસ્વ॥ જો આપણું મન પ્રસન્ન (ખુશ) હોય તો આપણને આખું જગત પ્રસન્ન દેખાય છે, જો આપણું મન વિષાદ ભરેલું હોય તો આપણને આખું જગત વિષાદ (દુઃખ) ભરેલું લાગે છે. એટલે જો તમે જીવનમાં સુખ પ્રાપ્ત કરવા માંગતા હો તો સૌથી પહેલાં તમારા પોતાના મનને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરો.' અષ્ટાવક્ર ગીતામાં અષ્ટાવક્ર મુનિ જનક રાજાને પ્રથમ અધ્યાયના બીજા શ્લોકમાં કહે છે - 'ક્ષમાર્જવદયાતોષસત્યં પીયૂષવદ્ભજ ॥ ક્ષમા, સરળતા, દયા (કરુણા) સંતોષ અને સત્યને અમૃત જેવું સમજીને એનું સેવન કરો. આમાં સંતોષને અમૃત સમાન કહેવામાં આવ્યો છે. સંતોષ પ્રસન્નતાનો આધાર છે અને પ્રસન્નતાની સહજ અભિવ્યક્તિ છે. પ્રસન્નતા અને સંતોષ એકબીજાના પૂરક છે.'

શ્રીમદ્ ભગવદ્ગીતાના બીજા અધ્યાયના પાંસઠમા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે - 'પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે । પ્રસન્નચેતસો હયાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥ ચિત્ત પ્રસન્ન (શાંત/નિર્મળ) થાય છે ત્યારે મનુષ્યના બધા દુઃખોનો નાશ થઈ જાય છે. પ્રસન્ન ચિત્તવાળા વ્યક્તિની બુદ્ધિ ચોક્કસ જ ખૂબ જલદીથી સ્થિર થઈ જાય છે.'

શાસ્ત્રો પ્રસન્નતા, સંતોષ, પ્રેમ, કરુણા જેવા સદ્ભાવોને અમૃત જેવા કહે છે તેમ શરીર વિજ્ઞાનીઓ પણ એમને સ્વાસ્થ્ય માટે સંજીવની રૂપ અમૃત કહે છે. પ્રશ્ન એ થાય કે આવી ખુશી, સંતુષ્ટિ અને સંતૃપ્તિની અનુભૂતિ આપણને કેવી રીતે થાય છે? તો એનો જવાબ આપતા શરીર વિજ્ઞાનીઓ કહે છે કે આપણા શરીરમાં ઉત્પન્ન થતા હોર્મોન અને ન્યૂરોટ્રાન્સમીટર આવી અનુભૂતિ કરાવે છે. હોર્મોન શરીરમાં આવેલી જુદી જુદી ગ્રંથિઓ દ્વારા ઉત્પન્ન કરાતા રસાયણો હોય છે. તે રક્તપ્રવાહના માધ્યમથી ફરે છે, સંદેશવાહકના રૂપમાં કાર્ય કરે છે અને અનેક શારીરિક પ્રક્રિયા થવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ મહત્વપૂર્ણ કાર્યોમાં એક આપણા મૂડને નિયંત્રિત કરવામાં મદદરૂપ બને છે. કેટલાક હોર્મોન ખુશી અને આનંદ સહિત હકારાત્મક ભાવોને વધારવા સહાયકારી બને છે. એમને 'હેપી હોર્મોન્સ', 'ફિલ ગુડ હોર્મોન્સ' તરીકે ઓળખવામાં આવે છે.



મસ્તિષ્કના ૩૦ જેટલા દ્રવ્ય પદાર્થ ન્યૂરો હોર્મોન્સ, ન્યૂરો ટ્રાન્સમીટર્સની ભૂમિકા ભજવે છે. જ્યારે શરીર વિજ્ઞાનીઓએ એ જાણવાનો પ્રયત્ન કર્યો કે અફીણ (Morphine) સખત પીડા કે વેદનાની અનુભૂતિને દબાવી દેવા માટે મસ્તિષ્કના ક્યા ભાગ પર અસર કરે છે તો તેમણે મધ્ય મસ્તિષ્ક (Midbrain) ના ભાવનાઓ સાથે સંબંધિત ભાગમાં એવી વ્યવસ્થા જોઈ જે અફીણના રસાયણો સાથે જોડાઈ પીડા-વેદના દબાવી દેતી હતી. એ શોધના સંદર્ભમાં ૧૯૭૫માં જ્હોન હ્યુજેસ અને અન્ય શરીર વિજ્ઞાનીઓએ અફીણ સાથે મળતી આવે તેવી રાસાયણિક સંરચનાવાળા પીડાનાશક અને આનંદની અનુભૂતિ કરાવનારા એન્કેફેલિન (Enkephalin) હોર્મોનની શોધ કરી.

એન્કેફેલિન નાના પેપ્ટાઇડસ છે જે ન્યૂરોટ્રાન્સમીટર તરીકે કામ કરે છે. તે માનસિક દબાણ ઉત્પન્ન થાય તેવી પરિસ્થિતિ વચ્ચે મનોબળ દ્રઢ બનાવે છે અને તણાવમાંથી છૂટકારો અપાવે છે. મસ્તિષ્કમાં ઉત્પન્ન થતું એન્ડોર્ફિન (Endorphin) હોર્મોન પણ ન્યૂરોટ્રાન્સમીટરનું કામ કરે છે. તે પિટ્યુટરી અને સેન્ટ્રલ નર્વસ સીસ્ટમ દ્વારા બનાવવામાં આવતા પોલીપેપ્ટાઇડસ છે જે તણાવ ઘટાડે છે અને પીડા દૂર કરે છે. એન્ડોર્ફિનની કામગીરી વખતે જ ડોપામાઈનનું ઉત્પાદન વધી જાય છે જેનાથી ખુશી-આનંદની અનુભૂતિ થાય છે. ડોપામાઈન (Dopamine) હોર્મોન અને ન્યૂરોટ્રાન્સમીટર બન્ને છે. હાર્વર્ડ મેડિકલ સ્કૂલ તેને 'ધ પાથવે ટુ પ્લેઝર (the pathway to pleasure) તરીકે ઓળખાવે છે. હાર્વર્ડ યુનિવર્સિટીના રોબર્ટ વાલ્ડિંગર (Robert Waldinger) દ્વારા પ્રસ્તુત સુખી જીવન માટે આવશ્યક તત્ત્વો પર કરાયેલા સંશોધનોને પૂરા થવામાં ૭૫ વર્ષથી વધુ સમય લાગ્યો એમાં ૨૦૦૦થી વધુ લોકો પર અધ્યયન કરાયું. એનું વિશ્લેષણ કર્યા પછી મજબૂત સંબંધો, સારું સ્વાસ્થ્ય અને ખુશી (પ્રસન્નતા) વચ્ચે એક સ્પષ્ટ સંબંધ જોવામાં આવ્યો. હકારાત્મક સંબંધો બનાવી રાખવાથી ઉંમર વધવાની પ્રક્રિયાને ધીમી પાડવા અને લાંબી ઉંમર સુધી જીવવામાં મદદ મળે છે. ખુશીના હોર્મોન (Happ Hormones) થી અને શારીરિક - માનસિક લાભ થાય છે. ડોપામાઈન ખુશીનો અનુભવ કરાવે છે ત્યારે તે કંઈક કરવાની પ્રેરણા આપે છે. તે વ્યક્તિને તેના કામ માટે પુરસ્કૃત પણ કરે છે કેમ કે તે આપણા પુરસ્કાર તંત્ર સાથે જોડાયેલ છે.'

સેરોટોનિન (Serotonin) એક મહત્વપૂર્ણ ન્યૂરોટ્રાન્સમીટર અને રસાયણ છે તેને પણ ખુશીનું હોર્મોન (Feel-good chemical) કહેવાય છે. સેરીટોનિન તંત્રિકા કોશિકાઓ (nerve cells) ની વચ્ચે સંદેશા મોકલવાનું કામ કરે છે. એનો લગભગ ૯૦ % ભાગ આપણા આંતરડા (digestive tract) માં અને ૧૦ % મસ્તિષ્કમાં બને છે. તે જરૂરી એમિનો એસિડ ટ્રિપ્ટોફેન (Tryptophan) થી બને છે.

સેરોટોનિન મનોદશા (mood) ને નિયંત્રિત કરે છે. તેનું સ્તર સામાન્ય રહે ત્યારે તે વ્યક્તિને શાંત, ખુશ અને સ્થિર રાખે છે. તે નિદ્રાના ચક્રને નિયંત્રિત કરનારા હોર્મોન મેલાટોનિનમાં મદદરૂપ બને છે. તે આંતરડામાં પાચનક્રિયા સારી કરે છે. તે રક્તવાહનીઓને સંકોચીને લોહીને ગંઠાવામાં મદદ કરે છે. સેરોટોનિનની ઓછપ અવસાદ (Depression), અત્યધિક ચિંતા (Anxiety) અને અનિદ્રા (Insommia) જેવી સમસ્યાઓ ઉત્પન્ન કરે છે. તડકાનું સેવન કરવાથી, યોગાસન અને વ્યાયામ કરવાથી અને યોગ્ય ખાન-પાનથી ટ્રિપ્ટોફેન અને સેરોટોનિનમાં વૃદ્ધિ થાય છે.

ઓક્સીટોસિન (Oxytocin) શરીરનું મુખ્ય હોર્મોન અને ન્યૂરોટ્રાન્સમીટર છે જેને લવ હોર્મોન (Love Hormone) કે 'બોન્ડિંગ હોર્મોન' કહેવામાં આવે છે. તે આપણા સામાજિક સંબંધો, ભાવનાઓ અને પ્રજનન પ્રણાલી (Reproductive System) માં બહુ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે મસ્તિષ્કના હાઈપોથેલમસ ભાગમાં બને છે અને પિટ્યુટરી ગ્રંથિ દ્વારા રક્તમાં રેડવામાં આવે છે. આ હોર્મોન પારસ્પારિક પ્રેમ, લગાવ, વિશ્વાસની વૃદ્ધિ કરે છે, કોઈના પરત્વે હૂંફાળી લાગણી, સ્નેહ જાગે, આંતર-ઐક્ય ઉદ્ભવતા પ્રેમનો ભાવ જાગે ત્યારે આ હોર્મોન ઉત્પન્ન થાય છે. આ બધા ઉત્કટ ભાવો સાથે જોડાયેલી કેટલીક વિશિષ્ટ શારીરિક પ્રક્રિયાઓ જેવી કે પ્રિય વ્યક્તિનો હાથ પકડવો, તેના હાથમાં હાથ પરોવી રાખવો, તેને આલિંગન આપવું (Hugging), ચુંબન કરવું વગેરે ઓક્સીટોસિન હોર્મોન ઉત્પન્ન કરે છે.

સંતોષને અમૃત સમાન કહેવામાં આવ્યો છે. સંતોષ પ્રસન્નતાનો આધાર છે અને પ્રસન્નતાની સહજ અભિવ્યક્તિ છે. પ્રસન્નતા અને સંતોષ એકબીજાના પૂરક છે.'

શરીર વિજ્ઞાનીઓ કહે છે કે જે યુગલ લાગણીસભર આલિંગન, ચુંબન, શારીરિક સંબંધ કરે છે તે વધારે પ્રેમસભર, ખુશ અને સ્વસ્થ રહે છે. 'હગ ડોક્ટર' તરીકે પ્રસિદ્ધ ડૉ. સ્ટોન કૌશર (Stone Kraushaar) જણાવે છે કે ઓછામાં ઓછું ૨૧ સેકન્ડ માટે કરાયેલું આલિંગન ગમગીની, ચિંતા, ભય અને નકારાત્મકતા દૂર કરીને ખુશી, શાંતિ અને પરમ સંતુષ્ટિ ઉત્પન્ન કરે છે. મિત્રો સાથે વાતચીત કરવી, હસી-મજાક કરવી, સંગીત સાંભળવું, પાળેલા પશુ-પક્ષી સાથે રમવું કોઈને મદદ કરવી એ બધાથી પણ ઓક્સીટોસિનની વૃદ્ધિ થાય છે.

ઓક્સીટોસિન માતા અને તેના બાળક વચ્ચેના સંબંધને મજબૂત અને અતૂટ કરે છે. ગર્ભાવસ્થા, પ્રસવ અને સ્તનપાન દરમિયાન મહિલાઓમાં આનું પ્રમાણ સૌથી વધારે હોય છે. તે મહિલા પ્રજનન અંગોના કાર્યો અને સંકોચનને નિયંત્રિત કરે છે. પ્રસવ સમયે તે ગર્ભાશયને સંકુચિત (Contraction) કરવાના કામમાં મદદ કરે છે. બાળકના જન્મ બાદ તે માતાના સ્તનોમાંથી દૂધના પ્રવાહ (milk ejection) ને પ્રેરિત કરે છે. પુરુષોમાં ઓક્સીટોસિન હોર્મોન શુક્રાણુ (Sperm) ના સંચલન અને ટેસ્ટોસ્ટેરોન હોર્મોનના ઉત્પાદન માટે મદદ કરે છે. તે પુરુષોને પોતાના પાર્ટનર પ્રત્યે વધારે વફાદાર બનાવે છે. પોતાના જીવનસાથી, પાર્ટનર કે પરિવારની રક્ષા કરવા, એમનો સાથ નિભાવવા અને તેમની સાર-સંભાળ રાખવાની (care taking) ભાવના ઉત્પન્ન કરે છે.

આજનુ પંચાંગ તા.૧૦/૧૧/૨૦૨૬,મંગળવાર

વિક્રમ સંવત - ૨૦૮૩નો પ્રારંભ

નૂતનવર્ષ પ્રારંભ

દિવસના ચોઘડિયા : રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ **રાત્રિના ચોઘડિયા :** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ **અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૫૨ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૬ મિ. **નવકારસી સમય :** (અ) ૭ ક. ૪૦ મિ. **જન્મ રાશિ :** વૃશ્ચિક (ન,ય) રાશિ આવે **નક્ષત્ર :** વિશાખા ૯ ક. ૨૦ મિ. સુધી પછી અનુરાધા નક્ષત્ર આવે. **ગોચર ગ્રહ :** સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, ગુરુ-સિંહ, શુક્ર-કન્યા (વ.), શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-વૃશ્ચિક, હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન પ્લુટો-મકર રાહુકાળ ૧૫.૦૦ થી ૧૬.૩૦ (દ.ભા.) **વિક્રમ સંવતઃ** ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકેઃ ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવતઃ ૨૫૫૩ દક્ષિણાયન હેમંત ઋતુ/ રાષ્ટ્રીય દિનાંકઃ કાર્તિક/ ૧૯ / વ્રજ માસઃ કાર્તિક- ૧૭ **માસ-તિથિ-વાર** - કારતક સુદ એકમ

- વિક્રમ સંવત- ૨૦૮૩ પ્રારંભ - કાલયુક્ત સંવત્સર પ્રારંભ
- નૂતનવર્ષ પ્રારંભ - બેસતું વર્ષ - જૈ.મહાવીર સંવત ૨૫૫૩ પ્રારંભ
- કાર્તિક માસ પ્રારંભ - ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન
- અભ્યંગ સ્નાન

મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલ અવ્વલ માસનો ૨૯મો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ ખોરદાદ માસનો ૨૮મો રોજ જમીઆદ

તા.૧૧/૧૧/૨૦૨૬,બુધવાર

ભાઈબીજ

દિવસના ચોઘડિયા : લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ **રાત્રિના ચોઘડિયા :** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ **અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૫૨ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૫ મિ. **નવકારસી સમય :** (અ) ૭ ક. ૪૦ મિ. **જન્મરાશિ :** વૃશ્ચિક (ન,ય) રાશિ આવે **નક્ષત્ર :** અનુરાધા ૧૧ ક. ૩૯ મિ. સુધી પછી જ્યેષ્ઠા નક્ષત્ર આવે. જ્યેષ્ઠા નક્ષત્રની શાંતિવિધિ કરાવવી. **ગોચર ગ્રહ :** સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, ગુરુ-સિંહ, શુક્ર-કન્યા (વ.), શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-વૃશ્ચિક, હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન પ્લુટો-મકર રાહુકાળ ૧૨.૦૦ થી ૧૩.૩૦ (દ.ભા.)**વિક્રમ સંવતઃ** ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકેઃ ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવતઃ ૨૫૫૩, દક્ષિણાયન હેમંત ઋતુ/ રાષ્ટ્રીય દિનાંકઃ કાર્તિક/ ૨૦ / વ્રજ માસઃ કાર્તિક- ૧૭ **માસ-તિથિ-વાર** - કારતક સુદ બીજ

- ભાઈબીજ- યમદ્વિતિયા - મુ. જમાદીઉલઆખર માસ પ્રા.

મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલ આખર માસનો ૧લો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ ખોરદાદ માસનો ૨૯મો રોજ મારેસ્પંદ

તા.૧૨/૧૧/૨૦૨૬,ગુરૂવાર

મંગળ સિંહમાં ૨૦ ક. ૨૨ મિ.થી

દિવસના ચોઘડિયા : શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ. **રાત્રિના ચોઘડિયા :** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત. **અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૫૩ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૫ મિ. **નવકારસી સમય :** (અ) ૭ ક. ૪૧ મિ. **જન્મરાશિ :** વૃશ્ચિક (ન.ય.) ૧૪ ક. ૨૦ મિ. સુધી પછી ધન (ભ.ધ.ફ.ઢ.) રાશિ આવે. **નક્ષત્ર :** જયેષ્ઠા ૧૪ ક. ૨૦ મિ. સુધી પછી મૂળ નક્ષત્ર આવે. જયેષ્ઠા અને મૂળ બંને નક્ષત્રની શાંતિ વિધિ કરાવવી. **ગોચર ગ્રહ :**- સૂર્ય-તુલા, મંગળ-સિંહમાં, ૨૦ ક. ૨૨ મિ.થી બુધ-તુલા, ગુરુ-સિંહ, શુક્ર-કન્યા, (વ.), શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ. ચંદ્ર - વૃશ્ચિક ૧૪ ક. ૨૦ મિ. સુધી પછી ધન, હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન, પ્લુટો-મકર, રાહુકાળ ૧૩.૩૦ થી ૧૫.૦૦ (દ.ભા.) **વિક્રમ સંવત** - ૨૦૮૩ કાલયુકત સંવત્સર શાકે-૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત-૨૫૫૩ દક્ષિણાયન હેમંત ઋતુ - રાષ્ટ્રીય દિનાંક - કાર્તિક - ૨૧ - વ્રજ માસ - કાર્તિક-૧૮ **માસ-તિથિ-વાર**- કારતક સુદ ત્રીજ

- મંગળ સિંહમાં ૨૦ ક. ૨૨ મિ.થી. - બજારોમાં વધઘટ
- વાતાવરણમાં ફેરફાર

મુસમલાની હિજરીસન - ૧૪૪૮ જમાદીઉલ આખર માસનો ૨ જો રોજ
પારસી શહેનશાહી વર્ષ - ૧૩૯૬ ખોરદાદ માસનો ૩૦ મો રોજ અનેસન

તા.૧૩/૧૧/૨૦૨૬,શુક્રવાર

દિવસના ચોઘડિયા : ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ **રાત્રિના ચોઘડિયા :** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ **અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૫૪ મિ. સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૪ મિ. **નવકારસી સમય :** (અ) ૭ ક. ૪૨ મિ. **જન્મ રાશિ :** ધન (ભ,ધ,ફ,ઢ) રાશિ આવે **નક્ષત્ર :** મૂળ ૧૭ ક. ૧૮ મિ. સુધી પછી પૂર્વાષાઢા નક્ષત્ર આવે. મૂળ નક્ષત્રની શાંતિવિધિ કરાવવી. **ગોચર ગ્રહ :** સૂર્ય-તુલા, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરુ-સિંહ, શુક્ર-કન્યા (વ.), શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-ધન, હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન પ્લુટો-મકર રાહુકાળ ૧૦.૩૦ થી ૧૨.૦૦ (દ.ભા.) **વિક્રમ સંવતઃ** ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકેઃ ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવતઃ ૨૫૫૩, દક્ષિણાયન હેમંત ઋતુ/ રાષ્ટ્રીય દિનાંકઃ કાર્તિક/ ૨૨ / વ્રજ માસઃ કાર્તિક- ૧૯ **માસ-તિથિ-વાર** - કારતક સુદ ચોથ

- વિનાયક ચોથ - બુધ માર્ગી - અંશાત્મક
- શુક્ર માર્ગી - અંશાત્મક - પા. તીર માસ પ્રારંભ

મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલ આખર માસનો ૩જો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ તીર માસનો ૧લો રોજ અહુરમજદ

ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૬૩૦૩
૧૦ નવેમ્બર., ૨૦૨૬

					૯	૨		
૫	૧					૩		
	૮	૬	૭			૪		૯
		૧	૮		૫		૯	
	૯		૪		૭	૬		
૩		૮			૪	૯	૧	
		૫					૨	૩
		૭	૩					

સુડોકુના નિયમો

(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એકજ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એકજ વાર કરવો.
(૪) ૩X૩ = ૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.
(કર્તા : યોગેશ શુક્લ)

સુડોકુ ક્રમ નં. ૬૩૦૩નો ઉકેલ તા.૧૦ નવેમ્બર, ૨૦૨૬

૪	૭	૩	૫	૮	૯	૨	૬	૧
૫	૧	૯	૬	૪	૨	૩	૭	૮
૨	૮	૬	૭	૩	૧	૪	૫	૯
૬	૩	૧	૮	૨	૫	૭	૯	૪
૭	૫	૪	૯	૬	૩	૧	૮	૨
૮	૯	૨	૪	૧	૭	૬	૩	૫
૩	૬	૮	૨	૫	૪	૯	૧	૭
૯	૪	૫	૧	૭	૬	૮	૨	૩
૧	૨	૭	૩	૯	૮	૫	૪	૬

આજનું ભવિષ્ય તા.૧૦,મંગળવાર- અગ્નિદત્ત પદમનાભ

મેષ : વિક્રમ સંવત-૨૦૮૩નું આ વર્ષ આપના માટે આરોહ-અવરોહ યુક્ત રહે. ક્યારેક કામમાં સાનુકૂળતા તો ક્યારેક પ્રતિકૂળતા જણાય.

વૃષભ : સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે મધ્યમ રહે. વર્ષના પ્રારંભ અને અંતમાં આપને પ્રતિકૂળતા રહે. વર્ષનો મધ્ય સારો રહે.

મિથુન : આપના માટે વિક્રમ સંવત-૨૦૮૩નું વર્ષ એકંદરે સારું પસાર થાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઘટે. પરંતુ તબીયત સાચવવી.

કર્ક : વિક્રમ સંવત ૨૦૮૩ના વર્ષ દરમ્યાન આપને સાનુકૂળતા મળી રહે. કૌટુંબિક-પારિવારીક સુખમાં વધારો થાય.

સિંહ : સંવત ૨૦૮૩ના વર્ષ દરમ્યાન આપે નાણાંકીય બાબતોમાં સાવધાની રાખવી પડે. આરોગ્યની બાબતમાં બેકાળજી રાખવી નહીં.

કન્યા : વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ આપના માટે આરોહ-અવરોહવાળું રહે. વાદ-વિવાદ- ગેરસમજથી સંભાળવું. કેટલાંક મહત્ત્વના કામ થાય.

તુલા : સંવત ૨૦૮૩ના વર્ષ દરમ્યાન આપને ઉતાર-ચઢાવનો અનુભવ થયા કરે. સમય-સંજોગો- પરિસ્થિતિ અનુસાર આગળ વધવું.

વૃશ્ચિક : વિક્રમ સંવત ૨૦૮૩નું વર્ષ જેમ જેમ પસાર થાય આપને રાહત થતી જાય. જોકે કામકાજ અંગેના દોડધામ-શ્રમમાં વધારો થાય.

ધન : સંવત ૨૦૮૩નું આ વર્ષ એકંદરે આપના માટે સારું રહે. નવી તક પ્રાપ્ત થાય. પરંતુ ઉતાવળ ન કરવી. ઘર-પરિવારની ચિંતા રહે.

મકર : આપના માટે વિક્રમ સંવત- ૨૦૮૩નું વર્ષ મધ્યમ રહે. વર્ષારંભે અને વર્ષાન્તે આપે સ્વાસ્થ્યની કાળજી રાખવી પડે.

કુંભ : વિક્રમ સંવત ૨૦૮૩નો પ્રારંભ આપના માટે સાનુકૂળ રહે. મહત્ત્વના કામ ઉકેલાય. પરંતુ વર્ષ પસાર થાય તેમ થોડું સાચવવું પડે.

મીન : આજથી શરૂ થઈ રહેલું વિક્રમ સંવત ૨૦૮૩નું આ વર્ષ જેમ જેમ પસાર થાય આપને રાહત રહે. સાસરીપક્ષ - મોસાળપક્ષે દોડધામ જણાય.

તા.૧૧,બુધવાર

મેષ : દિવસ દરમ્યાન આપને સુસ્તી-બેચેની જેવું લાગ્યા કરે. તબીયતની અસ્વસ્થતા જણાય. કામ કરવાની ઈચ્છા થાય નહીં.

વૃષભ : આપના અગત્યના કામનો ઉકેલ આવવાથી રાહત થતી જાય. મહત્ત્વના નિર્ણય લેવામાં સરળતા રહે. આનંદ રહે.

મિથુન : આપના કામમાં હરિફવર્ગ - ઈર્ષ્યા કરનાર વર્ગ મુશ્કેલી ઊભી કરે. મોસાળપક્ષ-સાસરી પક્ષના કામ અંગે દોડદામ જણાય.

કર્ક : આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય.

સિંહ : આપને કામકાજમાં પ્રતિકૂળતા જણાય. જમીન-મકાન-વાહનના કામમાં ઉતાવળ કરવી નહીં. ઘર-પરિવારની ચિંતા રહે.

કન્યા : આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવું કામકાજ થવાથી આનંદ અનુભવો. ભાઈભાંડુ વર્ગનો સહકાર મળી રહે.

તુલા : આપને કામકાજમાં સાનુકૂળતા મળી રહે. બેન્કના, વીમા કંપનીના, શેરોના કામમાં સરળતા રહે. ધંધામાં આવક થાય.

વૃશ્ચિક : આપના ગણત્રી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ રહે. મિલન-મુલાકાત થઈ શકે.

ધન : આપે ધીરજ અને શાંતિ રાખીને દિવસ પસાર કરી લેવો. આકસ્મિક ખર્ચ-ખરીદીને લીધે નાણાંભીડ અનુભવાય

મકર : આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતાં કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. પરદેશના કામ થઈ શકે.

કુંભ : દિવસ દરમ્યાન આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. કામનો ઉકેલ આવતા આનંદ રહે.

મીન : યાત્રા-પ્રવાસનું આયોજન થાય. જૂના સ્વજન-સ્નેહી-મિત્રવર્ગ સાથે મિલન-મુલાકાત થવાથી આનંદ અનુભવો.

તા.૧૨,ગુરૂવાર

મેષ : સીઝનલ-વાયરલ બીમારીથી સંભાળવું પડે. વાહન ચલાવવામાં સાવધાની રાખવી. હૃદય-મન- વ્યગ્રતા- બેચેની અનુભવ્યા કરે.

વૃષભ : ઇચ્છિત વ્યકિત સાથે મુલાકાત થઈ શકે. પરદેશના કામ થઈ શકે. પરંતુ બપોર પછી આપે સંભાળવું પડે.

મિથુન : સીઝનલ ધંધામાં આપે ધ્યાન રાખવું પડે. ગ્રાહકવર્ગ સાથે વાદ-વિવાદથી સંભાળવું. બપોર પછી આપને રાહત થતી જાય.

કર્ક : આપના કાર્યની કદર પ્રશંસા થવાથી હર્ષ-લાભ અનુભવો. મહત્વના નિર્ણય લઈ શકાય. બપોર પછી થોડી પ્રતિકૂળતા રહે.

સિંહ : ઘર-પરિવારની ચિંતાના લીધે કામકાજમાં મન લાગે નહીં. પરંતુ જેમ દિવસ પસાર થતો જાય તેમ આપને રાહત થતી જાય.

કન્યા : નોકરી-ધંધાના કામમાં ભાઈભાંડુનો સહકાર મળી રહે. બપોર પછી આપે વાહન ચલાવવામાં સાવધાની રાખવી પડે.

તુલા : કૌટુંબિક - પારિવારિક કામકાજ અંગે દોડધામ-શ્રમ જણાય. આનંદ રહે. બપોર પછી અડોશ-પડોશના કામ અંગે વ્યસ્તતા રહે.

વૃશ્ચિક : આપના અગત્યના કામનો ઉકેલ આવે. જૂના સ્વજન સ્નેહી-મિત્રવર્ગ સાથે મિલન-મુલાકાત થવાથી આનંદ રહે. આવક થાય.

ધન : માનસિક પરિતાપ- વ્યગ્રતા છતાં આપના કામમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો. વિચારોની દ્વિધા- અસમંજસતા જણાય.

મકર : આપના કાર્યમાં પુત્ર-પૌત્રાદિકનો સહકાર મળી રહે. વાણીની મીઠાશથી કામમાં સરળતા થતી જાય. બપોર પછી ખર્ચ જણાય.

કુંભ : આપના કામકાજ અંગે દોડધામ-શ્રમ રહ્યા કરે. જમીન- મકાન-વાહનના કામ થાય. બપોર પછી આપને રાહત થતી જાય.

મીન : નોકરી-ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. બઢતી-બદલીના કામમાં પ્રગતિ જણાય. આનંદ રહે.

તા.૧૩,શુક્રવાર

મેષ : દેશ-પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં આપને સાનુકૂળતા મળી રહે. ભાઈભાંડુનો સહકાર મળી રહે.

વૃષભ : આપે તન-મન-ધનથી- વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. સામાજિક-વ્યવહારિક કામમાં સંભાળવું.

મિથુન : આપના અગત્યના કામનો ઉકેલ આવતો જવાથી આપને રાહત થતી જાય. મહત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય.

કર્ક : આપના કાર્યમાં હરિફવર્ગ-ઈર્ષ્યા કરનારવર્ગ મુશ્કેલી ઉભી કરવાના પ્રયાસ કરે. વાહન ચલાવવામાં ધ્યાન રાખવું પડે.

સિંહ : આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય.

કન્યા : આપને કામકાજમાં પ્રતિકૂળતા જણાય. જમીન-મકાન-વાહનના કામકાજમાં આપની મુશ્કેલીમાં વધારો થાય. ખર્ચ જણાય.

તુલા : આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવું કામકાજ થવાથી આપને આનંદ રહે. પરદેશના કામમાં પ્રગતિ જણાય.

વૃશ્ચિક : આપને કામકાજમાં સાનુકૂળતા મળી રહે. સામાજિક- વ્યવહારિક કામકાજ અંગે વ્યસ્તતા રહે. કામનો ઉકેલ આવે.

ધન : આપના ગણત્રી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ રહે. ઈચ્છિત વ્યક્તિ સાથે મુલાકાત થાય.

મકર : આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી આવ્યા કરે. બેંકના, વીમા કંપનીના, શેરોના કામમાં સાવધાની રાખવી પડે.

કુંભ : આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. પરદેશના કામ થઈ શકે.

મીન : દિવસના પ્રારંભથી જ આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. જમીન-મકાન-વાહનના કામ થાય.

જન્મ તારીખ વર્ષ સંકેત તા.૧૦/૧૧/૨૦૨૬,મંગળવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ જેમ પસાર થાય તેમ આપને રાહત થતી જાય. **નોકરી-ધંધો :** જેમ-જેમ વર્ષ પસાર થતું જાય તેમ-તેમ ગત વર્ષની મુશ્કેલીમાંથી બહાર આવતા જાવ. નોકરી-ધંધામાં આપની વ્યસ્તતામાં વધારો જણાય. આપને નવી તક મળી રહે. ધંધામાં નવો ઓર્ડર મળી રહે. પરદેશના કામ થાય. **આરોગ્ય સુખાકારી :** આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ સારું રહે. વર્ષારંભે આપે સ્વાસ્થ્યની બાબતમાં થોડી સાવધાની રાખવી પડે. પરંતુ તે સિવાય વર્ષ દરમ્યાન સ્વાસ્થ્યમાં સુધારો જણાય. વજનમાં વધારો થાય. જૂની બીમારીમાં રાહત થતી જાય. **સ્ત્રીવર્ગ :** સ્ત્રીવર્ગને માટે વર્ષ સારું રહે. જોકે ઘર-પરિવાર, નોકરી-વ્યવસાયના કામકાજ અંગે દોડધામ-વ્યસ્તતા વધતાં જાય. પરંતુ આનંદ રહે. જમીન-મકાન-વાહનની ખરીદી થઈ શકે.

જન્મ તારીખ વર્ષ સંકેત તા.૧૧/૧૧/૨૦૨૬,બુધવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ મધ્યમ રહે. **કૌટુંબિક-પારિવારીક :** કૌટુંબિક-પારિવારીક દ્રષ્ટિએ વર્ષારંભે આપને માતા-પિતાના આરોગ્ય-આયુષ્યની ચિંતા રહે. તે સિવાય વર્ષ દરમ્યાન ઘર-પરિવારના કામકાજ અંગે દોડધામ-શ્રમ રહ્યા કરે. વર્ષની મધ્યમાં ભાઈભાંડુનો સહકાર મળી રહેતાં રાહત રહે. **નોકરી-ધંધો :** નોકરી-ધંધાકીય દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. કામકાજ અંગેની વ્યસ્તતામાં વધારો જણાય. પરંતુ કામનો ઉકેલ આવવામાં વિલંબ થાય. નોકરી-ધંધાના કામકાજ અર્થે બહાર કે બહારગામ જવાનું બને. જમીન-મકાન-વાહનના કામમાં સરળતા રહે. **યાત્રા-પ્રવાસ :** વર્ષની મધ્યમાં આપને યાત્રા-પ્રવાસ માટે સમય સાનુકૂળ રહે. કુટુંબ-પરિવાર-મિત્રવર્ગ સાથે યાત્રા પ્રવાસ થઈ શકે તે સિવાયનો સમય આપના માટે મધ્યમ રહેશે.

જન્મ તારીખ વર્ષ સંકેત તા.૧૨/૧૧/૨૦૨૬,ગુરૂવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ આરોહ-અવરોહમાં પસાર થાય. **આરોગ્ય સુખાકારી :** આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. સ્વાસ્થ્યની બાબતમાં આપની બેદરકારી આપના માટે વધુ હાનિકારક બની રહે. છાતીમાં દર્દ-પીડા ગભરામણ- શ્વાસ લેવામાં તકલીફ જણાય તો તરત દાકતરી સલાહ લેવી. **નોકરી-ધંધો :** વ્યવસાયિક દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન આપને સાનુકુળ- પ્રતિકૂળ પરિસ્થિતિનો અનુભવ થયા કરે. આપે કોઈપણ કાર્યમાં એકદમ ઉતાવળ કરવી નહીં. જો કે વર્ષના ઉત્તરાર્ધમાં આપને ધીરે ધીરે રાહત થતી જાય. **વિદ્યાર્થીવર્ગ :** વિદ્યાર્થીવર્ગ માટે વર્ષ મધ્યમ રહે. તેથી કોઈના દોરવાયા દોરવાઈ ગયા વગર આપે પોતાની રીતે મહેનત કરવી. પરીક્ષા સમયે બીમારી-અકસ્માતથી આપે સંભાળવું પડે. કુટુંબ- પરિવારના પ્રશ્નોના લીધે અભ્યાસમાં મુશ્કેલી આવ્યા કરે.

જન્મ તારીખ વર્ષ સંકેત તા.૧૩/૧૧/૨૦૨૬,શુક્રવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ મધ્યમ પસાર થાય. **નોકરી-ધંધો :** વ્યવસાયિક દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન આપને ઉતાર-ચઢાવનો અનુભવ થાય. ક્યારેક કામમાં એકદમ સરળતા જણાય. કામ ઉકેલતા જાય તો ક્યારેક કામમાં આપને મુશ્કેલી અનુભવાય. લોખંડ-કેમીકલના વ્યવસાયમાં વિશેષ ધ્યાન રાખવું પડે. **નાણાંકીય સુખાકારી :** નાણાંકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ ઠીક રહે. આવક સ્થિર રહે અને જાવક વધતી જાય. ઉધારીમાં ધંધો કરવામાં નાણાં ફસાઈ ન જાય તેની તકેદારી રાખવી પડે. વર્ષાન્તે આપને રાહત થતી જાય. **યાત્રા-પ્રવાસ :** યાત્રા-પ્રવાસની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. વર્ષ દરમ્યાન યાત્રા-પ્રવાસ કરી શકો. પરંતુ વર્ષના મધ્ય સુધીનો સમય આપને થોડી તકલીફમાં રાખે. વર્ષાન્તે આપને સાનુકૂળતા થતી જાય.

પંજાબમાં દિવાળીએ સૌથી વધુ પરાળી સળગાવાઈ ૧૧૫૨ ઘટનાઓ, ભટિંડા રાજ્યમાં સૌથી પ્રદૂષિત

દિલ્હી ગેસ ચેમ્બર

(૧૫મા પાનાનું ચાલુ)

પ્રદૂષણ નથી જોવા મળ્યું, આ પહેલા ૨૦૨૪માં પણ વિશ્વના ૧૦૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ૯૯ ભારતના હતા અને નવી દિલ્હી વિશ્વમાં સૌથી પ્રદૂષિત શહેર નોંધાયું હતું. નોંધનીય છે કે દિલ્હીમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ફટાકડા વેચવા, ફોડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, માત્ર ચોક્કસ સમયગાળા સુધી જ ગ્રીન ફટાકડાની છૂટ અપાઈ હતી. જોકે આ આદેશનો યોગ્ય રીતે અમલ નહોતો થઈ શક્યો. રાત્રે ૧૦ વાગ્યા બાદ કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડવા નહીં તેવા આદેશનો અમલ કરવા માટે દિલ્હી પોલીસ આજીજી કરતી રહી જોકે તેમ છતા ખુલ્લેઆમ ફટાકડા ફૂટતા રહ્યા જેને કારણે પ્રદૂષણ ઘાતકી બન્યું અને અનેક લોકોનો જીવ જોખમમાં મુકાયો. બીજી તરફ પંજાબમાં દિવાળીના દિવસે જ સૌથી વધુ પરાળી સળગાવવામાં આવી હતી, દિવાળીએ આ સીઝનમાં બીજી વખત સૌથી વધુ પરાળી સળગાવવાની ૧૧૫૨ ઘટનાઓ નોંધાઈ હતી. જેને કારણે પણ પંજાબમાં પ્રદૂષણ ચરમ સીમાએ પહોંચ્યું હતું. ખાનગી વેબસાઈટના આંકડા મુજબ પંજાબના ભટિંડામાં દિવાળીની રાત્રે એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૨૯૦એ પહોંચી ગયો હતો.

પાકિસ્તાનની જેરી હવાને કારણે રાજસ્થાનનું ગંગાનગર પ્રદૂષિત

ત્રણ વર્ષમાં સતત બીજી વખત વિશ્વના ૧૦૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ૯૯ ભારતના

સેટેલાઈટને હાથતાળી આપી પરાળી સળગાવાઈ રહી છે

દર વખતે પરાળી સળગાવાની ઘટનાઓ સેટેલાઈટ તસવીરોમાં કેદ થઈ જાય છે. જોકે ખેડૂતોએ સેટેલાઈટને પણ પાછળ રાખી દીધો છે. ખેડૂતોને એ વાતની જાણકારી મળી ગઈ છે કે સેટેલાઈટ ક્યા સમયે પસાર થાય છે. જે સમયે સેટેલાઈટ પસાર થાય છે તે સમયે ખેડૂતો પરાળી સળગાવાનું ટાળે છે. સામાન્ય રીતે રાત્રે અથવા તો સાંજે પરાળી સળગાવવામાં આવી રહી છે. જેને કારણે પરાળી સળગાવવાની અનેક ઘટનાઓ સેટેલાઈટ દ્વારા પકડવી મુશ્કેલ થઈ ગઈ છે. આઈફોરેસ્ટ દ્વારા એક એવું મોનિટરિંગ પ્લેટફોર્મ તૈયાર કર્યું હતું કે જેના દ્વારા પરાળી સળગાવવાની ઘટનાઓને પકડી પાડવી શક્ય હતી, જોકે હાલ ખેડૂતોએ તેનો પણ તોડ શોધી લીધો છે અને પરાળી સળગાવવાની ઘટનાઓની ગણતરી કરવી મુશ્કેલ થઈ ગયું છે.

ચીનનું મૂન મિશન

(૧૫મા પાનાનું ચાલુ)

ઉતરનારા બંને યાત્રીઓ ત્યાં સંશોધન કરશે અને વિવિધ નમૂનાઓ એકત્રિત કરશે. મિશન પૂરું થયા બાદ તેઓ લેન્ડર દ્વારા ફરી ઉપર જઈને સ્પેસક્રાફ્ટ સાથે જોડાશે અને પૃથ્વી પર પાછા ફરશે.

૨૦૨૭માં લોંગ માર્ચ ૧૦એ રોકેટ દ્વારા સીહયર્ડે સ્પેસક્રાફ્ટને પૃથ્વીની આસપાસ અવકાશમાં મોકલી તેનું પરીક્ષણ કરવામાં આવશે. ૨૦૨૮માં ન્યહઓ લેન્ડરને ચંદ્ર પર ઉતારી તેની કામગીરી ચકાસવામાં આવશે. તેમાં ચંદ્ર પર ઉતરવું અને ત્યાંથી ફરી ઉડાન ભરીને ઉપર પહોંચવું સામેલ છે. ૨૦૨૯માં બંને યાનને અલગ-અલગ રોકેટ દ્વારા ચંદ્રની આસપાસ મોકલીને તેમને એકબીજા સાથે જોડવાનું પરીક્ષણ કરવામાં આવશે. આ ત્રણેય પરીક્ષણ સફળ થયા બાદ ચીન ૨૦૩૦ પહેલાં પોતાના લોકોને ચંદ્ર પર ઉતારવાનું લક્ષ્ય પૂર્ણ કરવા આગળ વધશે.ચીનની નજર ચંદ્રના દક્ષિણ ધ્રુવ વિસ્તાર પર છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે અહીંના કેટલાક એવા ખાડાઓમાં પાણીનો બરફ હોઈ શકે છે જ્યાં સૂર્યપ્રકાશ પહોંચતો નથી. ભવિષ્યમાં ચંદ્ર પર સંશોધન કેન્દ્ર બનાવવામાં આવે તો આ બરફમાંથી પાણી, ઓક્સિજન અને રોકેટ માટેનું ઈંધણ તૈયાર કરી શકાય છે. ચીન અગાઉ પણ ચંદ્ર પર સંશોધનમાં સફળતા મેળવી ચૂક્યું છે. ૨૦૨૪માં તેના ભરચહયી-૬ મિશન દ્વારા ચંદ્રની પૃથ્વી પરથી ન દેખાતી બીજી બાજુ પરથી માટીના નમૂનાઓ એકત્રિત કરીને પૃથ્વી પર લાવવામાં આવ્યા હતા.

મંત્રમુગ્ધ

- સંસારમાં વિવાહ-લગ્ન કે સંતાન જન્મ જેવા મંગલ પ્રસંગો તો ઘરે ઘરે થતાં હોય છે, પરંતુ શ્રી જૈન સંઘની પૂજા, ભક્તિ અને સન્માન જેવા પરમ ધાર્મિક મંગલ તો કેવળ પુણ્યશાળી અને ભાગ્યશાળી લોકોના ઘરે જ થતા હોય છે.
- જૈન શાસ્ત્રવાણી
- પ્ર.: 'સંબંધો સફળ થઈ રહ્યા છે એની પ્રતીતિ શી રીતે થાય ?'
ઉ.: ''જેમના દર્શન કે સ્મરણે આપણું હૈયું ઠરતું હોય તો એમની સાથે આપણે બાંધેલા સંબંધો સફળ છે ને આપણને મળીને જેમના હૈયા ઠરતા હોય એમણે આપણી સાથે બાંધેલા સંબંધો સફળ છે.''
- મૂલ્યનિષ્ઠ જીવનના માર્ગદર્શક આચાર્ય શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી
- ''જે માનવી નિઃસ્વાર્થભાવે સમસ્ત જગતના કલ્યાણ અને ભલાઈ માટે સમર્પિત રહે છે, તેને પરમાત્માની ન્યાયી વ્યવસ્થા હેઠળ અનાયાસે જ અસીમ સુખ અને પરમ શાંતિ પ્રાપ્ત થતી હોય છે, પરોપકાર એ જ ઈશ્વરીય કૃપા પામવાનો સીધો રાજમાર્ગ છે.''
- સમાજ સુધારણાના ક્રાંતિકારી વિચારક સ્વામી દયાનંદ સરસ્વતી
- ''કોઈપણ નવું કામ શરૂ કરતા પહેલા વિચારવું એ જ કુશળ વ્યૂહરચના છે. કેમકે એકવાર જવાબદારી લીધા પછી અધવચ્ચેથી પીછેહઠ કરવી એ કાર્યના સિદ્ધાંત મુજબ એટલું આસાન તો નથી જ.''
- સંઘર્ષમાંથી સફળતાનો માર્ગ ચિંધનાર અમેરિકન લેખક સ્વેટ માર્ડન
- કહી દો પ્રભુને કે, 'આજે હું જ્યાં છું ત્યાં એક દિવસ આપ પણ હતા ને એ પણ, યાદ રાખજો કે આજે આપ જ્યાં છો ત્યાં એક દિવસ હું પણ આવીને ઉભો રહેવાનો છું.'
- ''ભીતરની સંવેદના''

સંકલન : russhabhshahgs@gmail.com

કાકુરો 3829 ૧૦ નવેમ્બર,૨૦૨૬

			15	13		
		5				16
		15 / 24			23	
	10 / 8			15		
8				7 / 16		
16			15			
	18					

નિયમો : 7 x 7=49 ખાનાની આ સરવાળાની રમત છે. રાખોડી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઉભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકનો જ ઉપયોગ કરવાનો છે. આડી કે ઉભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિં. રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાનો રહેશે.

			15	13		
		5	1	4		16
		15 / 24	6	9	23	9
	10 / 8	7	3	15	9	6
8	1	2	5	7 / 16	6	1
16	7	9	15	7	8	
	18	6	3	9		

-ભાવના શુકલ

એરાઉન્ડ ધ વર્ડ્સ - રીટા શાહ

૧	૨		■	૩			૪	■	■
૫		■	૬	■	■	■	૭		૮
	■	૯		૧૦			■	■	
	■		■		■	■	૧૧	૧૨	■
	■		■	■	૧૩				■
■	૧૪				■	■		■	૧૫
■	૧૬		■	■	૧૭		■		
૧૮	■	■	૧૯			૨૦		■	
૨૧		૨૨	■	■	■		■	૨૩	
■	■	૨૪				■	૨૫		

આડી ચાવી

૧. હરડે, બહેડાં ને આમળા (૩)
૩. દરિયામાં બાંધેલો મિનારો (૪)
૫. ..... જાય ને કહેણી રહે (૨)
૭. આંખોથી આંખો મળી (૩)
૯. નિયમને આધીન, કાયદાબદ્ધ (૫)
૧૧. પોતાનું (૨)
૧૩. એક રાતમાં બધું બદલાઈ નહીં જાય (૪)
૧૪. રબારી નાતની સ્ત્રી (૪)
૧૬. ન્યાયાધીશ (૨)
૧૯. બાળકના નામ પાડવાની વિધિ છે (૫)
૨૧. ..... બાંધવી, ભરોસો રાખવો (૩)
૨૩. બાપ તેવા બેટા ને ..... તેવા ટેટા (૨)
૨૪. શંકા કે ગૂંચવણનો નિવેડો લાવવો તે (૪)
૨૫. ગામને મોઢે ..... ન બંધાય (૩)

ઊભી ચાવી

૧. ત્રણે કાળ જોઈ શકનાર (૫)
૨. પરિણામ, ફાયદો (૨)
૪. ખ્રિસ્તી ધર્મગુરૂનો પદાધિકારી (૨)
૬. ..... પછવાડે દોરો (૨)
૮. નકામાં છાપા, પસ્તી (૨)
૯. બરાબર નિશાન તાકનાર (૫)
૧૦. ..... માં મળી જવું, ધૂળ ભેગા થઈ જવું (૨)
૧૧. સમસ્યાનો ઉકેલ આવશે (૫)
૧૨. પત્રની શરૂઆતમાં લખાતો શબ્દ (૨)
૧૪. ..... નું ગજ ને વાતનું વતેસર (૩)
૧૫. સાસુ વગેરેને પગે પડતાં વહુએ મૂકેલી ભેટ (૫)
૧૭. શરીમાં આબરૂ ધરાવતું અંગ (૨)
૧૮. ..... નામ જપના પરાયા માલ અપના (૨)
૨૦. ગંજીફાના પત્તાંની એક રમત (૨)
૨૨. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૨૩. દોરડી બળે પણ ..... ન છોડે (૨)

ઉકેલ

આડી ચાવી : (૧) ત્રિફળા (૩) દીવાદાંડી (૫) કાળ (૭) નજર (૯) નિયમાધીન (૧૧) નિજ (૧૩) રાતોરાત (૧૪) રબારણ (૧૬) જજ (૧૯) નામકરણ (૨૧) મદાર (૨૩) વડ (૨૪) સમાધાન (૨૫) ગળણું **ઊભી ચાવી :** (૧) ત્રિકાળદર્શી (૨) ફળ (૪) ડીન (૬) સોય (૮) રદ્દી (૯) નિશાનબાજ (૧૦) માટી (૧૧) નિરાકરણ (૧૨) જત (૧૪) રજ (૧૫) પગેપડણું (૧૭) નાક (૧૮) રામ (૨૦) રમી (૨૨) રસ (૨૩) વળ

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ













ભારતીય રમત જગતના સ્ટાર્સપણ દિવાળીની ઉજવણીમાં મશગૂલ

ભારતીય રમત જગતના સિતારાઓ પણ દિવાળીની ઉજવણીમાં વ્યસ્ત બન્યા હતા. ક્રિકેટના ભગવાન તરીકેની ઓળખ ધરાવતા બેટિંગ લેજન્ડ સચિન તેંડુલકરે તેની પત્ની અંજલી સાથે લક્ષ્મી પૂજા કરી હતી અને તેનો વિડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ બન્યો હતો. કેપ્ટન કૂલ તરીકેની ઓળખ ધરાવતા મહેન્દ્ર સિંહ ધોનીએ તેની પત્ની સાક્ષી અને પુત્રી ઝિવા સાથે દિવાળી ઉજવી હતી. આક્રમક ઓપનર સેહવાગે તેના પુત્ર વેદાંત સાથેની તસ્વીર શેયર કરી હતી. યુવા ઓપનર અભિષેક શર્માએ પરિવારજનો સાથે દિવાળીની પૂજા કરી હતી અને તેની તસવીર સોશિયલ મીડિયામાં વહેતી મૂકી હતી. ભારતીય બેડમિંટન સ્ટાર પી.વી. સિંધુ અને ક્રિકેટર હાર્દિક પંડ્યાના પરિવારોએ સાથે મળીને દિવાળીની ઉજવણી કરી હતી. ભૂતપૂર્વ ક્રિકેટર શિખર ધવને પત્ની સોફી શાઈન સાથેની અને હરભજન સિંઘે તેની પત્ની ગીતા બસરા સાથેની તસવીર શેયર કરી હતી. ભારતના ઓલિમ્પિક મેડલ વિજેતા દિગ્ગજ સુપરસ્ટાર શૂટર અભિનવ બિન્દ્રાની સાથે સાથે ભાલા ફેંકના ખેલાડી નીરજ ચોપરા, ભૂતપૂર્વ ક્રિકેટર યુવરાજ સિંઘની સાથે સાથે જાડેજા, ચહલ, શ્રેયસ ઐયર સહિતના ક્રિકેટરો અને અન્ય રમતના સુપરસ્ટાર ખેલાડીઓએ પણ દિવાળીની ઉજવણી કરી હતી અને ચાહકોને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.



આજે હેમિલ્ટનમાં રમાનારી ત્રીજી વન ડેમાં પણ વરસાદના વિઘ્નની આશંકા

આજે ત્રીજી વન ડે : ટીમ ઈન્ડિયાને સાત વર્ષ બાદ ન્યુઝીલેન્ડની ભૂમિ પર શ્રેણી વિજય મેળવવાની તક

હેમિલ્ટન, તા. ૯

ગિલની આગેવાનીની હેઠળની ભારતીય ટીમ આવતીકાલે ન્યુઝીલેન્ડની ભૂમિ પર યજમાન ટીમ સામે સાત વર્ષ બાદ વન ડે શ્રેણી જીતવાના ઈરાદા સાથે ત્રીજા મુકાબલામાં રમવા માટે ઉતરશે. ટીમ ઈન્ડિયાએ શરુઆતની બંને મેચમાં વિજય મેળવતા પાંચ મેચની શ્રેણીમાં ૨-૦થી મજબુત પકડ જમાવી લીધી છે. ન્યુઝીલેન્ડની ટીમે શ્રેણીની હાર અટકાવવા માટે આવતીકાલે જીતવું જરુરી છે. સાન્ટનરની આગેવાની હેઠળની ટીમ સામે ઘરઆંગણે ભારત સામે ૨૦૧૯ પછી એક પણ વન ડે શ્રેણી ન હારવાનો રેકોર્ડ જાળવવાનું પણ ભારે દબાણ સર્જાયું છે. હવે આવતીકાલે ખેલનારા મુકાબલામાં બંને ટીમ જીતવા માટે ઝઝૂમશે.

ભારતીય ટીમ છેલ્લે ૨૦૧૯માં ન્યુઝીલેન્ડમાં વન ડે શ્રેણી જીતી હતી. જે પછી ટીમને છેલ્લા બે ન્યુઝીલેન્ડ પ્રવાસમાં વન ડે શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ન્યુઝીલેન્ડ ૨૦૧૯ પછી ઘરઆંગણે સળંગ ૧૧ વન ડે શ્રેણી જીતી ચૂક્યું છે અને આ વિજયકૂચને ભારત અટકાવી શકે છે.

પ્રથમ વન ડેમાં ભારતીય ટીમે ડકવર્થના નિયમને સહારે ન્યુઝીલેન્ડને પાંચ વિકેટથી હરાવ્યું હતું. જ્યારે બીજી વન ડેમાં વરસાદના વિઘ્ન બાદ ભારત ડકવર્થને સહારે ચાર રનથી રોમાંચક જીત હાંસલ કરવામાં સફળ રહ્યું હતુ. હવે આવતીકાલે





હેમિલ્ટનમાં ભારતીય સમય પ્રમાણે સવારે ૭.૩૦ વાગ્યાથી શ્રેણીની ત્રીજી વન ડે રમાશે. હેમિલ્ટનમાં પણ વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે અને વરસાદનો પ્રભાવ મેચના પરિણામ પર પડશે તે લગભગ નક્કી જેવું જ લાગી રહ્યું છે.

ફાસ્ટરો ફરી કમાલ કરવા તૈયાર

અંશુલ કંબોજ અને ગુરનૂર બ્રાર જેવા યુવા ફાસ્ટ બોલરોએ ઘરઆંગણે રમી રહેલા ન્યુઝીલેન્ડના બેટ્સમેનોને હતપ્રભ કરતી બોલિંગ કરી છે. બોલરોની સફળતામાં ભારતની ચુસ્ત જોવા મળેલી ફિલ્ડિંગનું પ્રદાન પણ મહત્વનું રહ્યું છે. ટીમ ઈન્ડિયા ત્રીજી વન ડેમાં બોલિંગ કોમ્બિનેશનમાં ફેરફાર કરે તેવી શક્યતા નહીવત્ છે. આ કારણે ગુરનૂર અને અંશુલની સાથે નાબી અને અર્ષદીપ ટીમમાં સ્થાન જાળવી રાખવા માટે ફેવરિટ છે. જ્યારે એકમાત્ર સ્પિનર તરીકે અક્ષર પટેલ ઈલેવનમાં સ્થાન મેળવશે તે પણ નક્કી જેવું જ છે. ન્યુઝીલેન્ડના બેટ્સમેનો આ શ્રેણીમાં ૨૦૦ના સ્કોર સુધી પહોંચી શકે છે કે નહીં તે જોવું પણ રસપ્રદ બની રહેશે.

રોહિત-કોહલીની સાથે મીડલ ઓર્ડર પર નજર

ટીમ ઈન્ડિયાના દિગ્ગજ અને સૌથી અનુભવી સુપરસ્ટાર રોહિત શર્મા અને વિરાટ કોહલી ફરી એક વખત ચાહકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. તેની સાથે સાથે મીડલ ઓર્ડરમાં શ્રેયસ ઐયર, કે. એલ. રાહુલ તેમજ નમન ધીર પણ પ્રભાવ પાડવા માટે આતુર છે. કેપ્ટન ગિલ ત્રીજી વન ડે રમ્યા બાદ ટેસ્ટની તૈયારીમાં વ્યસ્ત બનવાનો હોવાથી આખરી બે મેચ ગુમાવશે. આવી સ્થિતિમાં તે પણ મોટી ઈનિંગ રમીને આત્મવિશ્વાસ સાથે ટેસ્ટ શ્રેણી તરફ આગળ વધવાનું પસંદ કરશે.

ન્યુઝીલેન્ડ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન

ટીમ ઈન્ડિયા એ ટી-૨૦ બાદ વન ડે શ્રેણીમાં ધમાકેદાર શરુઆત કરતાં યજમાન ટીમને હાંસિયામાં ધકેલી દીધી છે, ત્યારે સાન્ટનરની આગેવાની હેઠળની ટીમને બેટ્સમેનોના લડાયક દેખાવની આશા છે. ઓપનર યંગ અને વન ડાઉન બેટ્સમેન નિકોલ્સ શ્રેણીની શરુઆતની બંને મેચમાં ફ્લોપ સાબિત થયા છે. તેની સાથે સાથે લાથમ અને ફિલિપ્સ પણ તેમની આગવી શૈલીમાં રમતા જોવા મળી શક્યા નથી. હવે જો ન્યુઝીલેન્ડની ટીમે શ્રેણી જીવંત રાખવી હોય તો બેટ્સમેનોએ તેમના દેખાવમાં સુધારો કરવો પડશે. ડફી તેમજ જેમીસન જેવા બોલરોએ તેમનો પ્રભાવ પાડ્યો હતો. ફિશર અને સ્મિથ જેવા બોલરોએ પણ ટીમની સફળતામાં આગવું પ્રદાન આપવું પડશે. કેપ્ટન તરીકે સાન્ટનર પાસેથી ટીમને ઓલરાઉન્ડ દેખાવની આશા છે.

ભારત (સંભવિત) : રોહિત, ગિલ (કેપ્ટન), કોહલી, શ્રેયસ, અક્ષર પટેલ, કે. એલ. રાહુલ (વિ.કી.), નમન ધીર, કંબોજ, ગુરનૂર, અર્ષદીપ અને નાબી.

ન્યુઝીલેન્ડ (સંભવિત) : યંગ, સેઈફર્ટ, નિકોલ્સ, મિચેલ, લાથમ (વિ.કી.), ફિલિપ્સ, સાન્ટનર (કિપ્ટન), સ્મિથ, જેમીસન, ડફી અને ફિશર.

ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે ૧ ઉમી ને શુક્રવારે ચોથી વન ડે : સાંજે ૭.૩૦થી

ગિલ ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીની આખરી બે વન ડેમાં નહીં રમે : શ્રેયસ કેપ્ટન્સી કરશે

હેમિલ્ટન, તા. ૯

ટીમ ઈન્ડિયાના કેપ્ટન ગિલની સાથે ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી માટેની ટીમમાં સામેલ સ્ટાર ખેલાડીઓ વન ડે શ્રેણીની આખરી બે મેચમાં રમવાના નથી. ગિલની ગેરહાજરીમાં શ્રેયર ઐયર વન ડે ટીમની કેપ્ટન્સી સંભાળશે. જ્યારે ગિલની સાથે કે. એલ. રાહુલ, અંશુલ કંબોજ, સિરાજ અને કુલદીપ યાદવ જેવા ખેલાડીઓ ટેસ્ટ શ્રેણીની તૈયારીમાં વ્યસ્ત બનશે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે શ્રેણીની ચોથી વન ડે માઉન્ટ માઉન્ગનુઈમાં તારીખ ૧૩મી નવેમ્બર ને શુક્રવારે રમાવાની છે. ભારતની જેમ ન્યુઝીલેન્ડે પણ તેના ટેસ્ટ ટીમના સ્ટાર ખેલાડીઓને આખરી બે વન ડેમાં આરામ આપવાનો નિર્ણય લીધો છે. ભારતીય ટીમે ટેસ્ટ શ્રેણીને ધ્યાનમાં રાખીને કોચિંગ સ્ટાફને પણ વહેંચી લીધો છે. હેડ કોચ ગંભીર અને સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલે વન ડે ટીમની સાથે જ રહેશે અને તેઓ આખરી બે વન ડે બાદ ટીમની સાથે જોડાવાના છે.



હેડ કોચ ગંભીર અને બહુતુલેની સાથે અર્ષદીપ, ગુરનૂર અને નાબી જેવા ફાસ્ટ બોલરો ટેસ્ટ ટીમની સાથે જોડાઈ જશે. ન્યુઝીલેન્ડે પણ લાથમ સહિતના સ્ટાર ખેલાડીઓને આખરી બે વન ડેમાં આરામ આપવાનો નિર્ણય લીધો છે.

ભારતની આખરી બે વન ડે માટેની ટીમ : શ્રેયસ ઐયર (કિપ્ટન), રોહિત, ઈશાન કિશન (વાઈસ કેપ્ટન, વિ.કી.), ગાયકવાડ, કોહલી, કુમાર કુશાગ્ર (વિ.કી.), નમન ધીર, નિતિશ રેડ્ડી, અક્ષર પટેલ, તિલક વર્મા, અર્ષદીપ સિંઘ, ઔકિબ નાબી, ગુરનૂર બ્રાર, યશ ઠાકુર.

ન્યુઝીલેન્ડની આખરી બે મેચની ટીમ : ફિન એલન, હે (વિ.કી.), નિક કેલી, સેઈફર્ટ (વિ.કી.), યંગ, સાન્ટનર (કિપ્ટન), બ્રેસવેલ, ફોક્સક્રોફ્ટ, ક્રિસ્ટીયન ક્લાર્ક, ડફી, ફિશર, હેનરી, જેમીસન.

ગંભીર અને સ્પિન બોલિંગ કોચ બહુતુલે વન ડે ટીમની સાથે રહેશે સિતાંશુ કોટક અને મોર્ની મોર્કલ ટેસ્ટ ટીમની સાથે તૈયારીમાં જોડાશે

ખ્વાજાના દાવાને વોર્નરનું સમર્થન

સિડની, તા. ૯

ઓસ્ટ્રેલિયાની આખી ટીમ ૨૦૧૮માં સાઉથ આફ્રિકા પ્રવાસની ટેસ્ટ શ્રેણીમાં સર્જાયેલા 'બોલ ટેમ્પરિંગ' કૌભાંડમાં સામેલ હતી તેવા ઓસ્ટ્રેલિયન બેટ્સમેન ખ્વાજાના દાવાને વોર્નરે ૧૦૦ ટકા સાચો ગણાવ્યો છે.

નંબર એકમાંથી પાંચ વર્ષમાં ફોર્મમાં લગાતાર પડતી

ન્યુઝીલેન્ડ સામેની ઘરઆંગણાની ટેસ્ટ શ્રેણીમાં લાબુશેનને પડતો મુકાશે

સીડની, તા. ૯

ઓસ્ટ્રેલિયાના ટેસ્ટ ક્રિકેટમાં એક સમયના સૌથી ભરોસાપાત્ર બેટર્સમાં સ્થાન ધરાવતા માર્નસ લાબુશેન માટે આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો મુશ્કેલ તબક્કો શરૂ થયો છે. સતત કથળતું ફોર્મ અને લાંબા સમયથી મોટી ઈનિંગ્સ રમવામાં નિષ્ફળતા બાદ ઓસ્ટ્રેલિયાના પસંદગીકારોએ તેને ન્યુઝીલેન્ડ સામેની આગામી ચાર ટેસ્ટ મેચની શ્રેણીમાંથી પડતો મૂકવાનો નિર્ણય કર્યો છે. ૯ ડિસેમ્બરથી પર્થમાં પ્રથમ ટેસ્ટ રમાનાર છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટના ચીફ સિલેક્ટર જ્યોર્જ બેઈલીએ નિર્ણયની સત્તાવાર જાહેરાત કરી હતી.

નિરાશાજનક દેખાવ

તાજેતરમાં દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ ટેસ્ટ મેચની શ્રેણીમાં તેણે છ ઈનિંગ્સમાં કુલ ૧૩૧ રન બનાવ્યા હતા. તેની સરેરાશ માત્ર ૨૧.૮૩ રહી હતી. પાછલી દસ ટેસ્ટ મેચમાં લાબુશેનની સરેરાશ માત્ર ૨૩.૬૬ રહી છે. આ ગાળામાં તે માત્ર બે અડધી સદી નોંધાવી શક્યો છે.

સવારે ૭.૩૦થી મેચ : ન્યુઝીલેન્ડની ટીમ પર ઘરઆંગણે સળંગ ૧૧ વન ડે શ્રેણીની વિજયકૂચ પર સંકટ

ઈપીએલમાં : માંચેસ્ટર યુનાઈટેડ એસ્ટન વિલા સામેની મેચ ૪-૪થી ડ્રો કરી, સિટીનો નોટિંગહામ સામે પરાજય



લંડન : ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં માંચેસ્ટર સિટીએ સ્ટોપેજ ટાઈમમાં ઝિર્કઝી અને ડોર્ગુના ગોલને સહારે એસ્ટન વિલા સામેની મેચ નાટકિય કમબેક સાથે ૪-૪થી ડ્રો કરી હતી. અગાઉ એસ્ટન વિલા તરફથી એલીસન, જેકસન, મેક્જીની અને ગોરેત્ઝ્કાએ અને યુનાઈટેડ તરફથી ટેલેમાને સેસ્કોર કર્યો હતો. દરમિયાનમાં માંચેસ્ટર સિટીને ઈપીએલમાં સતત ત્રીજી હાર મળી હતી અને જાઈર ફ્રુન્હાના એક અને લિએમ ડેલેપના બે ગોલને સહારે નોટિંગહામ ફોરેસ્ટ ૨-૧થી જીત્યું હતુ. ચેર્કીએ એક ગોલ કર્યો હતો. સિટીની ટીમ પોઈન્ટ ટેબલમાં આર્સેનલ (૨૭) કરતાં છ પોઈન્ટ પાછળ છે.

પ્રથમ ટેસ્ટ : શ્રીલંકા સામે પાકિસ્તાનના પ્રથમ ઈનિંગમાં ૪૪ ઓવરમાં ૧૮૪/૩

અલકારાઝને પેરિસમા સાતમા પ્રયાસમાં પ્રથમ ટાઈટલ : ફેરર પછી ટ્રોફી જીતનારો બીજો સ્પેનિશ ખેલાડી

શેલ્ટનને પરાજય આપીને અલકારાઝ પેરિસ માસ્ટર્સમાં ચેમ્પિયન બન્યો

પેરિસ : સ્પેનના યુવા ટેનિસ સ્ટાર કાર્લોસ અલ્કારાઝે આખરે પેરિસ માસ્ટર્સનો ખિતાબ પોતાના નામે કરી લીધો છે. ફાઈનલમાં વિશ્વના ત્રીજા ક્રમાંકિત અલ્કારાઝે અમેરિકાના બેન શેલ્ટનને સીધા સેટમાં ૭-૬ (૫), ૭-૫થી પરાજય આપીને પ્રથમ વખત આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ જીતી હતી. લગભગ એક કલાક અને ૫૭ મિનિટ ચાલેલી રસાકસીભરી ફાઈનલમાં અલ્કારાઝે પોતાની ટેકનિક, ઝડપ અને દબાણમાં શાંત રહેવાની ક્ષમતાનો પરિચય આપ્યો હતો. આ જીત સાથે અલ્કારાઝે કારકિર્દીનો નવમો એ. ટી. પી. માસ્ટર્સ ૧૦૦૦ ખિતાબ મેળવ્યો છે. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપન, દોહા, ટોક્યો અને વિયેના બાદ પેરિસમાં મળેલો વિજય તેની પાંચમી ટ્રોફી છે. ખાસ વાત એ છે કે પેરિસમાં અગાઉ છ પ્રયાસો છતાં તે ક્યારેય ચેમ્પિયન બની શક્યો નહોતો. પેરિસ માસ્ટર્સની ૪૦ વર્ષની ટુર્નામેન્ટના ઈતિહાસમાં અલ્કારાઝ આ ખિતાબ જીતનાર માત્ર બીજો સ્પેનિશ ખેલાડી બન્યો છે. અગાઉ ૨૦૧૨માં સ્પેનના ડેવિડ ફેરરે આ ટાઈટલ જીત્યું હતું.



ભારત-એ અને ન્યુઝીલેન્ડ-એની મેચમાં વરસાદનું વિઘ્ન

લિન્કોઈન : ભારત-એ અને ન્યુઝીલેન્ડ-એ વચ્ચે ચાલી રહેલી બિનસત્તાવાર ટેસ્ટ મેચની શ્રેણીની ત્રીજી મેચમાં ત્રીજા દિવસે વરસાદનું વિઘ્ન સર્જાયું હતુ. ભારતે પ્રથમ ઈનિંગ ૪૬૪/૫ના સ્કોર પર ડિકલેર કરી હતી. જે પછી બીજા દિવસના અંતે ન્યુઝીલેન્ડ-એ ટીમે બે વિકેટે ૩૬ રન કર્યા હતા. આજે ત્રીજા દિવસે એક પણ બોલની રમત શક્ય બની નહતી.

બાંગ્લાદેશ સામે વિન્ડિઝ ૧-૦થી ટેસ્ટ શ્રેણી જીત્યું

સિલ્હત : બાંગ્લાદેશે બીજી ટેસ્ટ મેચ ડ્રોમાં ખેંચી હતી અને પ્રવાસી વિન્ડિઝે બે મેચની શ્રેણીમાં ૧-૦થી વિજય મેળવ્યો હતો. વિન્ડિઝે પ્રથમ ઈનિંગમાં ૩૫૬ રન કર્યા હતા. જવાબમાં બાંગ્લાદેશે ૩૮૬ રન નોંધાવ્યા હતા. હોજના ૧૪૨ની મદદથી વિન્ડિઝે બીજી ઈનિંગ ૩૮૮/૬ પર ડિકલેર કરી હતી. જે પછી ૩૬૬ના ટાર્ગેટ સામે બાંગ્લાદેશે ૧૮૪/૪ સ્કોર કરતાં મેચ ડ્રો થઈ હતી.

સ્વિટોલિનાએ ડબલ્યુટીએ ફાઈનલ્સના ફોટોશૂટનો બહિષ્કાર કર્યો



પ્રોફેશનલ મહિલા ટેનિસનું સંચાલન કરતી સંસ્થા ડબલ્યુટીએ દ્વારા વર્ષના અંતે ટોચની આઠ ખેલાડી વચ્ચે એલિટ ટુર્નામેન્ટનું આયોજન થાય છે, જેને ડબલ્યુટીએ ફાઈનલ્સ તરીકે ઓળખવામાં આવે છે. આ ટુર્નામેન્ટના પ્રારંભ અગાઉ ટેનિસ વર્લ્ડની ટોચની ખેલાડીઓનો ફોટોશૂટ યોજાયું હતું. જેમાં ભાગ સ્ટાર ખેલાડીઓની હાજરી જોવા મળી હતી. કઝાકિસ્તાનની રિબાકિનાની સાથે બેલારુસની સબાલેન્કા, અમેરિકાની ગોફ અને પેગુલા, રશિયાની એન્ડ્રીવા તેમજ ચેક રિપબ્લિકની નોસ્કોવા તેમજ યુક્રેનની સ્વિટોલિના અને કોત્સ્યુક આ ટુર્નામેન્ટમાં ક્વોલિફાય થયા છે. જોકે રશિયાએ બેલારુસ સાથે મળીને યુક્રેન પર હૂમલો કર્યો છે અને આ કારણોસર યુક્રેનની સ્વિટોલિનાએ રશિયન-બેલારુસિય ખેલાડી એન્ડ્રીવા-સબાલેન્કા સાથે ફોટો શૂટમાં ભાગ લેવાનો ઈનકાર કરી દીધો હતો.

બાર્સેલોના તરફથી બંને ગોલ ફર્મીન લોપેઝે નોંધાવ્યા

લા લીગા ફૂટબોલ : એટલેટીકોને હરાવી બાર્સેલોના પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચ્યું

એટલેટીકો, તા. ૯

સ્પેનિશ ફૂટબોલની પ્રતિષ્ઠિત લા લીગામાં બાર્સેલોનાએ ફરી એક વખત પોતાની લડાયક ક્ષમતાનો પરિચય આપ્યો છે. મેડ્રિડના મેટ્રોપોલિટાનો સ્ટેડિયમમાં રમાયેલ રોમાંચક મુકાબલામાં બાર્સેલોનાએ યજમાન એટલેટિકો મેડ્રિડને ૨-૧થી પરાજય આપ્યો હતો. એક સમયે એટલેટિકોના આક્રમક ખેલ સામે મુશ્કેલીમાં મુકાયેલી બાર્સેલોનાએ બીજા હાફમાં જોરદાર વાપસી કરીને ત્રણ મહત્ત્વપૂર્ણ પોઈન્ટ હાંસલ કર્યા હતા. બાર્સેલોનાની આ જીતના હીરો ૨૨ વર્ષીય મિડફિલ્ડર ફર્મિન લોપેઝ રહ્યા હતા. તેણે બંને ગોલ કરીને ટીમને વિજય અપાવ્યો હતો. આ પરિણામ સાથે બાર્સેલોનાએ લા લીગાના પોઈન્ટ ટેબલમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે અને બીજા ક્રમે રહેલા રિયલ મેડ્રિડ કરતાં ત્રણ પોઈન્ટની સરસાઈ મેળવી છે.

દસમી મિનિટે એટલેટિકોએ સરસાઈ મેળવી લીધી હતી. જુલિયન અલ્વારેઝે ડાબી બાજુથી આપેલા ક્રોસને જુલિયાનો સિમેઓને ગોલમાં ફેરવી દીધો હતો. આ ગોલથી એટલેટિકોના ખેલાડીઓ અને પ્રેક્ષકોમાં ઉત્સાહ છવાઈ ગયો હતો. પ્રથમ હાફ પૂરો થવાની તૈયારી હતી ત્યારે ૪૫મી મિનિટે બાર્સેલોનાને સફળતા મળી હતી. પેડ્રીના આક્રમક પ્રયાસ બાદ એટલેટિકોના ખેલાડીઓ બોલને યોગ્ય રીતે ક્લિયર કરી શક્યા નહોતા. તેનો લાભ ઉઠાવી ફર્મિન લોપેઝે સુંદર શોટ સાથે બોલને ગોલપોસ્ટમાં મોકલી દીધો હતો. આ ગોલથી સ્કોર ૧-૧ થયો હતો અને બાર્સેલોનાને મોટી રાહત મળી હતી. ૬૬મી મિનિટે યુવા સ્ટાર લેમિન યામાલે અદભુત નજર અને ચોકસાઈ સાથે ફર્મિન લોપેઝને પાસ આપ્યો હતો. ફર્મિને કોઈ વિલંબ કર્યા વગર પ્રથમ પ્રયાસે જ શોટ લગાવી એટલેટિકોના ગોલકીપર જાન ઓબ્લાકને ભેદવામાં સફળતા મેળવી હતી.

આ સાથે બાર્સેલોનાએ ૨-૧ની સરસાઈ મેળવી હતી. ફર્મિનની આ મેચમાં બીજી સફળતા હતી.



બાર્સેલોના ૨-૧થી જીત્યું : રિયલ મેડ્રિડ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને

આઈફોન-૧૮ પ્રો સપ્ટેમ્બરમાં લોન્ચ કરાયો હતો

એપલ આઈફોન-૧૮ને છેક ફેબ્રુ. ૨૦૨૭માં લોન્ચ કરશે

કેલિફોર્નિયા, તા.૯

એપલે આ વખતે તેની લોન્ચિંગની પરંપરામાં મોટો બદલાવ કર્યો હતો. દર વર્ષે સપ્ટેમ્બરમાં આઈફોન લોન્ચ કરતી કંપનીએ આ વખતે આઈફોન-૧૮ પ્રો, પ્રો મેક્સ લોન્ચ કર્યો હતો. પરંતુ, આઈફોન ૧૮ લોન્ચ નહોતો કરાયો. રિપોર્ટ મુજબ, આ ફોનને ફેબ્રુઆરી ૨૦૨૭માં લોન્ચ કરવામાં આવશે.

ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે ૧૮-ઈ અને આઈફોન એર-૨ના લોન્ચિંગની શક્યતાઓ

રિપોર્ટ મુજબ, આઈફોન-૧૮માં ૬.૩ ઈંચની એલટીપીઓ ઓએલઈડી ડીસ્પ્લે મળી શકે છે. તેમાં, ૧૨૦ હટ્ર્સ પ્રોમોશન રિફ્રેશ રેટ અને ૧.૫ કે રિઝોલ્યુશન મળવાની શક્યતા છે. ડિસ્પ્લેની બ્રાઈટનેસ વધારવાની સાથે બેઝલ્સ પણ પાતળા કરવામાં આવી શકે છે. આ ફોનમાં સૌથી મોટું અપગ્રેડ એ-૨૦ પ્રોસેસર હશે.

ટીએસએમસીની ૨ નેનોમીટર ટેકનોલોજીની ચિપ અગાઉની એ-૧૯ કરતા વધુ ફાસ્ટ હશે. આ ઉપરાંત બેટરી લાઈફ પણ સુધરશે. ફોનમાં ૯ જીબી અથવા ૧૨ જીબી રેમ મળવાની શક્યતા છે. તેમાં ૪૮ મેગાપિક્સલનો રેર કેમેરા મળશે. ફોનમાં નવું સી-૨ મોડેમ અને આઈઓએસ-૨૭ મળી શકે છે. સીરીને સ્માર્ટ બનાવવા માટે ગૂગલ જેમિનીની ટેકનો ઉપયોગ કરાશે.

ઈજીપ્તમાં ટ્રેન અકસ્માત ૭નાં મૃત્યુ : ૧૨૫ ઘાયલ

અબુઅયાન/કેરો તા. ૯

રવિવારે પાટનગર કેરો પાસે બે ટ્રેન અથડાતાં ૭ના મૃત્યુ થયા હતાં. જ્યારે ૧૨૫થી વધુ ઘાયલ થયા હતા. મૃત્યુ પામેલાઓમાં ટ્રેનનો કન્ડકટર (ગાર્ડ) પણ સમાવિષ્ટ હતો.

આ માહિતી આપતાં ઈજીપ્તનાં આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઘાયલો પૈકી ૭૦ને તો પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.સત્તાવાળાઓએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગીઝા પ્રાંતના અલ-આયાન તાલુકાના કફર-ગિર્ઝા શહેર પાસે એક રેલ્વે ટ્રેક ઉપર ઉભેલી ટ્રેનના પાછળના ભાગ સાથે પાછળથી આવતી ટ્રેન અથડાતાં આ ગમખ્વાર ઘટના બની હતી. પાછળથી આવતી ટ્રેન વાસ્તવમાં ગિઝાથી ફય્યુમ તરફ જતી હતી. જે કેરો-આસ્વાન ટ્રેનના પાછળના ભાગે અથડાઈ પડતાં આ દુર્ઘટના બની હતી.

તહેવારમાં પણ વોટ બેન્કનું રાજકારણ : ભાજપ

'દિવાલી ખુશિયોં કી ઈદ હૈ' ખડગેના નિવેદનથી વિવાદ

નવી દિલ્હી, તા. ૯


કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દિવાળીની શુભકામના પાઠવવામાં એવુ નિવેદન આપ્યું કે જેને કારણે વિવાદ થઈ ગયો. ખડગેએ કહ્યું હતું કે દિવાળી ખુશિયોંની ઈદ છે. આ મુદ્દે બાદમાં ભાજપ અને શિવસેનાએ કોંગ્રેસને ઘેરી હતી અને સવાલ કર્યો હતો કે શું તેઓ ઈદને ખુશીઓની દિવાળી કહેવાની હિમ્મત કરશે?.

શું ખડગે અને રાહુલ ઈદને ખુશીઓની દિવાળી કહેવાની હિમ્મત કરશે : ભાજપનો સવાલ

દિવાલી ખુશિયોં કી ઈદ હૈ કઈ દિનો તક ચલને વાલી ઈદ હૈના ખડગેના નિવેદન પર જવાબ આપતા ભાજપે કહ્યું હતું કે કોંગ્રેસે દિવાળીના તહેવારમાં પણ વોટ બેંકના રાજકારણને પસંદ કર્યું હતું. ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કહ્યું હતું કે ઈદનું પોતાનું આગવુ મહત્વ છે, જ્યારે દિવાળીની પોતાની પરિત્રાતા, પરંવરા અને ઓળખ છે. કોંગ્રેસ દ્વારા બિનસાંપ્રદાયિકતાના નામે હિન્દુ તહેવારોની ઓળખ બદલવી રાજકીય શિષ્ટાચાર બની ગયો છે શું?

ભાજપે સવાલ કર્યો હતો કે શું રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે ઈદને ખુશિયોં ની દિવાળી કહેવાની હિમ્મત કરશે? શિવસેનાના નેતા આનંદ દુબેએ કહ્યું હતું કે દિવાળી ભગવાન રામના અયોધ્યામાં પરત ફરવાનુ પ્રતીક છે, અને તેને દિવાળી જ રહેવા દેવી જોઈએ, તમામ ધર્મ અને તહેવારોનું સન્માન કરવું જોઈએ. ઈદ અને દિવાળી બન્ને અલગ છે અને બન્નેનું પોત પોતાનું મહત્વ છે.

અમેરિકાના પહેલા મુસ્લિમ સેનેટરે દિવાળી ઉજવી




અમેરિકાના પહેલા મુસ્લિમ સેનેટર બનીને ઈતિહાસ રચનારા ડોકટર અબ્દુલ અલ-સૈયદે દિવાળીની ઉજવણી કરી હતી. તેમણે સોશિયલ મીડિયા સાઈટ્સ પર આ ઉજવણીની તસવીરો શેર કરી હતી. તેમણે કેપ્શનમાં લખ્યું હતું કે, હેપ્પી દિવાલી ટુ ઓલ..તેમની આ પોસ્ટને ખૂબ જ લાઈક્સ મળી હતી.

સેન્સેક્સ ૪૮૦

(૧૫મા પાનાનું ચાલુ)

બેંક ઓફ ઈન્ડિયા રૂ.૨૪.૭૫ વધીને રૂ.૧૦૪૧.૪૫ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૯૩૭.૪૪ પોઈન્ટની મોટી છલાંગે ૬૭૨૩૫.૨૧બંધ રહ્યો હતો.

મૂહુર્ત ટ્રેડિંગમાં સન ફાર્માની આગેવાનીએ ફાર્મા શેરોમાં મોટી ખરીદી થયા બાદ આજે પણ ફંડોએ હેલ્થકેર-ફાર્મા શેરોમાં મોટું બાઈંગ કર્યું હતું. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૫૭૮.૨૭ પોઈન્ટ વધીને ૫૩૦૮૦.૭૪ બંધ રહ્યો હતો.

ક્રુડ ઓઈલના ભાવ ઘટી આવતાં ઓટોમોબાઈલ શેરોમાં પણ ફંડોની સિલેક્ટિવ ખરીદી રહી હતી. ટાટા મોટર્સ કમર્શિયલ વ્હીકલ રૂ.૭.૪૦ વધીને રૂ.૪૩૬.૨૦, મારૂતીસુઝુકી રૂ.૭૮ વધીને રૂ.૧૨,૯૧૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૧૯.૩૦ વધીને રૂ.૩૨૮૪, ટીવીએસ મોટર રૂ.૨૪.૮૫ વધીને રૂ.૪૪૯૧ રહ્યા હતા.

આઈટી-સોફટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં આજે ફંડોએ વૈશ્વિક બજારોમાં એઆઈનો ફુગ્ગો ફૂટી રહ્યો હોઈ કડાકાની અસરે ફંડોએ આજે સાવચેતીમાં વેચવાલી કરી હતી. એચસીએલ ટેકનોલોજી રૂ.૩૬ તૂટીને રૂ.૧૪૦૭, ટેક મહિન્દ્રા રૂ.૩૨ ઘટીને રૂ.૧૮૦૦, સિએન્ટ રૂ.૩૮.૫૫ તૂટીને રૂ.૧૦૯૨.૭૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૪૦૫.૫૭ પોઈન્ટ ઘટીને ૩૦૬૩૯.૨૨ બંધ રહ્યો હતો.

સેન્સેક્સ, નિફટીની આજે વી-સેપ રિકવરી સામે સ્મોલ, મિડ કેપ, બી ગ્રુપના શેરોમાં ઉછાળે નફારૂપી વેચવાલી થતાં માર્કેટબ્રેડથ સાધારણ નેગેટીવ બની હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૬૭૯ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૨૦૧૩ અને ઘટનારની સંખ્યા ૨૪૧૯ રહી હતી.

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ આરંભમાં ઘટયા પછી ફરી ઉંચકાયા હતા. ડાલરના ભાવ જે શુક્રવારે રૂ.૯૩.૯૨ હતા તે શનિવારે બંધ બજારે ૯૪.૦૮થી ૯૪.૦૯ સુધી ગયા હતા તે આજે રૂ.૯૩.૮૨ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૯૩.૬૮ સુધી ઉતર્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૪.૧૦ થઈ રૂ.૯૩.૯૫ આસપાસ રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ જે ઉંચામાં ૧૦૨ પાર કરી ૧૦૨.૩૦ રહ્યો હતો તે આજે ફરી ઘટી નીચામાં ૧૦૧.૯૩ થઈ ૧૦૧.૯૪ રહ્યાના સમાચાર હતા. પાઉન્ડના ભાવ ૩૨ પૈસા વધી રૂ.૧૨૬.૦૧ રહ્યા હતા. યુરોના ભાવ આજે રૂપિયા સામે ૧૯ પૈસા વધી ૧૦૫.૧૧ રહ્યા હતા. વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ઉંચામાં ૯૮.૪૩ થયા પછી ઘટી ૯૬.૧૧ થઈ ૯૬.૫૧ ડોલર રહ્યા હતા.

હાઈકોર્ટે મણિપુરમાં એપ્રિલ સુધી વસ્તી ગણતરી પર સ્ટે મૂક્યો

નવી દિલ્હી, તા. ૯

જાતીય હિંસા અને મોટા પાયે વિસ્થાપન વચ્ચે મણિપુર હાઈકોર્ટે રાજ્યમાં ૨૦૨૭ની વસ્તી ગણતરી પ્રક્રિયા પર ૩૦ એપ્રિલ, ૨૦૨૭ સુધી સ્ટે મૂકી દીધો છે. મુખ્ય ન્યાયમૂર્તિ એમ સુંદરની અધ્યક્ષતા ધરાવતી ખંડપીઠે કેન્દ્ર સરકાર અને ભારતનાં રજિસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનરને વસ્તી ગણતરી પહેલા ઉઠાવવામાં આવેલા તમામ વાંધાઓ અને અરજીઓ પર વિચાર કરવા અને ૩૦ એપ્રિલ, ૨૦૨૭ સુધીમાં અંતિમ નિર્ણય આપવાનો આદેશ જારી કર્યો છે. કાંઈલેપાક સ્ટુડન્ટ્સ એસોસિએશન (કેએસએ), ઈન્ટરનેશનલ પીસ એન્ડ સોશિયલ એડવાન્સમેન્ટ (આઈપીએસએ) અને અન્ય અરજીઓ પર સુનાવણી કરતા કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

કેન્સર વિરોધી દવાઓના ઘટાડેલા ભાવનો દેશભરમાં અમલ શરૂ

નવી દિલ્હી, તા. ૯

કેન્સર વિરોધી ૧૩૭ દવાઓના ભાવમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે જેનો સોમવારથી અમલ કરવામાં આવ્યો છે. જેને કારણે વર્ષે ગ્રાહકોને આશરે ૩૫૪૦ કરોડ રૂપિયાનો ખર્ચ ઓછો થવાની આશા છે. કેમિકલ અને ફર્ટિલાઈઝર મંત્રાલયના જણાવ્યા મુજબ ૮૫ ફાર્મા કંપનીઓએ ૧૩૬૪ એન્ટી કેન્સર ફોર્મ્યુલેશન્સના ભાવમાં ફેરફાર કર્યા છે. જેમાં આશરે ૧૨૧ દવાઓને આવરી લેવામાં આવી છે. જેમાંથી ૬૭૯ બ્રાન્ડની દવાઓના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે. જ્યારે સૌથી વધુ ભાવ ઘટાડો ૯૬ ટકા છે. નવ નવેમ્બરના રોજ આ નવા ભાવ દેશભરમાં લાગુ કરી દેવામાં આવ્યા છે. ગ્રાહકો દવાઓના પેક પરનો ભાવ ચેક કરીને તે યોગ્ય છે કે કેમ તે ચકાસવા માટે ફાર્મા સહી દામ મોબાઈલ એપનો ઉપયોગ કરી શકે છે. સરકારના જણાવ્યા મુજબ નક્કી કરાયેલા ભાવ કરતા એક પણ રૂપિયો કંપની, મેડિકલ કે હોસ્પિટલ નહીં વસુલી શકે.

અન્ય ૫૦ ગુરૂદ્વારાઓના પુનઃનિર્માણનું કામ પણ ચાલુ

લાહોરના ઐતિહાસિક ગુરૂદ્વારાના દ્વાર ૭૯ વર્ષ પછી ફરી વાર ખુલ્લા મૂકાયા

(પીટીઆઈ) લાહોર,તા.૯

૧૯૪૭ માં ભારતના ભાગલા થયા ત્યારથી બંધ રહેલી પાકિસ્તાનના લાહોર સ્થિત ઐતિહાસિક ગુરૂદ્વારાના દ્વાર ધાર્મિક પૂજા-અર્ચના કરવા માટે રવિવારથી પુનઃ ખુલ્લા મૂકવામાં આવ્યા છે.

આ ગુરૂદ્વારા, શીખોના છઠ્ઠા ગુરૂ, ગુરૂ હરગોબિન્દની સ્મૃતિરૂપે પ્રસિદ્ધ છે

૭૯ વર્ષની તાળાબંધીનો અંત આણતા ગુરૂદ્વારા છેવિન પાતશાહી શ્રી ગુરૂ હરગોબિન્દ સાહિબના દ્વાર પુનઃ ખુલ્લા મૂકાયા એ પછી શીખ ધાર્મિક પરંપરાઓનું પાલન કરાયું, જેમાં શીખ ધર્મના સેંકડો અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા. ગુરૂ હરગોબિન્દ સાહિબની લાહોરની મુલાકાત સાથે સંકળાયેલી ગુરૂદ્વારા અત્રેના મંદિર રોડ પર આવેલી છે. શીખ ધર્મના ૧૦ગુરૂઓ પૈકી છઠ્ઠા ગુરૂ, ગુરૂ હરગોબિન્દ (૧૫૯૫-૧૬૪૪) એ ધાર્મિક દમન સામે સુરક્ષા માટે શીખ કોમને તૈયાર કરી. આથી તેઓ લડાયક-સંત તરીકે પૂજાતા રહ્યા છે.

પાકિસ્તાનના પંજાબ પ્રાંતના લઘુમતી મંત્રી અને પાકિસ્તાન શીખ ગુરૂદ્વારા પ્રબંધક સમિતિના અધ્યક્ષ સરદાર રમેશ સિંઘ અરોરાએ આ પ્રસંગે જણાવ્યું કે ઐતિહાસિક ગુરૂદ્વારાના પુનઃનિર્માણનું કામ પૂરૂં થયું છે. હવે, શીખ ધર્મના અનુયાયીઓ માટે એ પૂજાર્થે ખુલ્લું મૂકાયું છે. શીખોના ધાર્મિક વારસાની જાળવણી કરવા તથા જાત્રાળુઓની સુવિધા માટે પાકિસ્તાનમાં આવેલી ૫૦ ગુરૂદ્વારાઓનું પુનઃનિર્માણ કાર્ય હાથ ધરાઈ રહ્યું છે.

યુદ્ધના કારણે બેફામ બનેલી મોંઘવારીથી પેટ્રોલના ભાવ ઊંચા જતાં સરેરાશ મતદાર મારાથી નારાજ : ટ્રમ્પ

ઈરાન, ઈમિગ્રેશન

(૧૫મા પાનાનું ચાલુ)

નુકસાન પણ થયું. ઈમિગ્રેશનમાં ગુનેગારોને કાઢવામાં આવ્યા તે કાર્યવાહીને વ્યાપક જનસમર્થન મળ્યું, પરંતુ અમેરિકામા લાંબા સમયથી રહેતા અને નોકરીઓમાંથી બહાર કાઢવામાઁ આવતા લોકોના લીધે તેઓમાં ચિંતાની લાગણી પેદા થઈ. આમ સારા ઈમિગ્રન્ટ સામેની ખરાબ કાર્યવાહી તેમને નડી ગઈ હતી. આઈસીઈએ જે રીતે ઈમિગ્રન્ટને ચાલુ નોકરીએથી અને ઘરોમાંથી ઉઠાવવા માંડ્યા હતા તે વધુ પડતુ હતુ, એમ ટ્રમ્પે સ્વીકાર્યુ હતુ. તેના લીધે મતદારોને એવો સંદેશ ગયો કે સરકાર કાયદેસર કે ગેરકાયદેસર બધા જ ઈમિગ્રન્ટ સામે આકરું વલણ અપનાવી રહી છે, જ્યારે જનાદેશ ફક્ત ગેરકાયદેસરના ઈમિગ્રન્ટ સામે જ આકરા વ્યવહારનો હતો.

ટ્રમ્પે સ્વીકાર્યુ કે ઈમિગ્રેશનની કાર્યવાહી વધુ પડતી આકરી હતી. તેમણે સંકેત આપ્યો કે તેઓ આ મુદ્દે ડેમોક્રેટ્સ સાથે મળીને સહયોગ સાધવા તૈયાર છે. તેઓ આ મુદ્દે ડેમોક્રેટ્સ સાથે સમજૂતી કરવા તૈયાર છે. તેના હેઠળ કેટલાય વર્ષોથી અમેરિકામાં રહેતા હોટેલ, રેસ્ટોરા અને કૃષિ ક્ષેત્રોમાં કામ કરી રહેલા લોકોને કાયદાકીય રીતે રહેવાની છૂટ આપી શકાય. જ્યારે ગંભીર અપરાધો અને ડ્રગ્સ દાણચોરીમાં સામેલ લોકોને બહારનો રસ્તો બતાવવાનું જારી રાખવામાં આવશે.

ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાનને અમે પરમાણુ શસ્ત્રો બનાવતા રોકી દીધું છે. હવે તે આ સંઘર્ષને આગળ વધારવાના પક્ષમાં નથી. ઈરાન હવે અમારી શરતો સ્વીકારી લે એટલે યુદ્ધ પૂરુ થઈ જશે. તેમણે સ્વીકાર્યુ હતું કે ઈરાન યુદ્ધના કારણે મોંઘવારી વધતા સામાન્ય અમેરિકન ત્રાહિમાન થઈ ગયો હતો. રિપબ્લિકનને વફાદાર મતદારો પણ પેટ્રોલ-ડીઝલના ઊંચા ભાવની મોંઘવારીના કારણે પરેશાન થઈ ગયા હતા. પેટ્રોલ-ડીઝલના ઊંચા ભાવના કારણે દરેક સેક્ટરમાં મોંઘવારીએ માઝા મૂકી હતી. ખાદ્યપદાર્થો લઈને જીવન જરૂરિયાતની દરેક ચીજવસ્તુ મોંઘી થઈ ગઈ હતી.

ટ્રમ્પે આ ઉપરાંત જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધ પર ટૂંક સમયમાં સમજૂતી સધાય તેવી સંભાવના છે. તેમણે ફરીથી પુનરોચ્ચાર કર્યો હતો કે જો તેઓ પ્રમુખ હોત તો આ યુદ્ધ શરૂ જ થયું ન હોત. આ યુદ્ધ અટકવામાં સૌથી મોટો અવરોધ ઝેલેન્સ્કી અને પુતિન વચ્ચેની વ્યક્તિગત કડવાશને ગણાવી હતી.તેમણે જણાવ્યું હતું કે આ યુદ્ધ પણ હું જ ખતમ કરાવીશ. તેમણે સ્વીકાર્યુ હતુ કે યુદ્ધ પછી યુક્રેનનું સ્વરૂપ થોડું જુદુ હોઈ શકે છે.

ઝારખંડ પોલીસે ટ્રક-ટ્રેનમાંથી ૪૪૧ કિલો ગાંજો જપ્ત કર્યો

રાંચી, તા. ૯

ઝારખંડમાં ગાંજાની દાણચોરી વિરુધ્ધ પોલીસ અને રેલવે સુરક્ષા દળે મોટી કાર્યવાહી કરી છે. રાજ્યમાં બે અલગ અલગ ઓપરેશનમાં કુલ ૪૪૧ કિલોગ્રામ ગાંજો જપ્ત કરવામાં આવ્યો છે. જપ્ત કરાયેલ ગાંજાની અંદાજીત કિંમત ૨.૨ કરોડ રૂપિયા બતાવવામાં આવી રહી છે. દાણચોરોએ ગાંજાની ખેપને નિર્ધારીત સ્થળે પહોંચાડવા માટે એવી યુક્તિ અપનાવી હતી કે શરુઆતના તબક્કામાં કોઈને શક જાય નહિ.

૧૨થી ૧૪ નવે.

(૧૫મા પાનાનું ચાલુ)

ભૂમધ્ય સમુદ્ર અથવા એટલાન્ટિક ક્ષેત્રથી આવનારી હવામાન પ્રણાલી છે. જે ઠંડીમાં ઉત્તર ભારતનાં હવામાનને અસર કરે છે.

આ સિસ્ટમ ભેજ લઈને આવે છે. પર્વતીય વિસ્તારોમાં બરફ વર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદનું કારણ બને છે. આ વખતે આ વિક્ષેપ સક્રિય દેખાઈ રહ્યું છે. જેના કારણે અનેક રાજ્યોમાં હવામાનને અસર થશે.

જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ ક્ષેત્રમાં ૧૦ અને ૧૧ નવેમ્બર તથા ૧૪ નવેમ્બરે વરસાદની સંભાવના છે. ૧૨ અને ૧૩ નવેમ્બરે અહીં વ્યાપક વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત ૧૦ થી ૧૪ નવેમ્બર દરમિયાન તોફાન, વીજળી સાથે વરસાદ તથા ૪૦ થી ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

હવામાનમાં આ ફેરફારની સૌથી વધુ અસર પર્વતીય વિસ્તારની સડકો અને પ્રવાસ પર પડશે. બરફવર્ષા અને વરસાદને કારણે કેટલાક રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી શકે છે. મેદાની વિસ્તારોમાં તાપમાન ઘટવાની સંભાવના છે. જેના કારણે ઠંડી વધશે.

દિલ્હીની વાત

(૧૫મા પાનાનું ચાલુ)

એક દુઃખદ ઘટના હતી. સોનિયા ગાંધીની ચિંતા દેશના સામાજીક તાણાવાણા માટે હતી. આ દેશમાં ૨૫ થી ૩૦ કરોડ મુસ્લિમો રહે છે. જો આટલી મોટી વસ્તીને નફરતની નજરથી જોવામાં આવે તો તેઓ મુખ્ય ધારાથી અલગ થઈ જાય, એની અસર દેશની પ્રગતિ પર પડે. સોનિયા ગાંધી દેશ માટે લડ્યા હતા. ભાજપના પ્રવક્તાએ જોકે સવાલ કર્યા છે કે સોનિયા ગાંધીની સહાનુભૂતિ રામ જન્મભૂમિ સાથે હતી કે મસ્જિદ સાથે?'

એકાએક ઉભરાયેલા અડવાણી પ્રેમ બાબતે ભાજપમાં જ ગણગણાટ

થોડા દિવસો પહેલા ભાજપના સિનિયર નેતા લાલકૃષ્ણ અડવાણીનો જન્મ દિવસ ગયો. એ દિવસે દિલ્હી સ્થિત ભાજપના મુખ્ય કાર્યાલય ખાતે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાજપના પ્રમુખ નિતિન નવીન સહિત પક્ષના ઘણા નેતાઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. એ વખતે અડવાણીના જીવન પરથી બનેલી ૨૦ મીનીટની ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. સોશ્યલ મીડિયા પર પણ ભાજપના સિનિયર નેતાઓએ અડવાણીને જન્મદિવસના અભિનંદન આપ્યા હતા. જોકે ભાજપની નીચલી કેડરના કાર્યકરો એવી વાતો કરે છે કે, અડવાણી જ્યારે શારીરિક અને માનસિક રીતે સક્ષમ હતા ત્યારે જ એમને સલાહકાર મંડળમાં મોકલી આપીને એમનું રાજકારણ પુરુ કરી દેવામાં આવ્યું હતું. જો ભાજપને અડવાણી માટે ખરેખર લાગણી હોત તો કમસે કમ એમને રાષ્ટ્રપતિ તો બનાવી જ શકતે.

ખડગેના વિવાદાસ્પદ નિવેદનથી રાજકારણ ગરમાયું

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેએ દિવાળીને 'ખુશીઓ કી ઈદ' ગણાવવાથી રાજકીય વિવાદ ઉભો થયો છે. દિવાળીની શુભકામના આપતી વખતે ખડગેના આ નિવેદન પર ભાજપે નારાજગી વ્યક્ત કરી છે. જોકે કોંગ્રેસના નેતાઓએ ખડગેના નિવેદનનો બચાવ કર્યો છે. દિવાળીની શુભકામના આપતી વખતે ખડગેએ એમ પણ કહ્યું હતું કે, પ્રકાશનું આ પર્વ શાંતિ, મિત્રતા અને ભાઈચારાનું પ્રતિક છે. તમામ સંપ્રદાયના લોકોને એકબીજાની નજીક લાવે છે. આમ જોવા જઈએ તો ખડગેના નિવેદનમાં કંઈ વંધાજનક નહોતુ, પરંતુ દિવાળી સમયે એમણે ઈદને યાદ કરતા કેટલાક લોકો ભડક્યા હતા. ભાજપને લાગ્યું હતુ કે ખડગે વોટબેંકનું રાજકારણ રમે છે. ખાસ કરીને સોશ્યલ મીડિયા પર તેઓ ટ્રોલ થયા હતા. ભાજપના કેટલાક પ્રવક્તાઓએ તો આ મામલે કોંગ્રેસને (સનાતન વિરોધી) પણ ગણાવી દીધી છે. એમનું કહેવું છે કે કોંગ્રેસે જાણી જોઈને હિન્દુ તહેવારને ઈસ્લામના તહેવાર સાથે જોડવાની કોશિશ કરી છે.

પેટ્રોલમાં ઈથેનોલ મુદ્દે કર્ણાટકમાં ભારે ઉહાપોહ

કર્ણાટકમાં પેટ્રોલની અંદર નક્કી કરેલી મર્યાદા કરતા ઈથેનોલનું પ્રમાણ વધુ મળવાનો વિવાદ વધી રહ્યો છે. આ બાબતે મુખ્યમંત્રી ડી કે શિવકુમાર ખુબ ગંભીર છે. ડી કે શિવકુમારએ થયેલા આક્ષેપો કબુલ કરીને કહ્યું છે કે પેટ્રોલ પંપો પર નક્કી થયેલી માત્રા કરતા ઈથેનોલ વધુ પ્રમાણમાં મેળવવામાં આવે છે. આ બાબતે સંબંધીત મંત્રીને સૂચના આપવામાં આવી છે. શિવકુમારના કેટલાક ટેકેદારો માની રહ્યા છે કે શિવકુમાર રાજકીય કારણોસર આ મુદ્દો ચગાવી રહ્યા છે. જોકે શિવકુમારનું કહેવું છે કે, વિરોધ પક્ષમાં હોવાને કારણે આ મુદ્દો ચગાવવામાં આવતો નથી. કેન્દ્ર સરકારને ૬૭ જગ્યાઓની જાણકારી આપવામાં આવી છે જ્યાંથી પેટ્રોલના નમૂના લેવામાં આવ્યા છે. લોકો તરફથી ઘણી ફરિયાદો મળી રહી છે અને પેટ્રોલને કારણે વાહનોના એન્જિનને નુકસાન થઈ રહ્યું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જોકે કહ્યું છે કે ૨૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા મેળવાયેલા ઈ-૨૦ પેટ્રોલના તમામ ૮૯૩ નમૂનાઓ ગુણવત્તાની દૃષ્ટિએ યોગ્ય લાગ્યા છે.

'રામ મંદિર ક્યારેય નહીં જાઉ, હું મથુરા જઈશ'

અયોધ્યામાં રામ મંદિર બની ગયા છતાં પણ રામ મંદિર બાબતનું રાજકારણ પૂરુ થતું નથી. હવે તૃણમુલ કોંગ્રેસના સાંસદ કીર્તિ આઝાદએ ફરીથી જૂનો વિવાદ ફરીથી ઉખેડ્યો છે. એમણે રામ મંદિર બાબતે ભાજપ પર તીખો હુમલો કર્યો છે. એમનું કહેવું છે કે ભાજપ રાજકીય ફાયદા માટે ધર્મ અને ધાર્મિક ભાવનાઓનો ઉપયોગ કરે છે. કીર્તિ આઝાદનું કહેવું છે કે, તેઓ કામાખ્યા મંદિર ગયા છે, પરંતુ અયોધ્યાના રામ મંદિર નથી ગયા અને ભવિષ્યમાં જવાના પણ નથી. એમનું આ નિવેદન ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવના નિવેદન પછી આવ્યું છે. અખિલેશ યાદવે કહ્યું હતું કે અયોધ્યા સ્થિત રામ મંદિર અને હનુમાન ગઢી મંદિરના દર્શને જશે. ભાજપનું માનવું છે કે ઉત્તર પ્રદેશની ચૂંટણી પહેલા અખિલેશ યાદવ ફાયદા માટે રાજકારણ રમી રહ્યા છે.

'હું પરીપક્વ દલીત છું'

કર્ણાટકના રાજકારણમાં ફરીથી એક વખત પોસ્ટરો દ્વારા રાજકીય વાણીવિલાસ શરૂ થઈ ગયો છે. બેંગ્લોરમાં યુથ કોંગ્રેસના કાર્યકરોએ જનતાદળ સેક્યુલર (ઝેડએસ)ના પાર્ટી કાર્યાલયની બહાર રાજ્યના ગૃહમંત્રી પ્રિયાંક ખડગેના પોસ્ટર ચોંટાડ્યા છે. આ પોસ્ટરો દ્વારા કોંગ્રેસે દલીત ઓળખ, બંધારણ અને પક્ષ વિશે પોતાની વાત રજુ કરી છે. યુથ કોંગ્રેસ તરફથી લગાડવામાં આવેલા આ પોસ્ટર પર લખવામાં આવ્યું છે કે, 'હા હું એક પરીપક્વ દલીત છું. મારો વિકાસ બંધારણ અને કોંગ્રેસ પક્ષને કારણે થયો છે. નહીં કે તમારા ઘરના બટાટાને કારણે.' આ પોસ્ટરો દ્વારા કોંગ્રેસના કાર્યકરોએ વિપક્ષ પર કટાક્ષ કર્યો છે. કર્ણાટકમાં જ્યારથી મુખ્યમંત્રી બદલાયા ત્યારથી સિદ્ધારમેયાનું ગ્રુપ નેપથ્યમાં ધકેલાઈ ગયું છે. બીજી તરફ મુખ્યમંત્રી ડી કે શિવકુમારનું જૂથ વધુ આક્રમક બન્યું છે. પ્રિયાંક ખડગે ડી કે શિવકુમારના ખાસ માણસ ગણાય છે અને પ્રિયાંક ખડગેના પિતા મલ્લિકાર્જૂન ખડગે ગાંધી કુટુંબની ખૂબ નજીક ગણાય છે.

કર્નલ તરૂણેન્દ્ર પ્રતાપ સિંહ કોણ છે

ભારતીય સૈન્યના સલાહકાર કર્નલ તરૂણેન્દ્ર પ્રતાપ સિંહની સંયુક્ત રાષ્ટ્ર (યુએન)માં હાજરીની નોંધ સોશ્યલ મીડિયા પર લેવાઈ રહી છે. ચર્ચા જોકે એમના ભાષણની નહીં, પરંતુ એમના હાથોની આંગળીઓ પર દેખાયેલા નિશાનની થઈ રહી છે. એમના ફોટોગ્રાફ વીડિયો પર જોવામાં આવતા સોશ્યલ મીડિયા યુઝર્સએ આ નિશાન બાબતે જાતજાતની પ્રતિક્રિયા આપી છે. યુઝર્સે આંગળીઓ પરના નિશાનને એમની વર્ષોની મહેનત, કડક શારીરિક ટ્રેનિંગ અને સૈન્ય સેવા પ્રતિ એમના સમર્પણના પ્રતિક તરીકે ગણાવ્યું છે. યુએનમાં શાંતિ સ્થાપના અભિયાન બાબતે વાર્ષિક ચર્ચામાં ભારત તરફથી કર્નલ તરૂણેન્દ્ર પ્રતાપ સિંહે રજુઆત કરી હતી. યુએનમાં કર્નલ તરૂણેન્દ્ર પ્રતાપ સિંહને ભારતના સ્થાયી મિશન સૈન્ય સલાહકાર તરીકે ૨૦૨૬ની ૨૦મી ફેબ્રુઆરીએ નિમણૂક કરવામાં આવી હતી. તેઓ આંતરરાષ્ટ્રીય શાંતિ સ્થાપના અભિયાન તેમજ સુરક્ષા સાથે જોડાયેલી રાજકીય બાબતો અને ચર્ચામાં યોગદાન આપે છે.

ભારતમાં ૧૦

(૧૫મા પાનાનું ચાલુ)

મુજબ પાંચ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરની માત્રા જ સુરક્ષિત માનવામાં આવે છે. અત્યાર સુધી વાયુ પ્રદૂષણ મુખ્યત્વે મોટા શહેરોમાં જ જોવા મળતું હતું પરંતુ હવે ભારતના નાના શહેરો સુધી પણ તે પહોંચી ગયું છે.

મારી પત્ની અને બાળકોને બહુ દુઃખ આપ્યું, હું આ સંબંધનો સ્વીકાર કરીને તમામની હૃદયપૂર્વક માફી માગું છું : સીઈઓ જેનસેન

ચીનની જાસૂસ

(૧૫મા પાનાનું ચાલુ)

રિપોર્ટમાં દાવો કર્યો હતો કે એનવીડિયાના સીઈઓ હુઆંગને સિંગાપોરની એક કંપનીની પૂર્વ કર્મચારી એલાઈસ હુઆંગ સાથે સંબંધમાં હતા. આ મહિલાની અગાઉ યુએસ ઓથોરિટીએ પૂછપરછ કરી હતી તેના પર ચીન માટે જાસૂસી કરવાનો આરોપ હતો. એવામાં હવે હુઆંગે જાહેરમાં આ સંબંધોનો સ્વીકાર કર્યો છે. તેણે કહ્યું છે કે મે જે કઈ કર્યું છે તેની સંપૂર્ણ રીતે જવાબદારી લેવા માટે તૈયાર છું. જે કઈ પણ ટિકાઓ થઈ રહી છે તેનો પણ હું સ્વીકાર કરું છું.

જ્યારે એનવીડિયાએ એક નિવેદન જાહેર કરીને કહ્યું છે કે તપાસ ચાલી રહી છે ત્યાં સુધી હુઆંગ કંપનીના સીઈઓનું પદ સંભાળતા રહેશે તેમને આ પદ પરથી હટાવવામાં નહીં આવે. કંપનીના પ્રવક્તાએ કહ્યું હતું કે આજના આ સમાચારોથી એનવીડિયાની ગતિ ધીમી નહીં પડે. હુઆંગ એનવીડિયાની આગેવાની લેવા માટે કટિબદ્ધ છે. તેઓને સીઈઓના પદ પરથી હટાવવામાં નહીં આવે. તેઓને ચીનની ગુપ્ત એજન્સીઓ દ્વારા ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. હુઆંગે પોતાના ખુલ્લા પત્રમાં કહ્યું હતું કે મારી સામે ચાલી રહેલી તપાસમાં હું સંપૂર્ણ રીતે સાથ સહકાર આપવા માટે તૈયાર છું. હું મારા દેશ અને કંપનીને પ્રેમ કરું છું. અમેરિકાની સુરક્ષાને સમર્થન આપીને મારી કંપનીની સુરક્ષા કરવા માટે હું કટિબદ્ધ છું.

દિવાળીની રાતે

(૧૫મા પાનાનું ચાલુ)

૬ લોકોનાં શ્વાસ રૂંધાવાને કારણે મોત થયા છે. આ ઘટનામાં એક નવજાત શિશુ સહિત ત્રણ બાળકો સામેલ છે.

સિવની જિલ્લામાં એક બુલિયન વેપારીના ઘરમાં આગ લાગવાથી એક જ પરિવારનાં ૬ સભ્યોનાં મોત થયા છે. જેમાં ૧૬ વર્ષનાં છોકરાનો સમાવેશ થાય છે.

રાજ્યમાં કુલ મૃત્યુ પામેલા લોકોની સંખ્યામાં પાંચ મહિલાઓ, ત્રણ પુરુષો અને ચાર બાળકોનો સમાવેશ થાય છે.

મહારાષ્ટ્રમાં પણ આગની ભયાનક ઘટનાઓ જોવા મળી છે. ધારાશિવ જિલ્લામા કરિયાણાની દુકાનનાં ઉપરનાં મકાનમાં એક જ પરિવારનાં ૬ લોકો જીવતા બળી ગયા હતાં. પુણેમાં અલગ અલગ જગ્યાએ આગની ૬૩ ઘટનાઓ નોંધવામાં આવી હતી.

મુંબઈનાં લોખંડવાલામાં બીજી એક ઘટનામાં એક વ્યકિતનું મોત થયું હતું. જ્યારે ડોંગરી વિસ્તારમાં ઝૂંપડપટ્ટીઓ અને દુકાનમાં આગ લાગી હતી.

રાજસ્થાનનાં પાલી જિલ્લામાં ફટાકડાની દુકાનમાં આગ લાગવાથી બે લોકોનાં મોત થયા છે અને ત્રણ અન્ય લોકો ગુમ થયા છે. રાજધાની દિલ્હીનાં નરેલા વિસ્તારમાં ફટાકડાનાં પ્રદર્શન દરમિયાન છોડવામાં આવેલા રોકેટ ફટાકડા ૧૦ વર્ષનાં બાળકનાં પેટમાં વાગ્યો હતો.

જેનાં કારણે તેનું મોત થયું હતું. ઉત્તર પ્રદેશનાં બાંદામાં એક ભંગારનાં ગોડાઉનમાં આગ લાગવાથી આશરે ૨૦ થી ૨૫ લાખ રૂપિયાની મિલકત બળીને ખાક થઈ ગઈ હતી.

પ્રાઈમ પ્રોપર્ટી
ટચુકડી જાહેરખબર

ભાડજ

વેચવાનું છે

વેચવાનો છે બંગલો પ્લોટ 1300 વાર, 390 વાર બાંધકામ શિલ્પ ગ્રામ 3, ભાડજ CA Realtors-8401411929

राष्ट्रीय उर्दू भाषा विकास परिषद्

قومی کونسل برائے فروغِ اردو زبان

NATIONAL COUNCIL FOR PROMOTION OF URDU LANGUAGE
Ministry of Education,Department of Higher Education,
Government of India
Farogh-e-Urdu Bhawan,FC-33/9,Institutional Area,Jasola,New Delhi-110 025
Ph: 011-35151992

Admission Notice

Diploma in CABA-MDTP
(Computer Applications, Business Accounting and Multilingual Desktop Publishing)

Joint Certification by NCPUL & NIELIT Chandigarh

Important Dates for the session January, 2027

NCPUL
Ministry of Education,Govt. of India

Last date for Submission of form	: 2 December, 2026
Interview of candidate	: 7th & 8th December, 2026
Display of selected candidate list	: 14th December, 2026
Last date for Submission of fee	: 18th December, 2026
Commencement of Classes	: 1st January, 2027

NIELIT
Chandigarh Centre
Ministry of Electronics and Information Technology, Govt. of India

Course Contents:

Module I: Fundamentals of Information Technology **Module II:** Internet Technology and Web Designing **Module III:** Financial Accounting Using Tally & Personality Development **Module IV:** Emerging trends in IT **Module V:** Multilingual DTP (Part-1 and Part-2) **Module VI:** Artificial Intelligence and Machine Learning Python **Module VII:** Practical & Project Work.

Eligibility: For admission to CABA-MDTP course eligibility will be Matric or recognized equivalent qualifications.Students should have attained age of 15 years and must be below the age of 35 years on the last date of application.

Duration: one year. **No. of seats : 40**

Fee: Students admitted will be required to pay a monthly fee of Rs. 250/-p.m. However in case of 'A class' cities, fee will be Rs.500/- P.M. (Accredited Centres may charge double amount).

The Council has launched One Year Diploma in Urdu Language on Distance Education mode through English & Hindi Medium. Passing in Diploma in Urdu Language is compulsory.

For Prospectus please contact the CABA-MDTP centres of your locality.The list of CABA- MDTP Centres with all details is available on Council's website www.urducouncil.nic.in


Director

દેશ-દુનિયા


ભવિષ્યનાં શહેરોની ઝલક : AI રોજિંદું જીવન સંભાળશે !



મસદાર સિટી


શ્યોંગઆન ન્યૂ એરિયા


ધ લાઈન








વૂવન સિટી

સતત વધતી વસ્તી, કમરતોડ ટ્રાફિક, ગૂંગળાવતું પ્રદૂષણ તેમજ પાણી અને વીજળીની વિકટ બનતી સમસ્યાઓ વચ્ચે વિશ્વના અનેક દેશો હવે સ્માર્ટ સિટીઝના નવા મોડેલ ડેવલપ કરી રહ્યા છે. આ અલ્ટ્રા-મોડર્ન સિટીઝનો આશય માત્ર ઊંચી ઊંચી બિલ્ડિંગ્સ ઊભી કરવાનો નથી, પરંતુ નાગરિકોનું રોજિંદું જીવન વધુ સરળ, સ્વચ્છ અને સુવિધાજનક બનાવવાનો છે. **વૂવન સિટી :** ટેકનોલોજી ક્ષેત્રે અગ્રેસર જાપાનમાં આકાર લઈ રહેલું 'વૂવન સિટી' (Woven City) ભવિષ્યના માનવ જીવનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. અહીં, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઘરકામમાં હેલ્પ કરતા રોબોટ્સ, ઓટોનોમસ સ્માર્ટ વ્હીકલ્સ અને નેક્સ્ટ-જનરેશન મોબિલિટી સિસ્ટમનું ટેસ્ટિંગ ચાલી રહ્યું છે. **ધ લાઈન :** સાઉદી અરેબિયાનો 'ધ લાઈન' પ્રોજેક્ટ સમગ્ર વિશ્વમાં ભારે કૌતુક અને ચર્ચાનો વિષય બન્યો છે. ૧૭૦ કિલોમીટર લાંબા આ વર્ટિકલ સિટીની કલ્પનામાં પરંપરાગત રસ્તાઓ અને પોલ્યુશન કરતી કાર્સને તિલાંજલિ આપવામાં આવી છે. **મસદાર સિટી :** અબુધાબીનું 'મસદાર સિટી' ગ્રીન સિટીનું સચોટ ઉદાહરણ પૂરું પાડે છે. મસદારમાં સોલાર પાવર, જળ સંચય અને વોકેબલ સિટી પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. **ચીનનું શ્યોંગઆન ન્યૂ એરિયા :** ચીનનું 'શ્યોંગઆન ન્યૂ એરિયા' પણ મોર્ડન સિટીના ડેવલપમેન્ટનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યું છે. અહીં, નવી બિલ્ડિંગ્સ, ટેકનોલોજી પાર્ક, હોસ્પિટલો, યુનિવર્સિટીઝ અને મોર્ડન રેસિડેન્શિયલ એરિયા ડેવલપ કરવામાં આવ્યા છે. **સિંગાપોર :** સિંગાપોરમાં પણ ભવિષ્યના રહેણાક વિસ્તારોમાં કારનો ઉપયોગ ઘટાડીને લોકો માટે વધુ ગ્રીન સ્પેસ, સાઈકલ ટ્રેક અને વોકેબલ સિટી બનાવવાની યોજનાઓ અમલી બની રહી છે. આ પ્રકારના ફ્યુચરિસ્ટિક સિટીઝનો મુખ્ય હેતુ નાગરિકોના જીવનને વધુ આરામદાયક અને તણાવમુક્ત બનાવવાનો છે. ટેકનોલોજીના આ મહાવિસ્તાર વચ્ચે પર્યાવરણની સુરક્ષા, પ્રોજેક્ટ પાછળનો અધધ ખર્ચ અને સામાન્ય વર્ગ માટે રહેઠાણની આ થક ઉપલબ્ધતા સૌથી મોટા નિર્ણાયક પરિબળો બની રહેશે.

કાર વગરના રસ્તા, સોલાર પાવરથી ધબકતી બિલ્ડિંગ્સ, ઘરકામમાં મદદરૂપ થતાં રોબોટ્સ અને મોર્ડન ટેકનોલોજીથી સજ્જ રેસિડેન્શિયલ એરિયા...

ઓટીટીમાં એક અબજ વ્યૂનો રેકોર્ડ ધરાવતી સીરિઝ

સ્ટ્રેન્જર થિંગ્સની પ્રીકવલનું પણ એલાનઃ ૨૦૨૮માં રજૂ થશે

મુંબઈ, તા. ૯

ઓટીટી પ્લેટફોર્મ્સ પર વિશ્વભરમાં સૌથી લોકપ્રિય મનાતી સીરિઝ પૈકીની એક 'સ્ટ્રેન્જર થિંગ્સ'ની પ્રીકવલનું પણ એલાન કરાયું છે. તેમાં ફિલ્મનો વિલન હેનરી ક્રીલ વાસ્તવમાં જાયન્ટ મોન્સ્ટર વેકના કઈ રીતે બન્યો તેની વાર્તા દેખાડવામાં આવશે. આ પ્રીકવલની સ્ટોરીમાં ૧૯૫૫નો સમયગાળો દર્શાવાશે અને તેનું મોટાભાગનું શૂટિંગ ન્યૂ મેક્સિકોમાં હાથ ધરાશે.



આ નવી સીઝને ૨૦૨૮માં રજૂ થશે. તેને 'અપર વર્લ્ડસઃ એ સ્ટ્રેન્જર થિંગ્સ એડવેન્ચર' એવું નામ અપાયું છે. વિશ્વભરમાં એક અબજ વ્યૂ મેળવી ચૂકેલી આ સીરિઝની મૂળ વાર્તામાં વિલ નામના કિશોરને છઠ્ઠી નવેમ્બરે લાપતા થયો હોવાનું દર્શાવાયું હતું. તે પછી દર વર્ષે છઠ્ઠી નવેમ્બરે 'સ્ટ્રેન્જર થિંગ્સ' ઉજવાય છે અને તેમાં આ સીરિઝને લગતી કોઈ રોમાંચક વાત જાહેર કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં પાંચ સીઝનમાં ૪૨ એપિસોડ આવ્યા, એક દાયકા સુધી સીરિઝ ચાલી

અમેરિકી વર્ઝન ૩૦ મિનિટ નાનું છતાં પણ આ દ્રશ્યો છે

રામાયણના હિન્દી વર્ઝનમાં સીતા અને લક્ષ્મણનાં એક્શન દ્રશ્યો પર કાતર

મુંબઈ, તા. ૯

રણબીર કપૂર અને સાઈ પલ્લવીની 'રામાયણ' ફિલ્મમાં સીતા માતાની ભૂમિકા ભજવતી સાઈ પલ્લવી તથા લક્ષ્મણની ભૂમિકા ભજવી રહેલા રવિ દૂબેના કેટલાંક એક્શન દ્રશ્યો ભારતમાં રીલિઝ થયેલાં હિન્દી વર્ઝનમાંથી ઉડાડી દેવાયાં છે. જોકે, ફિલ્મનાં ઈન્ટરનેશનલ અંગ્રેજી વર્ઝનમાં આ દ્રશ્યો રખાયાં છે. હવે આ દ્રશ્યોની ક્લિપ ઈન્ટરનેટ પર વાયરલ થતાં ફિલ્મનાં ભારતીય વર્ઝનના એડિટિંગમાં કાચું બફાયું હોવાની ચર્ચા ચાલી છે. સીતા માતા તથા રવિ દુબે જંગલી જાનવરોનો બહાદૂરીપૂર્વક



સામનો કરે છે એવાં દ્રશ્યો વાયરલ થયાં છે. લોકો આ દ્રશ્યોનાં ભરપૂર વખાણ કરી રહ્યાં છે. નવાઈની વાત એ છે કે ઈન્ટરનેશનલ અંગ્રેજી વર્ઝન ભારતમાં રજૂ થયેલાં વર્ઝન કરતાં કાપકૂપ કરીને ૩૦ મિનીટ નાનું બનાવાયું છે. તેમ છતાં પણ તેમાં આ દ્રશ્ય રહ્યાં છે તો પછી ભારતીય વર્ઝનમાં કાપી નાખવાની શું જરુર હતી તેવા સવાલો દર્શકો પૂછી રહ્યા છે. લોકો એમ પણ કહી રહ્યા છે કે આ ફિલ્મનાં કાસ્ટિંગ બાબતે વિવાદો થયા છે અને સાઈ પલ્લવીનું સીતા તરીકેનું કાસ્ટિંગ ખોટું છે તેવી જે ચર્ચાઓ ચાલી રહી છે તે આ દ્રશ્યોને કારણે ઠંડી પડી શકે તેમ હતી.

જંગલી જાનવરો સાથે સાઈ પલ્લવી, રવિ દૂબેની ફાઈટસ : એડિટિંગમાં કાચું બફાયું હોવાની ચર્ચા

નેવાન રોજ ૧૬ કલાક વોકલ પ્રેક્ટિસ કરે છે

સોનુ નિગમના ૧૯ વર્ષના પુત્ર નેવાનનું પણ મ્યુઝિકમાં ડેબ્યૂ

મુંબઈ, તા.૯

વિખ્યાત ગાયક સોનુ નિગમના પુત્ર નેવાને પણ પિતા સોનુ તથા દાદા અગમકુમારની રાહ પર ચાલી મ્યુઝિકમાં ડેબ્યૂ કર્યું છે. હજુ માંડ ૧૯ વર્ષના નેવાન નિગમે 'સ્લાઈડ' નામની શોર્ટ ફિલ્મમાં તેનું ડેબ્યૂ સોંગ આપ્યું છે.





સોન અને પત્ની માધુરિમાએ સોશિયલ મીડિયા પર સંયુક્ત પોસ્ટ કરીને દીકરાની મ્યુઝિકલ જર્ની શરુ થઈ રહી હોવાનું ચાહકો સાથે શેર કર્યું હતું. સોનુએ ભાવુક થઈને લખ્યું કે, નેવાન એક સમયે પોતાના પિતા સામે પણ ગાવામાં શરમાતો હતો. હવે તે દરરોજ ૧૬ કલાક વોકલ પ્રેક્ટિસ કરે છે અને પ્રખ્યાત પ્રોડ્યુસર પૂ બેઅર સાથે વન-ટેક રેકો ડગ કરી ચૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે 'સ્લાઈડ' એક ટાઈમ-ટ્રાવેલ વાર્તા છે. તેમાં એક વૈજ્ઞાનિક ટાઈમ મશીન થકી વાઈલ્ડ વેસ્ટથી ડિસ્કો એરા સુધી ફરે છે.

ટાઈમ ટ્રાવેલ શોર્ટ ફિલ્મ સ્લાઈડમાં ડેબ્યૂ સોંગ સોનુએ પત્ની મધુરિમા સાથે પોસ્ટ શેર કરી

વચગાળાના મનાઈહુકમના ચાર વર્ષ બાદ ચુકાદો

પર્સનાલિટી રાઈટ્સની બાબતમાં અમિતાભની તરફેણમાં આખરી ચુકાદો

મુંબઈ, તા. ૯

દિલ્હી હાઈકોર્ટે પર્સનાલિટી રાઈટ્સને લગતા એક દાવામાં આખરે અમિતાભ બચ્ચનની તરફેણમાં આખરી ચુકાદો આપી દીધો છે. આ ચુકાદા અનુસાર હવેથી કોઈ વ્યક્તિ કે સંસ્થા કે કંપની અમિતાભની સંમતિ વિના તેની તસવીરો, વીડિયો, અવાજ વગેરેનો કમર્શિઅલ ઉપયોગ કરી શકશે નહીં.



પર્સનાલિટી રાઈટ્સના જતન માટે કોર્ટમાં દાવો માંડવાની શરુઆત કદાચ અમિતાભ બચ્ચને જ વર્ષો પહેલાં કરી હતી. આ સંદર્ભમાં દિલ્હી હાઈકોર્ટે નવેમ્બર ૨૦૨૨માં અમિતાભની તરફેણમાં વચગાળાનો મનાઈ હુકમ આપ્યો હતો. હવે અદાલતે ફાઈનલ ચુકાદો આપ્યો છે. અમિતાભ અને કેટલાક પ્રતિવાદીઓ વચ્ચે ફાઈનલ સેટલમેન્ટ બાકી હતી. તે પહેલાં અદાલતે અમિતાભને એમ પણ જણાવ્યું હતું કે બાકીના પ્રતિવાદીઓ સાથે ફાઈનલ સેટલમેન્ટ બાકી રહેશે તો અમિતાભે આ દાવાની વધુ સુનાવણી માટે કોર્ટમાં રુબરુ આવવું પડશે.

અમિતાભની સંમતિ વિના તેની તસવીરો, વીડિયો, અવાજ વગેરેનો કમર્શિયલ ઉપયોગ નહીં કરી શકાય

પાંચ વર્ષમાં મેડિકલ ડિવાઈસથી ૯ હજાર લોકોને નુકસાન થયું છે, બજારમાં મળતાં એક્સપાયર્ડ સાધનો જીવ બચાવે તે જરૂરી નથી

ચેતજો : ડોક્ટરો નાંખે તે મેડિકલ ડિવાઈસ ડુપ્લીકેટ હોઈ શકે !

ભારતની જર્જરિત અને વ્યાપારીકરણના સકંજામાં ફસાયેલી આરોગ્ય વ્યવસ્થાના ઉંબરે સામાન્ય નાગરિક જ્યારે પોતાનો જીવ બચાવવા માટે પગ મૂકે છે, ત્યારે તેને લેશમાત્ર કલ્પના નથી હોતી કે હોસ્પિટલના એરકન્ડિશન્ડ રૂમો અને મોર્ડન ઓપરેશન થિયેટરોમાં તેને જીવનદાન નહીં, પરંતુ ઘણી જગ્યાએ તેમને અકાળ મોતની સામગ્રી પીરસાઈ રહી છે. દર્દી અને તેના ચિંતિત પરિવારજનો જે ઉપકરણોને, સ્ટેન્ટ્સને, વેન્ટિલેટર્સને કે ઈન્જેક્શનની સિરિંજને ભગવાનના આશીર્વાદ સમાન માને છે, તે જ ઉપકરણો જીવલેણ સાબિત થઈ રહ્યા છે. તાજેતરમાં આ વિશે એક અહેવાલ બહાર આવ્યો છે. સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનના કડક હુકમ બાદ ઈન્ડિયન ફાર્માકોપિયા કમિશન દ્વારા સાર્વજનિક કરવામાં આવેલી વિગતો દેશના સમગ્ર આરોગ્યતંત્રના સભ્ય ચહેરા પરથી દંભના મહોરાને ઉતારી ફેંકે છે. છેલ્લા છ વર્ષમાં મેડિકલ ડિવાઈસના કારણે દર્દીઓને થયેલા ગંભીર નુકસાન અને જીવલેણ આડઅસરોના બનાવોમાં થયેલો લગભગ ત્રણ ગણો તોતિંગ વધારો કોઈ સામાન્ય વહીવટી ક્ષતિ નથી, પરંતુ દેશના લાખો નિર્દોષ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ખેલાઈ રહેલી લોહિયાળ રમત છે. ૨૦૨૦થી ૨૦૨૫ સુધીના ગાળામાં નોંધાયેલા ૯,૩૭૩ ગંભીર અકસ્માતો અને વિકૃતિઓની આ વણઝાર ચીસો પાડીને સવાલ કરી રહી છે કે આ દેશમાં માનવ જીવનનું કોઈ મૂલ્ય છે કે પછી ફાર્માસ્યુટિકલ તથા મેડિકલ ઉપકરણો બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓની બેફામ કમાણી સામે પ્રજાનો જીવ સાવ તુચ્છ અને સામાન્ય બની ગયો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૦માં જ્યાં ગંભીર નુકસાનના ૮૦૮ બનાવો સામે આવ્યા હતા, તે આંકડો વર્ષ ૨૦૨૫ સુધીમાં કૂદકો મારીને સીધો ૨,૧૭૬ પર પહોંચી ગયો છે. આ માત્ર આંકડાકીય સરખામણી નથી, પરંતુ હોસ્પિટલોના બિછાને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા, અપંગતાનો ભોગ બનેલા કે કાયમ માટે મોતના મુખમાં ધકેલાઈ ગયેલા પરિવારોની હૈયાફાટ વેદના છે. ગંભીર નુકસાન એટલે કે સીરિયસ એડવર્સ ઈવેન્ટ્સ એવી ભયાનક તબીબી પરિસ્થિતિઓ છે, જેના પરિણામે દર્દીનું મૃત્યુ થઈ શકે છે, તેને અસાધ્ય શારીરિક ખોડખાંપણ આવી શકે છે અથવા તો તેને લાંબા સમય સુધી આઈસીયુના અંધકારમય બિછાને મોંઘીદાટ સારવાર હેઠળ સબડવું પડે છે.

આ આખા પ્રકરણમાં સૌથી વધુ શરમજનક અને ઉગ્ર રોષ ઉપજાવે તેવી બાબત ઈન્ડિયન ફાર્માકોપિયા કમિશનનો એ બચાવ છે, જેમાં તેમણે કેન્દ્રીય માહિતી પંચ સમક્ષ એવી દલીલ કરી હતી કે ખામીયુક્ત મેડિકલ ડિવાઈસ બનાવતી કંપનીઓ કે ઉત્પાદકોના નામ જાહેર કરી શકાય નહીં, કારણ કે તેનાથી કંપનીઓની 'કોમર્શિયલ કોન્ફિડેન્સ' એટલે કે વ્યાપારી વિશ્વસનીયતા અને સ્પર્ધાત્મક સ્થિતિને જોખમ પહોંચશે. કેવો અધમ અને વિકૃત તર્ક છે આ! જે કંપનીઓના ઉપકરણો દર્દીઓના હૃદયમાં, નસોમાં અને અંગોમાં જઈને ફેઈલ થઈ રહ્યા છે, જેમના સાધનો લોકોના મોતનું કારણ બની રહ્યા છે, તેમના નામ જાહેર ન કરવા પાછળ તંત્ર તેમની બજારની પ્રતિષ્ઠા અને વ્યાપારિક નફાની ચિંતા કરે છે! સામાન્ય નાગરિક કોઈ નાનો ગુનો કરે ત્યારે તેનું નામ અને સરનામું જાહેર કરવા માટે પડાપડી થતી હોય છે, પરંતુ જ્યારે આ અબજોપતિ ફાર્મા કંપનીઓના ખામીયુક્ત હૃદયના સ્ટેન્ટ્સ કે વેન્ટિલેટર્સ કોઈ નિર્દોષનો જીવ હરી લે છે, ત્યારે સરકારી બાબુઓ કાયદાની છટકબારીઓ શોધીને કંપનીઓના નામ છુપાવવા મેદાનમાં આવી જાય છે.

વળી, આ બાબુઓ એવી પોકળ દલીલ પણ આગળ ધરે છે કે દર્દીને થયેલું નુકસાન મેડિકલ ડિવાઈસની ખામીને લીધે થયું છે કે પછી ડોક્ટરો કે હોસ્પિટલની સર્જિકલ પ્રક્રિયાની ભૂલને કારણે, તે સ્પષ્ટ નથી. જો વર્ષોની તપાસ છતાં દેશની સર્વોચ્ચ સંસ્થાઓ આટલું સાબિત ન કરી શકતી હોય, તો પછી આવા રેગ્યુલેટરી તંત્રનો અસ્તિત્વમાં રહેવાનો અર્થ જ શું છે? વળી, લાખો માહિતીઓનું વર્ગીકરણ કરવામાં સમય અને સંસાધનો વેડફાઈ જશે તેવી આળસુ અને ભ્રષ્ટ સરકારી બાબુઓની વાહિયાત દલીલ આગળ ધરીને જનતાના જીવ સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે. દેશના નાગરિકોને એ જાણવાનો સંપૂર્ણ અને બંધારણીય અધિકાર છે કે જે સ્ટેન્ટ તેમના હૃદયની ધમનીમાં બેસાડવામાં આવી રહ્યા છે, અથવા જે ડાયાલિસિસ કિટ કે પેસમેકર તેમના વડીલોના શરીરમાં નંખાઈ રહ્યું છે, તે વિશ્વસનીય છે કે પછી કોઈ કાળી યાદીમાં પડેલી ભ્રષ્ટ કંપનીનું સસ્તું અને જીવલેણ ઉત્પાદન છે. દર્દી પાસેથી લાખો રૂપિયા વસૂલતી ખાનગી અને કોર્પોરેટ હોસ્પિટલો સામે આ દર્દીઓને અંધારામાં રાખીને ગમે તે કંપનીનું ગમે તેવું ખામીયુક્ત મટિરિયલ પધરાવી દેવાનો આ ગોરખધંધો હવે કોઈથી છાનો રહ્યો નથી.

વર્ષ ૨૦૧૮માં જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે ગાજેલી 'ઈમ્પ્લાન્ટ ફાઈલ્સ' તપાસ બહાર આવી હતી, ત્યારે એ ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો કે દેશમાં નોંધાયેલા હૃદયના સ્ટેન્ટ્સ સંબંધિત અડધાથી વધુ પ્રતિકૂળ બનાવો માત્ર એક જ વૈશ્વિક ફાર્મા કંપની એબોટના કોરોનરી સ્ટેન્ટ્સ સાથે જોડાયેલા હતા. તે સમયે કુલ ૫૬૬ પ્રતિકૂળ બનાવોમાંથી ૨૯૦ કેસ આ એક જ મલ્ટિનેશનલ કંપનીના ખાતામાં બોલતા હતા. તે વખતે કંપનીએ ગોળગોળ જવાબો આપીને પોતાની ગુણવત્તાના ગુણગાન ગાયા હતા અને સરકારે મામલાને ઠંડો પાડી દીધો હતો. ૨૦૧૮ પછી આ વિગતોનું વાર્ષિક અપડેટ મેળવવા માટે સતત માહિતી અધિકાર હેઠળ અરજીઓ કરવામાં આવી, પરંતુ સરકારી તંત્રએ કાયદાનો દુરુપયોગ કરીને જનતા સામે સત્ય આવવા ન દીધું. ગંભીર આડઅસરોનો આંકડો ઘટી જવાને બદલે સતત વધીને ત્રણ ગણો થઈ ચૂક્યો છે, જે સાબિત કરે છે કે ૨૦૧૮ના એ ઘટસ્ફોટ પછી પણ નિયમનકારી તંત્રએ કોઈ કડક પગલાં લીધા નહોતા અને કંપનીઓને ખુલ્લો દોર આપી રાખ્યો હતો.

આનાથી પણ વધુ ગંભીર બાબત એ છે કે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન એટલે કે સીડીએસસીઓ જેવી દેશની સર્વોચ્ચ ઔષધ નિયમનકાર સંસ્થા પાસે આ ગંભીર બાબતોમાંથી માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલા કેસો જ મોકલવામાં આવે છે. આંકડાકીય વિશ્લેષણ જોઈએ તો આખો ખેલ સમજાય તેમ છે.



નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સમગ્ર દેશમાંથી ૧૪,૫૮૪ જેટલી મેડિકલ ડિવાઈસની પ્રતિકૂળ ઘટનાઓ નોંધાઈ હતી. પરંતુ આ આશ્ચર્યજનક વિશાળ જથ્થામાંથી યોગ્ય કાર્યવાહી માટે ડ્રગ કંટ્રોલર સમક્ષ કેટલા કેસ મોકલવામાં આવ્યા? માત્ર ૨૨ કેસ! એટલે કે ૧૪ હજારથી વધુ બનાવોને કાગળ પર દબાવી દેવામાં આવ્યા અને માત્ર ૨૨ સામાન્ય બાબતોને કાર્યવાહીના નામે આગળ ધરી દેવામાં આવી. એ ૨૨ કેસોમાં પણ મોટાભાગે સર્જિકલ મોજા, સાદી સિરિંજ અને યુરીન બેગ જેવી તુચ્છ ચીજો હતી, જ્યારે માત્ર એકાદ વેન્ટિલેટરનો સમાવેશ કરાયો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં પણ આ જ તમાશો જોવા મળ્યો હતો, જ્યાં ૧૦,૨૬૯ પ્રતિકૂળ ઘટનાઓમાંથી માત્ર ૧૬ કેસ સીડીએસસીઓને મોકલાયા હતા. તેમાં નાના બે-ચાર મશીનોને અયોગ્ય ઠેરવીને મોટા અને અબજોના કૌભાંડો ધરાવતા ઈમ્પ્લાન્ટ્સ તથા ગંભીર સર્જિકલ ઉપકરણોને ક્લીન ચીટ આપી દેવામાં આવી હતી.

આ આખી પ્રક્રિયા દર્શાવે છે કે ભારતનો મેટેરિયોવિજિલન્સ પ્રોગ્રામ કાગળ પરનો વાઘ બનીને રહી ગયો છે. વર્ષ ૨૦૧૫માં આ પ્રોગ્રામની શરૂઆત એટલા માટે કરવામાં આવી હતી કે ભારતીય બજારમાં વપરાતા તબીબી ઉપકરણોની ગુણવત્તા પર બાજ નજર રાખી શકાય અને વૈશ્વિક ધારાધોરણો મુજબ દર્દીઓની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય. એડવર્સ ડ્રગ મોનિટરિંગ સિસ્ટમ નામના પોર્ટલની રચના પણ કરવામાં આવી, જેમાં કોઈપણ ગંભીર ઘટના બને તો ૧૫ દિવસની અંદર તેની ફરજિયાત જાણ કરવાનો કાયદો છે. પરંતુ વિશ્વના અદ્યતન દેશો સામે નજર કરીએ તો ખ્યાલ આવે છે કે આપણે કેટલા પછાત અને નિર્દય તંત્રમાં જીવી રહ્યા છીએ.

૨૦૨૦થી ૨૦૨૫ સુધીના ગાળામાં નોંધાયેલા ૯,૩૭૩ ગંભીર અકસ્માતો અને વિકૃતિઓની આ વણઝાર ચીસો પાડીને સવાલ કરી રહી છે કે આ દેશમાં માનવ જીવનનું કોઈ મૂલ્ય છે કે પછી ફાર્માસ્યુટિકલ તથા મેડિકલ ઉપકરણો બનાવતી મલ્ટિનેશનલ કંપનીઓની બેફામ કમાણી સામે પ્રજાનો જીવ સાવ તુચ્છ અને સામાન્ય બની ગયો છે : ઈન્ડિયન ફાર્માકોપિયા કમિશનનો એ બચાવ છે, જેમાં તેમણે કેન્દ્રીય માહિતી પંચ સમક્ષ એવી દલીલ કરી હતી કે ખામીયુક્ત મેડિકલ ડિવાઈસ બનાવતી કંપનીઓ કે ઉત્પાદકોના નામ જાહેર કરી શકાય નહીં, કારણ કે તેનાથી કંપનીઓની 'કોમર્શિયલ કોન્ફિડેન્સ' એટલે કે વ્યાપારી વિશ્વસનીયતા અને સ્પર્ધાત્મક સ્થિતિને જોખમ પહોંચશે. કેવો અધમ અને વિકૃત તર્ક છે : વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સમગ્ર દેશમાંથી ૧૪,૫૮૪ જેટલી મેડિકલ ડિવાઈસની પ્રતિકૂળ ઘટનાઓ નોંધાઈ હતી. પરંતુ આ આશ્ચર્યજનક વિશાળ જથ્થામાંથી યોગ્ય કાર્યવાહી માટે ડ્રગ કંટ્રોલર સમક્ષ કેટલા કેસ મોકલવામાં આવ્યા? માત્ર ૨૨ કેસ! એટલે કે ૧૪ હજાર કે તેથી વધુ બનાવોને કાગળ પર દબાવી દેવામાં આવ્યા અને માત્ર ૨૨ સામાન્ય બાબતોને કાર્યવાહીના નામે આગળ ધરી દેવામાં આવી

ન્યુઝ ફોકસ


કંપનીઓની કમિશનબાજી વચ્ચે દર્દી માત્ર એક બકરો બનીને રહી ગયો છે

જ્યારે એક ગરીબ કે મધ્યમવર્ગીય પરિવાર પોતાના સ્વજનની સારવાર માટે ઘરબાર વેચી દે છે, દાગીના ગીરવે મૂકી દે છે અને દેવાના ડુંગર નીચે દબાઈ જાય છે, ત્યારે તેને એમ હોય છે કે તે પોતાના સ્વજનને શ્રેષ્ઠ ઉપચાર આપી રહ્યો છે. પરંતુ તેને કલ્પના પણ નથી હોતી કે જે હૃદયનું સ્ટેન્ટ બેસાડવામાં આવ્યું છે તે થોડા મહિનામાં જ બ્લોક થઈ જશે, અથવા જે ઘૂંટણનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે તેનો સાંધો નકલી કે ખામીયુક્ત નીકળશે અને આખી જિંદગી દર્દી પથારીવશ થઈ જશે. ભારતમાં તબીબી ક્ષેત્રનું આ માફિયાકરણ એટલી હદે વકરી ગયું છે કે અમુક ભ્રષ્ટ ડોક્ટરો, હોસ્પિટલો અને મલ્ટિનેશનલ કંપનીઓની કમિશનબાજી વચ્ચે દર્દી માત્ર એક બકરો બનીને રહી ગયો છે. આ સ્થિતિ હવે અસહ્ય બની ચૂકી છે અને તેને તાત્કાલિક અસરથી ડામી દેવાની જરૂર છે. સરકારે અને ન્યાયતંત્રએ હવે આંખ આડા કાન કરવાનું બંધ કરવું પડશે. ઈન્ડિયન ફાર્માકોપિયા કમિશન અને સીડીએસસીઓ જેવી નિયમનકારી સંસ્થાઓને આદેશ આપવો જોઈએ કે તેઓ ભારતમાં પણ અમેરિકાની જેમ પ્રત્યેક ખામીયુક્ત મેડિકલ ડિવાઈસનું નામ, તેનું મોડેલ અને તેના ઉત્પાદકનું નામ તાત્કાલિક અસરથી સાર્વજનિક પોર્ટલ પર જાહેર કરે. જે કંપનીઓના ઉપકરણો દર્દીઓના મોત કે કાયમી ખોડખાંપણ માટે જવાબદાર સાબિત થાય, તેમના લાયસન્સ રદ કરીને તેમના સંચાલકો સામે ગુનાહિત માનવવધના કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવે. જ્યાં સુધી આ નિર્દય નફાખોરો જેલના સળિયા પાછળ નહીં જાય અને જ્યાં સુધી આ ભ્રષ્ટ સરકારી બાબુઓની જવાબદારી નક્કી નહીં થાય, ત્યાં સુધી ભારતીય આરોગ્ય વ્યવસ્થા સામાન્ય નાગરિકો માટે જીવલેણ છટકું જ બની રહેશે. દેશની પ્રજા હવે શાંત બેસી શકે નહીં; સ્વાસ્થ્ય એ કોઈ વેપાર નથી પરંતુ મૂળભૂત અધિકાર છે, અને કંપનીઓની નફાખોરી માટે સામાન્ય માણસના લોહીનું બલિદાન હવે કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં.


રણબીર-આલિયા અને કેટ-વિકીની બચ્ચા પાર્ટી સાથે દિવાળી













બોલીવૂડના સેલેબ્સ દિવાળીની ઉજવણી કરતા જોવા મળ્યા હતા. કોઈએ પરિવાર સાથે પૂજા કરીને તહેવાર મનાવ્યો તો કોઈએ મિત્રો અને પરિવારજનો સાથેની ખાસ પળો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. સ્ટાર્સનાં ટ્રેડિશનલ લુક, ફેમિલી સાથેની તસવીરો અને દિવાળીની શુભેચ્છાઓએ ફેન્સનું ધ્યાન ખેંચ્યું હતું. કેટરીના કૈફ-વિકી કૌશલ અને રણબીર-આલિયાએ બાળકો સાથેની તસવીરો શેર કરી હતી. સોનમ કપૂરે પતિ આનંદ આહુજા સાથેની તસવીરો શેર કરી હતી. બીજી તરફ, રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા માટે આ લગ્ન પછીની પહેલી દિવાળી હતી. બંનેએ ફેમિલી સાથે ટ્રાવેલ કરીને તહેવાર મનાવ્યો હતો. સોનાક્ષીએ પતિ ઝહીર સાથેની તસવીરો શેર કરીને દિવાળીની ઉજવણી પ્રેમ અને ખુશીઓથી ભરપૂર રહી હોવાનું જણાવ્યું હતું. આ દિવાળીની ઉજવણીમાં બચ્ચન પરિવારની તસવીરોએ ખાસ ધ્યાન ખેંચ્યું હતું. અમિતાભ બચ્ચનની પૌત્રી નવ્યા નવેલી નંદાએ સોશિયલ મીડિયા પર પરિવાર સાથેની તસવીરો શેર કરી હતી. આ તસવીરોમાં અભિષેક બચ્ચન, શ્વેતા બચ્ચન નંદા, અગસ્ત્ય નંદા અને આરાધ્યા બચ્ચન જોવા મળ્યાં હતાં. શ્વેતા બચ્ચન તારામંડળ સળગાવીને દિવાળીની મજા માણતાં જોવા મળી હતી. બીજી તસવીરમાં અગસ્ત્ય અને આરાધ્યા એકબીજાને ભેટતાં જોવા મળ્યાં હતાં. પિતરાઈ ભાઈ-બહેનની આ ખાસ પળે ચાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. નવ્યાએ તસવીરો સાથે 'હેપીએસ્ટ ઓફ દિવાળી વિથ માય વેરી ઓન' લખ્યું હતું. તેની આ પોસ્ટ પર સુહાના ખાને હાર્ટ-આઈ ઈમોજી મૂક્યાં હતાં. જ્યારે, અનન્યા પાંડેએ 'યુ આર માય લાઈટ' લખીને પ્રેમ વ્યક્ત કર્યો હતો. શનાયા કપૂરે પણ હાર્ટ ઈમોજી સાથે કોમેન્ટ કરી હતી. જોકે, નવ્યાની આ તસવીરોમાં ઐશ્વર્યા રાય બચ્ચન જોવા નહોતી મળી. બીજી તરફ, થોડા દિવસ પહેલા મનીષ મલ્હોત્રાની દિવાળી પાર્ટીમાં ઐશ્વર્યા અને અભિષેક સાથે પહોંચ્યાં હતાં. બંને હાથમાં હાથ નાખીને ફોટોગ્રાફર્સ સામે પોઝ આપતાં જોવા મળ્યાં હતાં. ઐશ્વર્યા રેડ સાડીમાં અને અભિષેક બ્લેક કુર્તામાં જોવા મળ્યો હતો. બંનેની આ તસવીરો પણ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની હતી.

ફટાકડા પર પ્રતિબંધોના સુપ્રીમના આદેશનો અમલ કરાવવામાં દિલ્હી પોલીસ નિષ્ફળ

દિલ્હી ગેસ ચેમ્બર બન્યું, રાજધાની પાંચ વર્ષમાં સૌથી પ્રદૂષિત

નવ દિલ્હી, તા. ૯

વિશ્વના ૧૦૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ૯૯ ભારતના છે. રવિવારે દિવાળીના ફટાકડા ફૂટવા તેમજ ઉત્તર ભારતમાં પરાળી સળગાવવા વગેરે કારણોસર મોટાભાગના ટોચના શહેરોમાં હવા દુષિત થઈ ગઈ હતી. રવિવારે રાત્રે ૧૨ વાગ્યા બાદ દિલ્હી સૌથી પ્રદૂષિત શહેર હતું, ખાનગી વેબસાઈટના તારણ મુજબ રાત્રે દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૭૦૦ને પાર પહોંચી ગયો હતો. જ્યારે સરકારી આંકડા મુજબ દિલ્હી પાંચ વર્ષમાં દિવાળી બાદ સૌથી પ્રદૂષિત શહેર બન્યું હતું.

ખાનગી ડેટા મુજબ દિવાળીની રાત્રે દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ સૌથી ખતરનાક ૧૭૫૦ને પાર નોંધાયો

દિવાળીના ફટાકડા ફૂટવાને કારણે રાજધાની દિલ્હીમાં રાત્રે ૧ વાગ્યે એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૭૬૦એ પહોંચ્યો હતો તેમ એક્યુઆઇ વેબસાઈટના ડેટામાં જણાવવામાં આવ્યું છે. સવારે છ વાગ્યા સુધી આ ઈન્ડેક્સ એક હજારને પાર રહ્યો હતો, એટલે કે રાત્રીના સમયે દિલ્હી ગેસ ચેમ્બર બની ગયું હતું. જોકે સોમવારે બપોર સુધીમાં ઘણો સુધારો થયો હતો અને ઈન્ડેક્સ ૨૫૩એ પહોંચ્યો હતો. દિવાળીની રાત્રીના ૧૨ વાગ્યા બાદ રાજધાની દિલ્હી વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર હતું. જોકે સરકારી આંકડા મુજબ દિલ્હીનો ઈન્ડેક્સ સવારે ૧૦ વાગ્યે ૩૭૧ નોંધાયો હતો, જે ૨૦૨૧ બાદ દિવાળી પછી સૌથી ઉંચો માનવામાં આવે છે. પાકિસ્તાનનું લાહોર પણ ૧૦૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં સામેલ કરાયું હતું.

એક્યુઆઇ વેબસાઇટ દ્વારા રીયલ ટાઇમ એર ક્વોલિટી મોનિટર કરવામાં આવી હતી. ભારતના ટોચના સૌથી પ્રદૂષિત ૧૦ શહેરોમાં દિલ્હી, ભટિંડા, ફરિદકોટ, રેવારી, શ્રીગંગાનગર, સિરસા, ભોપાલ, પ્રયાગરાજ વગેરેનો સમાવેશ થાય છે. એટલે કે ચારથી પાંચ રાજ્યોના મુખ્ય શહેરોમાં વધુ પ્રદૂષણ નોંધાયું હતું. પાકિસ્તાનની પ્રદૂષિત હવાઓને કારણે રાજસ્થાનના ગંગાનગરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૬૮૯એ નોંધાયું હતું. કેન્દ્રીય પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ સીપીસીબીના જણાવ્યા મુજબ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૦૦ને પાર હોવાનો અર્થ થાય છે અત્યંત પ્રદૂષિત હવા. જોકે પ્રથમ વખત આટલુ

(અનુસંધાન ૧૧મે પાને)

ભારતમાં ૧૦ વર્ષમાં ઝેરી હવાએ ૩૮ લાખ લોકોનો ભોગ લીધો

જીવતા રહેવા માટે શ્વાસ લેવો અત્યંત જરૂરી છે પરંતુ હવે ભારતમાં શ્વાસ લેવો જ જીવલેણ સાબીત થવા લાગ્યું છે.

સ્વીડનના કારોલિંસ્કા ઈન્સ્ટિટ્યૂટની એક રિસર્ચમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૦૯થી ૨૦૧૯ દરમિયાન વાયુ પ્રદૂષણને કારણે ભારતમાં ૩૮ લાખ લોકો મૃત્યુ પામ્યા છે. આ મૃત્યુનું મુખ્ય કારણ હવામાં હવામાં પીએમ ૨.૫ની માત્રા રાષ્ટ્રીય માનક ૪૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરથી વધુ હોવાનું સામે આવ્યું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંસ્થા ડબલ્યુએચઓના જણાવ્યા

(અનુસંધાન ૧૩મે પાને)

ચૂંટણીમાં ફટકો વાગતા "વાર્યા ન વળે તે હાર્યા વળે" તેવું ટ્રમ્પનું વલણ

ઈરાન, ઈમિગ્રેશન, મોંઘવારી મને ભારે પડ્યા : ટ્રમ્પની કબૂલાત

પીટીઆઈ, વોશિંગ્ટન,તા.૯

ગુજરાતમાં કહેવત છે કે વાર્યા ન વળે એ હાર્યા વળે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પ પર આ વાત બરાબર લાગુ પડી છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સ્વીકાર્યું છે કે ઈરાન યુદ્ધ, ઈમિગ્રેશનને લઈને આકરું વલણ અને મોંઘવારી તેમને મિડ ટર્મ ચૂંટણીમાં ભારે પડી છે.રિપબ્લિકનોનો પરાજય તેના કારણે થયો છે. ટ્રમ્પે ચૂંટણીમાં રિપબ્લિકનને મળેલા પરાજયનું વિશ્લેષણ કરતાં જણાવ્યું હતું કે મતદારો યુદ્ધ, પેટ્રોલના વધતા ભાવ અને ઈઝરાયેલને આપવામાં આવેલા વધુ પડતા સમર્થનથી નારાજ હતા.

સારા ઈમિગ્રન્ટ સામેના ખરાબ વ્યવહારની કિંમત અમેરિકન મતદારોએ રિપબ્લિકન પાસેથી બરોબરની વસૂલી : ટ્રમ્પ

આમ ટ્રમ્પે આજે જે કહ્યુ તે થોડા સમય પહેલા વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સ પણ કહી ચૂક્યા હતા. તેમણે તો ઈરાન યુદ્ધને જ પક્ષના પરાજયના કારણોમાં એક ગણાવ્યું હતું. ટ્રમ્પે પણ તેમની વાત સ્વીકારી હતી. આમ છતાં પણ ટ્રમ્પે ઈરાન સામેની લશ્કરી કાર્યવાહીનો બચાવ કરતાં જણાવ્યું હતું કે ઈરાનને તેઓ કોઈપણ કિંમતે પરમાણુ શસ્ત્રો હાંસલ કરવા નહી દે અને ઈતિહાસ તેમના નિર્ણયને યોગ્ય ઠેરવશે.

ઈમિગ્રેશનના મુદ્દા પર ટ્રમ્પે જણાવ્યું હતું કે ઘૂસણખોરો પર કરવામા આવેલી કાર્યવાહીઠી પક્ષને ફાયદો પણ થયો અને

(અનુસંધાન ૧૩મે પાને)

ચાર તબક્કાના મિશનમાં ૭ રોકેટનો ઉપયોગ

ચીનનું મૂન મિશન : ૨૦૩૦ સુધીમાં બે અવકાશયાત્રીઓને ચંદ્ર પર ઉતારશે

બેઈજિંગ, તા.૯

ચીને ૨૦૩૦ પહેલાં અવકાશયાત્રીઓએ ચંદ્ર પર ઉતારવાની તૈયારી શરુ કરી દીધી છે. આ માટે ચાર તબક્કાનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. મિશન હેઠળ ત્રણ અવકાશયાત્રીઓને ચંદ્ર સુધી મોકલવામાં આવશે, જેમાંથી બે ચંદ્રની સપાટી પર ઉતરીને સંશોધન કરશે, જ્યારે ત્રીજો ચંદ્રની આસપાસ ફરતા યાનમાં રહીને તેમને મદદ કરશે. આ મિશન માટે ચીન બે અલગ-અલગ લોંગ માર્ચ ૧૦ રોકેટનો ઉપયોગ કરશે. અંતિમ મિશન પહેલાં ૨૦૨૭થી સતત ત્રણ વર્ષ સુધી અલગ-અલગ પરીક્ષણો કરવામાં આવશે.

સ્પેસક્રાફ્ટનું ૨૦૨૭માં પૃથ્વીની આસપાસ પરીક્ષણ ૨૦૨૮માં લેન્ડર ચંદ્ર પર ઉતારીને તપાસ કરાશે

ત્રણ અવકાશયાત્રીઓને લઈ જતાં સીહયર્ડરે સ્પેસક્રાફ્ટ મોકલવામાં આવશે, જ્યારે બીજા રોકેટે દ્વારા ન્યૂહએ નામનું લેન્ડર ચંદ્ર સુધી પહોંચાડવામાં આવશે. બંને યાન ચંદ્રની આસપાસ પહોંચ્યા બાદ એકબીજા સાથે જોડાશે. ત્યારબાદ ત્રણમાંથી બે અવકાશયાત્રીઓ લેન્ડરમાં બેસીને ચંદ્રની સપાટી પર ઉતરશે. ત્રીજો યાત્રી ચંદ્રની આસપાસ ફરતા સ્પેસક્રાફ્ટમાં રહીને તેમની સાથે સંપર્કમાં રહેશે અને મદદ કરશે. ચંદ્ર પર

(અનુસંધાન ૧૧મે પાને)

દિવાળીની રાતે દેશમાં આગની અલગ અલગ ઘટનાઓમાં કુલ ૨૨નાં મોત

નવી દિલ્હી, તા. ૯

દિવાળીની ઉજવણી વચ્ચે દેશનાં અલગ અલગ રાજ્યોમાં આગ લાગવાની કરૂણ ઘટનાઓ સામે આવી છે. ફટાકડાનાં તણખા અને શોર્ટ શર્કિટ જેવા કારણોસર લાગેલી આગને કારણે ઘણા પરિવારોની ખુશી શોકમાં ફેરવાઈ ગઈ હતી.

મધ્ય પ્રદેશમાં ૧૨ અને મહારાષ્ટ્રમાં ૬ લોકોનાં મોત : રાહત અને બચાવ ટીમો આગને નિયંત્રણમાં લેવા ઉભા પગે

દેશનાં અલગ અલગ વિસ્તારોમાં બનેલી આગની આ ઘટનાઓમાં કુલ ૨૨ લોકોનાં મોત થયા છે. કેટલાક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને કેટલાક લાપતા થયા છે.

રાહત અને બચાવ કાર્ય કરી રહેલી ટીમો સમગ્ર રાત અલગ અલગ વિસ્તારોમાં આગને નિયંત્રણમાં લેવાનાં કાર્યમાં વ્યસ્ત રહી હતી. સૌથી વધુ જાનહાનિ મધ્ય પ્રદેશમાં જોવા મળી છે. જ્યાં અલગ અલગ બે વિસ્તારોમાં ૧૨ લોકોનાં મોત થયા છે. કટની જિલ્લામાં એક રહેણાંક મકાનમાં આગ લાગવાને કારણે એક જ પરિવારનાં

(અનુસંધાન ૧૩મે પાને)

મૂહુર્ત ટ્રેડિંગમાં નેગેટીવ ટ્રેન્ડ બાદ ફંડો ફરી સક્રિય લેવાલ

સેન્સેક્સ ૪૮૦ પોઈન્ટનો ઘટાડો પચાવી અંતે ૧૦૭વધીને ૮૧૧૦૭

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, તા.૯

સંવત ૨૦૮૩ના ગઈકાલે મૂહુર્ત ટ્રેડિંગ સત્રમાં ઈન્ડેક્સ બેઝડ ઓવરબોટ પોઝિશન હળવી કરવામાં આવ્યા સામે બી ગ્રુપ, સ્મોલ, મિડ કેપ શેરોમાં આક્રમક વ્યાપક તેજી થયા બાદ આજે ફંડો, મહારથીઓએ નવા વર્ષના આરંભે બજારને ઈન્ડેક્સ બેઝડ વી-સેપ રિકવરી આપી હતી. ફોરેન બ્રોકિંગ હાઉસોએ ભારતીય બજારો માટે તેજીના અંદાજો બતાવવા લાગતાં અને નવા વર્ષમાં હેલ્થ ઈઝ વેલ્થ-પહેલું સુખ તે જાતે નર્યાને મહત્વ આપીને ફંડો, ખેલાડીઓએ ફાર્માસ્યુટિકલ્સ-હેલ્થકેર શેરોની આગેવાની સતત મોટી ખરીદી કરી હતી.

નિફ્ટી અંતે ૫૮ પોઈન્ટ વધીને ૨૫૦૪૫ રૂપિયો ફરી ઉંચકાયો : ક્રૂડતેલમાં થયેલી પીછેહટ

ટ્રેડિંગની શરૂઆત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-એઆઈ ક્ષેત્રે વૈશ્વિક રકાસને કારણે ચિંતા વધતાં આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં સાવચેતીમાં ફંડોએ હેમરિંગ કર્યું હતું. સેન્સેક્સ આરંભમાં ૪૮૦.૦૯ પોઈન્ટ તૂટીને નીચામાં ૮૦૫૧૯.૩૧ સુધી આવી ગયો હતો. જે ઘટ્યામથાળેથી ફંડોએ ફાર્મા શેરો સાથે બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં તેજી કરતાં બજાર ઘટાડો પચાવીને ઉપરમાં ૮૧૧૮૦ નજીક પહોંચી વોલેટીલિટીમાં નીચામાં ફરી નેગેટીવ-પોઝિટીવ રેન્જમાં ફંગોળાઈ અંતે ૧૦૭.૨૫પોઈન્ટ વધીને ૮૧૧૦૬.૬૫ બંધ રહ્યો હતો. નિફ્ટી સ્પોટ પણ આરંભમાં નીચામાં ૨૪૮૩૮.૭૫ સુધી ગબડી આવ્યા બાદ રિકવર થઈ બન્ને તરફી અથડાતા રહ્યા બાદ અંતે ૫૮.૨૫ પોઈન્ટ વધીને ૨૫૦૪૪.૬૫ બંધ રહ્યો હતો.

બેંકિંગ-ફાઈનાન્સ શેરો માટે ફંડો બુલિશ બન્યા હોય એમ આજે પીએસયુ બેંક શેરોમાં મોટી ખરીદી સાથે ખાનગી ફ્રન્ટલાઈન શેરોમાં આક્રમક ખરીદી કરી હતી. યુનિયન બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૦.૩૦ વધીને રૂ.૧૯૬.૬૦, પીએનબી રૂ.૬.૨૫ વધીને રૂ.૧૩૨, સ્ટેટ

(અનુસંધાન ૧૩મે પાને)

વરસાદ અને બરફ વર્ષાથી ઠંડીનું પ્રમાણ વધશે

૧૨થી ૧૪ નવે. સુધી પશ્ચિમી વિક્ષેપથી વરસાદ અને બરફવર્ષાની શક્યતા

નવી દિલ્હી, તા. ૯

નવેમ્બરનાં મધ્યમાં ઉત્તર ભારતનાં હવામાનમાં ફરી એક વખત પરિવર્તન જોવા મળશે. હવામાન વિભાગ અનુસાર ૧૨થી ૧૪ નવેમ્બરની વચ્ચે પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાની સંભાવના છે.

ચંડીગઢ, પંજાબ,હરિયાણામાં વરસાદ જ્યારે લદ્દાખ, હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં બરફવર્ષા થશે

આ સિસ્ટમ ચંડીગઢ, પંજાબ, હરિયાણા સહિત અનેક વિસ્તારોમાં વરસાદ લાવશે. જ્યારે લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરનાં ઉંચાઈવાળા વિસ્તારોમાં બરફ વર્ષા થવાની શક્યતા છે. આ ફેરફારને કારણે ઠંડીનો અનુભવ વધવાની સંભાવના છે. પશ્ચિમી વિક્ષેપ

(અનુસંધાન ૧૩મે પાને)

દિલ્હીની વાત

બાબરી ધ્વંસ પછી સોનિયા ગાંધી શા માટે રડ્યા હતા

નવીદિલ્હી, તા. ૯

૧૯૯૨માં બાબરી મસ્જિદના ધ્વંશ બાબતે કોંગ્રેસના સિનિયર નેતા સોનિયા ગાંધીની પ્રતિક્રિયા પર ભાજપએ નિશાન તાંક્યું છે. જોકે કોંગ્રેસના નેતા ઉદીત રાજ સોનિયા ગાંધીના બચાવમાં આવ્યા છે. એમણે કહ્યું છે કે એ વખતે સોનિયા ગાંધી દેશની હાલત જોઈને ખૂબ લાગણીશીલ થઈ ગયા હતા. મુદ્દો બાબરી મસ્જિદ કરતાં કયાંય મોટો છે. એમણે કહ્યું હતું કે, 'મસ્જિદનો ધ્વંશ ચોક્કસ

(અનુસંધાન ૧૩મે પાને)

વિશ્વની સૌથી મોટી ચિપ કંપનીના સીઈઓની મુશ્કેલી વધી

ચીનની જાસૂસ સાથે પ્રેમ સંબંધનો એનવીડિયાના સીઈઓનો સ્વીકાર

વોશિંગ્ટન, તા. ૯

વિશ્વની સૌથી મોટી ચિપ કંપની એનવીડિયાના સીઈઓ જેનસેન હુઆંગ એક મોટા વિવાદમાં ફસાયા છે. તેમણે જાહેરમાં સ્વીકાર કર્યો છે કે તેઓ પત્ની સાથે વફાદાર ના રહી શક્યા, મે જે કર્યું તેનાથી મારી પત્નીને



અને બાળકોને બહુ દુ:ખ આપ્યું, હું હૃદયપૂર્વક માફી માગું છું. પોતાના કર્મચારીઓને લખેલા સંદેશામાં તેમણે કથિત ચીનની જાસૂસ મહિલા સાથે સંબંધ હોવાની વાત સ્વીકારી હતી.

ગયા મહિને ન્યૂયોર્ક ટાઈમ્સે એક

(અનુસંધાન ૧૩મે પાને)

જેનસેનને ચીનની એજન્સીઓ દ્વારા ટાર્ગેટ કરાયા હતા, તેમની સામેની તપાસ શરૂ રહેશે તેવી કંપનીની જાહેરાત

ગુજરાત સમાચાર

અંક બંધ

ગુજરાત સમાચાર કાર્યાલય તા. ૧૦મી નવેમ્બરે નૂતનવર્ષ, તા. ૧૧ નવેમ્બરે ભાઈબીજ અને તા.૧૨ નવેમ્બરે સંપૂર્ણ રજા પાળશે. તેથી તા. ૧૧ નવેમ્બર બુધવાર, ૧૨ નવેમ્બર ગુરુવાર અને ૧૩ નવેમ્બર શુક્રવારના અંક પ્રગટ થશે નહીં. તા. ૧૪ નવેમ્બરને શનિવારના રોજ અંક રાબેતા મુજબ પ્રગટ થશે. જેની વાચકોએ નોંધ લેવી. - વ્યસ્થાપક

ગુજરાત સમાચાર

નૂતન વર્ષાભિનંદન

ગુજરાત સમાચાર તેના તમામ વાચકોને નૂતન વર્ષાભિનંદન પાઠવે છે. નવું વિક્રમ સંવત ૨૦૮૩નુ વર્ષ આપ સૌને સુખ-સમૃદ્ધિદાયક નીવડે તેવીશુભેચ્છા. - મેનેજિંગ તંત્રી

હીરો ભારતની કલાકૃતિઓની ઉજવણી કરે છે.
બિહારના **શ્રવણ પાસવાન** દ્વારા **મધુબની કલા** દર્શાવવામાં આવી છે.

Hero

હીરોની સંગે તહેવાર છે બધે અહીં...

ભાઈબીજની શુભકામનાઓ

Splendor+ XTEC 2.0

HF Deluxe Pro

દરરોજ એક હીરો ટુ-વ્હીલર@ જીતવાનો મોકો મેળવો.

ઓફર ફક્ત છેલ્લા 2 દિવસ માટે માન્ય છે

જીતવાનો મોકો મળે સોનાના સિક્કા અને ઘણું બધું@

કેશ ડિસ્કાઉન્ટ ₹3 000~ સુધી

ઇન્સ્ટન્ટ કેશબેક ₹10 000^ સુધી SBI card HDFC BANK pine labs

ઓછું ડાઉન પેમેન્ટ ₹999^ થી શરૂ

કોર્પોરેટ ઓફર ₹2 200~ સુધી

For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD

INDIA'S FIRST 5 YEAR WARRANTY* *Conditions apply

Hero GoodLife

Also Available on: Flipkart amazon.in

Hero MotoCorp Ltd. Regd. Office: The Grand Plaza, Plot No.2, Nelson Mandela Road, Vasant Kunj Phase - II, New Delhi - 110070, India. I CIN: L35911DL1984PLC017354 I For further information, contact your nearest Hero MotoCorp authorized outlet or visit us on www.HeroMotoCorp.com. Accessories and features shown may not be a part of standard fitment. Always wear a helmet while riding a two-wheeler. ~Offer amount and combination of offer may vary for model/variant and states and it is applicable on select models only, for a limited time period or till stock lasts. Cash discount, Exchange & Corporate offer are exclusive and can't be availed together ^Finance/Card offer are at the sole discretion of the financier/bank, Subject to their respective T&Cs, Offer available only on limited stores. @Offer is only for New Goodlife members, Limited period offer-T&C apply.

TOLL FREE 1800 266 0018

Authorised Dealers: AHMEDABAD: Ambavadi: Shradha Hero: 9289922563; **Bopal:** Raj Hero: 9289233435; **CTM:** Rajdeep Hero: 9289922511; **Gota:** Shradha Hero: 9289922209; **Laldarwaja:** Shradha Hero: 9289922209; **Maninagar (Kankaria):** Rajdeep Hero: 9289922511; **Narol:** Rajdeep Hero: 9289922511; **Navrangpura:** Bikes Hero: 9289922253; **Nikol:** Mann Hero: 9875090031 **RTO Circle:** Chiraniya Hero 9289235287; **Sanand:** Bikes Hero: 9289923089; **Sarkhej:** Raj Hero: 9289233435; **ANAND: Chikhodra Road:** Prakash Hero : 9289922237; **Lambhvel Road:** Legacy Hero: 9289923138; **ANJAR:** Shiv Shakti Hero: 9821739780; **ANKLESHWAR:** Anas Hero : 9289922241; **AMRELI:** Navnit Hero : 9289922254; **BARDOLI:** Vamdote Hero : 9289923136; **BHARUCH:** Vimco Hero : 9289922428; **BHAVNAGAR: Chitra:** Patel Hero: 9289922512; **Crescent Circle:** Capital Hero : 9289922238; **BHUJ:** K.D. Hero : 9289922480; **BOTAD:** Patel Hero: 9289923201; **CHIKHLI:** Supreme Hero: 9289922542; **DAHOD:** Shree Laxminarayan Hero: 9289922242; **GANDHIDHAM:** Quality Hero : 9289922248; **GANDHINAGAR:** Nanda Hero : 9289922236; **GODHRA:** Century Hero: 9104400559; **GONDAL:** Everest Hero : 9289922694; **HALVAD:** Shreeji Hero : 9289923041; **HIMMATNAGAR :** Harsolia Motors : 9289923821 **JAMNAGAR: Saru Section Road:** Karan Hero : 9289922670; **Hapa:** Gokul Hero: 9289923051; **JAMKHAMBHALIA:** Ashok Hero : 9289922610; **JUNAGADH:** Jagdish Hero: 9289922239; **MEHSANA: Nagalpur:** Umiya Hero : 9289922249; **Radhanpur Road:** Umiya Hero : 9289922249; **KALOL:** Shakti Hero: 9289922809; **KAMREJ:** Shubham Hero: 9289922750; **MAHUVA:** Vinay Hero: 9289922825; **MODASA:** Pavan Hero : 9289922826; **MORBI:** Jai Ganesh Hero : 9289922481; **NAVSARI:** Metro Hero : 9289922250; **NADIAD:** Horizon Hero : 9289922247; **NARMADA: Rajpipla:** Anas Hero : 9289922241; **PALANPUR:** Sarthi Hero : 9289923155; **Shiv Hero** : 9289922243; **PATAN:** Sarthi Hero : 9289922426; **PORBANDAR:** Jayshree Hero : 9289922494; **RAJKOT: Gondal Road:** Jay Kay Hero : 9289922715; **Vavdi:** Perfect Hero : 9289922235; **150 Ft Ring Road:** Jai Ganesh Hero : 9289923067; **Rajkot: Kuvadva Road** Gopinath Mobility : 7490904512; **SILVASA :** Anil Motors : 9289924306 **SURAT: Adajan Road:** Jalaram Hero : 9289923027; **Surat:** Tapi Motors : 7069726000; **Katargam:** Sadguru Hero : 9289922982; **Puna-Kumbharia Road:** Shivani Hero : 9289922755; **Udhna:** Sadguru Hero: 9289923809; **Ring-Road:** GK Hero : 9289923810; **Varracha:** Rajdeep Hero: 9821737620; **SURENDRANAGAR:** Jai Ganesh Hero : 9289923144; **VADODARA: Pandya Bridge:** Century Hero : 9289922210; **Nizampura:** Century Hero: 9289922210; **Subhanpura:** Century Hero :9289922210; **Bahucharaji Road, Karelibagh:** Kumar Hero : 9289922208; **Dandia Bazar:** Kumar Hero: 9289922208; **O P Road:** Kumar Hero : 9289922252; **Gotri :** Kumar Hero: 9289922252; **Makarpura:** Jaydeep Hero: 9289923199; **VAPI:** Metro Hero : 9289922251; **Shanti Hero :** 9289923190; **VISNAGAR:** Auto World Hero : 9289923055; **VERAVAL:** Jagdish Hero : 9289922300; **VALSAD:** Shanti Hero : 9289922234; **UNA:** Modheshwary Hero : 9289922596; **VYARA:** Wheel Hero : 9289922732

Cheil 33547/26